સાપ્તાહિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
# મુંબઈ સમાચાર
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 40
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ આશ્વિન વદ- ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
રવિવાર, ૧૨ ઑક્ટોબર ૨૦૨૫, (૧૫ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમેરિકા-ચીન ‘ટ્રેડ-વૉર’ શરૂઃ ભયંકર મંદીના ભણકારા

## ટ્રમ્પે ચીન પર ૧૩૦% ટૅરિફ લાદીઃ પહેલી નવેમ્બરથી કે તેની પહેલા અમલઃ અમેરિકી શૅરબજારમાં કડાકો બોલાયો

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચીનથી આયાત કરાતા માલસામાન પર હાલની ૩૦ ટકા ટૅરિફ પર વધારાની ૧૦૦ ટકા ટૅરિફ એટલે કે કુલ ૧૩૦ ટકા ટૅરિફ પહેલી નવેમ્બરથી કે તેના પહેલા લાદવાની શુક્રવારે જાહેરાત કરતા અમેરિકા અને ચીનની વચ્ચે ‘વેપાર-યુદ્ધ’ શરૂ થયું છે અને તેને કારણે વૈશ્વિક મંદીના ભણકારા વાગી રહ્યા છે.

વિશ્વના સૌથી મોટું અર્થતંત્ર ધરાવતા બે દેશ (અમેરિકા અને ચીન) વચ્ચેના વેપારને લગતી તંગદિલી વધતા ન્યૂ યોર્કના શૅરબજારના એસઍન્ડપી ૫૦૦ બૅન્ચમાર્કમાં ૨.૭ ટકાનો ઘટાડો થયો હતો.

ચીને બહુ ઓછી મળતી ખનિજની નિકાસ પર નિયંત્રણ મૂકતા ટ્રમ્પે નારાજ થઇને સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે મને હવે દક્ષિણ કોરિયાના આગામી પ્રવાસ દરમિયાન ચીનના નેતા શી જિનપિંગને મળવાનું કોઇ કારણ નથી જણાતું.

બાદમાં, ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું હતું કે મેં મારી આ મિટિંગ રદ નથી કરી, પરંતુ તે યોજવાનો કોઇ ખાસ હેતુ નથી દેખાતો.

ચીનની સરકારે બહુ ઓછી મળતી ખનિજની નિકાસ પર નિયંત્રણ મૂકવાની ગુરુવારે જાહેરાત કરતા જણાવ્યું હતું કે વિદેશી કંપનીઓએ આ ખનિજોની આયાત કરતા પહેલા ચીનની સરકારની ખાસ મંજૂરી મેળવવી પડશે. આ ખનિજનો ઉપયોગ લશ્કરી માલસામાનના ઉત્પાદન માટે થઇ નહિ શકે.

દરમિયાન, ટ્રમ્પે ચીનના આ પગલાંને સોશ્યલ મીડિયા પર ‘આંચકાદાયક’ ગણાવ્યું હતું અને જણાવ્યું હતું કે ચીન ‘ઘણું દુશ્મનાવટભર્યું’ વર્તન કરી રહ્યું છે. ચીન ઇલેક્ટ્રોનિક્સ, કમ્પ્યૂટર ચિપ્સ, લેઝર, જેટ એન્જિન અને અન્ય ટૅક્નોલૉજી માટે વપરાતી ધાતુઓ અને લોહચુંબકની નિકાસ પર નિયંત્રણ મૂકવાનું પગલું ભરીને વિશ્વના અન્ય દેશોને મુશ્કેલીમાં મૂકી રહ્યું છે.

ટ્રમ્પે વધુમાં જણાવ્યું હતું કે ચીનથી આયાત કરાતા માલસામાન પર અમેરિકા હાલના (૩૦ ટકા) ટૅરિફ ઉપરાંત વધારાની ૧૦૦ ટકા ટૅરિફ પહેલી નવેમ્બર કે તેનાથી વહેલા લાદશે. આ ઉપરાંત, અમેરિકાની કંપનીઓના બધા મહત્ત્વના સોફ્ટવેરની (ચીન ખાતેની) નિકાસ પર નિયંત્રણ લદાશે.

ટ્રમ્પે અગાઉ ભારત સહિતના અનેક દેશ પરની ટૅરિફ વધારી હતી. અમેરિકામાં હાલમાં શટડાઉન દરમિયાન અનેક સરકારી કર્મચારીને વિના પગારે ફરજિયાત રજા પર ઊતારી દેવાયા છે.

અમેરિકાથી અત્યાધુનિક કમ્પ્યૂટર ચિપ્સ, સોયાબીન સહિતની નિકાસ પર માઠી અસર થઇ રહી છે. (એજન્સી)


કર્ણાટકના ચિકમંગલુરુ નજીક ખેતરમાં કાંદાની લણણી કરી રહેલા ખેતમજૂરો. (એજન્સી)

# કઠોળમાં આત્મનિર્ભરતાઃ મોદીએ યોજના જાહેર કરી

## ખેતીને લગતી બે સ્કીમ માટે ૩૫,૪૪૦ કરોડ રૂપિયા ફાળવાયા

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને કઠોળના ઉત્પાદનમાં સંપૂર્ણ સ્વાવલંબી બનાવવા માટેની યોજના સહિતની કૃષિ ક્ષેત્રની બે સ્કીમ માટે ૩૫,૪૪૦ કરોડ રૂપિયા ફાળવવાની શનિવારે જાહેરાત કરી હતી.

મોદીએ રૂપિયા ૨૪,૦૦૦ કરોડની ‘પ્રધાન મંત્રી ધન ધાન્ય કૃષિ યોજના’ (પીએમ-ડીડીકેવાય) અને ૧૧,૪૪૦ કરોડ રૂપિયાના ‘મિશન ફૉર આત્મનિર્ભરતા ઇન પલ્સીસ’ની જાહેરાત કરી હતી.

વડા પ્રધાને કૃષિ, પશુ-સંવર્ધન, માછીમારી અને ફૂડ પ્રૉસેસિંગ ક્ષેત્રો માટેના ૫,૪૫૦ કરોડ રૂપિયાના પ્રૉજેક્ટ્સનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ ઉપરાંત, અંદાજે ૮૧૫ કરોડ રૂપિયાના વધારાના પ્રકલ્પો માટે શિલાન્યાસ કર્યો હતો.

પુસા કેમ્પસ ખાતે યોજાયેલા સંબંધિત કાર્યક્રમ વખતે સમાજ-સુધારક જયપ્રકાશ નારાયણ અને નાનાજી દેશમુખની જન્મજયંતી આવતી હોવાથી તેઓને પણ યાદ કરાયા હતા.

મોદીએ ૩૦ મિનિટના પ્રવચનમાં જણાવ્યું હતું કે ખેડૂતોએ કૃષિ ઉત્પાદન વધારીને અનાજમાં દેશને સંપૂર્ણ સ્વાવલંબી બનાવવો જોઇએ. ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં ખેડૂતોએ મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે.

વડા પ્રધાને આક્ષેપ કર્યો હતો કે અગાઉની કૉંગ્રેસ સરકારે ખેડૂતોની સતત અવગણના કરી હતી અને તેના શાસનમાં કૃષિને લગતા વિવિધ વિભાગ એકબીજા સાથે સંકલન સાધ્યા વિના અલગ-અલગ દિશામાં કાર્ય કરતા હતા. અમે આજે શરૂ કરેલી બે યોજનાથી લાખો ખેડૂતોના જીવનમાં સુધારો આવશે.

‘પ્રધાન મંત્રી ધન ધાન્ય કૃષિ યોજના’ અને ‘મિશન ફૉર આત્મનિર્ભરતા ઇન પલ્સીસ’નો અમલ આગામી રવી (શિયાળુ) પાકની મોસમથી થશે અને તે ૨૦૩૦-૩૧ સુધી અમલમાં રહેશે.

મોદીએ જણાવ્યું હતું કે દેશને અનાજના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવાની સાથે આંતરરાષ્ટ્રીય બજારમાં નિકાસ પણ થવી જોઇએ.

વડા પ્રધાને કઠોળનું ઉત્પાદન વધારવા માટેની આ યોજના હેઠળ વધુ ૩૫ લાખ હેક્ટરમાં કઠોળનું ઉત્પાદન થવાની આશા વ્યક્ત કરી હતી. (એજન્સી)

# ટ્રમ્પ મોદીને ‘મહાન અને અંગત મિત્ર’ ગણે છેઃ અમેરિકી એલચી

નવી દિલ્હીઃ અમેરિકાના એલચી તરીકે નિમાયેલા સર્ગીઓ ગોરે શનિવારે દાવો કર્યો હતો કે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ‘મહાન અને અંગત મિત્ર’ ગણે છે.

ટ્રમ્પના નજીકના સાથી ગણાતા ગોરે દિલ્હીમાં મોદીને મળ્યા બાદ જણાવ્યું હતું કે મોદી સાથેની મારી મિટિંગ બહુ સારી રહી હતી.

અમે સંરક્ષણ, વેપાર અને ટૅક્નોલૉજી સહિતના વિવિધ દ્વિપક્ષી મુદ્દે ચર્ચા કરી હતી. ગોર તેમ જ અમેરિકાના મેનેજમેન્ટ અને રિસોર્સીસ માટેના ડેપ્યુટી સેક્રેટરી (નાયબ પ્રધાન) માઇકલ જે. રિગાસ ભારતીય નેતાઓની મળવા માટે ભારતના છ દિવસના પ્રવાસે આવ્યા છે.

વડા પ્રધાન મોદીએ પણ આ મિટિંગ અંગે ‘એક્સ’ પર લખ્યું હતું કે હું અમેરિકાના નવા એલચીના કાર્યકાળ દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધ વધુ ગાઢ બનવાની આશા રાખું છું.

વિદેશ પ્રધાન એસ. જયશંકર પણ શનિવારે ગોરને મળ્યા હતા. આ વાતચીત વોશિંગ્ટન દ્વારા ભારતીય નિકાસ પર ૫૦ ટકા ટૅરિફ લાદવાને કારણે ભારત-અમેરિકા સંબંધોમાં સતત ચાલી રહેલા તણાવ વચ્ચે થઇ છે. (એજન્સી)

# સીબીએસઇમાં ત્રીજા ધોરણથી જ એઆઇનું શિક્ષણ અપાશે

નવી દિલ્હીઃ દેશમાં શિક્ષણ ક્ષેત્રે મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે શિક્ષણ મંત્રાલયે શૈક્ષણિક સત્ર ૨૦૨૬-૨૭ માટે નવી નીતિ તૈયાર કરી રહ્યું છે. આ નવી નીતિ હેઠળ અનુસાર હવે વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વિશે પણ ભણાવવામાં આવશે. આ ફેરફાર કયા બોર્ડને લાગુ પડશે, આવો જાણીએ.

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (સીબીએસઇ) દ્વારા શૈક્ષણિક સત્ર ૨૦૨૬-૨૭ માટે અભ્યાસક્રમનું નવું માળખું તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ માળખા હેઠળ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) અભ્યાસનો ભાગ બનાવવામાં આવશે. જેમાં ધોરણ ૩થી જ અઈને ભણાવવાની શરૂઆત કરાવવામાં આવશે. જેથી હવે ધોરણ ૩થી જ અઈ પાઠ્યક્રમનો ભાગ બનશે.

આ નવા પગલા અંગે શાળા શિક્ષણ સચિવ સંજય કુમારે જણાવ્યું કે, આગામી બે-ત્રણ વર્ષોમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંનેને આ નવી ટેક્નોલોજી સાથે પોતાને ઢાળવા જરૂરી છે. સમગ્ર દેશના એક કરોડથી વધુ શિક્ષકો સુધી પહોંચવું અને એઆઇ આધારિત શિક્ષણ અને તાલીમ આપવી એ અમારા માટે એક મોટો પડકાર હશે. સીબીએસઇ આ દિશામાં ઝડપથી કામ કરી રહી છે.

સંજય કુમારે આગળ જણાવ્યું કે, શિક્ષકો માટે એક પાઇલટ પ્રોજેક્ટ પણ શરૂ કરવામાં આવ્યો છે. આના હેઠળ શિક્ષકો એઆઇ ટૂલ્સનો ઉપયોગ કરીને પાઠ ભણાવવાની તૈયારી કરી રહ્યા છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંને ડિજિટલ અર્થવ્યવસ્થા માટે તૈયાર થાય, તે આ પ્રોજેક્ટનો હેતુ છે.


શનિવારે નૉર્વે અને ઈઝરાયલ વચ્ચેની વર્લ્ડ કપ ફૂટબૉલની ક્વાલિફાયિંગ મૅચ અગાઉ ઑસ્લોમાં એકઠાં થયેલા પૅલેસ્ટાઈન તરફી પ્રદર્શનકર્તાઓ. (એજન્સી)


અટકઃ કેરળના કોચીમાં શનિવારે મુખ્ય પ્રધાન પિનારાય વિજયનના વિરોધમાં કરવામાં આવેલા પ્રદર્શન દરમિયાન પોલીસે યુથ કૉંગ્રેસના કાર્યકર્તાને અટકમાં લીધો હતો. (એજન્સી)

# તમામ બોઈંગ ૭૮૭ને સેવામાંથી પાછા ખેંચવાની પાઈલટ્સની માગણી

નવી દિલ્હીઃ ધ ફેડરેશન ઑફ ઈન્ડિયન પાઈલટ્સ (એફઆઈપી)એ નાગરિકી ઉડ્ડયન ખાતાને પત્ર લખી તાજેતરના મહિનાઓમાં ટૅક્નિકલ ખામીને કારણે વિમાનનું તાકીદે ઉતરાણ કરવાની ફરજ પડી હોવાની ઘટનામાં સતત જોવા મળેલા વધારાને ધ્યાનમાં રાખીને બૉઈંગ ૭૮૭ના તમામ વિમાનને ભૂમિગત કરવાની માગણી કરી છે.

બૉઈંગ ૭૮૭ ફ્લાઈટના ઉડ્ડયનને ફરી નિયમિત કરવા ફેડરેશને સરકાર સમક્ષ ત્રણ ચાવીરૂપ માગણી કરી છે.

ઍર ઈન્ડિયાના વિમાનની જાળવણી માટે ઈલેક્ટ્રિકલ પ્રોબ્લમ માટે સ્પેશ્યલ ડિજીસીએ ઑડિટની તેમણે માગણી કરી છે. ભારતમાં ઑપરેટ કરતા તમામ બૉઈંગ ૭૮૭ ઍરક્રાફ્ટની ઈલેક્ટ્રિકલ સિસ્ટમની વ્યાપક ચકાસણી અને તપાસ યોજવાની એફઆઈપીએ એવિયેશન સેફ્ટી રેગ્યુલેટરને વિનંતી કરી છે.

# મને મારા પરિવાર પાસે જવા દોઃ પાકિસ્તાનમાં હિન્દુ દીકરીનું આક્રંદ

## સિંધની કોર્ટમાં અપીલ કરીઃ સગીરાનું અપહરણ, ધર્માંતર ને પછી આધેડ સાથે નિકાહ કરાવી દેવાયા

ઇસ્લામાબાદઃ પાડોશી દેશ પાકિસ્તાનમાં લઘુમતીઓના થતાં અત્યાચાર અને શોષણનો વિષય ખૂબ જ ગંભીર છે. ત્યારે પાકિસ્તાનના સિંધ પ્રાંતમાંથી આવી જ એક ઘટના સામે આવી છે. જેમાં ૧૫ વર્ષીય હિન્દુ સગીરાનું અપહરણ કર્યા બાદ તેના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો અને બાદમાં ધર્મ પરિવર્તન કરાવી દેવામાં આવ્યું તેમજ અંતે એક આધેડ વયના મુસ્લિમ પુરુષ સાથે તેના નિકાહ કરી દેવામાં આવ્યા. મીરપુરખાસ કોર્ટ સમક્ષ પીડિતાએ તેના પરિવાર પાસે જવાની ભાવુક અપીલ કરી હતી. જો કે કોર્ટે અંતિમ ચુકાદા સુધી સગીરાને સુરક્ષિત સ્થળ પર રાખવાનો નિર્દેશ આપ્યો છે.

આ અંગે પીડિતાની માતાએ જણાવ્યું હતું કે, તેની દીકરીનું ગયા મહિને ઘરની બહારથી અપહરણ કરવામાં આવ્યું હતું. દીકરીની ઉંમર સાબિત કરવા માટે કોર્ટે સમક્ષ અનેક પુરાવાઓ રજૂ કરવા પડ્યા હતા. આ દરમિયાન તેઓને ધમકીઓ અને હિંસાઓ સામનો કરવો પડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ગત સુનાવણી સમયે કોર્ટની બહાર અમારી પર હુમલો કરવામાં આવ્યો હતો પરંતુ તેમ છતાં મારી દીકરીએ હિંમત દેખાડીને જજની સામે સત્ય વાત રજૂ કરી.

સિંધ પ્રાંતના હિન્દુ સમુદાયના આગેવાન અને સામાજિક કાર્યકર્તા શિવા કચ્છીએ આ જણાવ્યું હતું કે છેલ્લા એક મહિનામાં બળજબરીથી ધર્મ પરિવર્તન અને અપહરણનો આ ચોથો બનાવ છે. તેમણે કહ્યું કે અમે ચારે બનાવો પર કામ કરી રહ્યા છીએ પરંતુ આ એકમાત્ર બનાવમાં સગીરાને અંતે સત્ય રજુ કરવાનો મોકો મળ્યો છે. ગત સુનાવણીના સમયે અપહરણમાં જે સમુદાયનો હાથ છે તેઓએ મળીને હુમલો કર્યો હતો.

શિવા કચ્છીએ આગળ જણાવ્યું હતું કે સિંધમાં સગીર હિન્દુ છોકરીઓ, ખાસ કરીને ગરીબ પરિવારોની, બળજબરીથી ધર્માંતરણ અને લગ્ન એક ગંભીર અને સતત બની રહેલી સમસ્યા છે, જેને ઘણીવાર મોટા માથાઓમુ સમર્થન પ્રાપ્ત થાય છે. “પુરાવા રજૂ કર્યા બાદ કોર્ટે નિકાહ કરાવનાર કાઝી અને બે સાક્ષીઓની ધરપકડ કરવાનો આદેશ આપ્યો હતો, જો કે હજુ મુખ્ય આરોપી હજુ પણ ફરાર છે.

ઔરત ફાઉન્ડેશન જેવા માનવાધિકાર સંગઠનો અને પાકિસ્તાન માનવધિકાર આયોગનું અનુમાન છે કે સિંધ પ્રાંતમાં દર વર્ષે અંદાજે ૧૦૦૦ લઘુમતી સમુદાયની યુવતીઓ અને ખાસ કરીને હિન્દુ અને ખ્રિસ્તી યુવતીઓનું અપહરણ અને બળજબરીથી ધર્મ પરિવર્તન કરવામાં આવે છે. જેમાંથી અનેક બનાવો તો સામે આવતા જ નથી, તેનું કારણ છે કે મોટાભાગના પરિવારો હાશિયામાં રહેલા દલિત સમુદાયમાંથી જ હોય છે.

# દક્ષિણ અમેરિકાના ડ્રેક પેસેજમાં ૭.૧નો ધરતીકંપ

વૉશિંગ્ટન : દક્ષિણ અમેરિકાના કેપ હોર્ન અને એન્ટાર્કટિકા વચ્ચે સમુદ્રમાં ડ્રેક પેસેજમાં સવારે ૭. ૧ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર ભૂકંપનું કેન્દ્ર બિંદુ સ્થળથી માત્ર ૧૦ કિલોમીટર દૂર હતું. તેમજ તેની બાદ દરિયામાં સુનામીની પણ ચેતવણી આપવા આવી છે.

આ ભૂકંપ બાદ, પેસિફિક સુનામી ચેતવણી કેન્દ્રએ સુનામીની ચેતવણી જાહેર કરી છે. ચિલીમાં સંભવિત સુનામીનો ભય છે. લોકોને દરિયાકિનારાથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે. માછીમારોને પણ ખાસ કરીને દરિયામાં ન ખેડવા સલાહ આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, દક્ષિણ ફિલિપાઇન્સની નજીકના એક જ વિસ્તારમાં શુક્રવારે બે શક્તિશાળી ભૂકંપના આંચકા થોડા કલાકોમાં જ અનુભવાયા હતા. જેમાં સવારે ૭.૪ ની તીવ્રતાનો પહેલો ભૂકંપ અનુભવાયો હતો. જેમાં સાત લોકો માર્યા ગયા હતા.

તેનાથી ભૂસ્ખલન થતા હોસ્પિટલો અને શાળાઓને નુકસાન થયું હતુ અને સુનામીની ચેતવણી પણ આપવામાં આવી હતી. જોકે પાછળથી ચેતવણી પાછી ખેંચી લેવામાં આવી હતી.

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
## તા. ૧૨-૧૦-૨૦૨૫ થી તા. ૧૮-૧૦-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં તા. ૧૭મીએ તુલા રાશિમાં પ્રવેશે છે. મંગળ તુલા રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ તુલા રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. ગુરુ તા. ૧૮મીએ કર્ક રાશિમાં પ્રવેશે છે. શુક્ર કન્યા રાશિમાં અતિચારી થઈ માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં વક્રીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે મિથુન રાશિમાં રહે છે. તા. ૧૪મીએ કર્ક રાશિમાં તા. ૧૬મીએ સિંહ રાશિમાં, તા. ૧૮મીએ કન્યા રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં આ ધાર્યા મુજબનો વેપાર થઈ શકશે. નોકરીમાં યશ મેળવશો. તા. ૧૩, ૧૪, ૧૭મીએ નોકરીના મિત્રોનો સહયોગ પ્રાપ્ત થશે. કારોબારની નાણાઆવકની વૃદ્ધિ થશે. પ્રાસંગિક જવાબદારીઓ પૂર્ણ કરવા માટે મહિલાઓને સફળતા જણાશે. આ સપ્તાહમાં કાર્યક્ષેત્રે મહિલાઓને યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં કુટુંબના સભ્યોનો સહયોગ પ્રાપ્ત કરશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણારોકાણ શક્ય છે. તેજી મંદીના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં સ્થાન પરિવર્તન શક્ય છે. નોકરીના આ સપ્તાહના નિર્ણયો સ્વતંત્રપણે લઈ શકશો. કારોબારમાં યશસ્વીપણું અનુભવશો. નાણાવ્યવહાર સફળ પુરવાર થશે. પ્રવાસ દ્વારા આ સપ્તાહમાં મહિલાઓના કામકાજ સંપન્ન થતા જણાશે. વિદ્યાર્થીઓને સહઅધ્યાયીઓ ઉપયોગી થશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું રોકાણ તથા દૈનિક વેપાર, સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૧૩, ૧૭, ૧૮ શુભ જણાય છે. નોકરીમાં અધિકારીનો સહયોગ મેળવશો. વ્યાપારનાં સાધનો મેળવી શકશો. નાણાઆવક જળવાશે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબના સભ્યોથી યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓ રમતગમત તથા ઈતર પ્રવૃત્તિઓમાં સફળતા મેળવશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણની શક્યતા ગોચરગ્રહફળ દર્શાવે છે. નોકરી માટે તા. ૧૫, ૧૭, ૧૮ શુભ જણાય છે. વેપારનો વિકાસ થાય. વેપારના મિત્રોમાં યશ મેળવશો. અકારણ નાણાખર્ચ પરત્વે સતર્કતા જરૂરી છે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબના મતભેદોમાં રાહત જણાશે. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓ સફળતા અનુભવશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં અપેક્ષા મુજબ વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીમાં સ્થાન પરિવર્તન શક્ય છે. જૂનાં અધૂરાં કાર્યો નોકરીમાં પૂર્ણ કરી શકશો. કારોબારની નાણાવ્યવસ્થા જળવાઈ રહેશે. નવા કારોબારનો પ્રારંભ શક્ય જણાય છે. મહિલાઓને પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાય. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓને સફળતા જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણારોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીમાં યશ અનુભવશો. છુપા હરીફોની ઓળખ થાય. પ્રવાસ દ્વારા યશસ્વી અનુભવ થશે. નાણાવ્યવસ્થા સક્ષમ બની રહેશે. ભાગીદાર સાથેનો મતભેદ દૂર થાય. મહિલાઓને કાર્યક્ષેત્રે પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સહઅધ્યાયીઓ ઉપયોગી થતાં જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીમાં પરિવર્તનો ઉપયોગી જણાશે. વાહન, સ્થાવર મિલકત ઈત્યાદિ પ્રાપ્ત કરશો. કાર્યક્ષેત્રે જરૂરી સાધનો મેળવશો. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સફળતા જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણારોકાણ શક્ય જણાય છે. નોકરીમાં નવા કામકાજ અપેક્ષાનુસાર મેળવશો. વેપાર વધશે. નાણાઆવક વધશે. પ્રવાસ સફળ નીવડશે. ભાગીદાર ઉપયોગી થશે. મહિલાઓને કુટુંબ જીવનના મતભેદોનો ઉકેલ આવશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓને સફળતા જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ અને દૈનિક સાપ્તાહિક રોકાણના કામકાજ સફળ બની રહેશે. નોકરીમાં યશ મેળવશો. નોકરીની પ્રવૃત્તિઓમાં સફળતા મેળવશો. નાણાવ્યવહાર સફળ બની રહેશે. કુટુંબના સભ્યોનો મહિલાઓને સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં અપેક્ષા મુજબ કામકાજ સંપન્ન થઈ શકશે. આ સપ્તાહમાં નવી નોકરીનો પ્રારંભ શક્ય જણાય છે તથા નોકરીના સહકાર્યકરોમાં સંપ અને સહયોગ જળવાઈ રહેશે. કામકાજમાં સફળતા મેળવશો. નાણાઆવકની વૃદ્ધિ થશે. નોકરીના ક્ષેત્રે મહિલાઓને યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં વડીલોનો સહયોગ પ્રાપ્ત કરશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં ધાર્યા મુજબનું નાણાં રોકાણ શક્ય જણાય છે. નોકરીમાં તા. ૧૩, ૧૫, ૧૬ શુભ જણાય છે. નોકરીમાં યશ મેળવશો. ભાગીદાર વ્યવસાયમાં ઉપયોગી થશે તથા નવા નાણાઆવકનાં સાધનો પણ મેળવશો. વેપાર વધશે. મહિલાઓને પ્રવૃત્તિઓમાં સફળતાઓ પ્રાપ્ત થતી જણાશે. વિદ્યાર્થીઓને આ આ સપ્તાહના અનુભવો સુખદ બનતા જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ માટે અનુકૂળ તકો મેળવશો. નોકરી માટેના નિર્ણયો સરળતાથી લઈ શકશો. નવા કામકાજમાં ધાર્યા મુજબની સફળતા મેળવશો તથા નાણાઆવકની વૃદ્ધિ થશે પ્રવાસ દ્વારા મહિલાઓને પ્રાસંગિક જવાબદારીના કામકાજ સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થાય.

## આજનું પંચાંગ
### દક્ષિણાયન - સૌર શરદઋતુ, રવિવાર, તા. ૧૨-૧૦-૨૦૨૫, ભદ્રા

**ભારતીય દિનાંક ૨૦, માહે આશ્વિન, શકે ૧૯૪૭**

**વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, આશ્વિન વદ-૬**

**જૈન વીર સંવત ૨૫૫૧, માહે આશ્વિન, તિથિ વદ-૬**

**પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫**

**પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫**

**પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૮મો આવાં, સને ૧૩૯૪**

**મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭**

**મીસરી રોજ ૨૦મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭**

**નક્ષત્ર મૃગશીર્ષ ૧૩-૩૬ સુધી, આર્દ્રા**

**ચંદ્ર મિથુનમાં**

**ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)**

**સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૬, સ્ટા.ટા.,**

**સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૬, સ્ટા. ટા.**

**મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ**

**ભરતીઃ બપોરે ક. ૧૪-૫૮, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૭ (તા. ૧૨)**

**ઓટઃ સવારે ક. ૦૯-૨૦, રાત્રે ક. ૨૧-૨૧**

**વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ - ષષ્ઠી. ભદ્રા બપોરે ક. ૧૪-૧૮થી ૨૫-૧૭. સૂર્ય મહાનક્ષત્ર, ચિત્રામાં, વાહન હાથી.**

**શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.**

**મુહૂર્ત વિશેષઃ મંગળ-સૂર્ય ગ્રહદેવતાનું પૂજન, ચંદ્ર અને રાહુ દેવતાનું પૂજન, રુદ્રદેવતાનું પૂજન, હરણનું પૂજન. શ્રી ગણેશ પૂજા, શ્રી સૂર્યનારાયણદેવતાનું પૂજન, ગાયત્રી હવન, પ્રતિષ્ઠા વિવાહ, હાથી-ઊંટ ઘોડા આદિ લેવડદેવડ, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરદેશગમનનું પસ્તાનું, વિદ્યારંભ, હજામત, બાળકને અન્નપ્રાશન, નામકરણ દેવદર્શન, પશુ લે-વેંચ, પ્રથમ વાહન, દસ્તાવેજ, દુકાન-વેપાર, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, સર્વશાંતિ, નામકરણ દેવદર્શન.**

**આચમનઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ સંઘર્ષ પસંદ કરે, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ પરિવારમાં અપયશનો ભય, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ નાણાં વ્યવહારમાં સ્વચ્છતા જાળવે.**

**ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ**

**ગ્રહગોચરઃ સૂર્ય કન્યા, મંગળ-તુલા, માર્ગી બુધ-તુલા, ગુરુ-મિથુન, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.**

## સાપ્તાહિક દૈનંદિની
## તા. ૧૨-૧૦-૨૦૨૫ થી તા. ૧૮-૧૦-૨૦૨૫

રવિવાર, આશ્વિન કૃષ્ણ–૬, વિ. સં. ૨૦૮૧, તા. ૧૨મી ઓક્ટોબર, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર મૃગશીર્ષ ૧૩–૩૬ સુધી, આર્દ્રા. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. ભદ્રા બપોરે ક. ૧૪–૧૮થી ૨૫–૧૫. શુભ દિવસ.

સોમવાર, આશ્વિન કૃષ્ણ–૭, તા. ૧૩મી, નક્ષત્ર આર્દ્રા બપોરે ક. ૧૨–૨૬ સુધી, પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. કાલાષ્ટમી, કરાષ્ટમી. શુભ દિવસ.

મંગળવાર, આશ્વિન કૃષ્ણ–૮, તા. ૧૪મી, નક્ષત્ર પુનર્વસુ સવારે ક. ૧૧–૫૩ સુધી, પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯–૫૮ સુધી (તા. ૧૫), પછી કર્ક રાશિ પર જન્માક્ષર. પારસી ૩જો ખોરદાદ માસારંભ, પ્લુટો માર્ગી ૦૮–૨૫. પુષ્ય નક્ષત્રમાં ચોપડા બાંધવા આપવાના મુહૂર્ત, પુષ્ય નક્ષત્ર પ્રારંભઃ મંગળવાર, તા. ૧૪–૧૦–૨૦૨૫, ક. ૧૧–૫૩, પુષ્ય નક્ષત્ર સમાપ્ત : બુધવાર તા. ૧૫–૧૦–૨૫, સવારે ક. ૧૧–૫૯, (૧) સવારે ક. ૧૦–૫૫ થી બપોરે ક. ૧૨–૨૩ (લાભ) (૨) બપોરે ક. ૧૨–૨૩ થી બપોરે ક. ૧૩–૪૮ (અમૃત) (૩) બપોરે ક. ૧૫–૨૦ થી ક. ૧૬–૪૫ (શુભ) (૪) રાત્રે ક. ૧૯–૪૯ થી ક. ૨૧–૨૨ (લાભ) (૫) રાત્રે ક. ૨૨–૫૪ થી મધ્યરાત્રે ક. ૦૦–૨૬ (શુભ) (૬) મધ્યરાત્રિ પછી ક. ૦૦–૨૬ થી ક. ૦૧–૫૯ (તા. ૧૫) (અમૃત) (૭) મધ્યરાત્રિ પછી ક. ૦૧–૫૯ થી ૦૩–૩૧ (તા. ૧૫) (ચલ). સામાન્ય દિવસ

બુધવાર, આશ્વિન કૃષ્ણ–૯, તા. ૧૫મી, નક્ષત્ર પુષ્ય સવારે ક. ૧૧–૫૯ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨–૨૯. પુષ્ય નક્ષત્રના મુહૂર્ત, (૧) સવારે ક. ૦૬–૩૩ થી ક. ૦૮–૦૧ (લાભ) (૨) સવારે ક. ૦૮–૦૧ થી ક. ૦૯–૨૮ (અમૃત) (૩) સવારે ક. ૧૦–૫૫ થી ક. ૧૨–૨૨ (શુભ). સામાન્ય દિવસ

ગુરુવાર, આશ્વિન કૃષ્ણ–૧૦, તા. ૧૬મી, નક્ષત્ર આશ્લેષા બપોરે ક. ૧૨–૪૧ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં બપોરે ક. ૧૨–૪૧ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. ભદ્રા પ્રારંભ સવારે ક. ૧૦–૩૫. સામાન્ય દિવસ

શુક્રવાર, આશ્વિન કૃષ્ણ–૧૧, તા. ૧૭મી, નક્ષત્ર મઘા બપોરે ક. ૧૩–૫૭ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. રમા એકાદશી (કેળા), વાઘબારસ, ગોવત્સદ્વાદશી, સૂર્ય તુલામાં બપોરે ક. ૧૩–૪૭, મું. ૩૦. સામ્યાર્ઘ સંક્રાંતિ પુણ્યકાળ સવારે ક. ૦૯–૪૬થી સાંજે ક. ૧૭–૪૬. કાવેરી સંક્રમણ. શુભ દિવસ.

શનિવાર, આશ્વિન કૃષ્ણ–૧૨, તા. ૧૮મી, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની બપોરે ક. ૧૫–૪૧ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં રાત્રે ક. ૨૨–૧૧ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. ગુરુ દ્વાદશી, ધનતેરસ, ધન્વંતરી જયંતી, શનિ પ્રદોષ, ગુરુ કર્કમાં રાત્રે ક. ૧૯–૪૩. ચોપડા લાવવા, ગાદી બિછાવવી, લક્ષ્મીપૂજન (મહાલક્ષ્મીપૂજન) યમદીપ દાન, પ્રદોષકાળ વ્યાપિની તેરસ હોવાથી આજ રોજ ધનપૂજન કરવું. ધન્વંતરી પૂજન, સુવર્ણ – રજત સિક્કા, આભૂષણ – રત્નો આદિ ધનનું પૂજન કરવું. શ્રી યંત્ર – લક્ષ્મીયંત્ર, સ્વ. હરિહર પંડિત મહેસાણાવાળા સંશોધિત રિદ્ધિ સિદ્ધિ દાયક શ્રી ગણેશયંત્ર આદિની સ્થાપના પૂજા, ઈષ્ટદેવના મંત્રાદિ અનુષ્ઠાનનું માહાત્મ્ય છે.

મુહૂર્ત સમય આ પ્રમાણે છેઃ (૧) સવારે ક. ૦૮–૦૨ થી ક. ૦૯–૨૯ (શુભ) (૨) બપોરે ક. ૧૨–૨૩ થી ક. ૧૩–૫૦ (ચલ) (૩) બપોરે ક. ૧૩–૫૦ થી ક. ૧૫–૧૭ (લાભ) (૪) બપોરે ક. ૧૫–૧૭ થી સાંજે ક. ૧૬–૪૪ (અમૃત) (૫) સાંજે ક. ૧૮–૧૩ થી રાત્રે ક. ૧૯–૪૫ (લાભ) (૬) રાત્રે ક. ૨૧–૧૮ થી રાત્રે ક. ૨૨–૫૧ (શુભ) (૭) રાત્રે ક. ૨૨–૫૧ થી મધ્યરાત્રે ક. ૦૦–૨૪ (અમૃત) (૮) મધ્યરાત્રે ક. ૦૦–૨૪ થી મધ્યરાત્રિ પછી ક. ૦૧–૫૬ (તા. ૧૯) (ચલ) (૯) મધ્યરાત્રિપછી ક. ૦૫–૦૨ થી ક. ૦૬–૩૫ (તા.૧૯) (લાભ) ધનતેરસ પર્વના સ્થિર લગ્નોઃ (૧) સવારે ક. ૦૮–૪૫ થી ક. ૧૦–૫૯ (વૃશ્ચિક) (૨) બપોરે ક. ૧૪–૫૫ થી સાંજે ક. ૧૬–૩૨ (કુંભ) (૩) રાત્રે ક. ૧૯–૫૦ થી રાત્રે ક. ૨૧–૫૦ (વૃષભ) (૪) મધ્યરાત્રિ પછી ક. ૦૨–૧૬ થી ક. ૦૪–૨૪ (તા. ૧૯) (સિંહ) (૫) પ્રદોષયુક્ત ધનતેરસના યોગમાં (મુંબઈ સૂર્યાસ્ત ક. ૧૮–૧૩) સમયે પવિત્ર ગોરજ સમયમાં. શુભ દિવસ.

# મહિલાઓનું ઘોર અપમાન...

## અફઘાન પ્રધાનની પ્રેસ કૉન્ફરન્સમાં મહિલાઓને આમંત્રણ ન મળતા બબાલઃ વિરોધ પક્ષો સરકાર પર ભડક્યા, કહ્યું કે આવું અપમાન અસ્વીકાર્ય

નવી દિલ્હીઃ પ્રવાસી અફઘાન વિદેશ પ્રધાન આમિર ખાન મુત્તાકીની પત્રકાર પરિષદમાં મહિલા પત્રકારોની ગેરહાજરીને વિપક્ષે શનિવારે અસ્વીકાર્ય અને મહિલાઓનું અપમાન લેખાવી હતી અને કહ્યું હતું કે મહિલાઓ સાથે આ પ્રકારના ભેદભાવને મામલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું મૌન નારી શક્તિના તેમનાં સૂત્રનાં પોલાપણાને ખુલ્લું પાડે છે.

કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ અફઘાન વિદેશ પ્રધાન આમિર ખાન મુત્તાકીની પત્રકાર પરિષદમાં મહિલા પત્રકારોની ગેરહાજરીને મામલે એમ કહીને મોદી પર આકરાં પ્રહાર કર્યા હતા કે પત્રકાર પરિષદમાંથી મહિલા પત્રકારોને બાદબાકી કરીને મોદી દેશની પ્રત્યેક મહિલાને એવો સંદેશો આપી રહ્યા છે કે પુરુષ સમોવડી થવામાં મહિલાઓ હજુ ઘણી નબળી છે.

રાહુલે કહ્યું હતું કે મહિલા પત્રકારો સાથે આ પ્રકારના ભેદભાવને મામલે મોદીનું મૌન નારી શક્તિના તેમનાં સૂત્રનાં પોલાપણાને ખુલ્લું પાડે છે.

આ અંગે રાહુલ ગાંધીએ એક્સ પર લખ્યું કે, મોદીજી જ્યારે તમે જાહેર કાર્યક્રમમાં મહિલા પત્રકારોને બહાર રોકવાની મંજૂરી આપો છો. ત્યારે તમે ભારતની દરેક મહિલાઓને એ સંદેશ આપો છો કે તમે સક્ષમ નથી. જ્યારે દેશમાં મહિલાઓને દરેક ક્ષેત્રના સમાનતાનો અધિકાર છે. આ ભેદભાવ પર તમારું મૌન નારી શકિતના ખોખલા નારા ઉજાગર કરે છે.

શનિવારે પ્રિયંકા ગાંધી વાડ્રાએ સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે વડાપ્રધાન મોદીને સીધો સવાલ પૂછતાં કહ્યું, પ્રધાનમંત્રીજી, કૃપા કરીને તાલિબાનના પ્રતિનિધિની ભારત યાત્રા દરમિયાન આયોજિત પ્રેસ કોન્ફરન્સમાંથી મહિલા પત્રકારોને બહાર રાખવા પર આપનું વલણ સ્પષ્ટ કરો.

ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અને કૉંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે પણ આ ઘટના અંગે આઘાતની લાગણી વ્યક્ત કરી હતી. (એજન્સી)

# ઓડિશાની મેડિકલ સ્ટુડન્ટ પર પશ્ચિમ બંગાળમાં ગૅન્ગરેપ

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના પશ્ચિમ વર્ધમાન જિલ્લામાં ઓડિશાની એક મેડિકલ કોલેજની વિદ્યાર્થિની પર અજાણ્યા શખસો દ્વારા સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાનું પોલીસે શનિવારે જણાવ્યું હતું.

પીડિતાના પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર આ ઘટના શુક્રવારે રાત્રે દુર્ગાપુરસ્થિત ખાનગી મેડિકલ કોલેજ કેમ્પસની બહાર બની હતી. મેડિકલની બીજા વર્ષની વિદ્યાર્થિની તેની સખી સાથે ડિનર કરવા માટે બહાર ગઇ હતી ત્યારે આ ઘટના બની હતી.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે ઓડિશાના જળેશ્વરની રહેવાસી વિદ્યાર્થિનીની નજીકની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. તેમણે કહ્યું કે તબીબી વિદ્યાર્થિનીના પરિવારના સભ્યો દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધારે અમે તપાસ શરૂ કરી છે.

વિદ્યાર્થિનીની માતાએ આરોપ લગાવ્યો કે તેની પુત્રી તેની એક સખી સાથે ડિનર કરવા માટે કોલેજ કેમ્પસની બહાર ગઇ હતી ત્યારે શુક્રવારે રાત્રે લગભગ ૧૦ વાગ્યાની આસપાસ તેના પર ગૅન્ગ રેપ થયો હતો.

વિદ્યાર્થીનીના પિતાએ જણાવ્યું કે અમે આજે સવારે અહીં આવ્યા અને પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસ અધિકારીએ જણાવ્યું કે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે વિદ્યાર્થિની શુક્રવારે રાત્રે ૮ થી ૮-૩૦ વાગ્યાની વચ્ચે તેની સખી સાથે કેમ્પસની બહાર ગઇ હતી.

અધિકારીએ જણાવ્યું કે જ્યારે ત્રણ અજાણ્યા શખસો આવ્યા ત્યારે તેની સખી તેને એકલી છોડીને ભાગી ગઇ હતી. તેઓએ તેણીનો ફોન છીનવી લીધો અને કેમ્પસની બહાર જંગલમાં ખેંચી ગયા અને પછી તેના પર સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. તેમજ આ ઘટના વિશે કોઇને વાત કરી તો ગંભીર પરિણામો ભોગવવાની ધમકી પણ આપવામાં આવી હતી.

# અમેરિકામાં શટડાઉન ઈફેક્ટઃ સરકારી કર્મચારીઓની છટણી શરૂ

વોશિંગ્ટનઃ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના ટૅરિફ વોર વચ્ચે આર્થિક સંકટ વધુ ઘેરાયું છે. અમેરિકામાં ૧૦ દિવસના શટડાઉન બાદ હવે સરકારી કર્મચારીઓને નોકરીમાંથી છટણી કરવામાં આવી રહી છે. જ્યારે બજેટ અને વહીવટી વિભાગના પ્રવક્તાએ જણાવ્યું કે હજુ વધુ છટણી કરવામાં આવી શકે છે. આ સમગ્ર પ્રકિયાને ટ્રમ્પ દ્વારા ડેમોક્રેટ પર દબાણ ઉભા કરવાના પ્રયાસો તરીકે જોવામાં આવી રહી છે.

અમેરિકાના બજેટ અને વહીવટી વભાગના ડિરેક્ટર રસ વોટે સોશિયલ મીડિયા પર શેર કરેલી એક પોસ્ટમાં લખ્યું છે કે છટણી શરૂ થઈ ગઈ છે. અમેરિકામાં સરકારી વિભાગો શિક્ષણ, નાણાં, ગૃહ સુરક્ષા અને આરોગ્ય અને જન સેવા વિભાગોમાં છટણી થવાની અપેક્ષા છે. આ વિભાગોના પ્રવક્તાઓએ જણાવ્યું હતું કે તેમને છટણીની સૂચનાઓ મળી છે.

જોકે, અમેરિકાના સામાન્ય રીતે શટડાઉન દરમિયાન કર્મચારીઓને રજા પર ઉતારવામાં આવે છે અને શટડાઉન સમાપ્ત થયા પછી પાછા બોલાવવામાં આવે છે. જો કે, છટણીથી અમેરિકામાં રાજકીય તણાવ વધી શકે છે.

જોકે, ડોનલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા સરકારી કર્મચારીઓની છટણીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આને લીધે ટ્રમ્પ વહીવટીતંત્રને હવે લોકો અને રાજકીય પક્ષોની ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે. ડેમોક્રેટ ઉપરાંત ટ્રમ્પની રિપબ્લિક પાર્ટીના કેટલાક નેતાઓ પણ આ નિર્ણયની ટીકા કરી છે.

# અમેરિકા-ચીનટ્રેડ વૉરથી ભારતીય નિકાસકારોને લાભ થવાની શક્યતાઃ નિષ્ણાતો

નવી દિલ્હીઃ અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વૉર વકરે તો ભારતીય નિકાસકારોના અમેરિકી બજારમાં શિપમેન્ટો વધે તેવી શક્યતા નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. ફેડરેશન ઑફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન (ફિઓ)ના પ્રમુખ એસ સી રલ્હને જણાવ્યું હતું કે અમેરિકા દ્વારા ચીનથી આયાત થતાં માલો પર ટૅરિફમાં વધારો કરવામાં આવે તો માગ ભારત તરફ વળી શકે છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતે અમેરિકા ખાતે ૮૬ અબજ ડૉલરની નિકાસ કરી હતી. જો, અમેરિકા વચ્ચેનું ટ્રેડ વૉર વકરે તો આપણને લાભ થઈ શકે, એમ તેમણે ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે અમેરિકાએ ચીનથી થતી આયાત સામે આગામી પહેલી નવેમ્બર, ૨૦૨૫થી વધારાની ૧૦૦ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી છે. આ સાથે જ ચીનથી થતી આયાત સામે કુલ ૧૩૦ ટકા ટૅરિફ થાય છે.

# બનાવટી બૅંક ગૅરન્ટીઃ રિલાયન્સ પાવરના સીએફઓની ધરપકડ

નવી દિલ્હીઃ બનાવટી બૅંક ગૅરન્ટી સંબંધિત મની લૉન્ડરિંગ કેસને મામલે ઍન્ફૉર્સમેન્ટ ડિરક્ટરેટ (ઈડી)એ રિલાયન્સ પાવરના સીએફઓની ધરપકડ કરી હોવાનું સત્તાવાર સૂત્રોએ શનિવારે કહ્યું હતું.

૬૮ કરોડ રૂપિયાની બનાવટી બૅન્ક ગૅરન્ટી આપવાને મામલે આ ધરપકડ કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

પૂછપરછ કર્યા બાદ ઈડીએ પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ)ની જોગવાઈ અંતર્ગત રિલાયન્સના સીએફઓ અશોક પાલને શુક્રવારે કસ્ટડીમાં લીધા હતા, એમ તેમણે કહ્યું હતું.

અશોક પાલને શનિવારે મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા અને ત્યાર બાદ તેમને બે દિવસની ઈડી કસ્ટડીમાં મોકલી અપાયા હતા.

સૂત્રોના જણાવ્યાનુસાર રિમાન્ડ પૂરા થયા બાદ ઈડી અશોક પાલને ૧૩ ઑક્ટોબરે સ્પેશ્યલ પીએમએલએ કોર્ટ સમક્ષ હાજર કરશે. (એજન્સી)

# આઈપીએસના સુસાઈડ કેસમાં એક પણ દોષીને નહીં બક્ષાયઃ હરિયાણાના સીએમની બાંયધરી

ચંદીગઢઃ હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબસિંહ સૈનીએ શનિવારે વરિષ્ઠ આઇપીએસ અધિકારી વાય. પૂરણ કુમારની કથિત આત્મહત્યા પર દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમજ તેને એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના ગણાવતા મૃતક પોલીસકર્મીના પરિવારને કડક કાર્યવાહી અને ન્યાયની ખાતરી આપી હતી.

હરિયાણાના આઇપીએસ અધિકારી વાય. પૂરણ કુમારે કથિત રીતે સાતમી ઓક્ટોબરના રોજ આપઘાત કર્યો હતો. તેમણે તેમની 'છેલ્લી નોંધ'માં ઘણા ઉચ્ચ અધિકારીઓના નામ લખ્યા હતા. નોટમાં જાતિ આધારિત ભેદભાવ અને ઉત્પીડનનો આરોપ લગાવવામાં આવ્યો હતો. ચંડીગઢ પોલીસે ગુરુવારે હરિયાણાના ડીજીપી શત્રુઘ્નજીત સિંહ કપૂર અને અન્ય ૧૦ લોકો વિરુદ્ધ આઇજીપી વાય. પૂરણ કુમારને આત્મહત્યા માટે ઉશ્કેરવાના આરોપમાં એફઆઇઆર નોંધ્યો છે. કુમારની પત્ની આઇએએસ અમનીત પી. કુમાર અને પરિવારે આઇપીએસ અધિકારીના મૃત્યુ મામલે એફઆઇઆર નોંધવાની માગ કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે જ્યાં સુધી કેસ નોંધવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ પોસ્ટમોર્ટમ અને અંતિમ સંસ્કાર કરવાની મંજૂરી આપશે નહીં.

પંચકુલામાં ભાજપની રાજ્ય કારોબારીની બેઠકમાં બોલતાં સૈનીએ બે મિનિટનું મૌન પાળીને મૃતક અધિકારીને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમના મૃત્યુને 'એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના' અને 'ખૂબ જ દુઃખદ દુર્ઘટના' ગણાવી હતી. તેમણે કહ્યું કે કુમારના શોકગ્રસ્ત પરિવારે ન્યાયની માંગ કરી છે અને તેમને સંપૂર્ણ અને નિષ્પક્ષ તપાસની ખાતરી આપી છે. સૈનીએ આ મામલાના ઉકેલ માટે કેન્દ્ર સરકાર સાથે સતત સંપર્કમાં હોવાની પુષ્ટિ કરી હતી.

# તમે તો તાજમહેલ-લાલ કિલ્લાનેય વક્ફની સંપત્તિ જાહેર કરશોઃ કેરળની હાઈ કોર્ટ લાલઘૂમ

કોચીઃ કેરળ હાઇકોર્ટે મુનંબમ વકફ જમીન વિવાદના એક કેસમાં સખત ટિપ્પણીઓ કરતાં રાજ્ય વકફ બોર્ડને ભારે ઠપકો આપ્યો હતો. કોર્ટે ચેતવણી આપી હતી કે જો યોગ્ય પ્રક્રિયા વિના કોઈ પણ સંપત્તિને વકફ જાહેર કરવાની મંજૂરી આપવામાં આવશે, તો ભવિષ્યમાં તાજમહેલ, લાલ કિલ્લો, વિધાનસભા ભવન અથવા તો ખુદ હાઈકોર્ટની ઇમારતને પણ વકફની સંપત્તિ જાહેર કરી શકાય છે. ચીફ જસ્ટિસ એસ.એ. ધર્માધિકારી અને જસ્ટિસ શ્યામ કુમાર વી.એમ.ની ખંડપીઠે 'સ્ટેટ ઓફ કેરળ વિરુદ્ધ કેરળ વકફ સંરક્ષણ વેદી'ના કેસમાં આ મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો.

કોર્ટે ભારપૂર્વક જણાવ્યું કે ન્યાયતંત્ર આવા મનસ્વી વકફ ઘોષણાઓને જો કાયદેસરતા આપે તો તે બંધારણના અનુચ્છેદ ૩૦૦અ (સંપત્તિનો અધિકાર), ૧૯ (વેપારની સ્વતંત્રતા) અને ૨૧ (જીવન અને આજીવિકાનો અધિકાર) હેઠળ નાગરિકોના મૂળભૂત અધિકારો માટે ખતરો બની શકે છે. કોર્ટે કહ્યું કે વકફ જાહેર કરવાની પ્રક્રિયા નાગરિકોના મૂળભૂત અધિકારોને અસર કરે છે, તેથી કોર્ટ તેની તપાસ કરવા સક્ષમ છે.

આ વિવાદ મુનંબમની ૪૦૪.૭૬ એકર જમીનનો છે, જે ૧૯૫૦માં સિદ્દીક સઈદ નામના વ્યક્તિએ ફારૂક કોલેજને દાનપત્ર દ્વારા આપી હતી. દરિયાઈ ધોવાણને કારણે આ જમીન હવે ઘટીને ૧૩૫.૧૧ એકર થઈ ગઈ છે. કોલેજ મેનેજમેન્ટે આ જમીન પર વસેલા રહેવાસીઓને પાછળથી વેચી દીધી હતી અને આ વેચાણ દસ્તાવેજોમાં ક્યાંય પણ જમીન વકફ હોવાનો ઉલ્લેખ નહોતો. જોકે, લગભગ ૬૯ વર્ષ બાદ ૨૦૧૯માં, કેરળ વકફ બોર્ડે અચાનક આ જમીનને વકફ સંપત્તિ જાહેર કરી દીધી અને અગાઉના તમામ વેચાણ સોદાઓને ગેરકાયદેસર ઠેરવ્યા હતા.

ખંડપીઠે નોંધ્યું કે આ જમીન માત્ર એક 'ગિફ્ટ ડીડ' હતી, 'વકફ ડીડ' નહીં. વકફ બોર્ડે માત્ર એટલા માટે તેને વકફ જાહેર કરી દીધી કારણ કે દસ્તાવેજનું શીર્ષક ''વકફ ઘોષણા'' લખેલું હતું, જ્યારે તેમાં વકફ બનવાની આવશ્યક કાનૂની શરતો પૂરી થતી નહોતી.



સ્થળાંતરઃ ઈઝરાયલ અને હમાસ યુદ્ધવિરામ અને બાનમાં રખાયેલા લોકોને મુક્ત કરવા સહમત થયા બાદ ઘરવખરી સાથે ટ્રકમાં બેસીને શનિવારે ગાઝા તરફ જઈ રહેલા પૅલેસ્ટાઈનવાસીઓ. સેન્ટ્રલ ગાઝા સ્ટ્રીપમાં વાડી ગાઝા નજીક કોસ્ટલ રોડ પરથી પસાર થતી વખતે ઈજિપ્ત અને પૅલેસ્ટાઈનનો ધ્વજ હાથમાં રાખ્યો હતો. (એજન્સી)

# ઈઝરાયલ-હમાસ શસ્ત્રવિરામ ઘોંચમાં

## હાઈ-પ્રોફાઈલ કેદીને છોડવાની તેલ અવિવનીના

રામલ્લાઃ ગાઝા સીઝફાયર બાદ હવે નવો વિવાદ શરૂ થયો છે. શસ્ત્રવિરામના બીજા દિવસે ઇઝરાયલ અને હમાસ વચ્ચે નવો વિવાદ શરૂ થયો છે. આ વિવાદને જોતા ગાઝા શસ્ત્રવિરામ ટકશે નહીં તેવું લાગી રહ્યું છે. ગાઝા સીઝફાયરમાં એક કરાર કરવામાં આવ્યો છે કે, ઇઝરાયલ પેલેસ્ટિનિયન કેદીઓને છોડશે અને તેના બદલામાં ગાઝાઓના બંધકોને છોડશે. પરંતુ હવે ઇઝરાયલે એક મોટું નિવેદન આપ્યું છે. મળતી વિગતો પ્રમાણે ઇઝરાયલે ખૂનખાર અને હાઈ-પ્રોફાઈલ કેદીઓને છોડવાની ના પાડી દીધી છે. જેથી યુદ્ધવિરામનો ભંગ થશે તેવા એંધાણ વર્તાઈ રહ્યાં છે. વધારે વિગતે વાત કરવામાં આવે તો, યુદ્ધવિરામ કરાર હેઠળ બંધકો અને પેલેસ્ટિનિયન કેદીઓના વિનિમયની પ્રક્રિયા ચાલી રહી છે, પરંતુ ઇઝરાયલે પેલેસ્ટાઇનના પ્રસિદ્ધ નેતા મારવાન બરઘૌતીને છોડવાની ચોખ્ખી ના પાડી દીધી છે. પેલેસ્ટાઇન બરઘૌતીને પ્રમખ નેતા માને છે, જ્યારે ઇઝરાયલ તેને આતંકવાદી માને છે. અત્યારે બરઘૌતી ઇઝરાયલમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે. હમાસ દ્વારા વારંવાર હાઇ-પ્રોફાઈક કેદીઓને છોડવા માટે માંગણી કરી છે. પરંતુ ઇઝરાયલ તેનો સ્વીકાર કરવા માટે તૈયાર નથી.

# ત્રણ દાયકા પહેલાની લૉનની બરેલીના વિલન પાસે ઉઘરાણી

લખનઊઃ બરેલીમાં ૨૬ સપ્ટેમ્બરે થયેલી હિંસા સંબંધિત હાલ ફતેહગઢ સેન્ટ્રલ જેલમાં કારાવાસ ભોગવી રહેલા મૌલાના તૌકીર રઝાના ઘર પર લૉન રિકવરીની નૉટિસ લગાડવામાં આવી છે, એમ અધિકારીઓએ શનિવારે કહ્યું હતું.

ત્રણ દાયકા અગાઉ કો-ઓપરેટિવ બૅન્ક પાસેથી લીધેલી લૉનની ભરપાઈ ન કરી હોવાને મામલે તૌકીરને આ નૉટિસ આપવામાં આવી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. તૌકીર રઝાએ વર્ષ ૧૯૯૭માં બુદાન જિલ્લાના રાસુલપુર પુથી ગામસ્થિત સાધન સહકારી સમિતિ પાસે ૫,૦૫૫ રૂપિયાની લૉન લીધી હતી. આ રકમ હવે વ્યાજ સાથે વધીને ૨૮,૩૪૬ રૂપિયા થઈ ગઈ છે.

બુદાન ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બૅન્કના જનરલ મેનેજર હરીબાબુ ભારતીએ કહ્યું હતું કે રઝાના બરેલીસ્થિત નિવાસસ્થાન પર લૉન રિકવરીની નૉટિસ ચોંટાડવામાં આવી છે. મળેલી માહિતી મુજબ રઝાએ થોડાં વર્ષ અગાઉ બુદાનસ્થિત તેની તમામ સંપત્તિ વેચી દીધી હતી. (એજન્સી)

# અમદાવાદમાં ૭૦મા ફિલ્મફેર અવોર્ડનો ભવ્ય કાર્યક્રમઃ ‘કિલ’ બેસ્ટ એક્શન ફિલ્મ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ૭૦મો ભવ્ય ફિલ્મફેર અવોર્ડ યોજાયો હતો. ખાનગી કલબમાં યોજાયેલા સમારોહમાં ફિલ્મ જગતની અનેક હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. શાહરુખ ખાને ૧૭ વર્ષ પછી આ સેરેમનીમાં હોસ્ટ કર્યું હતું. અક્ષયકુમાર, મનોજ જોશી, મેઘા શંકર, સ્મૃતિ ઈરાની, અનુપમ ખેર, કાજોલ, બોની કપૂર, મુનમુન દત્તા, ધ્વનિ ભાનુશાલી, રાજપાલ યાદવ, સાન્યા મલ્હોત્રા,સિદ્ધાંત ચતુર્વેદી, અભિનેત્રી ક્લાઉડિયા સીએસ્લા સહિતના અનેક સેલિબ્રિટી હાજર રહ્યા હતા. અવોર્ડ દરમિયાન અનન્યા પાંડેએ ફિલ્મ હમ દિલ દે ચુકે સનમ પર



શાનદાર પરફોર્મન્સ આપ્યું હતું. શરવરી વાઘ સ્ટાર હોરર કોમેડી ફિલ્મ મુંજ્યાને બેસ્ટ વીએફએક્સનો અવોર્ડ મળ્યો હતો. કિલ ફિલ્મને બેસ્ટ એક્શનનો અવોર્ડ એનાયત થયો હતો.

બેસ્ટ એડિટિંગઃ શિવકુમાર પણિક્કર, ફિલ્મ કિલ
બેસ્ટ સ્ટોરીઃ ફિલ્મ આર્ટિકલ ૩૭૦
બેસ્ટ એક્શનઃ ફિલ્મ કિલ
બેસ્ટ સિનેમેટોગ્રાફીઃ ફિલ્મ કિલ
બેસ્ટ સાઉન્ડ ડિઝાઈનઃ ફિલ્મ કિલ
બેસ્ટ વિઝ્યુઅલ ઈફેક્ટઃ મુંજ્યા
બેસ્ટ ડાયલોગ અને સ્ક્રીનપ્લેઃ લાપતા લેડિઝ
બેસ્ટ કોસ્ચ્યુમઃ લાપતા લેડિઝ
બેસ્ટ ડેબ્યૂ ડાયરેક્ટરઃ કુણાલ ખેમુ, મડગાંવ એક્સપ્રેસ

# રાજકોટમાં વિકાસ સપ્તાહની ઉજવણીઃ મુખ્ય પ્રધાને ૧૯૪ કરોડના ૧૮ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ ૧૧ ઓક્ટોબરને શનિવારના રોજ રાજકોટના પ્રવાસે પહોંચ્યા હતા. શહેરના કાલાવડ રોડ પર આવેલા સ્વામિનારાયણ મંદિરના યોગી સભાગૃહમાં આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજકોટ શહેર-જિલ્લાનાં લગભગ રૂ. ૧૯૪ કરોડના વિકાસકાર્યોના ઈ-ખાતમુહૂર્ત કરીને ‘દિવાળી ભેટ’ આપી હતી. સ્વદેશી વસ્તુઓને પ્રોત્સાહન આપવા સખી મંડળો દ્વારા નિર્મિત અનોખી વસ્તુઓ, પટોળા, માટીના વાસણો, હેન્ડીક્રાફ્ટ, મોતીકામ જેવી વિવિધ વસ્તુઓના પ્રદર્શન કમ વેચાણ સ્ટોલ્સ પણ રાખવામાં આવ્યા હતા. તેમ જ ડ્રોન દીદીની નવી ટેક્નોલોજીની ઉડાન સાથે કાર્યકુશળતાનું પ્રદર્શન યોજાયું હતું. જેને મુખ્ય પ્રધાને નિહાળ્યું હતું. આ તકે ગ્રામ પંચાયત ઓક્ટ્રોય નાબૂદી પેટે વધારાના સહાયક અનુદાન તરીકે ગ્રામ પંચાયતોના સરપંચોને રૂ. ૨૧ કરોડના ચેકનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.




ભૂપેન્દ્ર પટેલે કાર્યક્રમમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે, વડા પ્રધાન દર ત્રણ મહિને ખેડૂતોને જે હપ્તો આપે છે તેનો એક હપ્તો દિવાળી પહેલાનો આજે આપવામાં આવશે. ગ્રામ પંચાયતમાં ૭૬૧ ગ્રામપંચાયત સમરસ જાહેર થઇ છે. વધુ ભણેલા ગામના સરપંચ બન્યા છે અને ૪૨ ટકા યુવાનો સરપંચ બન્યા છે જેનો ગૌરવ થાય છે. ૧૦,૦૦૦ રૂપિયા કામ માટે વખતો વખત વીતી જતા આજે કરોડો રૂપિયાના કામ તત્કાલ થઇ જાય છે. આ માનસિકતા બદલી છે ને આ વિકાસ પથ આગળ વધ્યાનું ઉદાહરણ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીનો આગ્રહ છે આપણે જે વાયબ્રન્ટ કરી રહ્યા છીએ તે છેવાડાના ગામ સુધી પહોંચવું જોઈએ. અગાઉ ૬૬,૦૦૦ નાના કારખાના હતા, જે આજે ૨૭ લાખ સુધી પહોંચી ગયા છે. જેના કારણે દેશ દુનિયામાં ગુજરાત ગ્રોથ એન્જિન બન્યું છે. આત્મનિર્ભર ભારત અને લોકલ ફોર વોકલ થકી સ્વદેશી અપનાવીએ તેવો સંકલ્પ વડા પ્રધાને આપ્યો છે. ૫૪૧ કરોડ ગઈકાલે મંજૂર કર્યા અને આજે બધા સરપંચના ખાતામાં પહોંચી ગયા છે. એક ગ્રામ પંચાયતને ચાર કરોડ રૂપિયા આપવાના છે. દરેક કામ ક્વોલિટીવાળા અને સારા કરીએ તેનું ધ્યાન રાખવાનું છે. વિકાસ યાત્રા હજુ સારી રીતે આગળ વધારવાની છે આમાં આપણે બધા સાથે મળીને વધારીશું.

વિકાસ સપ્તાહ અંતર્ગત કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદ રામ મોકરિયા અને કેસરીદેવસિંહ ઝાલા પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના અમરદળ ગામ ખાતે ઉપસ્થિત રહી મુખ્ય પ્રધાનના કાર્યક્રમમાં વર્ચ્યુલ જોડાયા હતા. આ ગામ ખાતે મેડિકલ કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

# અક્ષયકુમારે વડનગરની પણ મુલાકાત લીધી, હાટકેશ્વર મંદિરનાં દર્શન કર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બોલિવૂડ સ્ટાર અક્ષયકુમાર અમદાવાદમાં આયોજિત થનારા ફિલ્મફેરમાં હાજરી આપવા માટે અભિનેતા અક્ષયકુમાર ગુજરાતના પ્રવાસે આવ્યા છે. આ તકે તેમણે વડનગરની પણ મુલાકાત લીધી હતી. જ્યાં વડનગરવાસીઓએ અક્ષયકુમારનું તિલક કરીને ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. તેમણે હાટકેશ્વર મહાદેવ મંદિર, મ્યુઝિયમ સહિતની જગ્યાની મુલાકાત લીધી હતી. વડનગરની મુલાકાત દરમિયાન તેઓ વડનગરના આધ્યાત્મિક અને ઐતિહાસિક વારસાથી ખૂબ પ્રભાવિત થયા હતા અને તેમણે પોતાના અનુભવો ભાવુક શબ્દોમાં વ્યક્ત કર્યા હતા. શનિવારે સવારે વડનગર પહોંચેલા અક્ષયકુમારે સૌપ્રથમ હાટકેશ્વર મહાદેવ મંદિરમાં દર્શન કરી આશીર્વાદ લીધા હતા. સ્વયંભૂ શિવલિંગ અને મંદિરની અદ્ભુત કોતરણી જોઈને તે ખૂબ જ આનંદિત થયા હતા. આ દરમિયાન મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું હતું કે, હાટકેશ્વર મંદિરમાં જ્યારે શાંત વાતાવરણ હોય છે ત્યારે તમે ધ્યાનથી સાંભળો તો તમને ધીમે ધીમે અવાજમાં ‘ઓમ નમઃ શિવાય’ સંભળાય છે. આ અનુભવ અત્યંત શાંતિદાયક છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, પ્રથમવાર વડનગર આવ્યો છું અને અહીંનો સમૃદ્ધ ઇતિહાસ જાણીને હું ખૂબ આનંદિત છું. અક્ષયકુમારે મંદિર દર્શન બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જે શાળામાં અભ્યાસ કર્યો હતો તે પ્રેરણા સ્કૂલની મુલાકાત લીધી હતી. આ શાળામાંથી તેમને મોદીના બાળપણ અને શિક્ષણ વિશે માહિતી મેળવી હતી. ત્યારબાદ, તેમણે વડનગરના આર્કિયોલોજિકલ મ્યુઝિયમની મુલાકાત લીધી હતી, જ્યાં ઐતિહાસિક અવશેષો અને કલાકૃતિઓ જોઈને તેઓ ગદ્ગદ્ થઈ ગયા હતા.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ દ્વારકાધીશનાં ચરણોમાં શીશ ઝુકાવ્યુંઃ ગૂજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ તેમના ગુજરાત પ્રવાસ દરમિયાન ૧૧ ઓક્ટોબર શનિવારના રોજ દ્વારકા ખાતે પધારીને ભગવાન દ્વારકાધીશના ચરણોમાં શીશ ઝુકાવી દર્શન કર્યા હતા. રાષ્ટ્રપતિ સાથે તેમના દીકરી ઈતિશ્રી મુર્મૂ પણ જોડાયા હતા. રાષ્ટ્રપતિએ અત્યંત ભક્તિભાવ સાથે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પાદુકાપૂજન કરીને ધન્યતા અનુભવી હતી. આ પૂર્વે દ્વારકાધીશ મંદિર ખાતે રાષ્ટ્રપતિનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

મંદિરના મહાનુભાવો દ્વારા રાષ્ટ્રપતિને ઉપરણા, દ્વારકા મંદિરની પ્રતિકૃતિ, ફૂલ અને તુલસીમાંથી નિર્મિત અનુગ્રહમ અગરબત્તી, ગોલ્ડ પ્લેટેડ દ્વારકાધીશનું સ્વરૂપ અને પ્રસાદ આપીને સન્માનપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું.

જે બાદ હવે તેઓ ગુજરાત વિદ્યાપીઠના ૭૧મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેવા માટે અમદાવાદ આવવા રવાના થયા હતા.૧૦ વર્ષ બાદ ગુજરાત વિદ્યાપીઠના ૭૧મા પદવીદાન સમારોહમાં રાષ્ટ્રપતિ અતિથિ તરીકે હાજર રહ્યા હતા. આ ઐતિહાસિક કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલ અને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, વિદ્યાપીઠના ઇતિહાસમાં પ્રથમ વખત રાજ્યના મુખ્યપ્રધાન પદવીદાન સમારોહમાં હાજર રહ્યા હતા. આ સમારોહમાં કુલ ૭૧૯ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી, જેમાં નવ વિદ્યાર્થીઓને ચંદ્રક આપીને સન્માનિત કરાયા હતા. આ ઉપરાંત, શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરનાર ૬૦ પીએચ.ડી. ધારકોને પણ પદવી એનાયત કરવામાં આવી હતી. સમારોહને સંબોધતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પદવી મેળવનાર સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, પદવી એનાયત કરવી એ આપણી પૌરાણિક પરંપરાનો એક ભાગ છે. રાષ્ટ્રપતિએ ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓની ખાસ ઓળખનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, આ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સ્વચ્છતા અને શિસ્તના આગ્રહી હોય છે. તેમણે મહાત્મા ગાંધીજીના કાર્યસ્થળ પર હાજર રહેવાનો આનંદ વ્યક્ત કરતાં ઉમેર્યું હતું કે, બાપુજીના સ્મરણ માત્રથી પ્રસન્નતાની અનુભૂતિ થઈ રહી છે. રાષ્ટ્રપતિએ વિદ્યાપીઠના ઇતિહાસને યાદ કરતાં કહ્યું હતું કે, ૧૯૪૯ સુધી મહાત્મા ગાંધીજી પોતે જ વિદ્યાપીઠના કુલપતિ રહ્યા હતા અને બાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ અને ડો. રાજેન્દ્ર પ્રસાદે તેનું સંચાલન કર્યું હતું. અંતે, રાષ્ટ્રપતિએ વિદ્યાર્થીઓને રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં જોડાવા આહ્વાન કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને ભારતને વિશ્વનું શ્રેષ્ઠ રાષ્ટ્ર બનાવવા અને સ્વદેશી અભિયાનમાં સક્રિયપણે જોડાવાનો સંકલ્પ લેવા જણાવ્યું હતું.

# ગુજરાતમાંથી ચોમાસાની સત્તાવાર રીતે વિદાય, હવામાન વિભાગે જાહેરાત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગે ચોમાસા અંગે મહત્ત્વની આગાહી કરી હતી, જેમાં હવામાન વિભાગે જણાવ્યું હતું કે આગામી ૭ દિવસ વરસાદ પડવાની સંભાવનાઓ નથી. એટલે કે ચોમાસાની સત્તાવાર રીતે વિદાય થઈ ગઈ છે અને જો હવે વરસાદી માહોલ બને તો તે કમોસમી વરસાદ ગણાશે. શક્તિ વાવાઝોડાના કારણે રાજ્યમાં વરસાદી માહોલ બન્યો હતો, જોકે, વાવાઝોડું યુટર્ન લઈને ગુજરાત કે તેની આસપાસ પહોંચે તે પહેલા જ વિખેરાઈ ગયું હતું અને વરસાદની જે શક્યતાઓ જોવાઈ રહી હતી તે હવે રહી નથી. આ સાથે જણાવવામાં આવ્યું હતું કે, દરિયાકાંઠાના ભાગોમાં પવનની દિશા ઉત્તરથી ઉત્તર-પૂર્વની રહેશે, જ્યારે પવનની ગતિ ૧૦-૧૫ કિલોમીટર પ્રતિકલાકની રહેવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડિરેક્ટર એ.કે. દાસે ગુજરાતના હવામાનની માહિતી આપતા કહ્યું હતું કે, ૭ દિવસ દરમિયાન મહતમ અને લઘુતમ તાપમાનમાં કોઈ મોટા ફેરફારની સંભાવનાઓ નથી.

# દાહોદ એપીએમસીની ચૂંટણી પહેલા ભાજપમાં યાદવાસ્થળી, ત્રણ નેતાઓ છ વર્ષ માટે સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદ જિલ્લા કૃષિ ઉત્પાદન બજાર સમિતિ (એપીએમસી)ની ૧૭ ઓક્ટોબરે યોજાનારી ચૂંટણી અગાઉ જ ભાજપનો આંતરિક ખટરાગ બહાર આવ્યો છે. ભાજપ સામે બળવો કરીને અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવનાર ત્રણ મહત્ત્વના ભાજપ નેતાઓને શિસ્તભંગના મુદ્દે પક્ષ દ્વારા ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા દાહોદના પૂર્વ શહેર પ્રમુખ કમલેશ રાઠી, ભાજપના પૂર્વ વિધાનસભા ઉમેદવાર નગરસિંહ પલાશ, તેમજ સ્થાનિક અગ્રણી કાર્યકર મનુભાઈ માવી વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી. ભાજપની શિસ્ત સમિતિ દ્વારા આ ત્રણે નેતાઓને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓના આરોપોને આધારે સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

એપીએમસીની આવનારી ચૂંટણીમાં વેપારી તેમજ ખેડૂત વિભાગની બેઠકો માટે ભાજપ દ્વારા ઉમેદવારો જાહેર થયા બાદ પણ આ ત્રણે નેતાઓએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હતી. જેના કારણે ભાજપના ઉમેદવારો સામે સીધી ટક્કર ઊભી થઈ છે. આ નિર્ણય બાદ દાહોદ ભાજપનું રાજકારણ ગરમાયું છે. ભાજપની આંતરિક ગોઠવણી અને જૂથવાદ બહાર આવતા કાર્યકરોમાં નિરાશા વ્યાપી છે. હવે ૧૭ ઓક્ટોબરના રોજ મતદાન બાદ કયા પક્ષના ઉમેદવારો વિજયી બને છે અને બળવો કરનારા નેતાઓના કારણે પક્ષને કેટલું નુકસાન થાય છે તેના પર સૌની નજર રહેશે.

# ગિફ્ટ સિટીમાં ‘મેરા દેશ પહલે’ની ગૂંજઃ વડા પ્રધાન મોદીની જીવનયાત્રાએ યુવાનોમાં રાષ્ટ્રભક્તિની નવી ભાવના જગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આકાર લઇ રહેલા નવા ભારતના રૂપાંતરણની રોમાંચક કહાની ‘મેરા દેશ પહલે’નો ગુજરાતમાં સૌપ્રથમ ભવ્ય શો શુક્રવારે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં યોજાયો હતો.

નરેન્દ્ર મોદીની જન્મભૂમિ વડનગર જ્યાંથી તેમની પ્રેરણાદાયી જીવનયાત્રા શરૂ થઈ અને હવે દેશના વડા પ્રધાન તરીકે તેમણે ભારતને વિશ્વ ગૌરવ અપાવ્યું ત્યાં સુધીની સમગ્ર રોમાંચક સફર તથા રાષ્ટ્રને સમર્પિત તેમના જીવનની વણ કહી બાજુઓની પ્રસ્તુતિ માત્ર સાંસ્કૃતિક પ્રસ્તુતિ જ નહિ, રાષ્ટ્રીય જનચેતનાના આંદોલનને પ્રેક્ષકોની નજર સમક્ષ તાદશ કરનારી બની રહી હતી.

નરેન્દ્ર મોદીએ વડનગરની શાળાના સાહસિક વિદ્યાર્થી તરીકે શરૂ થયેલી સફર સોમનાથ-અયોધ્યા રથયાત્રા, કાશ્મીર સુધીની એકતાયાત્રા અને અલગાવવાદીઓની ધમકીનો પડકાર ઝિલી લઈને શ્રીનગરના લાલચોકમાં તિરંગો લહેરાવવા તેમ જ વડા પ્રધાન તરીકે દેશની સેનાને તેમણે આપેલા માર્ગદર્શનથી ઓપરેશન સિંદૂરની શૌર્યગાથા, રામ મંદિર નિર્માણનો સંકલ્પ સાકાર થવા સહિતના સમગ્ર ઘટનાક્રમનું દશ્ય-શ્રાવ્ય અને સંગીતમય મંચ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ ગિફ્ટ સિટી પરિસરને રાષ્ટ્રભક્તિમય બનાવી દીધું હતું.

વિશાળ સંખ્યામાં આ શોને નિહાળવા ઊમટી પડેલી યુવાશક્તિ અને સમાજ જીવનના અગ્રણીઓની ઉપસ્થિતિએ પુરવાર કર્યુ કે, ‘મેરા દેશ પહલે’ એ માત્ર કોઈ સામાન્ય શો નહીં, પરંતુ નવી પેઢીની વિચારધારાનું પ્રતીક બની ગયો છે.

# સુરતમાં મામાએ જ ભાણેજના સાત ટુકડા કરી ખાડીમાં ફેંકતા અરેરાટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ભાઠેનામાં ભાણેજ મોહમ્મદ આમિર આલમની તેના જ મામા મોહમ્મદ ઇફ્તિકાર વાજીદ અલીએ નિર્મમ હત્યા કરી નાખી હતી. હત્યા બાદ ગુનાને છુપાવવા માટે આરોપી મામાએ લાશના ૭ ટુકડા કરી ખાડીમાં નાખી દીધા હતા, પરંતુ એનો ભેદ હત્યા કરનાર મામાએ જ ગુરુવારે રાત્રે ગુમ થયાની ખોટી ફરિયાદ નોંધાવ્યા બાદ ખૂલ્યો હતો. હાલ આરોપી મામા ભાણિયાના સાત ટુકડા કરી તેને કોથળામાં પેક કરીને મોપેડમાં નાખીને જતો હોવાના સીસીટીવી પણ બહાર આવ્યા છે. મામાના હાથે ભાણાની હત્યાથી વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો.

પોલીસે આકરી પૂછપરછ કરતા મામાએ હત્યા કરી લાશ ખાડીમાં ફેંકી દીધાની કબૂલાત કરી હતી. ઉધના પોલીસે હત્યામાં વપરાયેલા હથોડી અને ચાકુ સહિતના પુરાવાઓ જપ્ત કરવા તથા ખાડીમાં ફેંકાયેલા મૃતદેહના ટુકડાઓ ફાયર વિભાગના અધિકારીઓની મદદથી શોધવા માટેની કાર્યવાહી હાથ ધરી છે. મૃતક મોહમ્મદ આમિર આલમ અને હત્યારો મામો મોહમ્મદ ઇફ્તિકાર વાજીદ અલી બંને મૂળ બિહારના કટિહારના રહેવાસી છે. ભાઠેનામાં શિવશક્તિનગરમાં ભાડાના ફ્લેટમાં સાથે રહેતા હતા. મામા-ભાણેજ ઉધના રોડ નંબર ૮ પર ૩૦ સિલાઈ મશીન ભાડે ચલાવતા હતા. ઘણા સમયથી ભાણેજ હિસાબ કરી નફો બતાવતો હતો, પણ રોકડ મામાને આપતો નહોતો, પૈસાની આ લેતી-દેતી અંગે મામા-ભાણેજ વચ્ચે અવારનવાર ઉગ્ર ઝઘડા થતા હતા.

# નાણાકીય વર્ષ ૨૦૨૬ના છ માસમાં એસએમઈ આઈપીઓ લિસ્ટિંગમાં ગુજરાત ટોચ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં ગુજરાત એસએમઈ આઈપીઓ માર્કેટમાં લીડર તરીકે ઊભર્યું હતું. આ સમયમાં બીએસઈના એસએમઈ અને એનએસઈ પ્લેટફોર્મમાં ૩૧ લિસ્ટિંગ થયા હતા. ૨૮ એસએમઈ લિસ્ટિંગ સાથે મહારાષ્ટ્ર બીજા ક્રમે રહ્યું હતું. ગુજરાતની કંપનીઓએ એપ્રિલ-સપ્ટેમ્બર મહિના દરમિયાન ૧૨૦૬ કરોડનું ભંડોળ એકત્ર કર્યું હતું. જ્યારે મહારાષ્ટ્રની કંપનીઓએ ૧૮૪૩ કરોડ એકત્ર કર્યા હતા. ત્રીજા ક્રમે રહેલા દિલ્હીએ ૨૦ આઈપીઓ દ્વારા ૮૩૮ કરોડનું ભંડળ એકત્ર કર્યું હતું.

બીએસઈ એસએમઈ પ્લેટફોર્મના ડેટા અનુસાર, એપ્રલિ-સપ્ટેમ્બર દરમિયાન ગુજરાતની ૧૫ કંપનીઓ બીએસઈ-એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટ થઈ હતી. જ્યારે એનએસઈ પર ૧૬ કંપની લિસ્ટ થઈ હતી. ગુજરાતની કંપનીઓએ બીએસઈ એસએમઈ પર ૫૦૧ કરોડ અને એનએસઈ પર ૭૦૫ કરોડ એકત્ર કર્યા હતા. મહારાષ્ટ્ર સ્થિત એસએઈએ પ્રથમ છ મહિનામાં આઈઓ દ્વારા વધુ ભંડોળ એકઠું કર્યું હતું. સૂત્રોએ જણાવ્યું કે, બંને રાજ્યો ભારતના એસએમઈ પાવરહાઉસ છે અને ઇક્વિટી બજારો વિશે વધુ જાગૃતિને કારણે,એસએમઈ આઈપીઓ પ્રવૃત્તિમાં દેશનું નેતૃત્વ કર્યું છે. આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું કે, અગાઉ એસએમઈ પાસે વૃદ્ધિની યોજનાઓ હતી પરંતુ તેને પૂર્ણ કરવા માટે ભંડોળનો અભાવ હતો. જો કે, છેલ્લા દાયકામાં, સ્ટોક એક્સચેન્જો પરના એસએમઈ પ્લેટફોર્મ્સે સેંકડો એસએમઈને ભંડોળ એકઠું કરવા તેમજ પોતાને સ્મોલ-કેપ કંપનીઓમાં રૂપાંતરિત કરવામાં સક્ષમ બનાવ્યા છે. શરૂઆતના દિવસોમાં લિસ્ટેડ થયેલી ઘણી એસએમઈ હવે નોંધપાત્ર માર્કેટ કેપિટલાઇઝેશન સાથે મુખ્ય પ્લેટફોર્મ્સ પર સ્વિચ થઈ ગઈ છે.

ગુજરાત ગ્રોથ એન્જિન હોવાને કારણે એસએમઈ લિસ્ટિંગની રેસમાં અગ્રેસર છે. આ સેગમેન્ટમાં હજી પણ ઘણી કંપનીઓ એવી છે, જેમને પ્લેટફોર્મમાં પ્રવેશ કરવો બાકી છે.

# બનાસ ડેરી પર શંકર ચૌધરીનો દબદબોઃ તમામ બેઠક પર કબજો

અમદાવાદઃ ઉત્તર ગુજરાતની સૌથી મોટી બનાસ ડેરી પર શંકર ચૌધરીનો દબદબો કાયમ રહ્યો હતો. બનાસ ડેરીમાં બોર્ડ ઓફ ડિરેટક્ટરની ચૂંટણીમાં તમામ ૧૬ બેઠકો પર શંકર ચૌધરી સમર્થિત ઉમેદવારોની જીત થઈ હતી. મેન્ટેડ પ્રથાના વિરોધ તથા આંતરિક જૂથવાદ વચ્ચે શંકર ચૌધરીની જીત થઈ હતી. એશિયાની સૌથી મોટી બનાસ ડેરીની ચૂંટણીમાં ૧૫ બેઠક બિનહરીફ જાહેર થઈ હતી. જ્યારે ૧૬મી બેઠક પર બળવો થયો હતો અને ચૂંટણી થઈ હતી. જેમાં શંકર ચૌધરીની પેનલના ઉમેદવારનો વિજય થયો હતો. તમામ બેઠક પર જીત થતાં સમર્થકોમાં જશ્નનો માહોલ છવાયો હતો. આ બેઠક પર ૧૦૦ ટકા મતદાન નોંધાયું હતું. મતગણતરીમાં મેન્ડેટધારી ઉમેદવાર અમરત પરમાર વિજયી બન્યા હતા. તેમને કુલ ૮૫ મતોમાંથી ૫૫ મત મળ્યા હતા, જ્યારે બળવો કરનારા દિલીપસિંહ બારડને ૩૦ મત જ મળ્યા હતા. આમ બનાસ ડેરીના નિયામક મંડળની તમામ ૧૬ બેઠકો પર શંકર ચૌધરી સમર્થિત પેનલે વિજય મેળવ્યો હતો. આ પરિણામો પરથી બનાસ ડેરીના સમગ્ર વહીવટી માળખા અને તેના કરોડો રૂપિયાના વાર્ષિક ટર્નઓવર પર શંકર ચૌધરીનો દબદબો યથાવત્ હોવાનું ફરીથી સાબિત થયું હતું. આ જીતથી બનાસકાંઠાના સહકારી રાજકારણમાં તેમનું વર્ચસ્વ વધુ મજબૂત બન્યું હતું. તાજેતરમાં ગુજરાતની અગ્રણી બનાસ ડેરી દ્વારા ૫૭મી વાર્ષિક સાધારણ સભામાં પશુપાલકો માટે મોટી જાહેરાત કરવામાં આવી હતી. ડેરીના ચેરમેન શંકર ચૌધરીએ જાહેરાત કરતાં જણાવ્યું કે, બનાસ ડેરી તેના પશુપાલક સભ્યોને કુલ ₹૨૯૦૯.૦૯ કરોડનો ઐતિહાસિક ભાવફેર ચૂકવશે. આ જાહેરાતથી બનાસ ડેરીના પશુપાલકોમાં દિવાળી જેવો માહોલ સર્જાયો હતો.

# વડોદરામાં જ્વેલર્સની દુકાનમાંથી ત્રણ મહિલા ₹ ૧૦ લાખના દાગીના ચોરતા ચકચાર

અમદાવાદઃ વડોદરા શહેરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. મોડર્ન લૂકની મહિલાઓએ નજર ચૂકવી આઠ સોનાની બંગડીઓ સેરવી લીધી હતી. સ્ટોકની ગણતરી વખતે બંગડીઓ ઓછી જણાતા સીસીટીવી ચેક કરવામાં આવ્યા હતા, જેમાં આ ઘટના સામે આવી હતી. ૧૦ લાખના દાગીનાની ચોરીથી ખળભળાટ મચી ગયો હતો.

મળતી વિગત પ્રમાણે, શહેરના જેતલપુર રોડ પર આવેલા એક જ્વેલર્સના શો રૂમમાં ગ્રાહકના સ્વાંગમાં ત્રણ મહિલાઓ આવી હતી. મોર્ડન દેખાતી આ મહિલાએ સેલ્સગર્લની નજર ચૂકવી ૧૦ લાખની કિંમતના દાગીના સેરવી લીધા હતા. રાત્રે સ્ટોકની ગણતરી સમયે દાગીના ઓછા માલૂમ પડ્યા હતા. સીસીટીવી ચેક કરતાં ગ્રાહક બનીને આવેલી ત્રણ મહિલાએ દાગીનાની ચોરી કરતાં કેદ થઈ હતી. ત્રણ દિવસ પહેલા બપોરે રોજના ક્રમ મુજબ સેલ્સનું કામ કરતા કર્મચારીઓ વારાફરતી જમવા જતા હતા ત્યારે સવા વાગે ત્રણ મહિલા આવી હતી. સેલ્સ ગર્લે તેમને બંગડીઓ બતાવી હતી, પરંતુ મહિલાઓ પસંદ કરતી નહતી અને બીજી ડિઝાઇન જોવા માગતી હતી. ત્યારબાદ ૧૫ મિનિટમાં ત્રણેય મહિલાઓ અમને બંગડીઓ પસંદ પડતી નથી તેમ કહી નીકળી ગઇ હતી. રાતે સ્ટોકની ગણતરી વખતે રૂ. ૧૦ લાખની કિંમતની આઠ બંગડી ઓછી દેખાતાં કૅમેરા ચેક કરવામાં આવ્યા હતા, જે દરમિયાન ત્રણ મહિલા પૈકી એક મહિલા બંગડીઓનું બોક્સ પોતાની બેગમાં નાખતી દેખાઇ હતી, જેથી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# રાજ્યના વિવિધ જિલ્લાના યુવાનોને સરકારી નોકરી અપાવવાને નામે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી

## સીઆઈએસએફનો ભૂતપૂર્વ કર્મચારી પકડાયોઃ બે મરાઠી ફિલ્મ બનાવવા પાછળ નાણાં વાપર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યના વિવિધ જિલ્લાના યુવાનોને કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં નોકરી અપાવવાને નામે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (સીઆઇએસએફ)ના ભૂતપૂર્વ કર્મચારીની ધરપકડ કરી હતી. દિલ્હીથી પકડાયેલા આરોપીની ઓળખ નીલેશ કાશીરામ રાઠોડ (૩૩) તરીકે થઇ હોઇ તેણે ઠગાઇના નાણાંથી બે મરાઠી ફિલ્મ બનાવી હતી.

અકોલા જિલ્લાના બાર્શી તાલુકાના રહેવાસી નીલેશ રાઠોડ વિરુદ્ધ નવી મુંબઈના સંતોષ ખરપુડેએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. સંતોષ ખરપુડે તથા અન્ય યુવાનોને સરકારી નોકરી અપાવવાને બહાને આરોપીએ તેમની પાસેથી પાંચ લાખથી પંદર લાખ રૂપિયા લીધા હતા અને બોગસ મેડિકલ ટેસ્ટ તેમ જ બોગસ એપોઇન્ટમેન્ટ લેટર આપી યુવાનોને ઠગ્યા બાદ આરોપી ફરાર થઇ ગયો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આરોપીને સીઆઇએસએફમાંથી બરતરફ કરવામાં આવ્યો હતો અને ૨૦૨૨ બાદ અનેક યુવાનોને છેતર્યા હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. આરોપી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હોઇ અત્યાર સુધી તેણે ૨.૮૮ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનું જાણવા મળ્યું છે. જોકે આ રકમ ૧૦ કરોડ રૂપિયાથી વધુ હોવાની શક્યતા છે.

આર્થિક ગુના શાખા દ્વારા ફરાર આરોપીને પકડવા વિશેષ ટીમ તૈયાર કરવામાં આવી હતી. આરોપી નીલેશ રાઠોડની પત્ની દિલ્હીમાં રહેતી હોવાની માહિતી મળ્યા બાદ પોલીસ ટીમ દિલ્હી રવાના કરાઇ હતી. ત્યાં તપાસ કર્યા બાદ મળેલી માહિતીને આધારે પોલીસે ગુરુવારે આરોપીને દિલ્હીમાં દ્વારકા મોડ વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો. આરોપી વિરુદ્ધ આર્થિક ગુના શાખા ઉપરાંત આઝાદ મેદાન પોલીસ સ્ટેશન, પુણેના ડેક્કન, નવી મુંબઈના વાશી, અકોલા તથા અન્ય રાજ્યના વિવિધ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીના ગુના દાખલ છે. આરોપી વિરુદ્ધ મુંબઈના ઘણા પોલીસ સ્ટેશનમાં ૬૦થી વધુ લોકો સાથે છેતરપિંડી આચરવા બદલ લેખિત ફરિયાદ કરવામાં આવી છે. આરોપી ઠગાઇનાં નાણાંથી એશઆરામનું જીવન જીવતો હતો અને તેણે એ નાણાંથી બે મરાઠી ફિલ્મ પણ બનાવી હતી.

આરોપી કેન્દ્રના સ્ટાફ સિલેક્શન કમિશનમાં ઉપસચિવ હોવાનું જણાવતો હતો. અમુક લોકોને તેણે ખોટા ઓર્ડરો આપીને અને બનાવટી અધિકારીની મુલાકાત કરાવી હતી. તે પીડિતોને મંત્રાલય પાસે બોલાવીને વિશ્વાસ સંપાદન કરતો હતો. આરોપીએ ઠગાઇની રકમમાંથી સ્થાવર-જંગમ મિલકત ખરીદી હોવાનું પોલીસને લાગી રહ્યું છે. આરોપીએ સરકારી નોકરીને નામે વધુ ૧૦૦થી ૧૫૦ લોકો પાસેથી રૂપિયા પડાવ્યા હોવાનું ફરિયાદીએ પોતાના નિવેદનમાં જણાવ્યું છે.

# નવી મુંબઈ ઍરપોર્ટ રોડ પર પહેલો અકસ્માતઃ ત્રણ વાહન એકબીજા સાથે ટકરાયાં

પનવેલઃ નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું બે દિવસ પૂર્વે ઉદ્ઘાટન થયું. ઉદ્ઘાટન સમયે રાજ્ય તેમ જ દેશમાંથી અનેક મહાનુભવો આવવાના હોવાથી રસ્તા ચકાચક દેખાય એ માટે સિડકો દ્વારા લાખો રૂપિયા ખર્ચ કરીને રસ્તા પર ડામર નાખવા સાથે તેનું સમારકામ કરાયું હતું. એરપોર્ટ હજી શરૂ નથી થયું છતાં એરપોર્ટ રોડથી ઉલવા તથા કરંજાડે માર્ગ પર પ્રવાસ કરવા માટે ચકાચક રસ્તા સ્પીડબ્રેકર વિના બનાવવામાં આવ્યા છે. શુક્રવારે બપોરે આ માર્ગ પર પહેલો અકસ્માત થયો હતો, જેમાં ત્રણ વાહન એકબીજા સાથે ભટકાયાં હતાં. પનવેલથી એરપોર્ટ તરફ પૂરપાટ વેગે જનારી કારે સામેથી આવનારા ટેમ્પોને જોરદાર ટક્કર મારી હતી. અવાજ સાંભળીને આસપાસના મજૂરો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. એ સમયે પાછળથી આવી રહેલી કારના ડ્રાઇવરે નિયંત્રણ ગુમાવ્યું હતું અને તે અકસ્માતગ્રસ્ત કાર અને ટેમ્પો સાથે અથડાઇ હતી. આ અકસ્માતમાં ટેમ્પો ઊંધો વળી ગયો હતો, જેને કારણે માર્ગ પર ટ્રાફિક જૅમની સ્થિતિ સર્જાઇ હતી.

આ અકસ્તમાં કોઇ જાનહાનિ થઇ નહોતી, પણ ટેમ્પોના ચાલકને નજીવી ઇજા પહોંચી હતી અને તેને સ્થાનિકોની મદદથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. દરમિયાન અકસ્માતની જાણ થતાં પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને અકસ્માતગ્રસ્ત વાહનનો માર્ગ પરથી હટાવવાનું કામ શરૂ કરાયું હતું.

# છોટા રાજનના સાગરીત ડી. કે. રાવને ૧૩ ઑક્ટોબર સુધી પોલીસ કસ્ટડી

મુંબઈઃ ખંડણી અને ધમકી આપવાના કેસમાં ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરાયેલા ગેન્ગસ્ટ છોટા રાજનના સાગરીત ડી. કે. રાવ સહિત ત્રણ આરોપીને શનિવારે કોર્ટે ૧૩ ઑક્ટોબર સુધી પોલીસ કસ્ટડી ફટકારી હતી.

આ કેસના ફરિયાદી અને તેના પરિચિતેઆરોપી બિલ્ડર મિમિત ભૂતાના પ્રોજેક્ટમાં ૧.૨૫ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું. જોકે ફરિયાદીને તેના રૂપિયા કે વ્યાજ પાછા આપવામા આવ્યા નહોતા અને બંનેને ચેમ્બુરની હોટેલમાં બોલાવ્યા બાદ ડી.કે. રાવ ઉર્ફે રવિ મલ્લેશ બોરા મારફત ગંભીર પરિણામ ભોગવવાની ધમકી આપવામાં આવી હતી.

આ કેસની તપાસ ક્રાઇમ બ્રાન્ચના ક્રાઇમ ઇન્ટેલિજન્સ યુનિટ (સીઆઇયુ) દ્વારા કરવામાં આવી રહી હોઇ ડી.કે. રાવ શુક્રવારે સુનાવણી માટે સેશન્સ કોર્ટમાં આવ્યો ત્યારે તેને તાબામાં લેવાયો હતો. આ કેસમાં ડી. કે. રાવ સહિત મિમિત ભૂતા અને અનિલ રમેશ પરેરાવાની શુક્રવારે ધરપકડ કરવામાં આવી હતી.

# કૉંગ્રેસી નેતાએ કરી ફડણવીસની નથુરામ ગોડસે સાથે સરખામણીઃ ભાજપે કાઢી ઝાટકણી

મુંબઈઃ રાજ્યમાં મરાઠા અનામતનો મુદ્દો કંઈક અંશે અવગણવામાં આવ્યો છે, ત્યારે ઓબીસી સમુદાય દ્વારા વિરોધ પ્રદર્શનો કરવામાં આવી રહ્યા છે. આ પૃષ્ઠભૂમિમાં, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકાળના રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ વિશેના નિવેદનની હાલમાં જોરશોરથી ચર્ચા થઈ રહી છે. ભાજપે પણ સપકાળ દ્વારા આપવામાં આવેલા આ નિવેદનનો જવાબ આપ્યો છે. ઓબીસી સમુદાય રાજ્યમાં મુખ્ય માગણી માટે વિરોધ કરી રહ્યો છે કે હૈદરાબાદ ગેઝેટના આધારે મરાઠા સમુદાયના નાગરિકોને કુણબી પ્રમાણપત્ર આપવા અંગે સરકાર દ્વારા બીજી સપ્ટેમ્બરના રોજ જારી કરાયેલ રદ કરવામાં આવે. દરમિયાન હર્ષવર્ધન સપકાળે મહારાષ્ટ્રમાં ઓબીસી-મરાઠા સમુદાય માટે અનામતના મુદ્દા અને બંને સમુદાયો વચ્ચેના તિરાડ પર ટિપ્પણી કરતી વખતે દેવેન્દ્ર ફડણવીસની ટીકા કરી હતી. આ પ્રસંગે તેમણે મહાત્મા ગાંધીની હત્યા કરનાર નથુરામ ગોડસેનું ઉદાહરણ આપ્યું. જેનો ભાજપ દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યો છે.હર્ષવર્ધન સપકાળે કહ્યું છે કે ભાજપે જાતિવાર વસ્તી ગણતરી દ્વારા અનામતનો મુદ્દો ઉકેલવો જોઈએ. આ દરમિયાન એક પત્રકાર પરિષદમાં તેમણે કહ્યું કે દેવેન્દ્ર ફડણવીસ સંઘર્ષ ઉશ્કેરે છે. જેમ નથુરામ ગોડસેએ શાંતિથી મહાત્મા ગાંધીની હત્યા કરી હતી, તેમ દેવેન્દ્ર ફડણવીસ સંઘર્ષ ઉશ્કેરે છે અને બાજુ પર ઉભા રહે છે. આ બધામાં, તેમણે આ રમત ન રમવી જોઈએ અને ટૂંક સમયમાં જાતિવાર વસ્તી ગણતરી કરાવીને અનામતનો મુદ્દો ઉકેલવો જોઈએ, આ કોંગ્રેસ પક્ષની માગ અને સ્થિતિ છે.

આ દરમિયાન, ભાજપે આ ટીકાનો કડક જવાબ આપ્યો છે. ભાજપના પ્રવક્તાએ કહ્યું છે કે આ બેશરમીની પરાકાષ્ઠા છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકાળે દેવભાઉની ખૂબ જ નિમ્ન સ્તરની ટીકા કરી. આ હર્ષવર્ધન સપકાળની અસમર્થતા અને બેશરમીની પરાકાષ્ઠા છે. સપકાળને એક તરફ મહાત્મા ગાંધીનું નામ લેવા અને તેમની સરખામણી નથુરામ ગોડસે સાથે કરવા બદલ પોતાને શરમ આવવી જોઈએ, નવનાથે કહ્યું હતું.

# માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા વેપારીના પુત્રને ૧.૨ કરોડ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ

થાણેઃ થાણે જિલ્લામાં મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૨૦૨૦માં મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર એસયુવીને નડેલા અકસ્માતમાં મૃત્યુ પામેલા ૪૦ વર્ષના વેપારીના પરિવારજનોને ૧.૨ કરોડનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે.

ટ્રિબ્યુનલના સભ્ય આર.વી. મોહિતેએ ગુરુવારે અકસ્માતમાં સામેલ ટેમ્પોના ડ્રાઇવર અને વીમા કંપની આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ જનરલ ઇન્શ્યૂરન્સ કંપની લિમિટેડને અરજીની તારીખથી ચુકવણી થાય ત્યાં સુધી વાર્ષિક નવ ટકા વ્યાજ સાથે સયુંક્ત રીતે અને અલગ અલગ રીતે વળતર ચૂકવવાના નિર્દેશ આપ્યા હતા.

વેપારી સચિન કનિફનાથ છંગુલપઇ પાંચમી ઑગસ્ટ, ૨૦૨૦ના રોજ એક્સપ્રેસવે પર એસયુવીમાં જઇ રહ્યો હતો ત્યારે પૂરઝડપે અને બેદરકારીથી ટેમ્પો ચલાવી રહેલા ડ્રાઇવરે અચાનક લેન બદલી હતી અને ટેમ્પો એસયુવી સાથે ભટકાયો હતો. ટેમ્પોની જોરદાર ટક્કરથી એસયુવી ડિવાઇડર સાથે અથડાતાં વેપારીનું ગંભીર ઇજાને કારણે મૃત્યુ થયું હતું.

અરજીમાં પાંચ કરોડ રૂપિયાનું વળતર માગવામાં આવ્યું હતું, પણ મોટર વેહિકલ એક્ટની કલમ ૧૬૬ હેઠળ તેને એક લાખ રૂપિયા સુધી મર્યાદિત રાખવામાં આવ્યું હતું. જોકે ટ્રિબ્યુનલે પુરાવા અને કાનૂની દાખલાઓને આધારે ૧.૨ કરોડ વળતરનો આદેશ આપ્યો હતો. જજે નોંધ્યું હતું કે પૂરપાટ વેગે અને બેદરકારીથી ટેમ્પો હંકારવાને કારણે આ અકસ્માત થયો હતો. (પીટીઆઇ)

પાંચમા પાનાનું ચાલુ

## આજે દિવાળીની

ધાંધિયા જોવા મળશે. હાર્બર લાઈન પર સવારે ૧૦.૩૦ કલાકથી બપોરે ૩.૩૦ કલાક સુધી કુર્લા-વાશી વચ્ચે અપ-ડાઉન લાઈન પર બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમય દરમિયાન સીએસએમટીથી વાશી, બેલાપુર અને પનવેલ વચ્ચે અપ-ડાઉન લાઈન પર ટ્રેન વ્યવહાર બંધ રહેશે. બ્લોકના સમય દરમિયાન સીએસએમટી કુર્લા અને પનવેલ-વાશી વચ્ચે સ્પેશિયલ લોકલ ટ્રેનો દોડાવવામાં આવશે. આ સિવાય આ સમય દરમિયાન ટ્રાન્સ હાર્બર લાઈન પર પ્રવાસ કરવાની પરવાનગી આપવામાં આવી છે.

પશ્ચિમ રેલવે પર બોરીવલી રામ મંદિર અને રામ મંદિર- કાંદિવલી વચ્ચે પાંચમી લાઈન પર સવારે ૧૦થી બપોરે ૧ વાગ્યા સુધી બ્લોક હાથ ધરવામાં આવશે. આ બ્લોકના સમયગાળા દરમિયાન તમામ અપ ફાસ્ટ લોકલ બોરીવલી-અંધેરી વચ્ચે સ્લો અપ લાઈન પર દોડાવવામાં આવશે. પાંચમી લાઈન પર અંધેરી-બોરીવલી ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે. આ સમયે કેટલીક લોકલ ટ્રેન રદ કરવામાં આવશે જ્યારે કેટલીક લોકલ ટ્રેનોને ગોરેગાંવથી હાર્બર લાઈન પર દોડાવવામાં આવશે.

મધ્ય રેલવેની વાત કરીએ તો આ વખતે મધ્ય રેલવે પર પ્રવાસ કરનારા પ્રવાસીઓને રવિવારે બ્લોકમાંથી રાહત રહેશે, કારણ કે સીએસએમટી-કલ્યાણ વચ્ચે કોઈ બ્લોક હાથ નહીં ધરવામાં આવે અને હોલીડે શેડ્યુલ પ્રમાણે જ ટ્રેનો દોડાવવામાં આવશે.

## મુંબઈમાં

દિવસ દરમ્યાન કાળઝાળ ગરમી અને ઉકળાટની સાથે મુંબઈગરા પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. દિવસના કોલાબામાં મહત્તમ તાપમાન ૩૩.૧ ડિગ્રી અને સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી જેટલું ઊંચુ નોંધાયું હતું.

હવામાન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે ચોમાસાની વિદાય સાથે જ મુંબઈમાં ઓક્ટોબર હીટ ચાલુ થઈ ગઈ છે. પવનોની દિશા બદલવાની સાથે જ મુંબઈના વાતાવરણમાં પણ ફેરફાર નોંધાયો છે. હાલ મુંબઈમાં પૂર્વીય પવનો ફૂંકાઈ રહ્યા છે, તેને કારણે મુંબઈગરાને ઓક્ટોબર હીટનો અનુભવ થઈ રહ્યો છે.

મુંબઈમાં શુક્રવારે મહત્તમ તાપમાન ૩૩.૭ ડિગ્રી નોંધાયું હતું અને ૨૪ કલાકની અંદર જ તેમાં એક ડિગ્રીથી વધારો નોંધાયો હતો. આગામી અઠવાડિયામાં પણ મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રીની આસપાસ નોંધાવાની શક્યતા છે.

હવામાન વિભાગના અધિકારીએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે ચોમાસું જયારે પાછું ખેંચાય છે ત્યારે પવનોની પેટર્નમાં પણ ફેરફાર થાય છે.

ચોમાસા દરમ્યાન પશ્ચિમી પવનો ફૂંકાતા હોય છે પણ હવે પૂર્વીય પવનો ફૂંકાઈ રહ્યા છે. જે મુખ્યત્વે ગરમ અને શુષ્ક હોય છે. તેથી આ સમયગાળા દરમ્યાન વાતાવરણમાં ગરમી અને ઉકળાટનું પ્રમાણ વધી જતું હોય છે.

વરસાદનું જોર ઓક્ટોબરની શરૂઆતથી ઘટ્યું હતું અને હાલમાં છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદે પોરો ખાધો છે. તેથી હવે તાપમાનમાં વધારો થયો છે અને ગરમીનો અનુભવ થઇ રહ્યો છે. વરસાદે પોરો ખાતા હવે દિવાળીમાં વરસાદ નહીં નડે તેથી મુંબઈગરાઓમાં આનંદ જોવા મળી રહ્યો છે. લોકો વગર કોઇ ડરે બજારોમાં ખરીદી કરવા નીકળી પડ્યા છે.

### સૌથી વધુ પ્રદૂષણ દેવનારમાં

ચોમાસાની વિદાય સાથે જ ગરમીનું પ્રમાણ વધવાની સાથે જ વાતાવરણમાં પ્રદૂષણના સ્તરમાં પણ વધારો થયો છે. ગયા અઠવાડિયાથી હવાની ગુણવત્તા સતત ઘસરી રહી છે. શનિારે મુંબઈનો સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૫૨ નોંધાયો હતો. મુંબઈના ૨૬ મોનિટરિંગ સ્ટેશનોમાંથી ફક્ત એક સ્ટેશન બોરીવલી પૂર્વમાં જ એક્યુઆઈ ૮૦ નોંધાયો હતો. બાકી બધી જગ્યાએ એક્યુઆઈ ઊંચો નોંધાયો હતો, જેમાં સૌથી વધુ પ્રદૂષણ દેવનારમાં નોંધાયું હતું.

અહીં દિવસ દરમ્યાન એક્યુઆઈ ૨૦૯ થઈ ગયો હતો. કોલાબામાં ૨૦૦ તો મલાડ (પશ્ચિમ)માં ૧૮૯, કાંદિવલી (પશ્ચિમ)માં ૧૭૬, બાન્દ્રા (પૂર્વ)માં ૧૭૫ અને ચેમ્બુરમાં ૧૬૯ નોંધાયો હતો. આગામી અઠવાડિયામાં દિવાળી છે ત્યારે ફટાકડા ફોડવાને કારણે વાતાવરણમાં પ્રદૂષણનું સ્તર હજી વધવાની શક્યતા છે.

## આજથી

ટ્રાયલનું કામ હાથ લેવામાં આવ્યું છે. આ કામ માટે મેટ્રો-ટૂએ અને મેટ્રો-સાતના રૂટ પર સવારના ટ્રેન મોડી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મેટ્રો-૭નું વિસ્તારીકરણ મેટ્રો-નવના રૂટના માધ્યમથી કરવામાં આવી રહ્યું છે. હાલ મેટ્રો-નવનું કામ ચાલી રહ્યું હોઈ આ રૂટ પર દહિસર-કાશીગાવ દરમ્યાન પહેલા તબક્કામાં ડિસેમ્બર અંત સુધીમાં તેને સેવામાં દાખલ કરવાનું આયોજન છે. આ ફેઝની ટ્રાયલ હાલ ચાલી રહી છે. આ ટ્રાયલ માટે મેટ્રો-સાત અને મેટ્રો-નવ આ રૂટનું ઈન્ટીગ્રેશન કરવાનું કામ હાથમાં લેવામાં આવ્યું છે.

આ કામમાં સમય લાગવાનો હોવાથી મેટ્રો-૨એ એ મેટ્રો-૭ના ટાઈમટેબલમાં ફેરફાર કરવામાં આવ્યો છે. તેથી દરરોજ સવારના ૫.૨૫ વાગ્યાથી શરૂ થનારી મેટ્રો-ટુએ અને મેટ્રો-૭ની સેવા આજથી અઠવાડિયા સુધી સવારના સાત વાગ્યાથી શરૂ થશે.

દહાણુકરવાડીથી ગુંદવલી જનારી પહેલી મેટ્રો સોમવારથી શુક્રવાર દરમ્યાન સવારના ૭.૦૧ વાગે તો શનિવાર સવારના સાત અને રવિવારે સવારના ૭.૦૪ વાગે શરૂ થશે દહાણુકરવાડીથી અંધેરી પશ્ચિમ તરફ સોમવારથી શુક્રવાર દરમ્યાન પહેલી મેટ્રો સવારના ૭.૦૬ વાગે તો શનિવારે સવારના ૬.૫૮ વાગે અને રવિવારે સવારના ૬.૫૯ વાગે છૂટશે.

દહિસર પૂર્વથી અંધેરી પશ્ચિમ તરફ સોમવારથી શુક્રવાર દરમ્યાન સવારના ૬.૫૮ વાગે પહેલી મેટ્રો દોડશે. તો શનિવાર સવારના અને રવિવારે સવારના ૭.૦૨ વાગે પહેલી ટ્રેન છૂટશે.

દહિસર પૂર્વથી ગુંદવલી તરફ સોમવારથી શુક્રવાર દરમ્યાન સવારના ૬.૫૮ વાગે પહેલી ગાડી છૂટશે તો શનિવારે સવારના ૭.૦૬ વાગે અને રવિવારે સવારના ૭.૦૧ વાગે પહેલી મેટ્રો છૂટશે.

અંધેરી પશ્ચિમથી ગુંદવલી તરફ જતી પહેલી મેટ્રો સોમવારથી શુક્રવાર દરમ્યાન સવારના ૭.૦૧ વાગે તો શનિવાર સવારના ૭.૦૨ વાગે અને રવિવારે સવારના ૭.૦૪ વાગે છૂટશે. તો ગુંદવલીથી અંધેરી પશ્ચિમ માટે પહેલી મેટ્રો સોમવારથી શુક્રવાર દરમ્યાન સવારના ૭.૦૬ વાગે તો શનિવારે સવારના ૭.૦૨ વાગે અને રવિવારે સવારના ૭ વાગે છૂટશે.

# હિન્દુ મરણ

**શ્રીમાળી બ્રાહ્મણ**

જનકરાય જટાશંકર ત્રિવેદી (ઉં.વ. ૮૪) તે કચ્છ (માંડવી)ના વતની હાલ ડોમ્બિવલી. તે જયશ્રીબેનના પતિ. ધર્મેશ અને મિથુનના પિતા. સોનલ અને માધુરીના સસરા. તે રીશી અને રિયાશીના દાદા શનિવાર, તા. ૧૧-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૩-૧૦-૨૫ના સાંજે ૫ થી ૬.૩૦. સ્થળઃ બ્રાહ્મણ-સમાજ હોલ, પહેલે માળે, જોશી લેન, ઘાટકોપર (ઈસ્ટ).

**કચ્છી દશા ઓશવાલ**

કાંતિલાલ નારણજી લોડાયા (ગામ જખો, હાલ ભાંડુપ) (ઉં. વ. ૭૨) તા. ૮-૧૦-૨૫ બુધવારના અવસાન પામ્યા છે. તે સ્વ. રતનબાઇ નારાણજી લોડાયા (કોલકાતાવાળા)ના પુત્ર. સ્વ. કસ્તુરબાઇ ચાંપશી ગંગાજર (ખજુરવાળા)ના જમાઇ. સ્વ. પ્રભાવતી કાંતિલાલ લોડાયાના પતિ. સ્વ. પ્રકાશ, મયુર, ભાવના અમિતના પિતા. ધ્રુવ, વંશના નાનાજી. લૌકિક પ્રથા બંધ છે. પ્રાર્થના રાખેલ નથી. રે. ઠે.: ૧૭૦૬, ૧૭મે માળે, ૧-બી ધીરજ ડ્રીમ્સ સોસાયટી, લાલબહાદુર શાસ્ત્રી માર્ગ, ભાંડુપ (વેસ્ટ).

**લુહાર સુતાર જ્ઞાતિ**

ગામ ગરાળ હાલ દહિસર શાંતિલાલ નરસીભાઇ પીઠવા (ઉ.વ.૭૦), તે તા. ૧૦/૧૦/૨૫ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. સ્વ.ભગવાનભાઇ ગોવિંદભાઇ ડોડીયાના જમાઈ, તે રમીલાબેનના પતિ, સ્વ. જીવરાજભાઈ, રણછોડભાઈ, બાબુભાઇ તથા દિનેશભાઇના ભાઈ, પ્રિતેશભાઇ, ભાવેશભાઈ તથા જીનલના પિતાશ્રી, તૃપ્તિ, રશ્મિ તથા મનીષકુમારના સસરા. સદગતનું બેસણું તા. ૧૩/૧૦/૨૫ ના સોમવારે સાંજે ૫ થી ૭ કલાકે રાખેલ છે. સ્થળ : લુહાર સુતાર વેલ્ફેર સેંટર, કાર્ટર રોડ નંબર - ૩, અંબાજી મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

જૂનાગઢ નિવાસી હાલ મલાડ નિરંજના (નીરુબેન) સાંગાણી (ઉ.વ.૭૭), તે તા. ૯/૧૦/૨૫ ના શ્રીજીચરણ પામેલ છે. તે અશોકભાઈ કાંતિલાલ સાંગાણીના ધર્મપત્ની, તે સ્વ.નંદનબેન, સ્વ.કાંતિલાલ હરજીવનદાસ સાંગાણીના પુત્રવધૂ. તે કૌશલ, વિશાલ (કપિલ)ના માતુશ્રી, અ.સૌ.દિપાલી, અ.સૌ પ્રગતિના સાસુ, તે જસ, નીલના દાદી, તે પિયરપક્ષે સ્વ.લીલાવંતીબેન, સ્વ.ધીરજલાલ વલ્લભદાસ શેઠના સુપુત્રી. લૌકિક ક્રિયા તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**ગોભવા મોઢ વણિક**

દેલવાડા નિવાસી હાલ મુંબઈ શ્રીમતી પ્રવિણાબેન નવીનચંદ્ર શાહ (ઉ.વ.૭૯) તે ૧૦/૧૦/૨૫ ના રોજ શ્રીજીચરણ પામેલ છે.તેઓ સ્વ.રૂક્ષ્મણી ભવાનીદાસ શાહના પુત્રવધૂ, સ્વ. લીલાવતી રણછોડદાસ દેવચંદ શાહ (કોડીનાર નિવાસી)ના સુપુત્રી અને સ્વ.નવીનચંદ્ર ભવાનીદાસ શાહના પત્ની તથા જયેન્દ્રભાઈ, ભાવનાબેન અને સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. કલ્પનાબેન શાહના ભાભી તથા સ્વ.રસીલાબેન, સ્વ. જીતેન્દ્રભાઈ, વિષ્ણુભાઈ, દિલીપભાઈના બેન, કૈલાશ, તથા સ્વ.જાગૃતિ, સ્વ. બીના, ફાલ્ગુની પિયુષ દોશી, ભાવેશ નવીનચંદ્ર શાહ , રિના આશિષ શાહના માતુશ્રી. સદગતની પ્રાર્થનાસભા રવિવારે ૧૨/૧૦/૨૫ ના સાંજે ૫ થી ૭ કલાકે રાખેલ છે. સ્થળ : સોનીવાડી, સિમ્પોલી ક્રોસ લેન, સ્વામી વિવેકાનંદ રોડ, બોરીવલી વેસ્ટ.

**કચ્છી લોહાણા**

સ્વ. શાંતાબેન તથા રણછોડદાસ પ્રાગજી ઠક્કર (પાંધી) મૂળ ગામ બિદડા હાલ માટુંગાના જયેષ્ઠ સુપુત્ર કમલકાંત (ઉં. વ. ૮૭) તા. ૧૧-૧૦-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. રેખાબેનના પતિ. સ્વ. જયદીપ, અ. સૌ. સ્મિતા મહેશ ચંદારાણા, દિવ્યેશ, ચંદ્રેશના પિતાશ્રી. ભૂપેન્દ્ર, હેમરાજ અને ધનેશ સ્વ. રમા લીલાધર ધિરાવાણી, ગં. સ્વ. દેવયાની કિશોર, ગં. સ્વ. અરુણા શશીકાંત, તરલા સુભાષ , ગં.સ્વ. ધનવન્તિ ભૂપેન્દ્રના ભાઇ. સ્વ. ભગવાનજી વાલજી રવાણીના જમાઇ. ગં. સ્વ. અલ્પા, મહેશ દામજી ચંદારાણા, રશ્મિ તથા ભાવનાના સસરા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૨-૧૦-૨૫ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. પરમેશ્વરી સેન્ટર, આશા નગર, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

અ. સૌ. રમાબેન રજનીકાંત શેઠ (ઉં. વ. ૭૬) મોટી ખિલોરીવાળા (હાલ મલાડ) શુક્રવાર, તા. ૧૦-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ધનકુંવરબેન વલ્લભદાસ શેઠના પુત્રવધૂ. તે નિમીષા મેહુલ લોટીયા અને ચિરાગના માતુશ્રી. તે સ્વ. પ્રભાવતીબેન ધર્મશીભાઇ ભુપતાણીનાં પુત્રી. તે સ્વ. વિનયકાંત, સ્વ. મયુરભાઇ, સ્વ. અનસુયાબેન, સ્વ. ભૂપેન્દ્રભાઇનાં ભાભી. તે સ્વ. પ્રવીણભાઇ ભુપતાણીના બહેન. તે નિરૂપાબેનનાં જેઠાણી. (ચક્ષુદાન કરેલ છે), પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

સ્વ. પ્રેમજી હરીદાસ બદીયાણીના વહુ સ્વ. નેહલ (નીરુબેન) પરેશ બદીયાણી (ઉં. વ. ૬૦) સ્વ. પરેશ પ્રેમજીભાઇ બદીયાણીના પત્ની. મંથન પરેશ બદીયાણીના મમ્મી. પૂજા મંથન બદીયાણીના સાસુ. મિતાશ મંથન બદીયાણીના દાદી. વ્રજલાલ રૂપારેલના દીકરી. યોગેશભાઇ વ્રજલાલ રૂપારેલના બહેન તા. ૧૧-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

ઘાટકોપર નિવાસી મહેશકુમાર રણછોડદાસ જગડના પુત્ર હિમાંશુ જગડ (ઉં. વ. ૫૩) શુક્રવાર તા. ૧૦-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સવિતાબેનના પુત્ર. સ્વ. કાંતિભાઇ ભીખાભાઇના ભાણેજ. વિકાસ, ચિરાગ, બંકિમ, મનીષા, મુકેશ, જાગૃતિ, રૂપલ, બીજલ, નિશા, નિકિતાના ભાઇ. કાલિંદીના જેઠ. પ્રથમ અને પાર્થના મોટા કાકા. તે હસમુખભાઇ, કીર્તિભાઇ, મહેન્દ્રભાઇ, સ્વ. કિશોરભાઇ, ચંદ્રકાંતભાઇ, વિજયભાઇ, શારદાબેન પડીયા, સ્વ.કપિલાબેન ધીરજલાલ શાહ, સ્વ. રેખાબેન વોરા, ભારતીબેન મામતોરા, રેખાબેન મણિયારના ભત્રીજા. પ્રાર્થનાસભા તા. ૧૨-૧૦-૨૫ રવિવારના ૪.૩૦થી ૬. ઠે. સ્વામિનારાયણ મંદિર, ગ્રાઉન્ડ ફ્લોર, સરિતા પાર્ક, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**કચ્છી ભાટીયા**

ચંપા (હીના) હરિકૃષ્ણ રામૈયા (ઉં. વ. ૮૮) તા. ૧૦-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ગોમતીબાઇ ગોરધનદાસ જસાણીના સુપુત્રી. સ્વ. મૂળરાજ તથા સ્વ. હંસાબેનના બહેન. વીણાબહેન તથા કૃષ્ણદાસ (છગનભાઇ)ના મામી. અંગના દેવાંગ, હિરલ ભાવીકના નાની. બીના દિપેશ, બિંદુ નિલેશના દાદી. પ્રાર્થનાસભા તા. ૧૨-૧૦-૨૫ના રવિવારના સાંજે ૪.૩૦થી ૬. ઠે. આઇઇએસ કિંગ જોર્જ સ્કૂલ, વીર સાવરકર રોડ, અરુણોદય નગર, મુલુંડ (ઇસ્ટ).લૌકિક વ્યવહાર બંધ છે.

**નાગર ગૃહસ્થ**

ભાવનગર નિવાસી નીતિનભાઇ મહેન્દ્રરાય મહેતા (ઉં. વ. ૮૬) હાલ અમેરિકા મુંબઈ મુકામે તા. ૧૦-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે શિવાની-ચેતન શાહ, વૈશાલી-મિહીર મોદી, બિનોલા-જીજ્ઞેશ શાહ, ભૌમિન મહેતાના પિતાશ્રી. હેતલના સસરા. તેમની સ્મશાન યાત્રા તા. ૧૨-૧૦-૨૫ના સવારે ૧૦.૦૦ વાગે નિલબિંદુ હાટકેશ સોસાયટી, જુહુથી પ્રયાણ કરશે. લૌકિક પ્રથા બંધ છે.

**ક્ષત્રિય**

ગામ ઉનડોઠ મોટીના નીતાબા જાડેજા (ઉં.વ. ૫૩) શુક્રવાર, તા. ૧૦/૧૦/૨૫ના દેવલોક પામ્યા છે. તે અનુભા હમીરજી જાડેજાનાં પત્ની. વિપુલસિંહ, રામદેવસિંહ, નિશાબા, વર્ષાબાનાં માતા. બળવંતસિંહ ચંદ્રસિંહનાં પુત્રવધૂ. રઘુવીરસિંહ, સુખદીવસિંહ, રાજેન્દ્રસિંહનાં ભાભી. રૂડીકાબાનાં દાદીમા. પ્રાર્થનાસભા ૧૩/૧૦/૨૫ને સોમવારે બપોરે ૩થી ૫. ઠે.: સ્વામી નીત્યાનંદ હોલ, પ્લોટ નં. ૬, રોડ નં. ૨૪, ગુરૂકૃપા હોટલની સામે, સાયન (વેસ્ટ). ઉ. ક્રિયા તા. ૨૦-૧૦-૨૫ને સોમવારે ઉનડોઠ મોટી, તા. માંડવી કચ્છમાં રાખી છે.

**ઘોઘારી લોહાણા**

દહાણુ નિવાસી સ્વ. કુસુમબેન તથા સ્વ. કાંતિલાલ વલ્લભદાસ વજાણીના પુત્ર રાજેન્દ્ર (રાજુ) (ઉં.વ. ૬૦)નો સ્વર્ગવાસ તા. ૧૦/૧૦/૨૫ના થયેલ છે. તે યોગેશ, અજીત, નયના (નલૂ બેન) ધીરેન્દ્ર કુમાર સોનેચાના નાહના ભાઈ. નયનાબેનના પતિ. રોમિલ અને બ્રિંદાના પપ્પા. સ્વ. અરુણભાઈ જીવરાજભાઈ આડતિયા (કઠોર, સુરત)ના જમાઈ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૨/૧૦/૨૫ના બપોરે ૩.૩૦ થી ૫.૩૦ કલાકે લોહાણા મહાજન વાડી, પારનાકા દહાણુમાં રાખવામાં આવેલ છે.

**મેઘવાળ**

ગામઃ ખરેડ હાલ મહાલક્ષ્મીમાં રહેતા સ્વ. રામજીભાઈ નથુભાઈ જીતીયા (ઉં.વ. ૮૧), તાઃ ૭-૧૦-૨૫ના અવસાન પામ્યા છે. તે ગગુબેન અને નથુભાઈ જીતીયાના પુત્ર. સ્વ. તેજુબેનના પતિ. સ્વ. રતનબેન, સ્વ. વાઘજી વેલારીના જમાઈ. સ્વ. ભીમજીભાઈ, જેઠાભાઈ, અર્જુનભાઈ, પુંજીબેન, હીરૂબેન, લખીબેન, નામલબેન, અમરીબેનના ભાઈ. મણીબેન, રાજેશ, પ્રવીણ, રાજી, મીનાના પિતા. રમેશભાઈ મારુના સસરા તેમના બારમાની વિધિ તાઃ ૧૪-૧૦-૨૫ મંગળવારે સાંજે ૫. ક. એ૪/૯૧૧ તુલસીવાડી, મુંબઈ ૩૪.

**કચ્છી ભાટિયા**

નિતા નવીન આણદાણી (ઉં.વ. ૭૯) હાલ કાંદિવલી - મુંબઈ નિવાસી, તે સ્વ. મોતીબાઈ મેઘજી સુતરિયાના સુપુત્રી. તે સ્વ. નવિનભાઈના પત્ની. સ્વ. અપેક્ષા અને ચિરંજીવ ગૌરવના મમ્મી. તે સ્વ. ગોરધનદાસ ગોવિંદજી આણદાણીના પુત્રવધૂ. તે સ્વ. લીલાવતીબેન અને સ્વ. બેનાબેનના બહેન તા. ૮-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ બોરીવલી ભરતભાઈ ધીરજલાલ શાહ (ઉ.વ.૭૧), તે તા.૧૦/૧૦/૨૦૨૫ શુક્રવાર ના અરીહંતશરણ પામેલ છે. તે સ્વ.રંભાબેન ધીરજલાલ શાહના સુપુત્ર, તે કિરણબેન ભરતભાઈ શાહના પતિ તથા હિરલ અને પ્રમિતના પિતાશ્રી, રીતિકાના સસરા. પુષ્પાબેન રસિકલાલ સંઘવી, સ્વ. પ્રદિપભાઈ ધીરજલાલ શાહ, સુધાબેન ઈશ્વરભાઈ શાહના નાનાભાઈ. સાસરાપક્ષે જયંતભાઈ અને રાજેશભાઈ હરિલાલ વધાણી, જયશ્રીબેન અશોકભાઈ મોદીના બનેવી.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ બોરીવલી સ્નેહલતાબેન ભીખાલાલ વોરા (ઉ.વ.૮૯), તે તા.૬/૧૦/૨૫ ના સોમવારના રોજ અરિહંત શરણ પામેલ છે. તેઓ ભીખાલાલ કેવલદાસ વોરાના ધર્મપત્ની, તેઓ મુકેશભાઈ તથા ભાવનાબેનના માતુશ્રી, માયાબેન તથા હર્ષદકુમારના સાસુ, હર્ષના દાદી, ખુશ્બુના દાદીસાસુ, નિષ્ઠાના મોટાદાદી, સ્વ.શાંતિલાલ દુર્લભજી શાહના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વીશા શ્રીમાળી જૈન**

કુંભણ (ખાખરીયા) નિવાસી હાલ બોરીવલી ચત્રભુજ રૂગનાથ શાહના સુપુત્ર સ્વ. પ્રવીણભાઈના ધર્મપત્ની જ્યોતિબેન (જ્યોત્સના) (ઉં.વ. ૭૪) તા. ૧૦/૧૦/૨૫ના અરીહંતશરણ પામેલ છે. તે સંદીપ તથા સેજલના માતુશ્રી. વીરાલી તથા હીતેશકુમારના સાસુ. સાહીલના, ક્રીશના દાદી. પિયર પક્ષ અગયાળીવાળા હાલ બોરીવલી ગોરધનદાસ રૂગનાથ શાહની દીકરી. અરવિંદભાઈ, રાજુભાઇ, રેખાબેન, નયનાબેન, જયશ્રીબેન, કલ્પનાબેનના બેન. સાદડી તેમજ લૌકીક વ્યવહાર રાખેલ નથી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાયના ચંદ્રકાંત વશનજી લાપસીયા (ઉં.વ. ૭૪) તા. ૭-૧૦-૨૫ના અવસાન પામ્યા છે. વેલબાઇ વશનજીના પુત્ર. ઉષાબેનના પતિ. કવિતા, રિધ્ધી, તપસ્યાના પિતા. રજનીકાંત, લક્ષ્મીચંદ, ઇંદીરા, અશ્વિનના ભાઇ. ડેપાના ખેતબાઇ તેજસી વિજપાર મારૂના જમાઇ. પ્રાર્થના : આર્યા પાર્ક (૧૫મે માળે), દેશમુખ ગાર્ડનની પાછળ, ગાંવદેવી મંદિરની બાજુમાં, મુલુંડ (ઇ.) ટા. ૩ થી ૪.૩૦.

કોટડા (રો)ના લક્ષ્મીબેન મુલચંદ વિસરીયા (ઉં.વ. ૭૬) તા. ૮-૧૦ના દેહ પરિવર્તન કરેલ છે. ભચીબાઈ ભવાનજી શામજીના પુત્રવધૂ. મુલચંદના પત્ની. હેમલતા, નીતિન, વિપુલ, નીલમના માતાજી. વેજબાઈ કુંવરજીના પુત્રી. મોરારજી, નવીન, ઝવેરચંદ, કોટડા (રો) દેવકાંબેન દામજી, ભોજાય કસ્તુરબેન હસમુખ, નાંગલપુર નવલબેન નીતિન, કપાયા મંજુ શશીકાંતના બેન. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વિપુલ મુલચંદ વિસરીયા, કોટડા-રોહા, તા. નખત્રાણા, કચ્છ-૩૭૦૦૩૦.

કુંદરોડીના હેમકુંવર હરીલાલ છેડા (ઉં.વ. ૮૭) તા. ૧૦-૧૦-૨૫ના દેહ પરીવર્તન કરેલ છે. પાનબાઇ ગોસરના પુત્રવધૂ. હરીલાલ ગોસરના જીવનસંગીની. કલ્પના, બીના (ચક્ષુ), સ્વ. ગીતા, સ્વ. ભરત (રાજુ), મનીષાના માતુશ્રી. ભોરારાના મકાબેન લખમશી જખુના પુત્રી. ગુંદાલાના ઝવેરબેન ચુનીલાલ, કપાયાના શાંતાબેન મોરારજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. હેમકુંવર હરીલાલ છેડા, ૧, સાગરદીપ, મામલતદાર વાડી રોડ-૪, મલાડ (વેસ્ટ).

દેશલપુર (કંઠી)ના હીરબાઇ વિસરીયા (ઉં.વ. ૯૦) તા. ૯-૧૦-૨૫ના અવસાન પામેલ છે. રાણબાઈ લખમશી હંસરાજના પુત્રવધૂ. પ્રેમજીના પત્ની. વેણીલાલ, જેવંતી, અરવિંદ, કિરણના માતુશ્રી. દેશલપુર કંઠીના રતનબેન કાનજી ભીમશી છેડાના સુપુત્રી. વેજબાઈ, લાછબાઈ, લખમશી, મણિબાઈ, લીલાવંતી, માવજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વેણીલાલ વિસરીયા, બી/૪, નાઝીર અપાર્ટમેન્ટ, આઝાદ રોડ, વિલે પાર્લે (પૂર્વ).

નાના ભાડીયા (દેવલાલી)ના ભારતી પંકજ શાહ (રાંભીયા) (ઉં.વ. ૬૭) તા. ૧૦-૧૦નાં દેહ પરીવર્તન કરેલ છે. મા. રતનબેન જેઠાલાલના પુત્રવધૂ. પંકજના પત્ની. બાડાના હીરલ ચિંતન, શચીના મમ્મી. બેરાજાના મણીબેન નાગજી ધનાણીના પુત્રી. બેરાજાના મનીષાના બેન. પ્રા. પદમાવતી બેન્કવેટ હોલ, ૫મે માળે, પ્રણવ કોમર્શીયલ પ્લાઝા, એમ.જી. રોડ, શિવસેના ઓફિસની ઉપર, મુલુંડ (વે.), મું ૮૦. ટા. ૩ થી ૪.૩૦.

ગોધરોના લક્ષ્મીચંદ શામજી દેવજી રાંભીયા (ઉં.વ. ૭૧) તા. ૧૧-૧૦-૨૫નાં અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી લીલાવતી શામજી દેવજીના પુત્ર. ભાવનાના પતિ. રોહનના પિતા. ડો. ખુશાલ, ડો. નેમચંદ, ત્રગડીના સરલા ધીરજના ભાઇ. બાડાના હીરબાઇ ભાણજી ઉમરશી કારાણીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. મળવાનો સમય : તા. ૧૨-૧૦-૨૫, રવિવાર, બપોરનાં ૩ થી ૫. સરનામુ : લક્ષ્મીચંદ શામજી રાંભીયા, ૧૫-બી-૧૦૦૧, સર્વમંગલ કો.ઓપ. સોસાયટી, નોબલ મેડીકલની સામે, તિલકનગર, ચેમ્બુર-૮૯.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). **- વ્યવસ્થાપક** |
|---|---|---|

# રસ્તાઓનું નિર્માણ ફેક્ટરીમાં કરાશે

## ગડકરીની નવી નક્કોર નોવેલ્ટી

નાગપુરઃ આજના સમયમાં રોડ ફેક્ટરીની આવશ્યકતા છે એ વાત પર ધ્યાન દોરી કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે રસ્તાઓનું નિર્માણ ફેક્ટરીમાં કરવામાં આવશે અને ત્યાર બાદ એ રસ્તા વાહન દ્વારા લાવી સંબંધિત રસ્તાઓ પર મૂકવામાં આવશે. 'ફોરેન્સિક સિવિલ એન્જિનિયરિંગ' વિષય પર બે દિવસીય ઓલ ઈન્ડિયા સેમિનારનું ઉદ્ઘાટન કર્યા પછી ગડકરીએ આ પ્રમાણે જણાવ્યું હતું.

ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં રોડ ફેક્ટરી આવશ્યક છે અને હવે પ્રી-કાસ્ટ સામગ્રીની એસેમ્બલીની મદદથી રસ્તાઓ અને ઇમારતોનું નિર્માણ કરવું જરૂરી છે. આ સાથે દરેક જિલ્લામાં પ્રી-કાસ્ટ ટેક્નોલોજીનો ઉપયોગ, ઉદ્યોગ માટે ફાયદાકારક સાબિત થશે. ફલાયઓવર બાંધકામમાં સ્ટીલ ફાઇબરના ઉપયોગથી બે થાંભલા વચ્ચેનું અંતર ઘટ્યું છે. આનાથી બાંધકામના ખર્ચમાં પણ ઘટાડો થયો છે. વાણી-વરોરા-જામ ખાતે વાંસના ક્રેશ બેરિયરના ઉપયોગથી ખર્ચમાં પણ બચત થઈ છે. વધુ જાણકારી આપતા તેમણે જણાવ્યું હતું કે માનસરમાં પણ બાયો બિટ્યુમેનની મદદથી એક કિલોમીટર લાંબો રસ્તો બનાવવામાં આવ્યો છે. આવી ટકાઉ ટેકનિક અને પર્યાવરણને અનુકૂળ તેમજ ભવિષ્યવાદી બાંધકામની મદદથી અકસ્માતો ઓછા થશે. બાંધકામ ક્ષેત્રની વ્યવહારિક સમસ્યાઓને સમજવાની જરૂર છે. તે જ સમયે વૈકલ્પિક બાંધકામ સામગ્રીનો ઉપયોગ કરીને ઉત્પાદનનો ખર્ચ ઘટાડવા પર ભાર મૂકવો જોઈએ. ■

# 'ઘરનો ઊંબરો નહીં ઓળંગનાર હવે મોરચો કાઢી રહ્યા છે'

## એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરેને આડે હાથ લીધા

થાણેઃ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ શનિવારે સંભાજી નગરમાં મુશળધાર વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતોની લોન માફીની માંગ સાથે એક મોરચાનું નેતૃત્વ કર્યું હતું. આ બાબતે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરેની ટીકા કરી 'ઘરનો ઉંબરો નહીં ઓળંગનાર હવે તેઓ આક્રંદ કરી મોરચો કાઢી રહ્યા છે. સત્તા અને ખુરશી ગુમાવી ત્યારે આક્રંદ કર્યું હતું અને હવે ફરી આક્રંદ કરી મોરચો કાઢી રહ્યા છે' એવી સણસણતી પ્રતિક્રિયા આપી હતી.

નાયબ મુખ્ય પ્રધાન શિંદેએ શનિવારે થાણેમાં સંવાદદાતાઓ સાથે વાતચીત કરતી વખતે ઉદ્ધવ ઠાકરેની ટીકા કરી કહ્યું હતું કે અમે જાતે ખેડૂતોના કાર્યક્ષેત્રમાં ગયા હતા. જમીન ધોવાઈ ગઈ છે, ખેતરો બરબાદ થઈ ગયા છે, મકાનો ધરાશાયી થયા છે એ મેં નજરે જોયું છે. ખેડૂતોની આંખોમાં પીડા જોઈ તેમને પીઠબળ આપવાનો નિર્ણય લીધો અને ૩૨ હજાર કરોડ રૂપિયાના પેકેજની જાહેરાત કરી ૧૦ હજાર રૂપિયા તાત્કાલિક તેમના ખાતામાં ટ્રાન્સફર કરવાનું કામ કરી રહ્યા છીએ. અમે પહેલેથી જ કહ્યું હતું કે અમે ખેડૂતોની દિવાળી કાળી નહીં થવા દઈએ અને આજે તે વચન પૂરું થઈ રહ્યું છે.

શિંદેએ વધુમાં જણાવ્યું હતું કે જે ખેડૂતોની જમીન ધોવાઈ ગઈ છે તેમને હેક્ટર દીઠ ૪૭ હજાર રૂપિયાનું વળતર અને મનરેગા યોજના હેઠળ પ્રતિ હેક્ટર ૩ લાખ રૂપિયાની વધારાની સહાય આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના ઇતિહાસમાં પહેલીવાર આ પ્રકારનું વળતર પેકેજ આપવામાં આવ્યું છે. ખેડૂતોના સંકટને લઈને કેટલાક લોકો રાજકારણ રમી રહ્યા છે, પરંતુ અમે તેમની આંખોમાં આંસુ જોયા છે એટલે જ તેમને માટે અડીખમ ઉભા છીએ. ■

### પ્રત્યેક મુંબઈવાસીને ઘર

## બાળ ઠાકરેનું સપનું સાકાર કરવા સરકાર પ્રતિબદ્ધઃ શિંદે

થાણેઃ રાજ્યની મહાયુતિ સરકાર પ્રત્યેક મુંબઈવાસી, ખાસ કરીને ગરીબ અને મજૂર વર્ગ માટે આવાસના દિવંગત બાળ ઠાકરેના સ્વપ્નને સાકાર કરવા માટે પ્રતિબદ્ધ છે, એમ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શનિવારે કહ્યું હતું.

મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા), સિટી એન્ડ ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન ઑફ મહારાષ્ટ્ર લિમિટેડ (સિડકો), સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (એસઆરએ) અને પ્રધાનમંત્રી આવાસ યોજના (પીએમએવાય) સાથે મળીને મોટા પાયે હાઉસિંગ પહેલ દ્વારા આ સ્વપન સાકાર થઈ રહ્યું છે.

થાણેમાં મ્હાડાના કોંકણ ડિવિઝન હાઉસિંગ લૉટરી ફંક્શનમાં પાંચ હજાર ૩૫૪ ફ્લેટ અને ૭૭ પ્લોટ સંપૂર્ણ કોમ્પ્યુટરાઇઝ્ડ ડ્રો દ્વારા ફાળવવામાં આવ્યા એ પ્રસંગે શિંદે બોલી રહ્યા હતા. આ ઘટનાને હજારો પરિવારો માટે પરિપૂર્ણતાનો તહેવાર ગણાવી શિંદેએ કહ્યું હતું કે પારદર્શક લૉટરી સિસ્ટમ મ્હાડામાં લોકોના નવેસરથી વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. શિંદેએ કહ્યું હતું કે અમે મ્હાડા અને એસઆરએ દ્વારા બનાવવામાં આવેલી જૂની વસાહતોનો પુનર્વિકાસ કરી મુંબઈ, થાણા, કલ્યાણ, ડોમ્બિવલી, મીરા-ભાયંદર અને મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્રના અન્ય વિસ્તારમાં પોસાય તેવા લાખોની સંખ્યામાં આવાસનું નિર્માણ કરી રહ્યા છીએ. (પીટીઆઈ)■

# મુંબઈમાં ઑક્ટોબર હીટ

## કાળઝાળ ગરમી વચ્ચે તાપમાનનો પારો ૩૪ ડિગ્રીએ પહોંચ્યો

(અમારા પ્રતિનિધી તરફથી)

મુંબઈઃ મુંબઈમાં નૈઋત્યના ચોમાસાની વિદાય સાથે જ મુંબઈગરાને ઑક્ટોબરની આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. મુંબઈમાં શનિવારે મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી જેટલું ઊંચું નોંધાયું હતું. આગામી અઠવાડિયા સુધી મુંબઈગરાને ગરમીથી કોઈ રાહત મળવાની શક્યતા નથી.

મુંબઈમાં હજી તો શુક્રવારે જ હવામાન વિભાગે ચોમાસાની વિદાય થઈ હોવાની જાહેરાત કરી હતી અને એ સાથે જ મુંબઈમાં તાપમાનનો પારો ઊંચો નોંધાવાનું શરૂ થઈ ગયું છે. શનિવારે

(જુઓ પાનું ૪) ▸▸

### આગામી દિવસોમાં ૩૬ ડિગ્રી સુધી પારો જશે

સામાન્ય રીતે મુંબઈમાં ઓક્ટોબર મહિનામાં સરેરાશ ૩૩થી ૩૪ ડિગ્રીની આસપાસ તામાપન નોંધાતું હોય છે પણ છેલ્લા કેટલાક વર્ષોમાં ઓક્ટોબરમાં તાપમાનનો પારો ૩૬ ડિગ્રીથી પર ઉપર નોંધાઈ રહ્યો છે. મુંબઈમાં આગામી દિવસોમાં ગરમી અને ઉકળાટનું વાતાવરણ રહેશે અને તાપમાનનો પારો ૩૬ ડિગ્રી સુધી જવાની શક્યતા છે. એ બાદ ઉત્તર અને ઉત્તર-પશ્ચિમના પવનો ફૂંકાશે ત્યારે ગરમીથી થોડી રાહત મળશે. જોકે આ દરમ્યાન ૧૬થી ૧૭ ઑક્ટોબર દરમ્યાન હળવા વરસાદના ઝાપટાં પડવાની શક્યતા છે. ■

# આજથી અઠવાડિયા સુધી મેટ્રો-ટૂએ અને મેટ્રો-૭ના ટાઈમટેબલમાં ફેરફાર

(અમારા પ્રતિનિધી તરફથી)

મુંબઈઃ દહિસર-અંધેરી પશ્ચિમ મેટ્રો-ટૂએ અને ઓવરીપાડા-ગુંદવલી મેટ્રો-૭ના રૂટની ટ્રેનના ટાઈમટેબલમાં રવિવાર, ૧૨ ઑક્ટોબરથી અઠવાડિયા માટે ફેરફાર કરવામાં આવ્યો છે. આ રૂટ પરની સર્વિસ ૧૨થી ૧૮ ઑક્ટોબરના સમયગાળામાં સવારના સમયે અમુક મિનિટ મોડી શરૂ થશે એવું મુંબઈ મેટ્રો ઓપરેશન કૉર્પોરેશન લિમિટેડે જાહેર કર્યું હતું. હાલ દહિસર-મીરા-ભાયંદર મેટ્રો-નવ રૂટ પર દહિસર-કાશીગાવ ફેઝનું ઈન્ટીગ્રેશન (એકત્રીકરણ) સહિત સેફટી

(જુઓ પાનું ૪) ▸▸

### એન્ટિ-નાર્કોટિક્સ સેલનો સપાટો

# ૭.0૧ કરોડ રૂપિયાના ડ્રગ્સ સાથે નાઈજીરિયન સહિત નવ પેડલરની ધરપકડ

મુંબઈઃ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના એન્ટિ-નાર્કોટિક્સ સેલ (એએનસી) દ્વારા અલગ અલગ કાર્યવાહીમાં ૭.૦૧ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડી પાડી નાઇજીરિયન સહિત નવ પેડલરની ધરપકડ કરવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. એએનસીના બાંદ્રા યુનિટનો સ્ટાફ શનિવારે મળસકે સાંતાક્રુઝના વાકોલા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે હોસ્ટેલ બહાર ફૂટપાથ પર ઊભેલા નાઇજીરિયન પર તેમની નજર પડી હતી, જેની હિલચાલ શંકાસ્પદ જણાતાં પોલીસ ટીમે તેને તાબામાં લીધો હતો. નાઇજીરિયનની ઓળખ ન્સુડે ચિમાઓબી ઇગ્વેસી (૩૦) તરીકે થઇ હતી, જેની તલાશી લેવામાં આવતાં તેની પાસેથી ૫.૨૩ કરોડ રૂપિયાનું કોકેન મળી આવ્યું હતું. આથી નાઇજીરિયન વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. બીજી તરફ કુર્લા, ભાયખલા, મઝગાંવ તેમ જ બોરીવલી વિસ્તારમાં એએનસીના અધિકારીઓએ કાર્યવાહી કરીને પાંચ ડ્રગ પેડલરની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી ૫૪.૬૫ લાખ રૂપિયાનું મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ જપ્ત કરીને પાંચ પેડલરને પકડી પાડ્યા હતા. દરમિયાન એએનસીના ઘાટકોપર યુનિટે ૨૪ સપ્ટેમ્બરના રોજ દાખલ ગુનાની તપાસ દરમિયાન ગુનામાં સામેલ ઉત્તર પ્રદેશની ટોળકીના ત્રણ સભ્યને પકડી પાડી ૧.૨૪ કરોડની કિંમતની ૨૪,૯૦૦ નિટ્રોઝેપામ ટેબ્લેટ્સ જપ્ત કરી હતી. ■

# ભિવંડીમાં ગેરકાયદે ક્લિનિક ચલાવવા બદલ ચાર મહિલા સામે ગુનો

થાણેઃ ભિવંડીમાં ગેરકાયદે ક્લિનિક ચલાવવા અને માન્ય લાઇસન્સ વિના લોકોને દવા આપવા બદલ ચાર મહિલા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

બોગસ ડૉક્ટરો સામે ચાલી રહેલી કાર્યવાહી દરમિયાન પાલિકાના અધિકારીઓ અને પોલીસ દ્વારા ૮ ઑક્ટોબરે ગાયત્રીનગર અને ગાંધીનગર વિસ્તારમાં રેઇડ પાડવામાં આવી હતી. ત્યાં પોલીસને ગેરકાયદે ક્લિનિક મળી આવી હતી.ભિવંડી-નિઝામપુર પાલિકાના મેડિકલ ઓફિસર ડૉ. મોહંમદ શોએબ અન્સારીની ફરિયાદને આધારે સલમા બાનો જનુલ શેખ (૪૦), નીલમ રતન ચૌરસિયા (૩૯), નુસરત બાનો સુફિયાન ખાન (૪૬) અને નસાદ બાનો મુમતાઝ અન્સારી (૪૪) વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■

# આજે દિવાળીની ખરીદીની ભીડ વચ્ચે ટ્રેનોના રહેશે ધાંધિયા

## પશ્ચિમ, હાર્બર લાઈન પર બ્લોક રહેશે

મુંબઈઃ લોકલ ટ્રેન એ મુંબઈગરાની લાઈફલાઈન છે અને લોકલ ટ્રેનોના ધાંધિયા એટલે મુંબઈગરાઓ હેરાન પરેશાન. એમાં પણ હવે તહેવારો અને લગ્નસરાની સિઝન છે એટલે તો શોપિંગ વગેરે માટે નીકળી પડનારાઓની ભીડ ટ્રેનોમાં વધી છે. આવી સ્થિતિમાં રવિવારે જો તમે પણ દિવાળીની કે લગ્નસરાની શોપિંગ માટે બહાર જવાનું પ્લાનિંગ કરી રહ્યા છો તો લોકલ ટ્રેનના ધાંધિયા રહેશે અને પારાવાર હાલાકીનો સામનો કરવો પડશે.

દર રવિવારની જેમ ૧૧મી ઓક્ટોબરના રોજ ટ્રેક અને સિગ્નલ મેઈન્ટેનન્સ, ઓવરહેડ વાયરની દેખરેખ માટે મેગા બ્લોક હાથ ધરવામાં આવશે, જેને કારણે લોકલ ટ્રેનોના

(જુઓ પાનું ૪) ▸▸

# ૧૨.૫૯ કરોડના સોનાની દાણચોરી છ શ્રીલંકન, બે બાંગ્લાદેશી સહિત ૧૩ જણની ધરપકડ

મુંબઈઃ ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સના અધિકારીઓએ સોનાની દાણચોરી કરનારી આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટનો પર્દાફાશ કરીને છ શ્રીલંકન, બે બાંગ્લાદેશી સહિત ૧૩ જણની ધરપકડ કરી હતી. આરોપીઓમાં મુંબઈ એરપોર્ટ પરના બે સ્ટાફનો પણ સમાવેશ છે. આરોપીઓ પાસેથી કેપ્સ્યૂલ્સમાં ગોલ્ડ ડસ્ટના રૂપમાં ૧૦.૪૮૮ કિગ્રા વજનનું ૧૨.૫૯ કરોડ રૂપિયાનું સોનુ જપ્ત કરવામાં આવ્યું હતું. ■

# કાંજુરમાર્ગ-બદલાપુર મેટ્રો-૧૪ પ્રોજેક્ટ વિલંબમાંઃ ટેન્ડરને કોઈ પ્રતિસાદ નહીં

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજનને મેટ્રો રેલવે દ્વારા એકબીજાથી નજીક લાવવાની મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ની યોજનાને બ્રેક લાગ્યો છે. મુંબઈ-બદલાપુરને જોડનારી કાંજુરમાર્ગ-બદલાપુર મેટ્રો-૧૪ના બાંધકામ માટે બહાર પાડેલા ટેન્ડરને કોઈ પ્રતિસાદ મળ્યો નથી. તેથી હવે એમએમઆરડીએને નવેસરથી ટેન્ડર પ્રક્રિયા અમલમાં મૂકવી પડવાની છે. તેથી મેટ્રો-૧૪ના કામમાં હજી વિલંબ થવાની શક્યતા જણાઈ રહી છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં હાલ જુદા જુદા રૂટ પર સાત મેટ્રો-રેલના કામ ચાલી રહ્યા છે,જેમાં વધુ બે મેટ્રો રૂટ પર બહુ જલદી કામ શરૂ થવાના છે. જોકે મુંબઈથી બદલાપુર વચ્ચે દોડનારી મેટ્રોના કામ માટે બહાર પાડેલા ટેન્ડરને કોઈ પ્રતિસાદ મળ્યો નથી. તેથી એમએમઆરડીએને ફરી એક વખત ટેન્ડર પ્રક્રિયા અમલમાં મૂકવી પડશે અને તેને કારણે બદલાપુરવાસીઓને મેટ્રોમાં પ્રવાસ કરવા માટે હજી થોડા વર્ષ રાહ જોવી પડવાની છે. વર્સોવા-ઘાટકોપર મેટ્રો-વન અને મુંબઈ એરપોર્ટથી નવી મુંબઈ એરપોર્ટ- મેટ્રો આઠ મુજબ સાર્વજનિક-ખાનગી સહભાગથી આ રૂટ પર કામ કરવા માટે એમએમઆરડીએ દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા પણ એક પણ બિડરને આમાં રસ પડ્યો નહોતો. તેથી એક પણ બિડ આવી નહોતી.એમએમઆરડીએમાં ચાલી રહેલી ચર્ચા મુજબ સાર્વજનિક-ખાનગી સહભાગથી આ મેટ્રો બનાવવામાં આવવાની હોવાથી કોઈ આગળ આવતું નથી,૫ કારણકે અંધેરીથી વર્સોવા વચ્ચે દોડતી મેટ્રો-વન પણ સાર્વજનિક-ખાનગી સહભાગથી ઊભી કરવામાં આવી હતી અને આ રૂટ ખોટમાં જઈ રહ્યો હોઈ તેનું સંચાનલ કરનારી કંપનીના માથા પર મોટું દેવું થઈ ગયું છે. તેથી કંપની તરફથી એમએમઆરડીએને આ મેટ્રોને હસ્તગત કરવાની અનેક વખત માગણી કરવામાં આવી છે પણ એમએમારડીએ દ્વારા ચોખ્ખા શબ્દોમાં તેને નકારી દેવામાં આવ્યું છે. તેથી કદાચ મેટ્રો-૧૪ને પણ સાર્વજનિક-ખાનગીને સહભાગથી ઊભી કર્યા બાદ તેમાં પણ નુકસાન થવાનો ડર કદાચ બિડરને સતાવી રહ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. મેટ્રો - ૧૪ કાંજુરમાર્ગ અને બદલાપુર વચ્ચે ૩૯ કિલોમીટર લાંબી મેટ્રો હશે, જેમાં ૧૫ સ્ટેશનનો સમાવેશ થાય છે. કાંજુરમાર્ગ-ઘણસોલી વચ્ચે આ રૂટ અંડરગ્રાઉન્ડ હશે. તો ઘણસોલી-બદલાપૂર વચ્ચે એલિવેટેડ રૂટ હશે. મહત્ત્વનું એટલે કે ૩૯ કિલોમીટર લંબાઈના આરૂટમાં ૪.૩૮ કિલોમીટરનો માર્ગ પારસિક હિલમાંથી પસાર થશે. તો બાકીની ૫.૭ કિલોમીટર લંબાઈનો રૂટ થાણે ખાડી પરિસરમાંથી પસાર થશે. મેટ્રો ૧૪ માટે લગભગ ૧૮ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ અપેક્ષિત છે.■

# થાણેમાં ૧૧ લાખ બેંક ખાતાઓમાં ૪૫૨ કરોડ રૂપિયાની ડિપોઝિટ બિનવારસ

થાણેઃ મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં વિવિધ બેંકોના ૧૧ લાખથી વધુ ખાતાઓમાં ૪૫૨ કરોડ રૂપિયાથી વધુની ડિપોઝિટ દાવો વગરની પડી છે અને લોકોને આ ભંડોળ પાછું મેળવવામાં મદદ કરવા માટે એક ખાસ જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, એમ એક અધિકારીએ શનિવારે જણાવ્યું હતું.

તમારી દાવો વગરની થાપણોનો દાવો કરો નામનું આ ખાસ જાગૃતિ અભિયાન થાણેમાં શરૂ કરવામાં આવ્યું છે અને આ પહેલ થાણેની મુખ્ય બેંક, બેંક ઓફ મહારાષ્ટ્ર દ્વારા નાણાકીય સેવાઓ વિભાગ, નાણા મંત્રાલય અને ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઇ) ના રાષ્ટ્રવ્યાપી 'તમારી સંપત્તિ, તમારો અધિકાર' અભિયાન હેઠળ અમલમાં મૂકવામાં આવી રહી છે, એમ એક સત્તાવાર અહેવાલમાં જણાવાયું છે.

આ અભિયાન પહેલી ઓક્ટોબરના રોજ શરૂ કરવામાં આવ્યું હતું અને ૩૧ ડિસેમ્બર સુધી ચાલુ રહેશે જેમાં થાણેની તમામ બેંકો જાગૃતિ શિબિરો અને ગ્રાહક સંપર્ક અભિયાનો દ્વારા ભાગ લેશે, એમ મુખ્ય બેંક દ્વારા જારી કરાયેલા પ્રકાશનમાં જણાવાયું છે.

જિલ્લાભરની બેંકોમાં ૧૧.૩૮ લાખથી વધુ ખાતાધારકોની ૪૫૨.૩૯ કરોડ રૂપિયાની ડિપોઝિટ બિનવારસ પડેલી છે, એમ તેમણે જણાવ્યું હતું.

''આ ત્રણ મહિનાની ઝુંબેશનો હેતુ આ ભંડોળને ઓળખવાનો અને તેમના હકદાર માલિકોને પરત કરવાનો છે. થાણેના મુખ્ય જિલ્લા મેનેજર અભિષેક પવારે જણાવ્યું હતું કે, થાણેમાં જમા કરાવનારાઓને તેમના નાણાં લાગુ વ્યાજ સાથે પાછા મેળવવાનો સંપૂર્ણ અધિકાર છે, ભલે તે ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડ (ડીઇએફ) માં ટ્રાન્સફર કરવામાં આવ્યા હોય. આરબીઆઇના ઉદગમ પોર્ટલ (https://udgam.rbi.org.in) વ્યક્તિઓને એક જ જગ્યાએ બહુવિધ બેંકોમાં નિષ્ક્રિય ખાતાઓ તપાસવાની સુવિધા આપે છે. નાગરિકો તેમની સંબંધિત બેંક શાખાઓની મુલાકાત પણ લઈ શકે છે, દાવો અને કેવાયસી ફોર્મ સબમિટ કરી શકે છે અને ભંડોળ પુનઃપ્રાપ્ત કરી શકે છે, એમ તેમણે જણાવ્યું હતું. ■

# વિધાઉટ ટિકિટનું કારણ આપી વળતર આપવાનું નકારી શકાય નહીં

## પીડિત પ્રવાસીના પરિવારને રાહત આપતી હાઈ કોર્ટ

મુંબઈઃ લોકલ ટ્રેનમાંથી પડીને મૃત્યુ પામેલો પ્રવાસી ટિકિટ લીધા વગર મુસાફરી કરી રહ્યા હતો એટલે તેને વળતર આપવાનો ઈન્કાર ન કરી શકાય એવું નિરીક્ષણ હાઈ કોર્ટે તાજેતરમાં કર્યું હતું. મૃત્યુ પામેલા પ્રવાસીના પરિવારને વળતર આપવાનો ઇનકાર કરવાના રેલવે અકસ્માત દાવા સંબંધી ટ્રિબ્યુનલના નિર્ણયને પણ અદાલતે રદ કર્યો હતો. એટલું જ નહીં સરકારને મૃતક પ્રવાસીના પરિવારને છ ટકા વ્યાજ સાથે ૮ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ પણ આપ્યો છે. મૃત્યુ પામેલો પ્રવાસી સરકારી કર્મચારી હતો અને અકસ્માત સમયે ટિકિટ વિના મુસાફરી કરી રહ્યો હતો. રેલવે અકસ્માત દાવા અંગેના ટ્રિબ્યુનલે દલીલ કરી હતી કે સરકારી કર્મચારી હોવા છતાં વિધાઉટ ટિકિટ મુસાફરી કરવી અયોગ્ય છે અને મૃતક મુસાફરના પરિવારને ચાર લાખ રૂપિયાનું વળતર આપવાનો ઇનકાર કર્યો હતો. મૃતક મુસાફરના પરિવારના સભ્યો દ્વારા આ નિર્ણયને હાઈ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. ન્યાયમૂર્તિ જિતેન્દ્ર જૈનની ખંડપીઠે ટ્રિબ્યુનલના આ નિર્ણયને અયોગ્ય ઠેરવી રદ કર્યો હતો. મૃત્યુ પામેલા પ્રવાસીની પત્નીએ કહ્યું હતું કે તેની પાસે માસિક પાસ છે. ઉલટ તપાસમાં એ પણ જાણવા મળ્યું હતું કે મૃતક પ્રવાસી પાસે સેકન્ડ ક્લાસની ટિકિટ હતી. તમે કયા આધારે તારણ કાઢ્યું કે તે ટિકિટ વિના મુસાફરી કરી રહ્યો હતો? અરજદારના પતિનું લોકલ ટ્રેનની ટક્કરને કારણે મૃત્યુ થયું હોવાનું કહેનારા પ્રત્યક્ષદર્શીઓની ગેરહાજરીમાં કેવી રીતે નિષ્કર્ષ કાઢી શકાય કે તે લોકલ ટ્રેનની ટક્કરને કારણે મૃત્યુ પામ્યો હતો? એવા સવાલ અદાલત દ્વારા કરવામાં આવ્યા હતા. ■

# લાતુરમાં બીએસએફના ૩૯ જવાનોની ભરતી, શપથ લીધા

લાતુરઃ મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં અર્ધલશ્કરી દળના સબસિડિયરી ટ્રેનિંગ સેન્ટર (એસટીસી) ખાતે શનિવારે બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ) ના કુલ ૩૩૯ નવા ભરતીઓએ સેવાના શપથ લીધા. શપથવિધિ સમારોહ અને પાસિંગ-આઉટ-પરેડ ચકુરમાં બીએસએફ-એસટીસીના શ્રી છત્રપતિ શિવાજી મહારાજ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાઈ હતી.

બીએસએફ-એસટીસીના ઇન્સ્પેક્ટર જનરલ વિનીત કુમારે કેડેટ્સને શપથ લેવડાવ્યા.પરેડનું નેતૃત્વ કોન્સ્ટેબલ શિવ પ્રતાપ સિંહ દ્વારા કરવામાં આવ્યું હતું.

કેડેટ્સે ઇન્સ્પેક્ટર જનરલ વિનીત કુમાર અને કમાન્ડન્ટ મદન પાલ સિંહની દેખરેખ હેઠળ ૪૪ અઠવાડિયાની સઘન તાલીમ પૂર્ણ કરી. બેચમાં મહારાષ્ટ્ર, આસામ, બિહાર, કર્ણાટક, કેરળ, પંજાબ, તમિળનાડુ અને પશ્ચિમ બંગાળ સહિત ભારતના ૨૨ રાજ્યોના તાલીમાર્થીઓનો સમાવેશ થતો હતો.

સમારોહ દરમિયાન, ઘણા કેડેટ્સને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

બેચ નં. ૧૯૧ માંથી, કોન્સ્ટેબલ શિવ પ્રતાપ સિંહને ઓવરઓલ ફર્સ્ટ માટે ગોલ્ડ મેડલ, બેસ્ટ ઇન ડ્રિલ મેડલ અને પરેડ કમાન્ડર ટ્રોફી પ્રાપ્ત થઈ. કોન્સ્ટેબલ નિલમય ડેને ઓવરઓલ સેકન્ડ માટે સિલ્વર મેડલ, કોન્સ્ટેબલ સમિલ મેઝોંગને બેસ્ટ ઇન એન્ડ્યુરન્સ અને કોન્સ્ટેબલ પ્રવેશ કુમારને બેસ્ટ ઇન ફાયરિંગ મેડલ મળ્યો. બેચ નં. ૧૯૨ માંથી કોન્સ્ટેબલ હેમત કુમાર સેઠીને ઓવરઓલ ફર્સ્ટ માટે ગોલ્ડ મેડલ અને ટ્રોફી પ્રાપ્ત થઈ, કોન્સ્ટેબલ સોમનાથ ડેને ઓવરઓલ સેકન્ડ માટે સિલ્વર મેડલ, કોન્સ્ટેબલ સભા લોકેશરાવને બેસ્ટ ઇન એન્ડ્યુરન્સ, કોન્સ્ટેબલ અમરેશ કુમારને બેસ્ટ ઇન ફાયરિંગ મેડલ અને કોન્સ્ટેબલ સૌરવજીત દાસને બેસ્ટ ઇન ટર્નઆઉટ અને બેસ્ટ ઇન ડ્રિલ માટે મેડલ પ્રાપ્ત થયા.

કેડેટ્સને શારીરિક તંદુરસ્તી, શસ્ત્ર સંચાલન, ફિલ્ડ ક્રાફ્ટ, બોર્ડર મેનેજમેન્ટ, કાયદો અને માનવ અધિકારોમાં તાલીમ આપવામાં આવી હતી, જે તેમને ભારત-પાક અને ભારત-બાંગ્લાદેશ સરહદો પર તૈનાતી માટે તૈયાર કરવામાં આવી હતી.■

# થાણે કોર્ટે શાકભાજી વેચનારને હત્યાના પ્રયાસ બદલ ૧૦ વર્ષની જેલની સજા ફટકારી

થાણેઃ મહારાષ્ટ્રના થાણે શહેરની સેશન્સ કોર્ટે ૧૪ વર્ષ પહેલાં શ્વાન અને પીડિતાના પુત્ર સાથે થયેલા અકસ્માતમાં પાડોશી પર ક્રૂર હુમલો કરવા બદલ એક શાકભાજી વેચનારને ૧૦ વર્ષની જેલની સજા ફટકારી છે.

એડિશનલ સેશન્સ જજ આર.એસ. ભાકરેએ શુક્રવારે ૪૫ વર્ષીય રમેશ વસંત દળવીને રવિશંકર પંડિતની હત્યાના પ્રયાસ બદલ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭ હેઠળ દોષિત ઠેરવ્યા બાદ જેલની સજા ફટકારી હતી.

કેસની વિગતો અનુસાર, ૨૦૧૧ માં શહેરના ચેઉર વિસ્તારમાં દળવીએ પંડિત પર કુહાડીથી હિંસક હુમલો કર્યો હતો, જેના કારણે તેના માથામાં ઈજા થઈ હતી.

આ હુમલો પંડિતના પુત્ર અને દળવીના કૂતરા સાથે થયેલા અકસ્માતથી થયો હતો.

કોર્ટે કહ્યું કે જોકે દળવીનો કોઈ ગુનાહિત ભૂતકાળ નહોતો અને તે તેના પરિવારનો એકમાત્ર કમાઉ સભ્ય હતો, ગુનાની ગંભીરતાને કારણે કડક સજા થવી જોઈએ. કાયદાનો ભંગ કરનારાઓ સાથે કડક કાર્યવાહી કરવાની જરૂર છે, કોર્ટે દળવીને ૧૦ વર્ષની જેલની સજા ફટકારતા કહ્યું. (પીટીઆઈ) ■

# થાણેમાં શેર ટ્રેડિંગ ફ્રોડમાં ભાઇ-બહેને ૨.૩૫ કરોડ રૂપિયા ગુમાવ્યા

થાણેઃ ઓનલાઇન ટ્રેડિંગ પ્લેટફોર્મ પર શેરમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચ આપીને ૪૬ વર્ષની મહિલા અને તેના ભાઇ સાથે ૨.૩૫ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આ પ્રકરણે નોંધાવવામાં આવેલી ફરિયાદને આધારે પોલીસે આરોપીઓ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર ફરિયાદી સોશિયલ મીડિયા મારફત આરોપીના સંપર્કમાં આવ્યા હતા, જેણે તેમને શેરબજારમાં રોકાણ વિશે નિષ્ણાતો દ્વારા સલાહ આપવામાં આવતી હોવાનો દાવો કરતા અમુક વ્હૉટ્સઅરૂપ ગ્રૂપમાં ઍડ કર્યા હતા.બંનેને બાદમાં મોબાઇલ પર લિંક મોકલાવીને ટ્રેડિંગ ઍપ ડાઉનલોડ કરવાનું કહેવામાં આવ્યું હતું અને શેરબજાર તથા આઇપીઓમાં રોકાણ પર આકર્ષક વળતરની ખાતરી અપાઇ હતી. (પીટીઆઇ)■

# ફી ન ભરી શકવાને કારણે વિદ્યાર્થીનું અપમાન કરવા પ્રકરણે પ્રિન્સિપાલ, શિક્ષક વિરુદ્ધ ગુનો

થાણેઃ ભિવંડીમાં આવેલી ઉર્દૂ માધ્યમની શાળામાં ફી ન ભરી શકવાને કારણે ૧૪ વર્ષના વિદ્યાર્થીને ક્લાસરૂમમાં જમીન પર બેસીને યુનિટ ટેસ્ટ આપવા માટે દબાણ કરવા બદલ મહિલા પ્રિન્સિપાલ અને શિક્ષક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીનો પિતા રિક્ષાચાલક હોઇ તેણે આરોપ કર્યો હતો કે શાળામાં થયેલા અપમાનને કારણે તેના પુત્રના મગજ પર અસર થઇ છે.

પોલીસમાં નોંધાવાયેલી ફરિયાદ અનુસાર શિક્ષક અહમદુલ્લા અને પ્રિન્સિપાલ ખાન અતિહાએ ૧૦મા ધોરણના વિદ્યાર્થીને ૩ અને ૪ ઑક્ટોબરના રોજ ક્લાસરૂમમાં જમીન પર બેસીને યુનિટ ટેસ્ટ આપવા માટે દબાણ કર્યું હતું, કારણે તે તેના પિતા ફી ભરી શક્યા નહોતા.

ફરિયાદમાં જણાવાયું હતું કે આ ઘટના બાદ વિદ્યાર્થીના પિતાએ વારંવાર શાળાના સત્તાવાળાઓનો સંપર્ક સાધ્યો હતો, પણ આ અંગે કોઇ પગલાં ન લેવાતાં તેણે બાદમાં પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસે આ પ્રકરણે શાળાના કર્મચારીઓ અને સાક્ષીદારોનાં નિવેદન નોંધ્યાં હતાં. (પીટીઆઇ)■

# યશસ્વી-ગિલના ઢગલો રન પછી જાડેજા-કુલદીપની કરામતઃ ભારત ફરી એક દાવથી જીતી શકે

## ભારતના ૫/૫૧૮ સામે વેસ્ટ ઈન્ડિઝ ૪/૧૪૦

નવી દિલ્હીઃ ભારતે વેસ્ટ ઇન્ડિઝ સામેની બીજી ટેસ્ટ (સવારે ૯.૩૦ વાગ્યાથી)માં શનિવારે બીજા દિવસે પ્રથમ દાવ ૫/૫૧૮ના સ્કોર પર ડિક્લેર કર્યો ત્યાર બાદ રમતના અંત સુધીમાં વેસ્ટ ઇન્ડિઝની પ્રવાસી ટીમે ચાર વિકેટના ભોગે ૧૪૦ રન બનાવ્યા હતા. પ્રથમ ટેસ્ટ એક દાવ અને ૧૪૦ રનથી હારી ચૂકેલી રૉસ્ટન ચેઝની ટીમ આ મૅચમાં રવિવારના ત્રીજા દિવસે જો ફૉલો-ઑન થશે તો શુભમન ગિલ ઍન્ડ કંપનીને ફરી એક ઇનિંગ્સથી જીતવાનો મોકો મળશે.

શુક્રવાર અને શનિવારે યશસ્વી જયસ્વાલ (૧૭૫ રન, ૨૫૮ બૉલ, ૩૭૩ મિનિટ, બાવીસ ફોર) તથા કૅપ્ટન શુભમન ગિલ (૧૨૯ અણનમ, ૧૯૬ બૉલ, ૨૬૦ મિનિટ, બે સિક્સર, ૧૬ ફોર) તેમ જ અન્ય બૅટ્સમેનોએ ટીમને ઢગલો રન કરી આપ્યા ત્યાર પછી સ્પિન-જોડી રવીન્દ્ર જાડેજા (૧૪-૪-૩૭-૩) તથા કુલદીપ યાદવ (૧૨-૩-૪૫-૧)એ કૅરિબિયનોને દોઢસો રન પણ નહોતા કરવા દીધા. જોકે જસપ્રીત બુમરાહ (૬-૩-૧૮-૦), મોહમ્મદ સિરાજ (૪-૦-૯-૦) અને વૉશિંગ્ટન સુંદર (૭-૧-૨૩-૦)એ પણ વેસ્ટ ઇન્ડિઝને મર્યાદિત રખાવવામાં નાની-મોટી ભૂમિકા ભજવી હતી.

### ફૉલો-ઑન ટાળવા કેટલા રન જરૂરી?

ભારતે પ્રથમ દાવ ૫/૫૧૮ના સ્કોર પર ડિક્લેર કર્યો ત્યાર બાદ વેસ્ટ ઇન્ડિઝે ટી-ટાઈમ પહેલાં ૨૬ રનમાં ઓપનર કેમ્પબેલ (૧૦ રન)ની વિકેટ ગુમાવી હતી. જાડેજાએ તેને કૅચઆઉટ કરાવ્યો હતો. દિવસની રમતના અંત પહેલાં જાડેજાએ વધુ બે વિકેટ લીધી હતી જેમાં તેણે તેજનારાયણ ચંદરપૉલ (૩૪ રન) અને કૅપ્ટન રૉસ્ટન ચેઝ (૦)ને પૅવિલિયનમાં મોકલી દીધા હતા. જાડેજાએ અને ઍલિક ઍથાનેઝ (૪૧ રન)ની વિકેટ લેનાર કુલદીપે કૅરિબિયન ટીમને સંકેત આપી દીધો કે આ મૅચમાં હવે કદાચ સ્પિનર્સ જ ખેલ ખતમ કરાવશે. ભારતના ૫૧૮ રન સામે વેસ્ટ ઇન્ડિઝે પ્રથમ દાવમાં શનિવારની બીજા દિવસની રમતના અંત સુધીમાં ચાર વિકેટે ૧૪૦ રન કર્યા હતા. કૅરિબિયનો કુલ ૩૧૯મો રન કરશે એટલે તેમણે ફૉલો-ઑન ટાળી કહેવાશે. જોકે ૩૧૯મા રન સુધી પહોંચવા હજી તેમણે બીજા ૧૭૯ રન કરવા પડશે જે મુશ્કેલ લાગે છે. એ જોતાં, રવિવારના ત્રીજા દિવસે વેસ્ટ ઇન્ડિઝ જો ફૉલો-ઑન થશે તો રવિવારે જ અથવા સોમવારે ભારતને જીતવાનો મોકો મળશે.

### યશસ્વી ત્રીજી ડબલ ચૂક્યો

એ પહેલાં, શનિવારે સવારે કેપ્ટન શુભમન ગિલે (૧૨૯ અણનમ) ૧૦મી સેન્ચુરી ફટકારી હતી. સવારે યશસ્વી ૧૭૫ રનના પોતાના સ્કોર પર રનઆઉટ થયો હતો. તે ત્રીજી ડબલ સેન્ચુરી ચૂકી ગયો હતો. ધ્રુવ જુરેલ (૪૪ રન)ની વિકેટ પડતાં જ ગિલે દાવ સમાપ્ત જાહેર કર્યો હતો. ભારતના ૫/૫૧૮ રનના સ્કોરમાં સાઇ સુદર્શન (૮૭ રન), નીતીશ રેડ્ડી (૪૩ રન) અને કે. એલ. રાહુલ (૩૮ રન)ના પણ યોગદાન હતા.

### લેફ્ટ-હૅન્ડેડ યશસ્વીનો અનોખો વિક્રમ

યશસ્વી જયસ્વાલ ટેસ્ટ-ક્રિકેટમાં લેફ્ટ-હૅન્ડેડ ભારતીય બૅટ્સમેનોમાં સૌથી વધુ વખત ૧૫૦-પ્લસનો સ્કોર નોંધાવનાર ખેલાડી બન્યો હતો. તેના નામે ૧૫૦ કે વધુ રનના પાંચ સ્કોર છે. સૌથી વધુ વખત એક ઇનિંગ્સમાં ૧૫૦ કે વધુ રન કર્યા હોય એવા ભારતીય લેફ્ટ-હૅન્ડ બૅટ્સમેનોઃ (૧) યશસ્વી જયસ્વાલ-પાંચ વખત (૨) ગૌતમ ગંભીર-ચાર વખત (૩) શિખર ધવન-ત્રણ વખત (૪) સૌરવ ગાંગુલી-બે વખત (૫) વિનોદ કાંબળી-બે વખત (૬) રવીન્દ્ર જાડેજા-એક વખત (૭) રિષભ પંત-એક વખત (૮) યુવરાજ સિંહ-એક વખત. ■


શુભમન ગિલ



જાડેજા અને કુલદીપ

મહિલા વર્લ્ડ કપ

# યજમાન ભારત અને નંબર વન ઑસ્ટ્રેલિયા વચ્ચે આજે ટક્કર

## પ્રેક્ષકો પણ વર્લ્ડ રેકૉર્ડ કરી શકે!


વિશાખાપટનમમાં ગઈ કાલે પ્રૅક્ટિસ સેશન દરમ્યાન ભારતની જેમાઇમા રૉડ્રિગ્સ. (એપી)

વિશાખાપટનમઃ મહિલાઓના વન-ડે વર્લ્ડ કપમાં આજે (બપોરે ૩.૦૦ વાગ્યાથી) યજમાન ભારત અને ડિફેન્ડિંગ વર્લ્ડ ચૅમ્પિયન તથા વર્લ્ડ નંબર વન ઑસ્ટ્રેલિયા વચ્ચે ટક્કર છે. હાલમાં પૉઇન્ટ્સ-ટેબલમાં ઑસ્ટ્રેલિયા બીજા નંબરે અને ભારત ત્રીજા સ્થાને છે. ગઈ કાલે ઈંગ્લેન્ડે શ્રીલંકાને ૮૯ રનથી હરાવ્યું હતું.

ચાર પૉઇન્ટ ધરાવતી ભારતીય ટીમ ત્રણ દિવસ પહેલાં સાઉથ આફ્રિકા સામેના થ્રિલરમાં હારી જતાં સ્તબ્ધ થઈ ચૂકી છે, જ્યારે સૌથી વધુ પાંચ પૉઇન્ટ ધરાવતી ઑસ્ટ્રેલિયાની ટીમ આ ટૂર્નામેન્ટમાં હજી હારી નથી એટલે બુલંદ જોશ સાથે રમશે.

હરમનપ્રીત કૌર ભારતની અને અલીઝા હિલી ઑસ્ટ્રેલિયાની સુકાની છે. સ્મૃતિ મંધાનાએ ઍશ્લેઇ ગાર્ડનર સામે અત્યાર સુધીમાં ૧૩૨ બૉલમાં ૧૪૮ રન કર્યા છે, પરંતુ તેની સામે પાંચ વખત આઉટ થઈ ચૂકી છે. સ્મૃતિને ૫,૦૦૦ વન-ડે રન પૂરા કરવા ફક્ત ૫૮ રનની જરૂર છે. સ્પિનર દીપ્તિ શર્મા ત્રણ વિકેટ લેશે એટલે વન-ડેમાં તેની ૧૫૦ વિકેટ પૂરી થશે. પેસ બોલર ક્રાંતિ ગૌડ અને હરીફ ટીમની સુકાની અલીઝા હિલી વચ્ચે જોરદાર ટક્કર થવાની પાકી સંભાવના છે.

મહિલાઓની આ મૅચમાં તમામ ૧૫,૦૮૭ ટિકિટ વેચાઈ ગઈ છે. સ્ટેડિયમમાં કુલ ૨૬,૦૦૦ પ્રેક્ષકો બેસી શકે એટલી સીટ છે. જો આખું સ્ટેડિયમ ભરાઈ જશે તો આઇસીસી વિમેન્સ વર્લ્ડ કપમાં લીગ મૅચમાં નવો વિશ્વ વિક્રમ રચાશે. હાલમાં આ રેકૉર્ડ ગુવાહાટીના સ્ટેડિયમ પાસે છે. આ વર્લ્ડ કપની પ્રારંભિક મૅચ જોવા કુલ ૨૨,૮૪૩ પ્રેક્ષકો આવ્યા હતા. ■

# યશસ્વી રનઆઉટમાં ડબલ સેન્ચુરી ચૂક્યો એટલે ગિલ પર ટીકાનો વરસાદ વરસ્યો


યશસ્વી પોતાની ભૂલ બદલ રનઆઉટ થયો

નવી દિલ્હીઃ અહીં ફિરોજશા કોટલા ગ્રાઉન્ડ પર વેસ્ટ ઇન્ડીઝ સામેની બીજી ટેસ્ટમાં ગઈ કાલે બીજા દિવસની શરૂઆતમાં નાટ્યાત્મક વળાંક જોવા મળ્યો હતો જેમાં યશસ્વી જયસ્વાલ (૧૭૫ રન, ૨૫૮ બૉલ, બાવીસ ફોર) ઉતાવળે રન લેવા દોડી આવતાં રનઆઉટ થઈ ગયો હતો, પરંતુ આ ગેરસમજમાં કેપ્ટન શુભમન ગિલની વધુ ભૂલ હતી એવા આરોપસર સોશ્યલ મીડિયામાં ગિલ પર ટીકાનો વરસાદ વરસ્યો છે.

યશસ્વી શુક્રવારના પ્રથમ દિવસે ઘણું સારું રમ્યો હતો અને ૧૭૩ રન પર નૉટઆઉટ હતો. જોકે ગઈ કાલે સવારે વધુ બે રન કર્યા બાદ દિવસની બીજી ઓવરમાં એક રન દોડવા જતાં વિકેટ ગુમાવી બેઠો હતો.

યશસ્વીને કરીઅરની ત્રીજી ડબલ સેન્ચુરી કરવાની બહુ સારી તક હતી, પરંતુ જેડન સીલ્ઝના બૉલને તેણે મિડ-ઑફ તરફ મોકલ્યો ત્યાર બાદ ઝડપથી રન લેવા માટે તેણે ગિલને કૉલ આપ્યો હતો. ગિલને રન દોડવામાં કોઈ રસ નહોતો એટલે તે ઊંધો ફરીને પોતાની ક્રીઝ તરફ જવા લાગ્યો હતો.

જોકે યશસ્વી પોતાની ક્રીઝ છોડીને ઘણો આગળ દોડી આવ્યો હતો. તેજનારાયણ ચંદરપોલે બીજી જ ક્ષણે બૉલ વિકેટકીપર ટેવિન ઇમ્લેક તરફ ફેંક્યો હતો જેણે યશસ્વીને રનઆઉટ કરી દીધો હતો.

યશસ્વી નિરાશ થતો પાછો જઈ રહ્યો હતો ત્યારે ગિલને તેણે કહ્યું એ તેનો (યશસ્વીનો) કૉલ હતો.

સોશ્યલ મીડિયામાં યશસ્વી પ્રત્યે ઘણા ક્રિકેટ ચાહકોએ સહાનુભૂતિ બતાવી છે, પણ કેટલાક ક્રિકેટ પ્રેમીઓએ ગિલને દોષી માન્યો છે. એક નેટ યુઝરે લખ્યું છે કે, 'રન લેવા માટેનો કૉલ ભલે યશસ્વીનો પોતાનો હતો, પણ શુભમન ગિલે બેદરકારીથી પોતાની ક્રીઝમાં પાછા આવતા રહેવાને બદલે પોતાની તરફ પૂરપાટ દોડી આવતા યશસ્વીને મોટેથી બૂમ પાડીને આગળ આવવા ના પાડવી જોઈતી હતી.'

કેટલાક મીડિયામાં લખે છે કે રનિંગ 'બીટવિન ધ વિકેટ્સ' ગિલની સૌથી મોટી સમસ્યા છે જેનો ગઈ કાલે વધુ એક પુરાવો મળ્યો.

એક નેટ યુઝર લખે છે કે 'શુભમન ગિલને આ રન દોડવાની ઈચ્છા નહોતી તો તેણે તરત યશસ્વીને ના કહી દેવી જોઈતી હતી. યશસ્વી આટલો બધો આગળ આવી જાય એટલી બધી રાહ શા માટે જોઈ? ગિલ પ્રત્યેની મારી નફરત હવે વધી ગઈ છે.' ■

# રનઆઉટ બદલ ખુદ યશસ્વી જવાબદારઃ કુંબલે


ટીમ ઇન્ડિયાના ભૂતપૂર્વ હેડ-કોચ અનિલ કુંબલેએ શનિવારે દિલ્હીના મેદાન પર વર્તમાન હેડ-કોચ ગૌતમ ગંભીર સાથે ઘણી વાતચીત કરી હતી. કુંબલેએ ૧૯૯૯માં આ જ મેદાન પર પાકિસ્તાન સામેની ટેસ્ટના એક જ દાવમાં તમામ ૧૦ વિકેટની મહાન સિદ્ધિ મેળવી હતી. શુક્રવારે ટેસ્ટના આરંભ પહેલાં કુંબલેને બેલ વગાડવાનું સૌભાગ્ય મળ્યું હતું. (પીટીઆઇ)

નવી દિલ્હીઃ યશસ્વી જયસ્વાલ (૧૭૫ રન) શનિવારે અહીં ફિરોજશા કોટલા ગ્રાઉન્ડ પર રનઆઉટ થયો એ સંબંધમાં સોશ્યલ મીડિયામાં કૅપ્ટન શુભમન ગિલને જવાબદાર ગણાવવામાં આવી રહ્યો છે, પરંતુ સ્પિન-લેજન્ડ અનિલ કુંબલેએ ગિલની તરફેણ કરી છે અને આ રનઆઉટ બદલ ખુદ યશસ્વીને જ જવાબદાર ગણાવ્યો છે.

યશસ્વીને ત્રીજી ડબલ સેન્ચુરી કરવાનો સારો મોકો હતો. જોકે દિવસની બીજી જ ઓવરમાં તે મિડ-ઑફ તરફ બૉલને મોકલ્યા બાદ ઉતાવળે રન લેવા દોડ્યો હતો. રન દોડવાનો કૉલ ખુદ યશસ્વીનો જ હતો અને ગિલ બીજી જ ક્ષણે રન દોડવામાં પોતાને રસ નથી એવા નિર્ણય સાથે સામા છેડે પોતાની ક્રીઝમાં પહોંચી રહ્યો હતો ત્યારે પાછળથી યશસ્વી પૂરપાટ તેની તરફ દોડી આવ્યો હતો અને તેજનારાયણ ચંદરપૉલે બૉલ સીધો વિકેટકીપર ટેવિન ઇમ્લૅક તરફ ફેંક્યો હતો જેણે ક્રીઝથી બહુ દૂર રહી ગયેલા યશસ્વીને રનઆઉટ કરી દીધો હતો.

કુંબલેએ આ રનઆઉટ વિશે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે 'યશસ્વીના શૉટમાં બૉલ સીધો ફીલ્ડર (ચંદરપૉલ) પાસે ગયો હતો એટલે તેણે રન માટે દોડવાની જરૂર જ નહોતી. એ રન હતો જ નહીં. યશસ્વીની પોતાની જ ભૂલ હતી. બૉલ સીધો મિડ-ઑફ પરના ફીલ્ડર તરફ ગયો હતો એટલે યશસ્વી નૉન-સ્ટ્રાઇક એન્ડ સુધી પણ ન પહોંચી શક્યો હોત.'

રનઆઉટની અપીલ થઈ હતી અને ગ્રાઉન્ડ અમ્પાયરે થર્ડ અમ્પાયરની પણ મદદ નહોતી લીધી અને યશસ્વીને આઉટ જાહેર કરી દીધો હતો. યશસ્વી પોતાની ભૂલ પર પસ્તાવો કરીને પાછો આવી ગયો હતો. ■

# કૅરિબિયન કૅપ્ટને વળતો કૅચ આપ્યો, સ્ટૅન્ડમાં બેઠેલા રિચર્ડ્સ-લારા થયા ગુસ્સે!





નવી દિલ્હીઃ વેસ્ટ ઇન્ડિઝના દિગ્ગજો વિવ રિચર્ડ્સ અને બ્રાયન લારા અહીં ભારત સામેની બીજી ટેસ્ટમાં શનિવારની બીજા દિવસની રમત માણવા માટે અરુણ જેટલી સ્ટેડિયમમાં આવ્યા હતા, પરંતુ તેમને પોતાના દેશના ખેલાડીઓનો ખાસ કોઈ કરિશ્મા તો જોવા ન મળ્યો, ઊલટાનું કૅપ્ટન રૉસ્ટન ચેઝે પોતાના ઝીરો પર રવીન્દ્ર જાડેજાને જે રીતે વળતો કૅચ આપી દીધો એ જોઈને આ બન્ને મહાન ખેલાડીઓ નિરાશ થવાની સાથે થોડા ગુસ્સે પણ થયા હતા.

રૉસ્ટન ચેઝના સુકાનમાં ભારતમાં ટેસ્ટ-સિરીઝ રમવા આવેલી ટીમમાં કોઈ મોટા નામવાળા ખેલાડીઓ નથી. જોકે તેમણે અમદાવાદની પ્રથમ ટેસ્ટની તુલનામાં શનિવારે દિલ્હીની ટેસ્ટના પ્રથમ દાવમાં બીજા દિવસે થોડી સારી બૅટિંગ કરી હતી અને રમતના અંત સુધીમાં ચાર વિકેટના ભોગે તેમનો સ્કોર ૧૪૦ રન હતો.

ઍલિક ઍથાનેઝે પોતાના ૪૧ રનના સ્કોર પર અને કુલ ૧૦૬ રનના સ્કોર પર કુલદીપ યાદવના બૉલમાં વિકેટ ગુમાવી ત્યારે કૅપ્ટન રૉસ્ટન ચેઝ પાંચમા ક્રમે બૅટિંગ કરવા મેદાન પર ઊતર્યો હતો. રિચર્ડ્સ-લારાને ચેઝ પાસે ઘણી આશા હતી. જોકે એ વખતે લેફ્ટ-હૅન્ડ સ્પિનર રવીન્દ્ર જબરદસ્ત ફૉર્મમાં હતો અને તેના સ્પિન સામે બચવું ચેઝ માટે મુશ્કેલ હતું.

ચેઝ હજી તો ક્રીઝમાં માંડ સેટલ થયો ત્યાં તો જાડેજાના શાર્પ ટર્નમાં ચેઝે ફ્લિકથી બૉલને લેગ સાઇડ તરફ મોકલવાનો પ્રયાસ કર્યો હતો, પણ આ ઉતાવળમાં તે ખુદ જાડેજાને જ સીધો કૅચ આપી બેઠો હતો. જાડેજાએ કોઈ જ ભૂલ નહોતી કરી.

રિચર્ડ્સ અને લારા આ જોઈને ચોંકી ગયા હતા. તેમણે એક સંકેત આપ્યો હતો જેમાં તેઓ એવું કહેવા માગતા હતા કે સ્પિનરના આવા ટર્નમાં રાઇટ-હૅન્ડ બૅટરે મૂંઝાઈ જવાને બદલે બૉલને ઑફ સાઇડ પર મોકલી દેવો જોઈએ.

આ વિકેટ સાથે કૅરિબિયન ટીમ વધુ મુસીબતમાં મૂકાઈ ગઈ હતી. રમતને અંતે વેસ્ટ ઇન્ડિઝનો પ્રથમ દાવનો સ્કોર ૪/૧૪૦ હતો.

# ગિલની રેકૉર્ડ-બ્રેક સેન્ચુરીઃ રોહિત, સચિન, બ્રૅડમૅન, પંત અને બાબરથી આગળ થઈ ગયો

નવી દિલ્હીઃ વેસ્ટ ઇન્ડિઝ સામેની બીજી ટેસ્ટમાં શનિવારે બીજા દિવસે કૅપ્ટન શુભમન ગિલ સાથેની ગેરસમજને કારણે તેમ જ ગિલની થોડી બેદરકારીને લીધે ઓપનર યશસ્વી જયસ્વાલે ૧૭૫ રનના પોતાના સ્કોર પર રનઆઉટમાં વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ ત્યાર બાદ ખુદ ગિલે ટેસ્ટ કારકિર્દીની ૧૦મી સેન્ચુરી પૂરી કરીને ઘણા વિક્રમો પોતાના નામે કરી લીધા હતા. ખાસ તો તે અલગ-અલગ પ્રકારના વિક્રમમાં રોહિત શર્મા, સચિન તેન્ડુલકર, સર ડૉન બ્રૅડમૅન, રિષભ પંત અને બાબર આઝમથી આગળ થઈ ગયો હતો.

શુભમન ગિલે ૧૨૯ રનના પોતાના સ્કોર પર અને ભારતના કુલ ૫/૫૧૮ના સ્કોર પર દાવ ડિક્લેર કર્યો હતો. ગિલને તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ સિરીઝ વખતે કૅપ્ટનપદે નીમવામાં આવ્યો ત્યાર પછી તેણે ઢગલો રન કર્યા છે. તેણે દસમી સદી ફટકારીને પોતાનું નામ રેકૉર્ડ-બુકમાં લખાવી જ દીધું છે, વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)માં ભારતને અનેરું ગૌરવ પણ અપાવ્યું છે.

### ગિલની એક સદીએ પાંચ રેકૉર્ડ-બુકના લિસ્ટમાં કરાવ્યા ફેરફાર

(૧) સપ્ટેમ્બર, ૨૦૧૯થી ચાલતી ડબ્લ્યૂટીસીમાં રમી ચૂકેલા ભારતીય ખેલાડીઓમાં હવે શુભમન ગિલની ૧૦ સેન્ચુરી હાઇએસ્ટ છે. તેણે તાજેતરમાં ટેસ્ટમાંથી નિવૃત્ત થનાર રોહિત શર્માનો ડબ્લ્યૂટીસીમાં કુલ નવ સદીનો ભારતીય વિક્રમ તોડ્યો છે.

(૨) એક કૅલેન્ડર યરમાં કૅપ્ટન તરીકે સૌથી વધુ સેન્ચુરી ફટકારવાના ભારતીય વિક્રમમાં શુભમન ગિલે સચિન તેન્ડુલકરને ઓળંગી લીધો છે. સચિને ૧૯૯૭માં સુકાની તરીકે ચાર ટેસ્ટ સેન્ચુરી ફટકારી હતી, જ્યારે ગિલની સુકાની તરીકે પાંચમી સદી થઈ છે. ગિલથી હવે માત્ર વિરાટ કોહલી આગળ છે. કોહલીએ ૨૦૧૭માં અને ૨૦૧૮માં, એમ બે કૅલેન્ડર યરમાં કૅપ્ટન તરીકે પાંચ-પાંચ સદી ફટકારી હતી. ગિલ જો ૨૦૨૬માં પણ ટેસ્ટનો સુકાની હશે અને એ વર્ષમાં પણ પાંચ સદી ફટકારશે તો કોહલીની બરાબરીમાં થઈ જશે.

(૩) ટેસ્ટ-કૅપ્ટન તરીકે સૌથી ઓછી ઇનિંગ્સમાં સૌથી વધુ સેન્ચુરી ફટકારવાની બાબતમાં શુભમન ગિલ હવે મહાન ઑસ્ટ્રેલિયન ક્રિકેટર સર ડૉન બ્રૅડમૅનથી આગળ થઈ ગયો છેઃ (અ) ઍલસ્ટર કૂકની કૅપ્ટન તરીકે પહેલી પાંચ સેન્ચુરી ફક્ત નવ ઇનિંગ્સમાં (બ) સુનીલ ગાવસકરની પહેલી પાંચ સેન્ચુરી ૧૦ ઇનિંગ્સમાં (ક) શુભમન ગિલની પહેલી પાંચ સેન્ચુરી ૧૨ ઇનિંગ્સમાં (ડ) ડૉન બ્રૅડમૅનની પહેલી પાંચ સેન્ચુરી ૧૩ ઇનિંગ્સમાં.

(૪) ડબ્લ્યૂટીસીની શરૂઆત ૨૦૧૯માં થઈ હતી. ત્યારથી અત્યાર સુધીના છ વર્ષમાં સૌથી વધુ ટેસ્ટ-રન ઇંગ્લૅન્ડના જો રૂટ (૬,૦૮૦)ના નામે છે. ભારતીયોમાં શનિવાર પહેલાં રિષભ પંત (૨,૭૩૧ રન) નંબર વન હતો, પણ હવે ગિલ તેનાથી આગળ થઈ ગયો છે. ગિલે ડબ્લ્યૂટીસીમાં ૨,૮૨૬ રન કર્યા છે.

(૫) ડબ્લ્યૂટીસીમાં કૅપ્ટન તરીકે સૌથી વધુ સેન્ચુરીનો વર્લ્ડ રેકૉર્ડ અત્યાર સુધી પાકિસ્તાનના બાબર આઝમના નામે હતો. તેણે ડબ્લ્યૂટીસીમાં સુકાની તરીકે ચાર સેન્ચુરી ફટકારી હતી. જોકે શુભમન ગિલની સુકાની તરીકે પાંચ સદી થઈ છે જે નવો વિશ્વ વિક્રમ છે. ■

# જાડેજાને હવે કૅપ્ટન નથી બનવું, પણ વર્લ્ડ કપ રમવો છે

નવી દિલ્હીઃ સ્પિન-ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાએ થોડા સમય પહેલાં એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે તેને ટીમ ઇન્ડિયાનો કૅપ્ટન બનવાની ઘણા સમયથી ઇચ્છા, પરંતુ શનિવારે તેણે અહીં પત્રકારો સાથેની વાતચીતમાં કૅપ્ટન્સીના મુદ્દે પૂછાતાં કહ્યું હતું કે ' હવે હું કૅપ્ટન્સીની બાબતમાં કંઈ વિચારતો જ નથી. મારું માનવું છે કે એ સમય હવે ગયો.'

વર્તમાન ટેસ્ટ ટીમમાં ૩૬ વર્ષનો જાડેજા સૌથી મોટી ઉંમરનો છે અને તેણે ૨૦૨૭નો વન-ડે વર્લ્ડ કપ રમવાની ઇચ્છા બતાવી છે.

ટી-૨૦માંથી નિવૃત્ત થઈ ચૂકેલા જાડેજાએ પત્રકારોને કહ્યું, 'ઑસ્ટ્રેલિયા ખાતેના આગામી વન-ડે પ્રવાસની ટીમમાં મને ન સમાવવામાં આવ્યો એની જાણ સિલેક્ટરોએ મને અગાઉથી કરી દીધી હતી.'

જાડેજાએ એવું પણ જણાવ્યું કે 'ચીફ સિલેક્ટર અજિત આગરકરે મને કહેલું કે ઑસ્ટ્રેલિયાની ટૂરમાં (સ્પિન ઑલરાઉન્ડર અક્ષર પટેલ ઉપરાંત) બીજા લેફ્ટ-આર્મ સ્પિનરને લેવાનો કોઈ અર્થ નથી.'

# ભારતીય બૅટરને ગુડબાય કરવાનું ભારે પડ્યું, સાઉથ આફ્રિકાની બોલરને મળ્યો ઠપકો







વિશાખાપટનમઃ ગુરુવારે અહીં મહિલા વન-ડે વર્લ્ડ કપમાં ભારતના ૮૩ રનના કુલ સ્કોર પર વનડાઉન બૅટર હર્લીન દેઓલ (૧૩ રન)ને ક્લીન બોલ્ડ કર્યા પછી હાથ બતાવીને તેને ગુડબાય કરવા બદલ મૅચ રેફરી ટ્રુડી ઍન્ડરસને સાઉથ આફ્રિકાની લેફ્ટ-આર્મ સ્પિનર નૉનકુલુલેકો ઍમ્લાબાને ઠપકો આપ્યો છે અને તેના નામે એક ડીમેરિટ પૉઇન્ટ લખી નાખ્યો છે.

મૅચ રેફરીનું કહેવું છે કે ઍમ્લાબાએ જે ઇશારો કર્યો એ હરીફ ખેલાડીને ઉશ્કેરવા સમાન હતો. મૅચ રેફરીનું એવું પણ માનવું છે કે આવા સંકેતથી હરીફ ખેલાડીએ (આ કિસ્સામાં હર્લીન દેઓલે) ઉશ્કેરાઈને આક્રમક પ્રતિક્રિયા બતાવી હોત જેને પગલે મામલો વધુ બગડી શક્યો હોત.

ઍમ્લાબાએ આઇસીસીની કલમ ૨.૫નો ભંગ કર્યો હતો. બન્ને ગ્રાઉન્ડ અમ્પાયર તેમ જ ટીવી અમ્પાયર અને ફૉર્થ અમ્પાયરે ઍમ્લાબા વિરુદ્ધ મૅચ રેફરીને ફરિયાદ કરી હતી જેને પગલે મૅચ રેફરીએ ઍમ્લાબાને પોતાની ચૅમ્બરમાં બોલવી હતી. ઍમ્લાબાએ ગુનો કબૂલી લીધો હતો અને પોતાને ઠપકો આપવા ઉપરાંત એક ડીમેરિટની જે સજા કરી એ તરત સ્વીકારી લીધી હતી. જે ખેલાડીના નામે ૨૪ મહિનાની અંદર ચાર કે વધુ ડીમેરિટ પૉઇન્ટ લખાઈ જાય તેને એક ટેસ્ટ કે બે વન-ડે અથવા બે ટી-૨૦માં રમવાની મનાઈ કરવામાં આવે છે.

ગુરુવારે સાઉથ આફ્રિકાએ થ્રિલરમાં ભારતને સાત બૉલ અને ત્રણ વિકેટ બાકી રાખીને હરાવ્યું હતું. ઍમ્લાબાએ હર્લીન દેઓલની પહેલાં સ્મૃતિ મંધાના (૨૩ રન)ને પણ આઉટ કરી હતી. એ મૅચમાં વિકેટકીપર રિચા ઘોષની લડાયક ૯૪ રનની ઇનિંગ્સ એળે ગઈ હતી. ■

# જોકોવિચ ૨૦૪ નંબરના ખેલાડી સામે હાર્યો



૨૪ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી ચૂકેલો સર્બિયાનો ટેનિસ સુપરસ્ટાર નોવાક જોકોવિચ શનિવારે શાંઘાઈ માસ્ટર્સની સેમિ ફાઇનલમાં ૨૦૪મો ક્રમ ધરાવતા મૉનેકોના વૅલેન્ટિન વૅશરૉટ સામે ૩-૬, ૪-૬થી હારી જતાં સનસનાટી મચી ગઈ છે. વૅલેન્ટિનની કરીઅરની આ સૌથી મોટી જીત છે. હવે તે પોતાના જ કઝિન આર્થર રિન્ડરનેશ સામે રમશે. (એપી)

# લેજન્ડ્સ ચેસમાં આનંદનો કાસ્પારોવ સામે નજીવા માર્જિનથી પરાજય




સેન્ટ લુઇસઃ અમેરિકામાં આયોજિત ત્રણ દિવસની ક્લચ ચેસ લેજન્ડ્સ નામની ત્રણ દિવસની ટૂર્નામેન્ટમાં ભારતના ભૂતપૂર્વ વિશ્વ વિજેતા વિશ્વનાથન આનંદનો રશિયાના ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન ગૅરી કાસ્પોરોવ સામે ૧૧-૧૩થી પરાજય થયો હતો. આ રૅપિડ અને બ્લિટ્ઝ ફૉર્મેટની સ્પર્ધા હતી. બન્ને મહારથીઓ આ પહેલાં ૧૯૯૫માં અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટરના ૧૦૭મા માળે એકમેક સામે ક્લાસિકલ ફૉર્મેટની ચેસ રમ્યા હતા જેમાં આનંદનો ૭.૫-૧૦-૫થી પરાભવ થયો હતો. ■

મુંબઈ સમાચાર
ઉત્સવ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
રવિવાર
તા. ૧૨-૧૦-૨૦૨૫

કવર સ્ટોરી


વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# પાકિસ્તાન સાથેની ટક્કર વખતે અમેરિકાના દબાણ હેઠળ કઈ કઈ સરકાર ખરેખર નહોતી ઝૂકી?

**૨૬/૧૧ /૨૦૦૮ ના આતંકવાદી હુમલા પછી એ વખતની કોંગ્રેસ સરકારે કયા વિદેશી દબાણ હેઠળ પાકિસ્તાન સામે કોઈ કાર્યવાહી નહોતી કરી એવી પૃચ્છા કરીને વડા પ્રધાને નવો વિવાદ જગાડ્યો છે. વર્તમાન સરકાર સામે પણ આવા આક્ષેપ થઈ રહ્યા છે ત્યારે 'આપણે પાકિસ્તાન સામે કેમ વારંવાર નમતું જોખીએ છીએ' એનું રહસ્ય વધારે ને વધારે ગૂંચવાતું જાય છે...**

**મુંબઈમાં** ૨૦૦૮ના ૨૬/૧૧ના આતંકવાદી હુમલા પછી એ વખતની કોંગ્રેસ સરકારે આર્મીની લાગણીને અવગણી હતી અને વિદેશી દબાણ હેઠળ પાકિસ્તાન સામે કોઈ કાર્યવાહી નહોતી કરી એવો આક્ષેપ કરીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિવાદોનો મધપૂડો છંછેડી દીધો છે.

જોકે, ડો. મનમોહન સિંહ સરકારમાં ગૃહમંત્રી પી. ચિદમ્બરમે દાવો કરેલો કે, ૨૬/૧૧ના મુંબઈ આતંકવાદી હુમલા પછી તેમના મનમાં પણ બદલો લેવાનો વિચાર આવ્યો હતો, પણ કેન્દ્ર સરકારે લશ્કરી કાર્યવાહી નહીં કરવાનો નિર્ણય લીધો હતો.



મોદીએ આ વાતને એ રીતે રજૂ કરી કે, કોંગ્રેસ સરકારે વિદેશી દબાણ હેઠ કોઈ કાર્યવાહી નહોતી કરી અને સાવ પાણી વિનાની સાબિત થઈ હતી. ચિંદમ્બરમે વિદેશી દબાણ હેઠળ લશ્કરી કાર્યવાહી નહોતી કરી એવું કહ્યું નથી. 'પહલગામ હુમલા પછી અમારી સરકારે 'ઓપરેશન સિંદૂર' હાથ ધરીને પાકિસ્તાન સામે લશ્કરી કાર્યવાહી કરી, જ્યારે ડો. મનમોહન સિંહની સરકાર ૨૬/૧૧ના આતંકવાદી હુમલા પછી પણ કશું કર્યા વિના બેસી રહી હતી... 'એવું ચિત્ર ઉભું કરવાની જે પ્રયાસ થઈ રહ્યાં છે, કેમ કે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ એક જ રેકર્ડ વગાડી રહ્યા છે કે,: ભારત-પાકિસ્તાનનું યુધ્ધ મેં બંધ કરાવ્યું હતું... '

જોકે મોદી સરકારે વારંવાર સ્પષ્ટતા કરી છે કે, 'કોઈના દબાણ હેઠળ ' ઓપરેશન સિંદૂર' બંધ કરાયું નહોતું...' , પણ ટ્રમ્પ આ વાત માનતા નથી. વારંવાર એક જ વાત કર્યા કરે છે કે, પોતે ટૅરિફની ધમકી આપીને યુદ્ધવિરામ કરાવ્યો હતો.

કોઈ જૂઠ સો વાર બોલો તો લોકો તેને સાચું માનવા લાગે છે એવું કહેવાય છે. આ વાત આજના રાજકારણીઓથી વધારે સારી રીતે બીજું કોણ સમજી શકે? ટ્રમ્પની વાતને આપણી સરકાર જૂઠાણું ગણાવે છે, પણ ટ્રમ્પ આ વાત કર્યા જ કરે તેથી લોકો તેને સાચી ના માનવા માંડે એવો કદાચ ડર હશે તેથી મોદીજીએ પોતાની સ્ટાઈલમાં કોંગ્રેસ સરકાર વિદેશી દબાણ સામે ઝૂકી ગયેલી એવો મમરો મૂકી દીધો એવું રાજકીય સમીક્ષકો માને છે. ટ્રમ્પ સો વાર પોતે યુદ્ધવિરામ કરાવ્યો એ કહેશે તેની સામે મોદી પણ કોંગ્રેસ સરકાર અમેરિકા સામે ઝૂકી ગયેલી પણ પોતે નથી ઝૂક્યા એ વાતનો મારો ચલાવશે તેથી લોકો પોતાની વાતને સાચી માનવા માંડશે એવી ગણતરી હોઈ શકે....

આમ છતા સરકારે 'ઓપરેશન સિંદૂર' અચાનક કેમ રોકી દીધું એ વિશે લોકોને સંતોષ થાય એવી સ્પષ્ટતા કરવામાં આવી નથી. એ અચાનક બંધ કરવામાં આવ્યું તેમાં ત્રણ વાત શંકાસ્પદ છે.

પહેલી વાત એ કે, ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ માટે સંમત થયાં છે તેની જાહેરાત ભારત કે પાકિસ્તાન કરે એ પહેલાં ડોનલ્ડ ટ્રમ્પે કરી નાંખેલી. ભારતે સત્તાવાર રીતે યુદ્ધવિરામ સ્વીકાર્યો તેના ૪ કલાક પહેલાં ટ્રમ્પે પેપર ફોડી નાખેલું. ટ્રમ્પને યુદ્ધવિરામની ખબર પહેલાં કઈ રીતે પડી ગઈ તેનો કોઈ ખુલાસો સરકારે કર્યો નથી.

બીજી વાત એ કે, પાકિસ્તાન પર હુમલા બંધ કરવાના બદલામાં પાકિસ્તાન આપણને શું આપશે એ વિશે પણ સરકાર બિલકુલ ચૂપ છે. આપણે પાકિસ્તાનને રગદોળી નાખ્યું હોય ને આપણો હાથ ઉપર હોય તો પાકિસ્તાનની તબાહી રોકવાના બદલામાં ભારતને કંઈક તો મળવું જોઈએ ને ? ભારતને તો કંઈ મળ્યું નથી. આતંકવાદીઓના અડ્ડા હજુ પાકિસ્તાનમાં છે જ ને કાશ્મીરમાં હજુ આતંકી હુમલા ચાલુ જ છે એ જોતાં પાકિસ્તાને કોઈ ખાતરી ના આપી, છતાં ભારતે યુદ્ધવિરામ સ્વીકારી લીધો એ ખટકે છે.

ત્રીજી વાત એ કે, પાકિસ્તાન સરકાર કે આર્મી ચીફે તો યુદ્ધવિરામની તૈયારી બતાવી જ નહોતી. આપણા વિદેશ મંત્રી એસ. જયશંકરે સત્તાવાર રીતે આપી માહિતી પ્રમાણે, ઈન્ડિયન આર્મીના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMO)લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈને પાકિસ્તાની આર્મીના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMO)મેજર જનરલ કાશિફ અબ્દુલ્લાએ કોલ કર્યો પછી ભારતે યુદ્ધવિરામ સ્વીકાર્યો હતો.

આ વાત આઘાતજનક છે કેમ કે કાશ્મીર અને આતંકવાદનો મુદ્દો બે દેશની સરકાર વચ્ચેનો છે તેથી પાકિસ્તાનની સરકાર કે બહુ બહુ તો આર્મી ચીફ યુદ્ધવિરામની દરખાસ્ત મૂકે તો ભારતે જવાબ આપવાનો હોય. તેના બદલે એક નીચલી કક્ષાના અધિકારીના કહેવાથી ભારતે પોતાનું ઓપરેશન રોકી દીધું એ કેવું?

આ ત્રણેય મુદ્દે ગળચાં ગળવામાં આવે છે અને કોઈ સંતોષકારક ખુલાસો કોઈની પાસે નથી એ હકીકત છે. મોદી સરકાર પોતે અમેરિકાના દબાણ હેઠળ નહીં ઝૂક્યાની રેકર્ડ વગાડે છે પણ એક ટૂણિયાટ પાકિસ્તાની અધિકારીના કોલ પર યુદ્ધવિરામ કેમ કરી નાંખ્યો એ વિશે કશું બોલતી નથી. યુદ્ધવિરામનો નિર્ણય આર્મીએ લીધો કે સરકારે પોતે લીધો એ વિશે પણ ચૂપ છે.

કાશ્મીરમાં આતંકવાદીઓએ ૨૦૧૯માં સીઆરપીએફ જવાનોના કાફલા પર હુમલો કરીને આપણા ૪૪ જવાનોની હત્યા કરી ત્યારે પણ મોદી સરકાર આ રીતે જ વર્તી હતી. પુલવામામાં ૪૪ જવાનો શહીદ થયા તેના અઠવાડિયા પછી જ ઈન્ડિયન આર્મીના મેજર સહિત બીજા પાંચ જવાન શહીદ થઈ ગયા હતા. સીઆરપીએફના કાફલા પર હુમલો થયેલો તેનાથી દસેક કિલોમીટર દૂર જ પિંગલિના નામના ગામમાં આતંકવાદીઓ ભરાયેલા હોવાની ખબર પડતાં જવાનોએ ઘરને ઘેરી લીધું હતું.

આ એન્કાઉન્ટરમાં આપણા ૫ જવાનોના જીવ ગયા હતા ને એક નાગરિક પણ મરાયો હતો. આર્મીના જવાનોએ આખા ઘરને ઉડાવી દીધું. તેમાં અબ્દુલ રશીદ ગાઝી ઉર્ફે કામરાન સહિતના બે આતંકવાદી માર્યા ગયા હતા. આતંકવાદી સરદાર મસૂદ અઝહરના પોઠિયા અને ૪૦ જવાનોના જીવ લેનારા હુમલાના માસ્ટરમાઈન્ડ કામરાનને ઉડાવ્યા પછી આપણા લશ્કરે પીઓકેમાં ઘૂસીને સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી. ઈન્ડિયન આર્મી અને એરફોર્સે છેક બાલાકોટ સુધી ઘૂસીને કરેલી સર્જિકલ સ્ટ્રાઈકે આતંકવાદીઓના છક્કા છોડાવી દીધા હતા.

આર્મી પૂરી તાકાતથી તૂટી પડી તેનો મતલબ એ થયો કે, લશ્કર પાકિસ્તાનના ભુક્કા બોલાવીને પીઓકે પાછું મેળવવા સજ્જ હતું, પણ સરકારે હુમલા અચાનક બંધ કરી દીધા હતા. આ નિર્ણય કેમ લેવાયો તેનો કોઈ ખુલાસો કદી સરકારે કર્યો જ નથી.

## શાસ્ત્રી- ઈન્દિરા- વાજપેયી પણ વિદેશી દબાણ સામે ઝૂકી ગયેલાં?

ભારત ભૂતકાળમાં પણ વિદેશી દબાણ હેઠળ પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર લેવાની તક ગુમાવી ચૂક્યું છે. ઈન્દિરા ગાંધી- લાલ બહાદુર શાસ્ત્રી અને અટલ બિહારી વાજપેયીના સમયમાં પાકિસ્તાને હુમલો કર્યો હતો અને ભારતે ચોખ્ખી જીત મેળવી હતી તેથી પાકિસ્તાનને પીઓકે છોડી દેવાની ફરજ પાડી શક્યા હોત, પણ શાસ્ત્રી, ઈન્દિરા અને વાજપેયી વિદેશી દબાણ હેઠ ઝૂકી જતાં પીઓકે પાછું મેળવવાની તક એ સમયે રોળાઈ ગયેલી.

પાકિસ્તાને ૧૯૬૫માં કાશ્મીર કબજે કરવા હુમલો કર્યો ત્યારે લાલ બહાદુર શાસ્ત્રી વડાપ્રધાન હતા. ભારતે પાકિસ્તાનનો ૩૯૦૦ ચોરસ કિલોમીટર નવો વિસ્તાર કબજે કરેલો. આપણું લશ્કર આગળ વધતું હતું ત્યાં જ રશિયાનું દબાણ આવતાં કમને યુદ્ધવિરામ સ્વીકાર્યો. રશિયાના દબાણ હેઠળ શાસ્ત્રીજી સોવિયેત યુનિયનના તાશ્કંદમાં પાકિસ્તાન સાથે મંત્રણા કરવા ગયા ને ત્યાં જ એમનું અવસાન થયું તેમાં પીઓકે પણ પાછું ના મળ્યું.

ઈન્દિરા ગાંધીએ ૧૯૭૧ના યુદ્ધ વખતે પાકિસ્તાનના ભુક્કા બોલાવી દીધેલા. પાકિસ્તાનનાં ઊભાં ફાડિયાં કરીને પૂર્વ બંગાળને આઝાદ કરાવેલું ને બાંગ્લાદેશના રૂપમાં નવા રાષ્ટ્રનો ઉદય કરાવેલો. ભારતે પાકિસ્તાનના ૯૩,૦૦૦ સૈનિકોને બંદી બનાવેલા. આપણું લશ્કર છેક લાહોરના પાદર લગી પહોંચી ગયેલું. પાકિસ્તાન એ હદે દબાઈ ગયેલું કે તેના સૈનિકો અને લાહોરના પાદરેથી ખસવાના બદલામાં તેને કાશ્મીર પાછું આપવા ફરજ પાડી શક્યા હોત ત્યારે ઈન્દિરાએ પણ અમેરિકા - રશિયા સામે ઝૂકીને ઝુલ્ફીકાર અલી ભુટ્ટો સાથે સિમલા કરાર કરીને કાશ્મીર મુદ્દાને દ્વિપક્ષી ઉકેલવાનો કરાર કર્યો, પણ પીઓકે પાછું ના મેળવી શક્યાં.

અટલ બિહારી વાજપેયીના કાર્યકાળમાં ૧૯૯૯માં કારગિલ યુદ્ધ વખતે પાકિસ્તાની લશ્કરના જવાનો આતંકવાદી તરીકે ઘૂસેલા. ભારત જવાબમાં પૂરી તાકાતથી તૂટી પડ્યું અને પાકિસ્તાનને ખદેડીને ફરી પોતાના વિસ્તારો પર કબજો કર્યો પણ લશ્કરને પીઓકે પર કબજો કરવાની તક વેડફી નાખી. અમેરિકાના પ્રમુખ બિલ ક્લિન્ટને વાજપેયી પર દબાણ કરેલું. વાજપેયી યુદ્ધવિરામ સ્વીકારે તેના બદલામાં પોખરણ પરમાણુ પરીક્ષણ વખતનાં કેટલાંક નિયંત્રણો હટાવવાની ક્લિન્ટને ખાતરી આપેલી. ક્લિન્ટનનો નવાઝ શરીફ સાથે સંયુક્ત નિવેદન બહાર પાડીને પાકિસ્તાન હવે પછી લાઈન ઓફ કંટ્રોલ (એલઓસી)નું સન્માન કરશે એવી ખાતરી પણ આપેલી. ■



અરાઉન્ડ દ વર્લ્ડ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

## ભારત આસપાસમાં લક્ઝરી ટ્રેન્સ, જે સ્થળ નહીં પણ પ્રવાસનું મહત્ત્વ સમજાવે છે

આલીશાન એમેનિટીઝની પાર લક્ઝરી ટ્રેનનો પ્રવાસ અતુલનીય ભારતના અંતરમાં નાજુક ઝાંખી પ્રદાન કરે છે,જે પ્રવાસીઓને ધીમા પડવા અને સ્થળની જેમ જ પ્રવાસ માણવા માટે આમંત્રિત કરે છે.

આપણે અનેક વાર એવું સાંભળીએ છીએ કે 'સ્થળ નહીં પણ પ્રવાસ ખરેખર મહત્ત્વપૂર્ણ હોય છે.' આપણે તેને આપણા જીવનમાં કામકાજથી ફિટનેસથી રમતગમત સુધી વિવિધ પાસાંમાં લાગુ કરવાનો પ્રયાસ કરીએ છીએ. જોકે ખરેખર આપણે તે કેટલું લાગુ કરીએ છીએ?આપણી હોલીડિનું નિયોજન કરીએ ત્યારે પ્રવાસ વિશે આપણે કેટલું વિચારીએ? મોટે ભાગે આપણી બકેટ લિસ્ટ સ્થળોથી ઊભરાય છે,જ્યારે ત્યાં સુધી જવાના અનુભવ વિશે ભાગ્યે જ વિચારીએ છીએ. આમ છતાં પ્રવાસ સાધારણ ટ્રિપને અસાધારણ સાહસમાં ફેરવી શકે છે.આજે હું આવા જ એક નોંધપાત્ર પ્રવાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છું: ભારતમાં લક્ઝરી ટ્રેનનો અનુભવ. આ ટ્રેનો પોઈન્ટઅથી પોઈન્ટ ઇ સુધી પહોંચવા પૂરતી સીમિત નથી, પરંતુ તે આપણને પ્રવાસમાં તલ્લીન કરે છે, જેથી પરિવહનનું માધ્યમહોલીડિની હાઈલાઈટ બનાવે છે.

ભારતીય રેલવે નેટવર્ક દુનિયામાં સૌથી વ્યાપકમાંથી એક છે, જે આપણા વિશાળ અને વૈવિધ્યપૂર્ણ નિસર્ગસૌંદર્યને જોડતીઆપણા રાષ્ટ્રની જીવાદોરી તરીકે કામ કરે છે. ગાઢ શહેરી કેન્દ્રો પૂરતાં મર્યાદિત એરપોર્ટસથી વિપરીત ટ્રેનો આપણને નાનાં શહેરો,અંતરિયાળ ગામડાંના હાર્દથી બિનવસાહતી નિસર્ગસૌંદર્ય સુધી લઈ જઈને હવાઈ પ્રવાસની પહોંચ નથી તેવાં દૂરસુદૂર સ્થળો ખાતે લઈ જાય છે.આ અસમાંતર કનેક્ટિવિટી પ્રવાસીઓને છૂપાં રત્નો અને સાંસ્કૃતિક સીમાચિહનોની ખોજ કરવાનું આસાન બનાવવા સાથેઅતુલનીય ભારતની વૈવિધ્યપૂર્ણ ભૂ-ભૌગોલિક સ્થિતિના સંવર્ધન અને સરાહનામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા પણ ભજવે છે.

તાજેતરનાં વર્ષોમાં ભારતમાં ટ્રેન પ્રવાસ પરિવહનના ફક્ત માધ્યમ તરીકે પારંપરિક ભૂમિકા માંથી તેના પોતાના અધિકારના આગવાઅનુભવમાં ઉત્ક્રાંતિ પામ્યો છે. આધુનિક અજાયબીઓની રજૂઆત, જેમ કે, વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પ્રવાસને બહેતર બનાવવા માટેનોંધપાત્ર છલાંગ છે, જે ગતિ, આરામ અને કાર્યક્ષમતા પ્રદાન કરે છે, જે ભારતીય પાટાઓ પર અગાઉ ક્યારેય જોવા મળ્યું નહોતું.જોકે આ પ્રગતિની પાર પ્રવાસની એવી ખૂબી રહેલી છે, જે પ્રવાસને કળા સ્વરૂપ - લક્ઝુરિયસ ટ્રેન અનુભવમાં ફેરવી દે છે.

પ્રતીકાત્મક પેલેસ ઓન વ્હીલ્સ (તે વિશે પછી વધુ કહીશ)થી શરૂઆત કરતાં લક્ઝરી ટ્રેન પ્રવાસ પશ્ચિમી દેશો દ્વારા લાંબા સમય પૂર્વેઅપનાવવામાં આવેલી સંકલ્પના હોઈ શકે છે, પરંતુ ભારતે સંસ્કૃતિ અને ઈતિહાસના સમૃદ્ધ સંમિશ્રણ સાથે આ ક્ષેત્રમાં પોતાની આગવીઓળખ કંડારી છે. પ્રવાસનું આ માધ્યમ સ્થળથી પણ વધુ ચાહનારાને પહોંચી વળે છે. તે મનોહરતા, આરામ અને ઐતિહાસિક ભવ્યતાના વાતાવરણમાં પોતાને ગળાડૂબ કરવા માગનારા ઈચ્છનીય પ્રવાસીઓ માટે છે.

લક્ઝરી ટ્રેનમાં દરેક વિગતોને સૂઝબૂઝપૂર્વક તૈયાર કરાઈ છે, જેમાં આલીશાન સ્યુટ્સ ઉત્કૃષ્ટ હોટેલોને પણ ટક્કર મારે છે, જ્યારે ખાણીપીણીસેવા ક્યુલિનરીનો ઉત્તમ નમૂનો છે. આ રુટ્સ મંત્રમુગ્ધ કરનારું નિસર્ગસૌંદર્ય અને પ્રદેશોના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરવા માટે કાળજીપૂર્વક તૈયાર કરાયા છે, જે દરેક પ્રવાસને અજોડ અનુભવ બનાવે છે. આલીશાન એમેનિટીઝ અને ઉત્તમ સેવાઓની પારલક્ઝરી ટ્રેન પ્રવાસ સ્થળના અંતરમાં બારીકાઈભરી ઝાંખી કરાવે છે, જે પ્રવાસીઓને ધીમા પડવા અને સ્થળ જેટલો જ પ્રવાસને માણવા માટે આમંત્રિત કરે છે. આપણે ભારતની લક્ઝરી ટ્રેનોમાં બેસીએ ત્યારે એવી પરંપરા ઉજાગર થાય છે જે ફૂલીફાલી હોવા સાથે આધુનિકલક્ઝરીના ચશ્માં થકી



ભૂતકાળની ભવ્યતામાં ઝાંખી પ્રદાન કરે છે.

તો ચાલો પેલેસ ઓન વ્હીલ્સ સાથે શરૂઆત કરીએ. આ લક્ઝરી ટ્રેન ભારતમાં શાહી રેલ પ્રવાસની રજૂ કરાયેલી પ્રથમ સંકલ્પના છે,જે રાજસ્થાનના હાર્દ થકી પ્રવાસમાં તેના સમૃદ્ધ વારસા અને અદભુત નિસર્ગસૌંદર્યની ખૂબીઓ દર્શાવે છે. પેલેસ ઓન વ્હીલ્સનો ઈતિહાસભારતની વીતેલા યુગની શાહી પરંપરામાં મૂળિયાં ધરાવે છે. આ લક્ઝરી ટ્રેન 1982માં રજૂ કરાઈ હતી, પરંતુ તેની સંકલ્પના કોચનીશાહી પાર્શ્વભૂમાંથી પ્રેરણા લે છે, જે મૂળભૂત રીતે રાજપૂતાના અને ગુજરાતનાં શાહી રાજ્યોના શાસકો, હૈદરાબાદના નિઝામઅને બ્રિટિશ ઈન્ડિયાના વાઈસરોય દ્વારા ઉપયોગમાં લેવાતી હતી.

કોચ એ રીતે તૈયાર કરાયા છે કે અત્યાધુનિક સ્લીપિંગ ચેમ્બર્સથી ભવ્ય મિજબાની પ્રદાન કરતા ડાઈનિંગ એરિયા સુધીકોઈ કલ્પના કરી શકે તે સર્વ લક્ઝરી એમેનિટીઝ ધરાવે છે. આ અજોડ વારસાનું સંવર્ધન કરવાના અને જીવનની શાહી રીતમાં ઝાંખીપ્રદાન કરવાના લક્ષ્ય સાથે ભારતીય રેલવે અને રાજસ્થાન ટુરીઝમે આ કોચીસનો અસમાંતર પ્રવાસ અનુભવ નિર્માણ કરવા આધુનિક આરામ સાથે પારંપરિક સૌંદર્યને સંમિશ્રિત કરતાં કાયાકલ્પ કર્યો છે. આ સૂઝબૂઝપૂર્વક નિયોજન કરાયેલા રુટમાં જયપુર, ઉદયપુર, જેસલમેર અને વિશ્વપ્રસિદ્ધ રણથંભોર નેશનલ પાર્ક વગેરે જેવાં પ્રતીકાત્મક સ્થળો ખાતે સ્ટોપનો સમાવેશ થાય છે, જે પ્રવાસીઓને ભારતની ઐતિહાસિક અને નૈસર્ગિક અજાયબીઓમાં ડોકિયું કરાવે છે. ટ્રેન ખુદ અજાયબી છે, જેનું ઈન્ટીરિયર શાહી રજવાડાની આલીશાન સજાવટ પ્રદર્શિત કરે છે,જેને નાજુક કોતરકામ, ખાસ સિલ્ક ફેબ્રિક્સ અને મનોહર પડદાઓ પૂર્ણ કરે છે.

આ પછી મહારાજાઝ એક્સપ્રેસ છે. આરંભથી આ સુંદર ટ્રેન સતત વૈશ્વિક સ્તરે માન્યતા પામી છે. તેની બેજોડ સેવા માટે અનેક સન્માન પ્રાપ્ત કર્યા છે, જે એક સમયે ભારતીય શાહી લોકો માટે આરક્ષિત મહેમાનગતીનું પ્રતિબિંબ છે. મહારાજાઝ એક્સપ્રેસ ભારતના હાર્દ થકી લઈ જતી આઈટિનરીની પસંદગી પ્રદાન કરે છે, જે મહત્ત્વપૂર્ણ સાંસ્કૃતિક અને ઐતિહાસિક સ્થળો, આગ્રાની મોગલ અજાયબીઓથી લઈને રાજસ્થાનનાં શાહી રજવાડાં સુધી અને વારાણસીના પવિત્ર ઘાટથી લઈને ખજૂરાહોનાં શિલ્પો સુધી આવરી લે છે. ટ્રેન ખુદ લક્ઝરીનું સંગ્રહાલય છે, જેમાં શાહી સ્યુટ્સ ફાઈવ-સ્ટાર મુકામને પણ પાછળ મૂકી દે છે. ટ્રેન સાથે પસાર થતા નિસર્ગસૌંદર્યના અવિરત નજારા માટે સુંદર બારીઓ તેને પરિપૂર્ણ બનાવે છે. મહારાજાઝ એક્સપ્રેસમાં ભોજનનો આનંદ અફલાતૂન છે. બે ફાઈન ડાઈનિંગ રેસ્ટોરાં પારંપરિક ભારતીય અને આંતરરાષ્ટ્રીય વાનગીઓનું સંમિશ્રણ પીરસે છે,જે દરેક પ્રવાસને આરામદાયક જેટલો જ આલીશાન બનાવે છે.

ભારતના ડેક્કન ઉચ્ચ પ્રદેશના હાર્દમાં પ્રવાસ માટે પ્રસિદ્ધ ડેક્કન ઓડિસ્સી છે. મારી સહ-સંસ્થાપિકા સુનિલાએ આ અનુભવ માણ્યો છે. તેણે ટ્રેનમાં કોર્પોરેટ વર્કશોપમાં હાજરી આપી હતી અને ડ્રિંક્સ સાથે નેટવર્કિંગ સંધ્યા પછી ટ્રેનમાં શાહી ભોજનનો પણ આનંદ લીધો હતો.ડેક્કન ઓડિસ્સી પસંદગીમાં ઘણી બધી આઈટિનરી ઓફર કરે છે, જે દરેક તમને મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, કર્ણાટક અને આંધ્ર પ્રદેશના વૈવિધ્યપૂર્ણ નિસર્ગ સૌંદર્ય થકી લઈ જાય છે. આઈટિનરીઓ વિચારપૂર્વક તૈયાર કરાઈ છે, જેમાં યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ, અદભુત કિલ્લાઅને રજવાડાં, કોંકણના દરિયાકાંઠાના મનોહર બીચ અને પશ્ચિમી ઘાટમાં વાઈલ્ડલાઈફનો સમાવેશ થાય છે. ડેક્કન ઓડિસ્સીમાં પ્રવાસ ખુદતે ખોજ કરે એ સ્થળોની મનોહરતાનું પ્રતિબિંબ છે. ટ્રેનનું ઈન્ટીરિયર મરાઠા અને ડેક્કન સ્થાપત્યની શાહી સુશોભિતા પ્રદર્શિત કરે છે.દરેક કોચને પ્રદેશમાં શાસન કરનારા સામ્રાજ્યનું નામ અપાયું છે, જે લક્ઝુરિયસ વાતાવરણ માટે ઐતિહાસિક મહત્ત્વનો સ્પર્શ ઉમેરે છે.

દક્ષિણમાં આપણી પાસે ગોલ્ડન ચેરિયટ છે. તે લક્ઝરી ટ્રેન પ્રવાસ માટે દક્ષિણ ભારતનો જવાબ છે. આ ખાસ ટ્રેન તમને કર્ણાટકની મનોહર સ્થાપત્ય અજાયબીઓ, ગોવાના દરિયાકાંઠા અને કેરાલાના બેકવોટર્સ થકી લઈ જાય છે. આઈટિનરીમાં હમ્પીના પ્રાચીન અવશેષ,મૈસુરનાં અદભુત રજવાડાં અને વાઈલ્ડલાઈફ સંગ્રહાલયો સહિત જૈવવૈવિધ્યતા સાથે દક્ષિણ ભારતનો શ્રેષ્ઠતમ સાંસ્કૃતિક વારસો પ્રદર્શિત કરે છે. તમે અપેક્ષા રાખો છો તેમ ગોલ્ડન ચેરિયટમાં દરેક બારીકાઈમાં દક્ષિણ ભારતની ઉષ્માભરી મહેમાનગતી અને સમૃદ્ધ પરંપરાઓનો જોશ સમાયેલો જોવા મળે છે.

ગાઈડેડ ટુર્સ આ રેલ અનુભવનો આંતરિક ભાગ છે, જે પ્રવાસીઓને જાણકાર સ્થાનિક ગાઈડ્સ સાથે ભારતના વિવિધ પ્રદેશનાઅંતરની ખોજ કરાવે છે. આ ઓફ-ટ્રેન સેર પ્રવાસમાં વિચારપૂર્વક જોડવામાં આવી છે, જે દરેક સ્થળથી ભારતના સાંસ્કૃતિકઅને નૈસર્ગિક વારસાની પ્રવાસીઓની સમજદારી અને સરાહનાને સમૃદ્ધ બનાવવાની ખાતરી રાખે છે.

આ મોટા ભાગની લક્ઝરી ટ્રેનોનું ઈન્ટીરિયર પ્રદેશના ઐતિહાસિક વારસાથી પ્રેરિત છે, જેમાં હસ્તકળા કારીગરીની બારીકાઈ અને લક્ઝુરિયસ મુકામનો સમાવેશ થાય છે. ભોજનમાં સ્થાનિક વાનગીઓનો આસ્વાદ કરાવાય છે, જ્યારે સ્પા સુવિધાઓ (ડેક્કન ઓડિસ્સીની જેમ) આખા દિવસની સેર પછી આહલાદક રિટ્રીટ પ્રદાન કરે છે. અંગત બટલર સેવા, ખાસ બાર અને ઉચ્ચ સ્ટાફ-ટુ-ગેસ્ટ પ્રમાણ સાથે આ ટ્રેનો બેજોડ લક્ઝરીનો પ્રવાસ અનુભવ પ્રદાન કરે છે, જે તેને ફક્ત ટ્રેન પ્રવાસ નહીં પરંતુ ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની ઉજવણી બનાવે છે. વર્ષોનાં વહાણાં વીતવા સાથેઆ ટ્રેન પ્રવાસ ભારતની મુલાકાત લેનારમાં હિટ સાબિત થયો છે અને તેમાં પ્રવાસ માટે તમારે બહુ અગાઉથી બુકિંગ કરવું પડે છે.

લક્ઝરી ટ્રેન પ્રવાસ ઉત્ક્રાંતિ પામવાનું અને આધુનિક ટ્રેનોનું ટેકઓવર ચાલુ જ છે ત્યારે આ સુંદર અનુભવ આગામી વર્ષોમાં વધુ ને વધુ રોમાંચક બની રહેવાનો છે. તો માઈલસ્ટોન બર્થડે અથવા એનિવર્સરી જેવી સીમાચિહનરૂપ ઉજવણી કરવા માટે બુક કરવાનો વિચાર જરૂર કરવો જોઈએ.તમને શું લાગે છે? મને તમારા વિચારો ક્ષયશહડદયયક્ષફ્ૂજ્ઞહિમ.ભજ્ઞળ પર સાંભળવાનું ગમશે. તો ફરી મળીશું,ત્યાં સુધી જીવનની ઉજવણી કરતા રહો!

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઈટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.

ઉત્તર ધ્રુવના આકાશમાં રંગબેરંગી પ્રકાશનો ચમત્કાર જોઈ લેવા આવો... વીણા વર્લ્ડ સાથે સ્કેન્ડિનેવિયાના અફલાતૂન અનુભવોને આપો અનોખો તહેવારરૂપ સ્પર્શ!

| | | |
|---|---|---|
| સ્કેન્ડિનેવિયા નોર્ધર્ન લાઈટ્સ (9D) - Dec 1, Jan 16, Feb 16 395000 - 405000 | સ્કેન્ડિનેવિયા નોર્ધર્ન લાઈટ્સ વિથ આઈસબ્રેકર ક્રુઝ (10D) Jan 28, Feb 25 - 425000 - 435000 | આઈસલેન્ડ સ્કેન્ડિનેવિયા નોર્ધર્ન લાઈટ્સ - 14 Days Jan 15 - 530000 |
| આઈસલેન્ડ સ્કેન્ડિનેવિયા નોર્ધર્ન લાઈટ્સ વિથ આઈસબ્રેકર ક્રુઝ - 15 Days Feb 12 - 575000 | આઈસલેન્ડ નોર્ધર્ન લાઈટ્સ 10 Days - Mar 12 515000 | |

*T&C apply

Book Online 365 days 24x7 Visit veenaworld.com

રશિયા નોર્ધર્ન લાઈટ્સ 10 દિવસ - 30 જાન્યુઆરી @₹ 325000 ઓલ ઈન્ક્લૂસિવ મુંબઈ થી મુંબઈ

વીણા વર્લ્ડ
નોર્ધર્ન લાઈટ્સ
ચાલો, બેગ ભરો, નીકળી પડો!

Email: travel@veenaworld.com | veenaworld.com
Toll-Free: 1800 313 5555

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# જગતજીત જગજીત સિંગ ને દીપોત્સવ...

જગજીત સિંગ ભારતના સ્વરનભમાં સદાના ઉદયમાન સૂર્ય છે. ૧૯૬૫માં મુંબઈ આવી, સરદારજી છાપ પાઘ દાઢીથી મુક્તિ પામી સિદ્ધિ-સફળતાના પગથિયાં આરોહતા ગયા ઠેઠ ૨૦૧૧ સુધી. ગઝલો એવી ચુસ્તાઈથી પસંદ કરી સુરનાં વાઘા ઘરે જાણે પરમ વૈષ્ણવ કૃષ્ણને શૃંગાર માટે ના તૈયાર કરતો હોય !

*સરકતી જાયે હૈ રુખસે નકાબ આહિસ્તા આહિસ્તા*
*નિકલતા આ રહા હૈ આફતાબ આહિસ્તા આહિસ્તા*
*અમીર મિનાઈ*

*દુનિયા જિસે કહતે હૈં જાદુકા ખિલોના હૈ*
*મિલ જાયે તો મિટ્ટી હૈ ખો જાયે તો સોના હૈ*
નિદા ફાઝલી

*હઝારોં ખ્વાહિશેં ઐસી કી હર ખ્વાહિશ પે દમ નિકલે*
*બહોત નિકલે મેરે અરમાન લેકિન ફિર ભી કમ નિકલે*
*ગાલિબ*

*યાદ નહીં ક્યા ક્યા દેખા થા સારે મંઝર ભુલ ગયે*
*ઉનકી ગલીયોંસે જો ગુઝરે અપના હી ઘર ભૂલ ગયે*
*નઝીર બાકરી*

*અબ મૈ રાશનકી કતારોંમેં નઝર આતા હું*
*અપને ખેતોંસે બિછડનેકી સઝા પાતા હું*
*ખલીલ ધનતેજવી*

આ વાત આજે એટલે છેડી કે આવા જગજિત સિંગની સ્મૃતિઓ અખંડ રાખવા જગજિતસાગરના કેટલાક મરજીવા ‘જગજિટેરિયન્સ’ના નામે ઇન્ટરવ્યૂ આધારિત યુટ્યુબ ચેનલ વહાવે છે અને ૧૦ ઓક્ટોબર નિર્વાણદિન અને ૮ ફેબ્રુઆરી જન્મદિન નિમિત્તે કોઈક ને કોઇક શહેરમાં આયોજન દ્વારા જગજિત સિંગ ઉપર ચાહકોનું ગુલાબજળ છાંટી એમને જીવતા કરે છે. આ ૧૦મીએ ગઝલના જગત્ ગુરુ જગજીત સિંગ પર બનેલી ફિલ્મ ‘કાગઝ કી કશ્તી’ પરમ દિવસે જ વડોદરામાં જોઈ, એ તમારી જાણ ખાતર... પૂરી ૨ કલાક ૧૦ મિનિટની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ શાહરુખ, કપૂર, રોશન, જોહર, દત્ત ઈત્યાદિના આખા બોલિવૂડને ભાડમાં જવા રવાના કરે તો નવાઈ નહીં.

* * * * * *


ફટાકડા ફટફટ ફુટવાની અને બાળકો બહુ હરખાવાની શરૂઆત સપરમા દહાડામાં થાય એ પહેલા રસ્તા ઉપર દીવડા - તારામંડળ - ટીકડીની ડબ્બી અડધી ચડ્ડીમાં સજ્જ બચ્ચા કે યુવાન સ્ત્રીધન કે વયના વૃદ્ધ પાસેથી વધુ ભાવે ખરીદી એમના દિવસો દિવાળી લાયક બનાવી ચોપડે પુણ્ય જમા કરાવાનો સુનહરો મોકો ચૂકી ના જતા.

તમને સમજદારોને ફક્ત ઇશારો...ઉપર તો ખરો જ, નીચે પણ...

*ચાલવા આજે સવારે નીકળ્યો જ્યાં...*

*ને ચડ્યું આંખે, લઈ આશાભરી એક મીટ, મંદિર બહાર ઊભું રાહ જોતુ પાંચનું પરિવાર...*

*એકસરખો નીરખતો બાજુમાં ઊભી ઈડલી વેચતી સાઇકલ...*



*એમની સાથે ગયા જોડાઈ તન પર ચાબખા મારી કુતૂહલ રાહદારીઓ તરફ ઉડાડતા બે જણ...*

*હું બદલતો માર્ગ મંદિરનો પહોંચ્યો સાઈકલની બાજુમાં...*
*જૂજ કાગળિયા કર્યા હળવા મેં ખિસ્સામાંથી*

*દુંદુભિ કે નાદ કોઈએ કશા ના સાંભળ્યા પણ સાત જીવતાજાગતા...*
*સાઈકલ થોડીક અમથી તો ગળી ચાલ્યા ગજબની લહેરમાં...*

*આંખ જ્યારે પણ ભીનીછમ થઈને વરસાવે દુઆ...*
*છે અજબ અણમોલ હંમેશાં...*

*છે હજી બાકી કવિતા આ...પકડતો જાય છે છંદ તું?!*

*ભાન પાછું આવ્યું જેવું કે તરત હું ઘેર પહોંચ્યો મંદિરે હાજર થવાનું ભૂલીને...*

*બારણું ખોલી અને શું*
*જોઉં છું!*
*છે ઊભા સાક્ષાત્*
*સર્જક સાથ વાહક ને વિનાશક...*
*ગુરુપતિ, અક્લંક, અકલંકર...*
*મને ભેટે છે આવીને...*
*ઉતારે છે સ્વયમ્ ત્રિદેવ મારી આરતી...*
*પુષ્પ ઈત્યાદિ મને ધરતાં કહે છે કાનમાં...*
*શું? એ તમે જાણો જ છો ને?!*

*આજથી આંખોમાં વાવેતર ચલો! કરીએ શરૂ...શેનું? તમે જાણો જ છો ને?!*

*આ કવિતા છે કે નહીં, કરશે જ નક્કી એ સમય...*

*મેં તો તમને માત્ર એક કીમિયો બતાવ્યો સાવ ખાલીખમ હૃદય સાથે અહીં છો ત્યાં સુધી હળવા રહેવાનો...*
*આવજો...*
*પાછા મળીશું કોઈ આવી ક્ષણ ઉપર...*

આજે આટલું જ... ■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા**

મુંબઈના કામાઠીપુરા રેડ લાઇટ એરિયાની એક રૂમમાં ટીવીમાં મોઢું નાખીને બેઠેલો હરેશ બોલ્યો: ‘વો ગૂંગી મરને વાલી હૈ....’

‘મરને દે....વેસે ભી વો ગૂંગી બહેરી હમારે કામ કી નહીં થી. એક સાલ પાલા પોસા....કૂછ કમા કે નહીં દિયા સાલીને....કોઇ ઘિરાક ઉસ કે સાથ બૈઠને કો તૈયાર નહીં.....ગૂંગી સાલી.’ વેશ્યાલય ચલાવતી બચીબાઇ બોલી.

બચીબાઇ પાસે લગભગ દસેક છોકરીઓ હતી. એમાંની એક જી. જી. હૉસ્પિટલમાં સારવાર લઇ રહેલી મિસ એક્સ હતી. હરેશ બચીબાઇનો દલાલ કહો તો દલાલ, પતિ કહો તો પતિ ને ચીંધ્યું કામ કરનારો હરકારિયો કહો તો હરકારિયો. આમ તો એ નીચે શેરીમાં ઊભો રહીને ઘરાક ગોતી લાવવાનું કામ કરે. ક્યારેક બીજા દલાલોની સાથે મળીને છોકરીઓને આ ધંધામાં પણ લાવે અને બચીબાઇ જેવી છોકરી એનો ભાવતાલ કરીને ખરીદી લે. લગભગ એકાદ વરસ પહેલાં એક ચબરાખ દલાલે હરેશને આ મુંગી બહેરી પધરાવી દીધી. બચીબાઇએ સોદો કરી નાખ્યો. મિસ એક્સ કાંઇ બોલે નહીં. બચીબાઇને શરૂમાં એમ થયું કે આ ધંધામાં આવતી મોટા ભાગની છોકરીઓ આઘાતમાં હોય. કેટલીક માટે નવું નવું હોય... તો શરમાય. આ પણ ધીરે ધીરે પાટા પર ચડી જશે, પણ મિસ એક્સ પાસે ઘરાક મોકલે તો એ એની સાથે કાંઇ વાતચીત ન કરે... સહકાર ન આપે. ઘરાક નારાજ થઇને જતાં જતાં બચીબાઇને ગાળો આપે. મિસ એક્સ બચીબાઇનું પણ ન સાંભળે ન કાંઇ બોલે. અંતે ભાંડો ફુટ્યો. બચીબાઇએ પોતાનું કપાળ કૂટ્યું... હરેશને બેફામ ગાળો આપી. બચીબાઇ પ્રમાણિકતા બતાવીને ઘરાકને સાચું કહેવા લાગી. હકીકત સાંભળીને ઘરાક કાં તો બીજી છોકરી પસંદ કરે અને કાં તો દાદરા ઊતરી જાય. કંટાળેલી બચીબાઇએ ઘણા હથકંડા અજમાવ્યા, પણ બચીબાઇ સફળ ન થઇ. હરેશને કહીને એને પાછી મોકલવાની કોશિશ કરી. એમાં કોરોનાએ કાળો કેર વર્તાવ્યો. ધંધો ચાલે નહીં. છોકરીઓનો ખર્ચો પોસાય નહીં. એક રાતે બચીબાઇએ મિસ એક્સથી પીછો છોડાવવા એને ઘેનનું ઇન્જેક્શન આપીને હરેશ અને બીજા એક દલાલની સાથે જી. જી. હૉસ્પિટલમાં મોકલી આપી. બચીબાઇને એક વાતની ખાતરી હતી કે મિસ એક્સ મોઢું નહીં ખોલે અને પાછી તો નહીં જ આવે.

‘ઓર તુ ટીવી મેં મુંહ ડાલ કે ક્યા દેખતા હૈ....?’ બચીબાઇ તાડુકી.

‘સૂનો, સૂનો વો કોન્ટેક્ટ કરને કો કહે રહે હૈ...’ હરેશ બોલ્યો.

‘તૂ બહુત સોચતા હૈ ઉસ કે બારે મેં....બડા દિલ આ ગયા હૈ ઉસપે...સાલા લંપટ દલાલ.’

બચીબાઇની વાતમાં સચ્ચાઇ હતી. હરેશ મિસ એક્સને લાવ્યો ત્યારથી એના પર એનો ડોળો હતો. એમાંય જ્યારે એને ખબર પડી કે એ મૂંગી બહેરી છે પછી એની હવસખોરીમાં દયા ઉમેરાઇ હતી. એકાદ બે વાર એણે કોશિશ પણ કરી જોઇ, પણ મિસ એક્સે મચક ન આપી અને બચીબાઇની નજરમાંથી બચવું એના માટે મુશ્કેલ હતું. એ રાતે મિસ એક્સને હૉસ્પિટલમાં મૂકી આવવાની હરેશની બિલકુલ ઇચ્છા ન હતી. જોકે બચીબાઇ પાસે એનું કાંઇ ઉપજ્યું નહીં.

ટીવીમાં મિસ એક્સને જોવા તલપાપડ થઇ રહેલા હરેશે ડર ઊભો કરવાની કોશિશમાં કહ્યું: ‘મુઝે લગતા હૈ વો ગૂંગી ઇશારે સે પુલીસ કો યહાં કા પતા બતા દેગી.’

‘અરે ઇસ કોરોના મેં કોઇ ઘિરાક નહીં આતા યહાં તો પુલીસ ક્યા ખાક આયેગી... તૂ ઘિરાક કેસે લાને કા યે સોચ...ફૂકટ કી રોટી તોડતા હૈ.’

બચીબાઇએ કહ્યું.

‘સોચતા હું એક કે ઉપર એક ફ્રી કા ઓફર દૂં....’ હરેશ બોલ્યો ને બચીબાઇએ એની પર છુટ્ટું ચપ્પલ ફેંક્યું. હરેશે ચપ્પલ લઇને બચીબાઇના પગમાં પહેરાવ્યું.

**‘બચીબાઈને એક વાતની ખાતરી હતી કે મિસ એક્સ મોઢું નહીં ખોલે અને પાછી તો નહીં જ આવે.’**

‘સોરી ડારલિંગ....મજાક થા.’ એ ફરી ટીવી જોવા લાગ્યો.

એ જ વખતે રિપોર્ટર રાજુ બોલ્યો: ‘હવે પછીના બુલેટીનમાં અમે હૉસ્પિટલમાં જીવનમરણ વચ્ચે ઝોલાં ખાઇ રહેલી રહસ્યમય મૂંગી બહેરી દરદીને પેશ કરીશું.’ હરેશ પોતાની અધૂરી રહી ગયેલી હવસના પસ્તાવા સાથે ટીવીના પરદાને તાકીને જોઇ રહ્યો હતો....એવી આશા સાથે કે મિસ એક્સની કમસે કમ ઝલક તો જોવા મળશે.

‘લેકિન અગર વો મર ગઇ તો...?’ એણે બચીબાઇની સામે જોયું. ‘અબ જો કરના હૈ...વો બચીબાઇ કી નઝર સે બચ કે કરના હોગા.’

*****************

વોર્ડમાં ગૂમસૂમ બેસી રહેલા નિર્મલે અચાનક ઇલિયાસને બેલ મારવાનું કહ્યું. ઇલિયાસે પૂછ્યુ: ‘કૂછ હો રહા હૈ દોસ્ત?’

‘નહીં....કોઇ તકલીફ નહીં હૈ.’

ઇલિયાસે બેલ વગાડી કે તરત જ નર્સ જ્યોતિ આવી.

‘સોલંકી છે?’ નિર્મલે પૂછ્યું.

‘હા....

‘એમને મોકલશો પ્લીઝ.’ નિર્મલે વિનંતી કરી.

‘મને કહો શું કામ છે, હું કરી આપીશ.’

‘એમને જ મોકલોને પ્લીઝ.’

જ્યોતિ બંને પર એક નજર કરતી નીકળી ગઇ. થોડીવારમાં સોલંકી આવ્યો.

‘બોલો, હુકમ કરો, નિર્મલ કુમાર અમેરિકા રિટર્ન.’

‘સોલંકી સાહેબ, મારે પણ ઘરનાઓ સાથે વાત કરવી છે કરાવી આપશો, પ્લીઝ?’

‘ઇલિયાસે પેપર ફોડી નાખ્યું લાગે છે.’ એણે ઇલિયાસની સામે જોતા કહ્યું.

‘દોસ્તી મેં કહે દિયા’ ઇલિયાસે હસીને કહ્યું.

સોલંકીએ ખિસ્સામાંથી નિર્મલનો જ મોબાઇલ અને ચાર્જર કાઢીને એને આપતા કહ્યું: ‘તમારો જ મોબાઇલ છે. હવેથી તમારી પાહેં જ રહેવાનો. હૉસ્પિટલના નવા નિયમ મુજબ તમે રોજ એકવાર, ફક્ત એકવાર જ ઘરના જોડે વીડિયો કોલિંગ કરવા મળહે. વારે વારે ફોન કર્યા કરશો ને જો પકડાઇ ગિયા તો મોબાઇલ જપ્ત.’

ઇલિયાસ તરત જ બોલી ઉઠ્યો: ‘મેરા મોબાઇલ?’

‘નર્સ લાવે છે.’ સોલંકી નીકળી ગયો. નિર્મલનું મન નાચી ઉઠ્યું. એ મોબાઇલ લગાડવા ગયો, પણ મોબાઇલની બેટરી સાવ ઊતરી ગઇ હતી. એનું મોં ઊતરી ગયું. જાણે મોં પર લગાડેલું ઓક્સિજન માસ્ક કોઇએ ખેંચી કાઢ્યું. એક સેકન્ડ પહેલા ઘરના સાથે વાત કરવા ઉછળી ઉઠેલું મન ખિન્ન થઇ ગયું. એણે મોબાઇલમાં પિન ખોંસવાની કોશિશ કરી. જોયું તો ચાર્જર બદલાઇ ગયું હતું. એણે ઇલિયાસને મોબાઇલ અને ચાર્જર બતાવતા ઊંડો નિઃસાસો નાખ્યો. દરમિયાન જ્યોતિએ ઇલિયાસને એનો મોબાઇલ અને ચાર્જર આપ્યા.

‘ક્યા હુઆ?’ ઇલિયાસે પૂછ્યું.

‘બેટરી ડાઉન અને આ ચાર્જર મારું નથી.’

ઇલિયાસે પોતાનું ચાર્જર બતાવતા કહ્યુ: ‘મુઝે લગતા હૈ. યહવાલા તુમ્હારા હૈ.’ નિર્મલે ચાર્જર જોયું. એનું જ હતું.

‘અદલાબદલી થઇ ગઇ.’ નિર્મલ બોલ્યો. એ મોબાઇલ ચાર્જ પર મુકીને ઘરનાઓને સરપ્રાઇઝ આપવાનું વિચારવા લાગ્યો. ઇલિયાસે ચાર્જિંગ પોઇન્ટ શોધ્યો. બે બેડ વચ્ચે એક જ ચાર્જિંગ પોઇન્ટ હતો. એ મોબાઇલ અને ચાર્જર ઓશિકા નીચે મૂકીને આડો પડ્યો.

‘ઇલિયાસ તેરા મોબાઇલ ભી ચાર્જ નહીં...તુઝે ભી તો બાત કરની હોગી ના...?’ નિર્મલે કહ્યું.

’મૈંને તો બાત કર લી હૈ’ નિર્મલે ‘થેન્ક યુ’ કહ્યું. અને મોબાઇલ થોડો ચાર્જ થાય એની રાહ જોતો બેસી રહ્યો. એને યાદ આવ્યુ: ‘એરપોર્ટ પર ઘરે જવાની રાહ જોતો એ આમ જ બેસી રહ્યો હતો.’ એનું ધ્યાન મોબાઇલની દાંડી પર હતું. મોબાઇલે એક દાંડી બતાવી કે તરત જ એણે વીડિયો કોલ કર્યો.

‘સરપ્રાઇઝ.’ પવિત્રાને જોઇને એ પહેલો શબ્દ બોલ્યો. પવિત્રા ઉછળી પડી. ‘મમ્મી-પપ્પા, કિનુ જલ્દી આવો નિર્મલનો વીડિયો કોલ છે.’ નિર્મલે અમેરિકાથી રવાના થતા પહેલાં વીડિયો કોલ કર્યો ત્યાર પછી એનો પહેલો વીડિયો કોલ હતો. એ દિવસે એણે બધાને વારાફરતી એક જ વાત કરેલી: ‘હું ઘરે આવું છું...હું ઘરે આવું છું.’ પણ એને ક્યાં ખબર હતી કે અમેરિકાથી ઘર સુધીની સફરની વચ્ચે હૉસ્પિટલનું અનિશ્ચિત મુકામ આવી જશે. એણે વાક્ય બદલી નાખ્યુ: ‘ચિંતા કરતા નહીં, મને સારું છે.’

હૉસ્પિટલને બિછાનેથી દરદી સામાન્ય રીતે એના ઘરનાઓને આમ જ કહેતો હોય છે. આવું કહીને કદાચ એ પોતાને જ સાંત્વન આપતો હોય છે. ઘરનાઓ પણ પોતાના ચહેરા પરની ચિંતા છુપાવીને એનું સાંત્વન સ્વીકાર્યું હોય એવો આડંબર કરે છે. ખરેખર તો બન્ને પક્ષ હકીકતથી વાકેફ જ હોય છે. કિનુએ પવિત્રાના હાથમાંથી મોબાઇલ આંચકી લીધો.

‘કિનુ, હું તને ઘરે આવીને મોટી સરપ્રાઇઝ આપીશ, અત્યારે આપીને એવી જ સરપ્રાઇઝ...ઓકે?’ કિનુને જોતાં જ નિર્મલ બોલ્યો.

‘હવે આપણે રોજ એકવાર વાત કરીશું.’ બોલતા બોલતા નિર્મલને થોડી હાંફ ચડી. પણ એણે વાત ચાલુ રાખી. ગભરાઇ ગયેલી કિનુએ પવિત્રાને ફોન આપ્યો. પવિત્રાને જોઇને એણે વાત કરવાની કોશિશ કરી, પણ વધુ હાંફ ચડી. એ હાંફવા લાગ્યો.

‘નિર્મલ શું થયું? શું થાય છે તને..?’ નિર્મલ હાંફી રહ્યો હતો. મોંમાંથી શબ્દો નીકળતા નહતા.

‘હલ્લો નિર્મલ, વાત કર શું થાય છે? જલ્દી તું ડોક્ટરને બોલાવ.’ ઇલિયાસ નિર્મલની હાલત જોઇને સફાળો બેઠો થઇ ગયો. એણે મોબાઇલ પોતાના હાથમાં લઇ લેતા કહ્યું: ‘મૈં ઇલિયાસ, ભાભીજી બાદ મેં બાત કરતા હું.’ મોબાઇલ મૂકીને એણે નર્સને બોલાવી. નિર્મલની છાતી ઉપરનીચે થઇ રહી હતી. ડો. સાળુંખે અને જ્યોતિ દોડી આવ્યાં.

‘કદાચ ઓક્સિજન લેવલ કમ થઇ ગયું છે. જ્યોતિ ઓક્સિજન આપવાની તૈયારી કર. ઉપરના માળે શિફ્ટ કરવા પડશે.’

‘હરી અને ગોપાળને મોકલું છું’ કહીને જ્યોતિ ઝડપથી ઉપર ગઇ. પળવારમાં જે કંઇ બની ગયું એ માનવાને ઇલિયાસનું મન તૈયાર નહતું. એ એના દોસ્તને ઉપરના માળે લઇ જવાતા જોઇ રહ્યો...નિઃસહાયપણે.

હરિ અને અને ગોપાળ સ્ટ્રેચરને લોબીમાં ઢસડી રહ્યા હતા. સ્ટ્રેચરના આડાઅવળા થતા વ્હીલને સીધા કરતા જઇને સ્ટ્રેચર સીધું દોડાવવું મુશ્કેલ હતું છતાંય જેટલી ઝડપ થાય એટલી તેઓ કરી રહ્યા હતા. લોબીમાં સ્ટ્રેચરને જોઇને લોકો જગ્યા આપી દેવા લાગ્યા. પેશન્ટ માટેની લિફ્ટમાં ખોડંગાતા સ્ટ્રેચરને ધકેલીને બન્ને જણ બાજુમાં ઊભા રહી ગયા. પાછળ ઝડપભેર આવી રહેલાં ડો. સાળુંખે લિફ્ટમાં પ્રવેશ્યાં કે તરત જ હરિએ લિફ્ટની જાળીને ખેંચીને બંધ કરી. વિચિત્ર અવાજ કરતી લિફ્ટ મંદ ગતિએ ઉપર જઇ રહી હતી ત્યારે ત્રણેયની નજર નિર્મલની ધમણની જેમ ઉપર નીચે થઇ રહેલી છાતી પર હતી. નિર્મલ ઊંડા ઊંડા શ્વાસ લઇ રહ્યો હતો. એક ધક્કા સાથે લિફ્ટ ઊભી રહી. ડો. સાળુંખે બહાર નીકળીને આગળ ચાલવા માંડ્યાં. એમણે જઇને વોર્ડનો દરવાજો ખોલી નાખ્યો. જ્યોતિ અને બીજા બે તાલીમી ડોક્ટરોએ બધી તૈયારી કરી રાખી હતી. નિર્મલના મોં પર ઓક્સિજન માસ્ક લગાડ્યું. એક મોટા શ્વાસ સાથે માસ્કની અંદર ધુમ્મસ છવાઇ ગયું. (ક્રમશ:)■


વલો કચ્છ
ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# કચ્છ કનેક્શન વિથ કલામ: રણથી રાષ્ટ્રદ્રષ્ટિ સુધી

અમદાવાદ ખાતે વર્ષ ૨૦૦૪માં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા આયોજિત પર્યટન સેમિનારના ઉદ્ઘાટન પ્રસંગે ભાષણ આપતી વખતે તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામના શબ્દોમાં કચ્છ પ્રત્યે લાગણી સાફસાફ ઝલકતી જોવા મળી હતી, કદાચ એટલે જ તો મિસાઈલ મેનની દીર્ઘદ્રષ્ટિનો નરેન્દ્ર મોદીએ કયાસ કાઢી લીધો હશે. તે સમયે મોદીસાહેબ ગુજરાતના મુખ્યમંત્રી પદે બિરાજમાન હતા. કચ્છમાં પ્રવાસનને વેગ આપવા રણોત્સવ શરૂ કરાવ્યા પછી તેમણે સ્વ. કલામની ઈચ્છાને પોતાની રજૂઆતમાં વર્ણવ્યા પણ છે. કલામસાહેબની એ સ્પીચના અમુક અંશો અહીં રજૂ કરવાના અમુક કારણો મને ત્વરિત યાદ આવે છે તે છે, કચ્છ કનેક્શન વિથ કલામ (તેમની જન્મ અને પુણ્યતીથી બંને એકજ ૧૫ ઓક્ટોબરના આવે છે એ સંદર્ભે), કચ્છની અદ્ભુત પ્રવાસન સફળતાની ચર્ચા તો સમગ્ર દેશમાં હોય તો આપણે કેમ ને પાછળ રહેવાય! અને કચ્છના પ્રવાસનનું કમાઉ પ્રકલ્પ એટલે રણોત્સવ પણ ગણતરીના દિવસોમાં શરૂ થવાનું છે.

મિત્રો, હું તાજેતરમાં થયેલો એક અનુભવ શેર કરવા માગુ છું. ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૪ના રોજ હું નવી દિલ્હીથી મુંબઈ મારફતે તાન્ઝાનિયાની રાજધાની દારેસલામ જતો હતો. મુંબઈ પરથી પસાર થતી વેળાએ હવામાંથી ભારતીય મહાસાગરના મોજાં કિનારે અથડાતા જોયાં. પાંચ કલાકની ઉડાન પછી દારેસલામ પહોંચ્યો, ત્યાં પણ એ જ ભારતીય મહાસાગરનાં મોજાં કિનારે અથડાતા નજરે પડ્યાં. મને લાગ્યું કે આ સમુદ્રે બંને દેશોને જોડ્યા છે. પછી હું ઝાંઝીબાર ટાપુ ગયો. ત્યાંના મ્યુઝિયમમાં મેં એક બહુ-પાંખિયું વહાણ જોયું, જે આપણા ગુજરાતના (સૌ પ્રથમ કચ્છના ભાટિયા ગ્રહસ્થોએ ઝાંઝીબાર ગયેલા) પૂર્વજો સૌપ્રથમ ઝાંઝીબાર પહોંચવા માટે વાપરતા હતા અને ત્યાંની સંસ્કૃતિને સમૃદ્ધ બનાવતા હતા. આ બાબત ઝાંઝીબારના ઐતિહાસિક દસ્તાવેજોમાં લખાયેલ છે. ત્યાંના નાગરિકોને મળીને મને લાગ્યું કે હું નાના ગુજરાતમાં આવી ગયો છું. એ અનુભવ ખૂબ જ સુંદર હતો.

ભારતનો સાંસ્કૃતિક વારસો હિમાલયથી કન્યાકુમારી, જમ્મુ-કાશ્મીરથી ઉત્તરપૂર્વ, મધ્ય ભારત, બિહાર, પશ્ચિમ પ્રદેશો, દરિયાકાંઠા, આંદામાન-નિકોબાર અને લક્ષદ્વીપ પ્રવાસીઓને આકર્ષવા માટે ઘણું બધું છે. મુખ્ય આકર્ષણોમાં આધ્યાત્મિક પર્યટન, આરોગ્ય પર્યટન, પર્યાવરણ પર્યટન અને તહેવાર પર્યટનનો સમાવેશ થઈ શકે. દેશના તમામ પ્રદેશોની મુલાકાત પછી મને લાગ્યું છે કે પર્યટન ઉદ્યોગ દેશ માટે વિશાળ સમૃદ્ધિ સર્જી શકે છે. પરંતુ આ માટે સુદૃઢ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અત્યંત જરૂરી છે. આંતરિક જળમાર્ગ, હોટેલ, સંચાર સુવિધા અને પ્રચાર પર ભાર મૂકવો આવશ્યક છે. જો આપણે સસ્ટેનેબલ ટૂરિઝમને પ્રોત્સાહિત કરીએ તો તે ભારતની વિશિષ્ટતા બની શકે છે. (રણોત્સવની જાજરમાન સફળતા પછી હવે જરૂર છે તેની બારમાસી ઉજવણીની)



એ. પી. જે. અબ્દુલ કલામ – નરેન્દ્ર મોદી

પ્રવાસન ઉદ્યોગ, જે વિશ્વની અર્થવ્યવસ્થાના વિસ્તરણનો મોટો હિસ્સો છે, એ વિશે જાણવું જરૂરી બની જાય છે કે કયા દેશોમાં સૌથી વધુ પ્રવાસીઓ જાય છે. તે સમયે પર્યટનની સ્થિતિ વિષે કલામસાહેબે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે વિશ્વના પર્યટન બજારમાં ભારતનું નામ ટોચના ૩૦ દેશોમાં પણ નથી. (વર્લ્ડ ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ કાઉન્સિલ (WTTC) મુજબ ૨૦૨૪ વર્ષના રેકોર્ડ મુજબ, વૈશ્વિક પ્રવાસન યાદીમાં ફ્રાન્સ ટોચ પર છે. વર્લ્ડ ઇકોનોમિક ફોરમની ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ સ્પર્ધાત્મકતા યાદીમાં વારંવાર ટોચ પર રહેલાં સ્પેઇનનો બીજો ક્રમ છે. પાડોશી દેશ ચીન પણ ઝડપથી વધતી આધુનિકતા અને ઐતિહાસિક વારસો પ્રસ્તુત કરવામાં સફળ બન્યો હોવાથી ત્રીજા સ્થાન પર છે.)

તેઓ ઉમેરે છે કે, પ્રવાસીને મુખ્યત્વે શું જોઈએ? આરામદાયક મુસાફરી, સ્વચ્છ અને યોગ્ય નિવાસ, આરોગ્યપ્રદ વાતાવરણ, મૈત્રીપૂર્ણ વ્યવહાર, સામાજિક સુમેળ, સુરક્ષા. દુબઈમાં મારી મુલાકાત દરમિયાન મેં જોયું કે ત્યાં સરકારે પર્યટન વધારવા માટે દરેક મંત્રાલયે એકસાથે પ્રયાસ શરૂ કર્યા: નવા એરપોર્ટ, નવા વિમાન, હાઈવે લેન, વધારાની હોટેલ સુવિધા, સ્વચ્છતા અને પાણી વ્યવસ્થા. આ સંકલિત પ્રયાસમાંથી આપણે શીખવું જોઈએ. દેશનો વિકાસ પર્યાવરણની સ્વચ્છતા પરથી પણ આંકવામાં આવે છે. સૌપ્રથમ આપણે નદીઓ અને ધાર્મિક સ્થળોની સ્વચ્છતા જાળવવી જરૂરી છે.

પ્રવાસીઓને તેમના સમયમાંથી વધુમાં વધુ લાભ મળે એ માટે ઝડપી અને વિશ્વસનીય પરિવહન જરૂરી છે. આંતરિક સ્થળો માટે હવાઈ કનેક્ટિવિટી, ઝડપી ટ્રેન સેવા (જેમ કે શતાબ્દી એક્સપ્રેસ), બહુલેન રોડ, જળમાર્ગ પરિવહન આ તમામ કામો સરકારી-ખાનગી ભાગીદારી દ્વારા થઈ શકે. પરંતુ, શહેરોમાં સતત વીજ પુરવઠો નથી, એ ખામી દૂર કરવી જ પડશે. સૌર ઊર્જા, કચરામાંથી વીજ ઉત્પાદન, કાર્યક્ષમ વિતરણ અને ઊર્જા કાર્યક્ષમતા પર ભાર મૂકવો જરૂરી છે. ગુણવત્તાસભર અને અવિરત વીજ પુરવઠો પ્રવાસીઓની ન્યૂનતમ જરૂરિયાત છે.

ગુજરાતમાં ઘણા આકર્ષક પર્યટન કેન્દ્રો છે: કચ્છ જિલ્લાના ધોળાવીરામાં સિંધુ ખીણ સંસ્કૃતિના અવશેષો, કચ્છનું રણ, ગીરના સિંહ, દુર્લભ પક્ષીઓ અને પ્રાણીઓના અભયારણ્યો, દરિયાકિનારા, દ્વારકાધીશ મંદિર વગેરે. માનવ જીવનની સાચી ઓળખ એ છે કે તે પ્રામાણિકતા અને સંસ્કારથી ભરેલું હોય. રાજકારણ, નોકરશાહી કે સામાજિક સેવા દરેક ક્ષેત્રમાં સન્માનપૂર્ણ વર્તન જરૂરી છે. પોતાનો સન્માન મેળવવાનો એકમાત્ર માર્ગ બીજાને માન આપવાનો છે. દરેક પ્રવાસીને પોતાના મહેમાન તરીકે માન આપવું જોઈએ. અતિથિ દેવો ભવ એ જ આપણો સંસ્કાર છે. આ વિચારો સાથે હું આ પર્યટન સેમિનારનું ઉદ્ઘાટન કરી આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# પગ ને પગરખાં... સત્તાધારીઓને 'તમે ના-લાયક છો' કહેવાની અનોખી રીત!

ગયા અઠવાડિયે સુપ્રીમ કોર્ટમાં, 'સનાતન ધર્મનું અપમાન સહન કરવામાં નહીં આવે' એવું કહીને, ભારતના મુખ્ય ન્યાયધીશ બી. આર. ગવઈ પર એક વકીલે જૂતાં ફેંકવાનો પ્રયાસ કર્યો તે ઘણી આઘાતજનક ઘટના છે. જસ્ટિસ ગવઈ ભારતના બીજા દલિત મુખ્ય ન્યાયાધીશ છે અને 'સનાતન ધર્મ'ના નામે તેમના પર જૂતુ ફેંકવાનો પ્રયાસ કરનાર વકીલ, રાકેશ કિશોર, ઉપલી જાતિનો છે તે હકીકત યોગાનુયોગ હતી કે કેમ તે તો ખબર નથી, પરંતુ દેશના એક મોટા વર્ગને આ ઘટનામાં જાતિભેદ દેખાય છે તે પણ ઉપેક્ષા કરવા જેવું નથી.

રાજકારણીઓ પર જૂતાં ફેંકવાની ઘટનાઓ વિશ્વમાં નવી નથી (આપણે પછીથી તેના પર નજર નાખીશું) કારણ કે અન્યાય અથવા વૈચારિક મતભેદની ભાવનામાં આવીને સમાજના હતાશ લોકો આવી હરકત કરતા હોય છે, પરંતુ કાનૂનની કોર્ટ પક્ષપાતી વિચારધારાઓ કે સામાજિક પૂર્વગ્રહોથી છેટી હોય છે અને તે બંધારણે દોરી આપેલી રેખાઓ મુજબ કામ કરે છે. એટલે દેશની સૌથી મોટી કોર્ટનો ૭૧ વર્ષનો એક જવાબદાર વકીલ દેશના સૌથી મોટા બંધારણીય હોદ્દેદાર સામે આવી હરકત કરે તે બતાવે છે કે દેશમાં નફરતનું ઝેર ક્યાં સુધી ઊતરી ગયું છે.



સુપ્રીમ કોર્ટ માત્ર ન્યાયની અદાલત નથી, તે આ દેશમાં કાનૂનનું રાજ છે તેનું પ્રતીક પણ છે. કાનૂનના રાજ માટે જ તો દેશના લોકોએ અંગ્રેજો સામે લડાઈ કરી હતી અને સ્વતંત્રતા પછી તેનું પહેલું કામ બંધારણની રચના કરવાનું હતું જે આ દેશના તમામ નાગરિકોને એક સરખું સંરક્ષણ અને અધિકાર આપે. વકીલે આ સુપ્રીમ કોર્ટના પ્રતિનિધિ એવા મુખ્ય ન્યાયાધીશ પર જૂતું ફેંકવા પ્રયાસ કર્યો તે એક વ્યક્તિની અંગત હતાશા નથી, તે બંધારણ અને કાનૂનના રાજની ઓથોરીટીને સત્તાને પડકાર ફેંકવાનો પ્રયાસ છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ સામે આવી હરકત થઇ છે એટલા માટે જ આ ઘટના વધુ ગંભીર બને છે, બાકી દેશ અને દુનિયાના રાજકારણીઓ જૂતાંના શિકાર બનતા રહ્યા છે.

ભારતમાં જૂતાં ફેંકવાની પહેલી નોંધાયેલી ઘટના સો વર્ષ પહેલાંની છે. ૧૯૦૭માં કૉંગ્રેસ પાર્ટીમાં ઉદારવાદી અને અંતિમવાદી સભ્યો વચ્ચે ચાલતા મતભેદ વચ્ચે સુરતમાં તેનું અધિવેશન ભરાયું હતું અને તેમાં ગરમાગરમ ચર્ચા વચ્ચે, અગ્રણી નરમપંથી નેતાઓ સુરેન્દ્રનાથ બેનર્જી અને સર ફિરોઝશાહ મહેતા પર જૂતા ફેંકવામાં આવ્યાં હતાં. આ ઘટનાએ અંધાધૂંધી ઉભી કરી હતી અને કૉંગ્રેસ પક્ષના વિભાજનને મજબૂત બનાવ્યું હતું.

ડિસેમ્બર ૨૦૦૮માં, ઈરાક પર આક્રમણ કરવાની અકળામણથી તત્કાલીન અમેરિકન પ્રમુખ જ્યોર્જ ડબલ્યુ. બુશ પર એક ઇરાકી પત્રકારે જૂતુ ફેંક્યું તે પછી જાણે 'જૂતાં ફેંકવાની' વૈશ્વિક લહેર શરૂ થઈ હતી. તેમાંથી જાણે પ્રેરણા મળી હોય તેમ, ૨૦૦૯માં ભારત અને કેટલાક અગ્રણી રાજકારણીઓને નિશાન બનાવવામાં આવ્યા હતા.

એપ્રિલ ૨૦૦૯માં પત્રકાર જરનૈલ સિંહે તત્કાલીન ગૃહમંત્રી પી. ચિદમ્બરમ પર જૂતા ફેંક્યા હતા. આ હરકત સીબીઆઈ દ્વારા ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો સંબંધિત કેસમાં કૉંગ્રેસ નેતા જગદીશ ટાઇટલરને નિર્દોષ જાહેર કરવાના વિરોધમાં કરવામાં આવી હતી.

તે જ મહિનાના અંતમાં, અમદાવાદમાં એક ચૂંટણી રેલી દરમિયાન તત્કાલીન વડા પ્રધાન મનમોહન સિંહ પર જૂતાં ફેંકવામાં આવ્યા હતા, જોકે તે બચી ગયા હતા.

એપ્રિલ ૨૦૦૯માં પણ એક રેલી દરમિયાન ભાજપના નેતા એલ. કે.અડવાણી પર પક્ષના એક પૂર્વ સભ્ય દ્વારા લાકડાની ચંપલ ફેંકવામાં આવી હતી.

૧૯૭૭માં એક યુવાન રાજકારણી સુરેશ કલમાડીએ પૂણેમાં તત્કાલીન વડા પ્રધાન મોરારજી દેસાઈ પર કથિત રીતે પગરખાં ફેંક્યા હતા. તે દેસાઈને ચૂકી ગયો હતો, પરંતુ તેમની કારને ટક્કર મારી હતી.

૨૦૧૦માં એક પોલીસ અધિકારીએ સ્વતંત્રતા દિવસ સમારોહ દરમિયાન જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા પર જૂતાં ફેંક્યા હતાં. આ અધિકારી આ વિસ્તારમાં ભારતીય શાસનનો વિરોધ કરી રહ્યો હતો.

દિલ્હીના તત્કાલીન મુખ્ય મંત્રી અરવિંદ કેજરીવાલે ૨૦૧૬માં દિલ્હીનો ટ્રાફિક જામ ઓછો કરવા માટે ઓડ-ઇવન યોજના લાગુ કરી તેના વિરોધમાં એક કાર્યકર્તાએ તેમના પર જૂતાં ફેંક્યા હતાં. ૨૦૧૯માં, નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદ દરમિયાન એક વ્યક્તિએ ભાજપના સાંસદ જીવીએલ નરસિમ્હા રાવ પર જૂતાં ફેંક્યા.

હતાશ લોકો જૂતાં કેમ ફેંકતા હશે? તેનું કારણ પગ અને પગરખાં વિશેની સાંસ્કૃતિક માન્યતાઓમાં છે. તેને શરીરનો સૌથી ગંદો હિસ્સો માનવામાં આવે છે. ત્યાં સુધી કે આપણે જે હાથથી શૌચક્રિયા કરીએ છે તે હાથની સરખામણીમાં પણ પગ ગંદા ગણાય છે. પગ સામાજિક વ્યવસ્થાનું પણ પ્રતીક છે. 'પગની જૂતી' એવો એક હિન્દી વાક્ય પ્રયોગ છે.

કોઈ વ્યક્તિને તેનું કનિષ્ઠ સ્થાન બતાવવું હોય તો 'તું તો મારા પગની જૂતી છે' એવું કહેવામાં આવે છે. જે લોકો નીચલી જાતિના છે અથવા સામાજિક વ્યવસ્થામાં તળિયે છે તેઓ પગ અને પગરખાં સમકક્ષ છે તેવો પણ અર્થ અભિપ્રેત છે.

જે લોકો સત્તામાં હોય, જેમ કે રાજકારણીઓ, તેઓ ભ્રષ્ટાચાર, અન્યાય અને સરકારની નિષ્ફળતાથી લોકોના આક્રોશનો ભોગ બનતા હોય છે અને 'તમે ના-લાયક છો' તેવું સાબિત કરવા માટે તેમની પર જૂતાં ફેંકવામાં આવે છે.

એમાં શારીરિક હિંસા પહોંચાડવા કરતાંય વધુ તો પોતાના 'ઈગો'ને મજબૂત કરવા માટે અને સામેની વ્યક્તિને અપમાનિત મહેસૂસ કરાવવાનો ઈરાદો હોય છે. એટલા માટે જ જૂતાં ફેંકવાની મોટાભાગની ઘટનાઓમાં તે લક્ષ્ય ચુકી જાય છે. એટલા માટે જ, સુપ્રીમ કોર્ટની આ ઘટનાના બીજા દિવસે વકીલ રાકેશ કિશોરે તેના કૃત્યને ઉચિત ઠેરવતાં કહ્યું કે તેને દૈવી પ્રેરણા થઇ હતી અને તેને તેનો કોઈ પસ્તાવો નથી. કદાચ પસ્તાવો તો આખા ભારતને થવો જોઇશે. ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# વૈશ્વિક પડકારો વચ્ચે આપણા અર્થતંત્રના વિકાસમાં વિશ્વાસ વધી રહ્યો છે...

**આપણી બજારોમાં રોકાણ માટે વિશાળ તકો હોવાનું નાણાં પંચના અધ્યક્ષે જણાવ્યું તો ભારતીય બજારોમાં નાણાંની પ્રવાહિતા વધારવાનું પગલું રિઝર્વ બૅંકના ગવર્નરે ભર્યું છે. આને દેશના અર્થતંત્રમાં વધી રહેલો વિશ્વાસ ગણી શકાય...**

વૈશ્વિક સ્તરે ભલે કેટલી પણ હલચલ અને અનિશ્ચિતતા પ્રવર્તી રહી હોય, પણ એ બધા વચ્ચે ભારતીય અર્થતંત્ર સતત ગતિમાન રહ્યું છે, જેનો મહત્તમ યશ સરકારની વિકાસલક્ષી નીતિઓને જાય છે. આ સાથે દેશના નિયમનકારોને પણ જાય છે, ખાસ કરીને રિઝર્વ બૅંક ઓફ ઈન્ડિયાને, જેણે ટૅરિફના આક્રમણનો સામનો કરવામાં ભારતને સક્ષમ બનાવવા ખરાં સમયે ઉદાર નીતિઓ જાહેર કરીને ઈકોનોમીને વેગ આપવાનું મહત્ત્વનું અને મોટું કદમ ભર્યું છે. અલબત્ત, ટૅરિફ અને એચ-વનબી વિઝાનું પરિબળ ભારત માટે એક મોટા આંચકા સમાન છે તેમ છતાં તે ભારતીય ક્ષમતા અને ટેલેન્ટને નવેસરથી સજજ કરી રહ્યું છે. પછી એ બિઝનેસ ટેલેન્ટ હોય કે વિદ્યાર્થીઓની યંગ ટેલેન્ટ. એક જ આક્રમણથી ભારત ઉત્પાદન, નિકાસ, આયાત, સાહસિકતા, વગેરે મામલે આત્મનિર્ભર બનવા માટે વધુ જોશપૂર્વક સજજ થઈ રહ્યું છે. આ માટે આપણે ટ્રમ્પ સાહેબનો 'આભાર' જરૂર માનવો પડે.

આવા માહોલ વચ્ચે તાજેતરમાં ૧૫મા નાણાં પંચના અધ્યક્ષ એન.કે.સિંહે એક જાહેર કાર્યક્રમ દરમ્યાન કરેલી કેટલીક વાત પણ ધ્યાન આપવા જેવી છે. એમના અનુસાર દેશનો 'એપ્રિલ-જૂન ૨૦૨૫માં, વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર ૭.૮ ટકા સુધી ગયો હતો, જે અપેક્ષાઓ કરતાં વધુ હતો. ભારતીય રિઝર્વ બૅંક નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૬.૮ ટકાના જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ રાખ્યો હતો.'

ભારતના સુધરતાં જતા આર્થિક સંયોગો પર પ્રકાશ પાડતા નાણાં પંચના અધ્યક્ષે એમ પણ જણાવ્યું કે દેશનું વિશાળ સ્થાનિક ખાનગી બજાર રોકાણ, જાહેર-ખાનગી ભાગીદારી, વિદેશી ખાનગી રોકાણ અને આંતરિક સંસાધન એકત્રીકરણ માટે નોંધપાત્ર તકો પ્રદાન કરે છે.




## ભારતની આર્થિક શક્તિ

તાજેતરમાં દિલ્હીમાં યોજાયેલા ચોથા 'કૌટિલ્ય આર્થિક સંમેલન ૨૦૨૫'ના પ્રસંગમાં સિંહે આ આશાવાદ દર્શાવ્યો હતો. તેમના મતે આપણે એવા વળાંક પર છીએ જ્યાં ઘણા એ પ્રકારનાં પરિબળો પણ હાજર છે, જે આપણને આપણી સામે આવતાં અવરોધોને અસરકારક રીતે વટાવવામાં સક્ષમ બનાવશે. તેમણે નિર્દેશ કર્યો હતો કે ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર છે. તેનો મેક્રોઇકોનોમિક પાયો મજબૂત છે, અને તે વૈશ્વિક સ્તરે ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવાની દિશામાં આગળ વધે છે.

## વિકાસદરની ગતિ ને સિદ્ધિ

તાજેતરના આર્થિક ડેટાને ટાંકીને સિંહે રજૂઆત કરી હતી કે એપ્રિલ-જૂન ૨૦૨૫માં, વાસ્તવિક જીડીપી વૃદ્ધિ ૭.૮ ટકા સુધી વધી ગયો એ કોઇ નાનીસૂની સિદ્ધિ નથી. તેમણે ભાર મૂક્યો હતો કે ભારતની માળખાકીય સુધારા પ્રક્રિયા ઝડપી ગતિએ આગળ વધે છે. ગયા મહિને લાગુ કરાયેલા ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી)માં દૂરગામી ફેરફારો નાણાકીય બચતમાં અથવા વેપાર-ઉદ્યોગમાં વપરાશને વેગ આપશે, વ્યવસાય કરવાની સરળતામાં સુધારો કરશે, રોકાણકારોનો વિશ્વાસ મજબૂત કરશે અને ઉચ્ચ આર્થિક વૃદ્ધિમાં ફાળો આપશે. બાહ્ય પરિબળોની પ્રતિકૂળ અસરોને ઘટાડવામાં તે એક મહત્ત્વપૂર્ણ પરિબળ બની રહેશે. તેમણે ભારતના ઐતિહાસિક વિકાસ વલણો પર પણ પ્રકાશ પાડતા કહ્યું હતું કે ઘણા દાયકાઓથી ભારતનો સરેરાશ વાસ્તવિક વિકાસ દર સાડા ત્રણ ટકાની આસપાસ રહેતો હતો અને વસતિ બે ટકાથી થોડા વધુ દરે વધી રહી હતી પરિણામે માથાદીઠ આવકમાં માત્ર એક ટકાનો જ વધારો થયો હતો. સિંહે નોંધ્યું હતું કે વસતિ વૃદ્ધિ દર હવે એક ટકાથી નીચે છે અને વાર્ષિક આવક વૃદ્ધિ સાડા છ ટકાથી વધુ છે, માથાદીઠ આવક હાલમાં ૬ ટકાના દરે વધી રહી છે, જે ભૂતકાળની તુલનામાં છ ગણો વધારો છે. આ વૃદ્ધિ દરની તાકાત સૂચવે છે કે આ દાયકાના અંત સુધીમાં માથાદીઠ આવક બમણી થઈ શકે છે, જે તાજેતરના કોઈપણ અનુભવની સરખામણીએ એક નોંધપાત્ર સિદ્ધિ છે. તેમના મતે વિકાસનો દર સર્વસામાન્યપણે સાડાસાત ટકા આસપાસ જાળવી રાખવા માટે વાસ્તવિક માથાદીઠ જીડીપી સાડાસાત ટકાથી વધુ દરે વધવાની જરૂર પડશે.

## રિઝર્વ બૅંકનું ઉદાર અભિગમ સાથેનું લક્ષ્ય

બીજીબાજુ આ મહિનાના આરંભમાં રિઝર્વ બૅંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ પણ વિકાસદર માટે ઊંચો આશાવાદ જાહેર કરવા સાથે ઈકોનોમીમાં પ્રવાહિતા વધે, વિશ્વાસ વધે, કેપિટલ માર્કેટને વેગ મળે, રિઅલ એસ્ટેટ માર્કેટ, નાના-મધ્યમ એકમો, વગેરેને પણ રાહત મળે એવા પગલાં જાહેર કર્યા હતા. મોંઘવારીના મામલે રિઝર્વ બૅંક જાગ્રત અને સક્રિય છે, તેથી એ તેના લક્ષ્ય તરફ ધ્યાન આપી રહી છે, આ સાથે વિકાસનું લક્ષ્ય પણ તેના કેન્દ્રમાં છે.

રિઝર્વ બૅંકના લેટેસ્ટ પગલાંને પરિણામે આઈપીઓમાં અરજી કરવાનું વોલ્યુમ વધશે, કારણ કે રિઝર્વ બૅંકે આઈપીઓ ફાઈનાન્સની મર્યાદા વધારી છે, જેમાં રિટેલ રોકાણકારોને વધુ તક મળશે. લિસ્ટેડ ડેટ સિક્યોરિટીઝ સામે ધિરાણની મર્યાદા દૂર કરાતા આ સાધનોમાં પણ રોકાણ પ્રવાહ વધવાની આશા રહેશે.

આ ઉપરાંત શેરબજાર માટે જોરદાર કહી શકાય એવા કદમમાં શેર્સ સામે એક કરોડ રૂપિયા સુધીનું ધિરાણ આપવાની છૂટ જાહેર કરીને બજારનો ઈકિવટીમાં તેમ જ રોકાણકાર વર્ગમાં વિશ્વાસ અને ઉત્સાહ વધારી દીધો છે.

રિઝર્વ બૅંકે કેપિટલ માર્કેટ ઉપરાંત નાના-મધ્યમ એકમો તેમ જ ડેવલપર્સને પણ લાભ થાય એવી નીતિ જાહેર કરી છે. આ સાથે નવી શહેરી બૅંકો અને કોમ્યુનિટી બૅંકો માટે માર્ગ મોકળો કર્યો છે, જે પ્રવાહિતા વધારવામાં સરળતા ઊભી કરશે. કેપિટલની ઉપલબ્ધિને પણ સરળ બનાવશે. રિઝર્વ બૅંકે સસ્તી ફોરેન લોન્સથી સુવિધા આપીને દેશમાં ડૉલર પ્રવાહ વધે એવો માર્ગ પણ ઊભો કર્યો છે. આ સાથે તેને ગ્લોબલ લેવલે ધીમા વૃદ્ધિ દરની ચિંતા પણ વ્યકત કરી છે. અર્થાત્, ભારતે સમય-સંજોગો પ્રત્યે સાવચેતી પણ એટલી જ રાખવાની છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ક્રિસ્ટીનાની કમાલઃ મગજ અડધું, સિદ્ધિ બમણી

ક્રિસ્ટીના સેન્થહાઉસ એટલે જીવતોજાગતો મેડિકલ મિરેકલ. હા, જલદી માની ના શકાય એવો પ્રેરણાદાયી તબીબી ચમત્કાર.

ક્રિસ્ટીના સ્કૂલમાં હતી ત્યારે એને વારેવારે આંચકી આવે, દિવસમાં ૧૦૦-૧૫૦ વાર. ત્રીજા ધોરણની એ બાળકીનું નિદાન આવ્યું કે તે અત્યંત દુર્લભ રોગનો શિકાર બની હતીઃ રાસમુસેન એન્સેફાલીટીસ (Rasmussen's ઇન્સફાલીટીસ). જો ઝડપભેર ને ઉચિત સારવાર ના થાય તો એ નિશ્ચિતપણે આગળ વધે ને દર્દી માટે જીવલેણ બને. સતત આંચકી સાથે જીવાય નહિ ને સારવાર પણ એટલી જ જોખમી, ખર્ચાળ ને જટિલ. વિકલ્પ માત્ર બે હતા ને એકદમ સ્પષ્ટઃ તરફડીને જીવી ને મરવું કે સર્જરીનું જોખમ લેવું. સ્વાભાવિક છે કે માં-બાપ ચાન્સ લે જ.



અને ઓપરેશનમાં શું કરાયું? ૮ વર્ષની માસૂમના મગજના અડધા ભાગને દૂર કરવા માટે સર્જરી થઇ. આ ઓપરેશન પણ રોગની જેમ દુર્લભ. ખરેખર, આ ઓપરેશન વર્ષમાં ફક્ત ૧૦૦ વાર જ કરવામાં આવે છે. ક્રિસ્ટીના સેન્થહાઉસની માતા લીન કેટારો એકદમ હેબતાઈ ગઈઃ 'મેં પહેલાં ક્યારેય આવી સર્જરી વિશે સાંભળ્યું નહોતું. એક કિડની સાથે જીવી શકો છો, પરંતુ કોણે વિચાર્યું કે તમે અડધા મગજ સાથે જીવી શકો છો?'



સદ્ભાગ્યે, રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ન્યુરોસર્જન હોવા છતાં ઓપરેશનમાં ૧૪ કલાક લાગ્યા. રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર રહી ચૂકેલા ડૉક્ટર બેન કાર્સન બાળકો પર મગજના ભાગોને છૂટા કરવા માટેની જટિલ સર્જરીમાં માહિર હતા. આમ છતાં ડૉ. કાર્સન શસ્ત્રક્રિયાની આગલી રાત્રે ક્રિસ્ટીના સેન્થહાઉસના બેડ પાસે જઈને કરુણાસભર અવાજે બોલ્યા કે પ્લેયાસે તમે તમારી પ્રાર્થના કરજો અને હું મારી પ્રાર્થના કરીશ.

એક સમયે ડૉકટરો ચોક્કસપણે માનતા હતા કે ક્રિસ્ટીના મૃત્યુ પામશે. આઠ વર્ષની બાળકીને જીવન કે મરણની કેટલી ને કેવી સમજ હોય? પણ તે લેશમાત્ર હિમ્મત ના હારી. જાણે કઈ થયું જ ના હોય એમ એ જિંદગીમાં આગળ વધી. તે ફૂટબોલ રમે દિલથી, ને સ્કૂલની સંગીત-સ્પર્ધામાં હોંશભેર સહભાગી થાય.

અલબત્ત, ક્રિસ્ટીના સેન્થહાઉસ માટે સર્જરી પછીનું જીવન ખૂબ મુશ્કેલ હતું, દુષ્કર હતું, પીડાદાયક હતું. કહો કે જેણે તેના શરીરની ડાબી બાજુ લગભગ નકામી થઇ ગઈ હતી. પણ મન વજ્ર જેવું મક્કમ, ને વિચારો પોલાદથી ય મજબૂત, કુશળતા ગુમાવી દીધી હતી. પરંતુ આ બધાની દરકાર કર્યા વગર એ સંપૂર્ણપણે આગળ વધવા માંગતી હતી ને વધી પણ ખરી. પરિવાર, ડૉક્ટર્સ અને શિક્ષકોની ધારણાથી એકદમ વિપરીત તે અભ્યાસમાં ઝળકતી રહી.

એક સ્ટાર બોલર બનીને ઇંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયામાં ચમકી. તેની જીજીવિષા, હિમ્મત ને ઉત્સાહ ગજબનાક હતા. એટલે જ તેણે અનેક અવરોધોને સ્પષ્ટ નનૈયા છતાં ડ્રાઇવિંગ લાઇસન્સ મેળવ્યું, એ પણ ફેરફાર કરાવેલી કાર લઈને. ફક્ત ૧૭ વર્ષની ઉંમરે આ પરાક્રમ કર્યા બાદ એ શાંત ના બેઠી. આ બીમારી અને શસ્ત્રક્રિયા બાદ બહુ ઓછા દર્દી આગળ ભણતર ચાલુ રાખી શકે છે, પરંતુ ક્રિસ્ટીના સેન્થહાઉસ તો સ્કૂલનું શિક્ષણ પતાવીને યુનિવર્સિટીમાં ગઈ. પાંચ વર્ષના ગાળામાં તેણે ગ્રેજ્યુએશન જ પૂરું ન કર્યું પણ માસ્ટર્સની ડિગ્રી પણ મેળવી લીધી. સેન્થહાઉસ ગ્રેજ્યુએટ ડિગ્રી પૂર્ણ કરનારાં ફક્ત બે બાળકોમાંથી એક છે.

આખરે બક્સ કાઉન્ટી શાળાઓમાં શૈક્ષણિક સેવાઓ પૂરી પાડતી નોકરી શોધી કાઢી. અહીંથી તે અટકી નહિ. શારીરિક મુશ્કેલીને જરાય ગાઠ્યાં વગર જીવનમાં આગેકૂચ કરતી રહી. ક્રિસ્ટીના સેન્થહાઉસ પેથોલોજીસ્ટ બની.

કારકિર્દી જમાવવા મંડી. મગજનો જમણો અડધો ભાગ નહોતો પણ હામ, હિમ્મત ને હૃદય પૂરેપૂરા સાબૂત હતા. ૨૮મા વર્ષે પ્રભુતામાં પગલાં માંડ્યાં. હા, ૨૦૧૪માં ફ્રીલાન્સ લેખક અને શિક્ષણ સહાયક વિન્સ પેરાવેચિયા સાથે લગ્ન કરી લીધા. લગભગ એ જ વર્ષે પોતાની માલિકીનું ઘર પણ ખરીદી લીધું. ઔર જીને કો ક્યાં મંગતા હૈ?

એકદમ વિષમ સંજોગો, અવરોધ, પીડા અને અડચણો વચ્ચેય ક્રિસ્ટીના સેન્થહાઉસ આ બધું કેવી રીતે કરી શકી? ક્રિસ્ટીનાનો જીવન કે સફળતાનો મંત્ર ટૂંકો, સરળ, સ્પષ્ટ ને જાદુઈ છેઃ હું કોઈ સંજોગોમાં સર્જરી મને રોકે એવું ઇચ્છતી નહોતી. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ધરતી પર જોયો નહીં તો આભ પર દૃષ્ટિ કરી અંતે ઊંચે મસ્તકે મારે નમન કરવું પડ્યું...

ગઝલની શરૂઆત ગુફ્તગૂથી થાય છે. ગઝલની મૂળભૂત વ્યાખ્યા એ છે કે પ્રિયતમા સાથેની વાતચીત પરંતુ ક્યારેક કુતૂહલ થાય છે કે એ વાતચીત શું હશે! એ વાતચીત પહેલાં બોલકું મૌન પથરાયું હશે! એ વાતચીત પહેલાં ભાષાની પણ જે ભાષા છે એ સ્પર્શની ભાષા માત્ર બે જ જાણે અને માણે એમ પ્રકટી હશે. પ્રિયતમ પ્રિયતમાની ખૂબ નજદીક આવ્યો હશે. શબ્દના પંખીઓ હોઠ પર માંડ ફફડતા હશે ત્યાં તો ઊઠી પણ જતા હશે. પરંતુ ઊડતાં ઊડતાં એ પંખીના થોડાંક પીછાં પડ્યાં હોય, થોડાક ટહુકાઓ વેરાયા હોય એ વીણીને પ્રિયતમ વાત કરવાનો પ્રયત્ન કરતો હશે ત્યારે એનો એક લય હશે, એક સંગીત હશે અને એમાંથી ગઝલ રચાઈ હશે એવી એક સાચી પડે એવી કલ્પના કરવાનું મન થાય છે.

ગઝલની વાત કરીએ તો કહી શકાય ગઝલ એટલે હૃદયના સ્પંદન અને શબ્દનું સંવનન. ગઝલ એટલે પ્રિયતમ જ્યારે વાત કરતો હોય ત્યારે પ્રિયતમાના લજ્જાથી નમી પડેલાં પોપચાં. જો કે, પોપચાં નમવાની પણ એક રીત હોઈ શકે છે, એક શૈલી હોય છે, એક ઇબાદત હોય છે, પોપચાં અધખૂલ્લાં પણ હોઈ શકે છે. પોપચાં ભારે પણ હોય છે તો કમળ જેમ ખૂલે અને ખીલે પણ છે. ગુજરાતની ગઝલમાં છ દાયકા સુધી સતત મૂલ્યવાન પ્રદાન કરી ગયેલા આપણાં લોકલાડીલા શાયર અમૃત ઘાયલ આવા નમી ગયેલા નયનની વાત કેવી રીતે કરે છે તે નોંધવા જેવું છે.

***લજ્જા થકી નમેલી પાંપણ મને ગમે છે***
***ભાવે છે ભાર મનને, ભારણ મને ગમે છે***

આપણાં આધુનિક ગઝલકાર આદિલ મન્સૂરીએ ગઝલ ક્યારે શરૂ થઈ તેની વાત કરતા કહેલું છે કે જ્યારે જગતમાં પ્રેમની શરૂઆત થઈ હશે ત્યારે




ગઝલની રજૂઆત થઈ હશે, જુઓ આ શેરઃ

***જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે***
***ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે.***
***ઊતરી ગયા છે ફૂલના ચહેરા વસંતમાં,***
***તારા જ રૂપરંગ વિશે વાત થઈ હશે.***

આમાં પણ વાત થઈ હોવાનું કહેવાયું છે. આમ ગઝલ એ શારીરિક છે, માનસિક છે પણ ગઝલ ત્યાં જ અટકતી નથી. આશિક અને માશૂકનો પ્રેમ જ્યારે વિસ્તરીને પરમ પ્રિયતમ પરમાત્મા સુધી જાય છે ત્યારે ગઝલ એના ઊંચા અર્થમાં આધ્યાત્મિક પણ હોય છે. જેને ગઝલની જબાનમાં ઈશ્કે-હકીકી કહેવાય છે.

ગઝલનો જન્મ અરબીમાં પણ એ ગઝલના સાચા સ્વરૂપે પ્રસ્થાપિત થઈ ફારસીમાં. આમ ઈરાનની આ રમણીય સુંદરી ભારતમાં પ્રથમ ઉર્દૂમાં અને પછી ગુજરાતીમાં સોળે કળાએ ખીલી છે. ગુજરાતી સાહિત્યને ઈટલીનું સૉનેટ જેમ ફળ્યું તેમ ઈરાનની આ ગઝલ પણ ફળી. કોઈ રખે માને કે આ કોઈ અનુકરણ કે અનુરણનું પરિણામ છે. અમુક જ વિષયના કિલ્લામાં પુરાઈ રહેવાને બદલે ગુજરાતી ગઝલે ભાવ અને ભાવનાના અનેક શિખરો સર કર્યાં છે અને ગઝલ



કેવળ પ્રિયતમા પૂરતી સીમિત રહેવાને બદલે માનવતાનો મજનૂ થઈને માનવતારૂપી પ્રિયતમાને પણ આરાધે છે. વિષયનો કોઈ છોછ નથી. અભિવ્યક્તિના કોઈ બંધન નથી. આ કાવ્ય પ્રકારમાં આંચકો આપ્યા વિના સંસ્કૃત અને અંગ્રેજી શબ્દો ફારસી-ઉર્દૂ શબ્દોની પંગતમાં ગોઠવાઈ શકે છે.

ઐતિહાસિક દૃષ્ટિએ ગુજરાતી ગઝલનો પ્રારંભ ભલે કલાન્ત કવિ બાલાશંકર કંથારિયા, મણિલાલ દ્વિવેદી અને કલાપીથી કહેવાય, પણ આપણે ત્યાં ગઝલનો પહેલો વળાંક શયદાથી આવ્યો. ગઝલ ફક્ત શબ્દોની આતશબાજી નહીં પણ શયદા કહે છે તેમ :

ગઝલ શયદાની સાદી સાવ છે
પણ છે મનન માટે

શયદા સાહેબ સાથે અનેક ગઝલકારો હતા જેમણે ગઝલના નવા રૂપરંગને નિખાર આપવામાં, ગઝલની કાયાપલટ કરવામાં અને એક નવી શૈલી વિકસાવવામાં મહત્ત્વું પ્રદાન કર્યું છે. મરીઝ, અમૃત ઘાયલ, શૂન્ય પાલનપુરી, બેફામ, સૈફ એ મહત્ત્વનાં નામો છે જેનાથી ગુજરાતી ગઝલમાં બીજો વળાંક આવ્યો. મરીઝે તો બે પંક્તિમાં ગઝલનું હાર્દ સમજાવ્યું :

***હો ગુર્જરીની ઓથ કે હો ઉર્દૂની મરીઝ***
***ગઝલો ફક્ત લખાય છે દિલની જબાનમાં***

જેમ માણસને કાળના તબક્કામાંથી પસાર થવું પડે છે એવું જ માનવસર્જિત કાવ્યસ્વરૂપનું થાય છે. ગઝલ કેટલાય તબક્કામાંથી પસાર થઈ છે અને વર્ષોથી કાયાપલટ-માયાપલટ થતી રહી છે. શેખાદમ આબુવાલા, આદિલ, મનહર, ભગવતીકુમાર શર્મા, મનોજ ખંડેરિયાથી મુકુલ ચોક્સી અને શોભિત દેસાઈ સુધી આપણને અનેક ગઝલકારો મળ્યા, ગઝલ ગહન થતી ગઈ. રાજેન્દ્ર શુક્લ કહે છે તેમ :

***કીડી સમી ક્ષણોની આ આવજાવ શું છે***
***મારું સ્વરૂપ શું છે મારો સ્વભાવ શું છે***

આમ ગુજરાતી ગઝલનો આછો નકશો જોયા પછી એના સ્વરૂપ અને સ્વભાવની વાત કરીએ. આપણે તો વાત કરવી છે ગઝલની ઈબારતની એટલે કે એની શૈલીની પરંતુ ગઝલ ફક્ત ઈબારતથી બની શકે નહીં એને માટે જરૂરી છે અદા, છટા અને ચોટ સાધવાની શક્તિ પણ. પ્રિયતમાના અંદાજની વાત કરીને ગાલિબે ગઝલના અંદાજની વાત કરી છે. જાન લઈ લે એવી એક એક અદા એટલે ગઝલ

***બલા-એ-જાં હૈ 'ગાલિબ' ઉસકી હર બાત***
***ઈબારત ક્યા, ઈશારત ક્યા અદા ક્યા***

ઈબારત એટલે શૈલી, ઈશારત એટલે પ્રતીક-સંકેત અને અદા એટલે છટા. આ ત્રણ હોય તો ગઝલ બને. પ્રેમની દાસ્તાન પ્રભાવશાળી શૈલીમાં પ્રકટ ન થાય તો પરિણામ આવે નહીં. વિચારોની આપલે તો ગદ્યમાં પણ થઈ શકે છે, પરંતુ વિશિષ્ટ પ્રભાવ માટે જ કવિતાનો જન્મ થયો છે. શૈલી, પ્રતીક અને અદાના રંગોની મિલાવટથી કલ્પનાચિત્ર રજૂ થાય તો ભાવ સૌંદર્ય ઊપસે છે. શબ્દ અને અર્થ સાથે યોજાતા પ્રતીકો વર્ણ્ય વિષયના શીલને અને શૈલીને યથાર્થ રીતે પ્રગટ કરે છે. અભિવ્યક્તિની તાકાત અને તાજગી હોય તો સૌન્દર્ય-બોધ અને બોધ-સૌન્દર્ય થાય છે. કવિ ગમે તેટલો સિદ્ધહસ્ત હોય તો પણ દુનિયામાં કદી કોઈને ન આવ્યો હોય એવો વિચાર પેદા કરી શકતો નથી. કવિતામાં નાવીન્યનો અર્થ એ છે કે કવિ બીજાઓ કરતાં વધુ અસરકારક રીતે કોઈ વિચાર રજૂ કરે અથવા સ્પષ્ટ શૈલીમાં રજૂ કરે. જેમ કે બેફામનો એક શેર :

***ધરતી પર જોયો નહીં તો આભ પર દૃષ્ટિ કરી***
***અંતે ઊંચે મસ્તકે મારે નમન કરવું પડ્યું***

ગઝલકારમાં મસ્તી હોય તો જ ગઝલનો મિજાજ બને, ગઝલનો રંગ તગઝ્ઝુલ બને. ગમે તેટલા કલ્પતોથી મિજાજ બને નહીં. મરીઝના બે શેર જુઓઃ

***આવીને આંગળીમાં ટકોરા રહી ગયા***
***સંકોચ આટલો ન કોઈ બંધ દ્વાર દે***

ન માંગ એની પાસે ગજાથી વધુ જીવન, એક પળ એ એવી દેશે, વિતાવી નહીં શકે.

ગઝલના અંદાજે-બયાંનો દોર ચાલુ રહેશે. ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# કોણ કેટલો ધનવાન છે એના આધારે એનું મૂલ્ય ન અંકાય...

થોડા દિવસો અગાઉ સોશ્યલ મીડિયા પર અભિનેતા આમિર ખાનનો એક વીડિયો જોયો, જ એમાં તેણે પૈસાના અને પૈસા કમાવાના સંદર્ભમાં ખૂબ સરસ વાત કરી હતી.

એ વીડિયોમાં સવાલ કર્યો હતોઃ 'પૈસા શું છે?'

એનો જવાબ તેણે જ આપ્યોઃ 'જરૂરત.' અને પછી કહ્યુંઃ 'ખરેખર વિચારીએ તો પૈસા માત્ર કાગળ છે. આ દસ રૂપિયાની નોટ, આ પાંચસો રૂપિયાની નોટ,આ એક લાખ રૂપિયાનો ચેક... એ બધા કાગળ જ છે, પણ આપણે એમાં મૂલ્ય આપ્યું છે, વિશ્વાસ આપ્યો છે, અને એ વિશ્વાસથી જ દુનિયા ચાલે છે. પણ સવાલ એ છે કે શું પૈસા માણસની કિંમત નક્કી કરે છે?'

આમિર ખાને એ વીડિયોમાં આગળ કહ્યું કે 'ઘણા એવા લોકો હોય છે, જેઓ ખૂબ જ બુદ્ધિશાળી હોય છે, ટેલન્ટેડ હોય છે અને બીજી પણ કમાલની ક્વોલિટી ધરાવતા હોય છે, પણ સિસ્ટમમાં ફિટ ન થવાને કારણે એ પૈસા કમાઈ શકતા નથી. એટલે એનો અર્થ એ નથી કે એવા માણસોની કિંમત ઓછી છે. તેમનામાં એક નહીં, આઠ-દસ કમાલની ક્વોલિટી મળશે. એવા માણસો હોય છે જેમનામાં બહુ કમાલની ક્વોલિટી હોય છે, પણ એ પૈસા કમાવાનું નથી જાણતા. કેટલાક માણસો અદ્ભુત કલાકાર હોય છે, કોઈને ખૂબ સારું લખતા આવડે છે, કોઈને વિચારો વ્યક્ત કરવાનું ફાવે છે, કોઈને બીજાને માર્ગદર્શન આપતા આવડે છે, પણ એ લોકોને પૈસા કમાતા આવડતું નથી. હું પણ એવા ઘણા માણસોને મળ્યો છું. હું ક્યારેય માણસને એ રીતે ક્યારેય જજ નથી કરતો કે આ માણસ કેટલું કમાઈ રહ્યો છે? કે આ માણસ કમાઈ રહ્યો છે કે નહીં? કોઈ માણસને માત્ર તેની કમાણીના આધારે જજ કરવો, તેની આવકના આધારે તેનું મૂલ્યાંકન કરવું એ સમાજની સૌથી મોટી ભૂલ છે.'

આમિર ખાનની આ વાત સાથે મોટા ભાગના લોકો સહમત નહીં થતાં હોય અને બાહ્ય રીતે સહમત થાય તો પણ તેમની માનસિકતા તો લોકોનું મૂલ્ય પૈસાને આધારે જ આંકવાની હશે. જે લોકો પૈસાને બાજુ પર રાખીને માણસનું મૂલ્ય આંકી શકે એવા માણસો લઘુમતિમાં છે એ કડવી વાસ્તવિકતા છે.

આજના સમયમાં માણસની કિંમત એના બૅંક બેલેન્સથી મપાય છે. મોટા ભાગના




લોકોને લાગે છે કે જે માણસ વધારે કમાય છે તે વધુ બુદ્ધિશાળી છે, પરંતુ હકીકતમાં બુદ્ધિ અને સંપત્તિનો સીધો સંબંધ નથી. ઘણા માનસિક રીતે ગરીબ હોય એવા માણસો કરોડપતિ કે અબજપતિ બની જતા હોય છે અને ઘણા વિચક્ષણ માણસો આજીવન સંઘર્ષ કરતાં રહે છે. અનેક વાર એવા કિસ્સાઓ બહાર આવ્યા છે કે જેમાં કોઈ નામાંકિત ક્રિકેટરના ક્રિકેટના સટ્ટાખોરો સાથેના સંબંધની વાત બહાર આવે અને પછી જે-તે ક્રિકેટરને સસ્પેન્ડ કરવાનું નાટક થાય કે કેટલાક કિસ્સાઓમાં ક્રિકેટરને ક્રિકેટક્ષેત્રમાંથી તગડી મુકાય, પણ એવા ક્રિકેટર્સની 'ફેસ વેલ્યૂ' પણ અકબંધ રહે છે. તેમની લાઇફસ્ટાઇલમાં કશો ફરક પડતો નથી અને લોકો પણ તેને ક્યાંય જાહેરમાં જુએ તો તેની સાથે ફોટો પડાવવા કે સેલ્ફી લેવા દોડી જાય છે!

આનાથી વિપરીત રીતે, ડિમોલિશન મેન તરીકે જાણીતા થયેલા ગોવિંદ રાઘો ખૈરનાર જેવા અત્યંત પ્રામાણિક અધિકારીને રાજકીય નેતાઓ કોરાણે મૂકી દે ત્યારે પબ્લિક તેમને ભૂલી જાય છે. ખૈરનાર નિવૃત્ત થયા પછી ડિપ્રેશનમાં સરી પડ્યા હતા ત્યારે તેમના વિષે જાણવામાં પબ્લિકને રસ પણ રહ્યો નહોતો! સ્વામી વિવેકાનંદએ કહ્યું હતું,'માણસનું સાચું ધન તેનું જ્ઞાન છે, તેનામાં રહેલી કરુણા છે, પૈસા તો માત્ર સાધન છે.' એ જ રીતે રવીન્દ્રનાથ ટાગોરે પૈસા અને સંપત્તિના સંદર્ભમાં કહ્યું હતું, 'સંપત્તિ માણસને આર્થિક રીતે સમૃદ્ધ નહીં બનાવે, માણસનો આત્મા જ એને વાસ્તવમાં સાચો ધનિક બનાવે છે.'

જોકે મોટા ભાગના માણસોને આવાં વાક્ય વાંચવામાં કે ટાંકવામાં જ ગમે છે. બાકી એ પૈસાને જ સર્વસ્વ ગણીને જીવતા રહે છે. મોટા ભાગના માણસોને આત્મા-ફાત્મામાં રસ નથી હોતો. તેમના માટે આત્મા કરતાં પૈસાનું મૂલ્ય વધુ હોય છે. કેટલાય માણસો પૈસા કમાવા માટે આત્માને ગીરવે મૂકવા કે વેચવા માટે તત્પર થઈ જતાં હોય છે!

તમે એવા કિસ્સાઓ જોયા જ હશે (કે અનુભવ પણ કર્યો હશે) કે કોઈ માણસ શ્રીમંત બની જાય એ પછી તેનું મૂલ્ય વધી જાય. અને એવા ઘણા શ્રીમંતો તેના ગરીબ કે મધ્યમવર્ગી રહી ગયેલા સગાંસંબંધીઓને તુચ્છ ગણતો થઈ જાય. અને એવો માણસ કોઈ સગાંસંબંધીઓને ત્યાં પ્રસંગમાં હાજરી આપવા જાય તો પણ એ રીતે વર્તતો હોય છે કે જાણે તેણે જે-તે સગાં કે સંબંધીના પ્રસંગમાં હાજરી આપીને ઉપકાર કર્યો હોય!

કોઈ માણસ પાસે કેટલા પૈસા છે તેના આધારે તેનું મૂલ્ય ન આંકવું જોઈએ. માણસને માત્ર તેની કમાણીના કે સંપત્તિના આધારે તેનું મૂલ્યાંકન કરવાની ભૂલ ન કરવી જોઈએ. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# યે મેરા પ્રેમપત્ર પઢકર...યાદથી ફરિયાદ સુધી!

**ટાઇટલ્સઃ પત્ર અને પાત્ર, ઉઘડે પછી જ સમજાય. (છેલવાણી)**

અરુણાગિરી વકીલ હતા પણ એમને 'અમેરિકાનાં પ્રેસિડન્ટ'થી માંડીને શહેરનાં 'મ્યુનિસિપલ કમિશનર' સુધી દરેકને 'ખુલ્લા પત્રો' લખવાની આદત એટલે લોકો એમને 'ઓપન-લેટર અરુણાગિરી' કહેતા. પાછા એ બધા ફરિયાદનાં પત્રો, મિત્રોને પરાણે વાંચી સંભળાવતા. અરુણાગિરીને હંમેશાં થતું કે દુનિયાનાં અત્યાચારો કે અન્યાયોને આપણે ક્યાં સુધી ને શાને ચૂપચાપ સહીએ છીએં?

એકવાર અરુણાગિરીને બસ-સ્ટેન્ડ પર મિત્ર ક્રિષ્નન મળ્યા તો એણે પૂછ્યું :

'અરુણાગિરીજી, કઇ બાજુ?'

'હિન્દુ' અખબારની ઓફિસે. એક ફરિયાદનો પત્ર આપવાનો છે.'

ક્રિષ્નને પરબીડિયું જોઈને પૂછ્યું, 'લેટર ટુ ધી એડિટર? આજે પેપરના તંત્રીને ચર્ચા-પત્ર લખી માર્યો?'

'ચર્ચા-પત્ર નથી. એક પત્રની કોપી આપીશ. ઓરિજનલ તેજાબી પત્રમાં તો મેં ડાયરેક્ટ વડા પ્રધાનને લખ્યું છે કે- સંસદમાં, શેરીનાં કૂતરાંઓ સાચવો!'

'શું પી.એમ.ને પત્ર?'

'હાસ્તો, મારાં ઘરની આસપાસ આખી રાત કૂતરાંઓ ભસે છે ને કાન પાકી જાય છે. એટલે જ ફરિયાદ-પત્ર પી.એમ.ને લખી મોકલ્યો છે. જવાબ નહીં આપે તો યુ.એન.ઓ.ને લખીશ!'

'ભલે ભલે, પ્રેમા દીકરી મજામાં છેને?', ક્રિષ્નને પૂછ્યું.

'પ્રેમા ભણવામાં-સ્પોર્ટ્સમાં તો અવ્વલ આવે છે પણ આજકાલ બિચારીની તબિયત જરા ખરાબ રહે છે.'

'કેમ... શું થયું?'

'સતત માથાનો દુઃખાવો. ચશ્માંના નંબર દેખાડ્યા.. માઇગ્રેન પણ નથી.'

'કોઈ સ્પેશ્યાલિસ્ટ ડો.ને દેખાડોને?'

'સ્પેશ્યાલિસ્ટો તો બસ પૈસા લૂંટે. ડોક્ટરોની ખૂલ્લેઆમ લૂંટ અંગે પણ મેં આરોગ્ય મંત્રીને એક પત્ર લખ્યો છે.'કહીને અરુણાગિરી ગર્વથી મલક્યો.

'દોસ્ત, માથાનાં દુઃખાવાને જરા ગંભીરતાથી લો... મારા એક ઓળખીતા ડો. અગ્રવાલ છે- ન્યુરોલોજીસ્ટ. એમને દેખાડીએ.'


'ના ...હવે. આખો દિવસ વાંચ વાંચ કરે તે માથું દુઃખે. એની મેળે મટી જશે.'

સાંજે ક્રિષ્નનની પત્ની લલિતાએ કહ્યું, 'અરુણાગિરીની વાઇફ ઉમાએ ફોન કરેલો કે પ્રેમા દિવસે-દિવસે નબળી પડતી જાય છે. પેલા ડો. અગ્રવાલને દેખાડીએ તો?'

'આજે જ મેં અરુણાગિરીને કહ્યું પણ એમને તો સ્પેશ્યાલિસ્ટો પર ભરોસો જ નથીને!'

'એમને છોડો, હું ઉમાને સમજાવીશ. ડો. અગ્રવાલની અપોઈન્ટમેન્ટ લઇ લો.'

'હા પણ પાછા અરુણાગિરી મને ગાળો આપતો પત્ર રાષ્ટ્રપતિજીને લખી ના મારે!' ક્રિષ્નને હસતાં



હસતાં કહ્યું.

બીજા જ દિવસે, ઓફિસમાં ક્રિષ્નનને પત્નીનો ફોન આવ્યોઃ 'જલ્દી સફદરજંગ હોસ્પિટલમાં પહોંચો.' ક્રિષ્નન ત્યાં પહોંચ્યો ત્યારે ત્યાં આઈ.સી.યુ.માં પ્રેમાની લાશ પડી હતી.

'આ બધું શું થઈ ગયું?' ક્રિષ્નને પૂછ્યું,

'પ્રેમા સ્કૂલમાં બેભાન થઈ ગયેલી પણ અહીંયા એનું ઈમર્જન્સી ઓપરેશન કરવા આવેલા ડોક્ટરને અચાનક એક અર્જંટ ફોન આવ્યો કે 'સંસદમાં કોઇ મંત્રીની છાતીમાં દુઃખાવો ઉપડ્યો છે.' એટલે ડોક્ટર, પ્રેમાને પડતી મૂકીને સંસદ જવા દોડ્યા. હોસ્પિટલની ઘોર બેદરકારીને કારણે જ છોકરી ગઇ!', લલિતાએ કહ્યું.

ત્યારે ત્યાં હાજર ડોક્ટરે કહ્યું,' સોરી, અમારી બેદરકારી નથી. છોકરીને જન્મજાત હૃદયમાં કોરોનરી સમસ્યા હતી તો મા-બાપે આટઆટલાં વરસ ધ્યાન કેમ ના આપ્યું? આ એમની ભૂલ છે. એને દાખલ કરી ત્યારે જ એ મરી પરવારેલી.'

'ના! સ્કૂલના ડોક્ટરે કહ્યું છે કે પ્રેમા, હોસ્પિટલ પહોંચી ત્યારે જીવતી હતી. તમારા ડોક્ટર ફરજ ભૂલીને સંસદ ભાગી ગયા. ઓકે?' લલિતાએ કહ્યું.

પ્રેમાની મા ઉમાએ પોક મૂકી...પણ અરુણાગિરી કોઇ બેજાન પૂતળાંની જેમ ઊભા હતા. ક્રિષ્નને એમના ખભા પર હાથ મૂક્યો ત્યારે 'ઓપન લેટર' અરુણાગિરી બબડ્યા, 'જો..જો.. હું.. હું..વ..વ..વડાપ્રધાન અને દરેકે દરેક છાપાં-મેગેઝિનોને આ હત્યા વિશે સણસણતો 'ફરિયાદનો પત્ર' લખીશ..જે મારો 'અંતિમ પત્ર' હશે!'

બે દિવસ પહેલા 'વિશ્વ પોસ્ટ દિવસ' હતો ત્યારે ઈન્દિરા પાર્થસારથીની તમિળ વાર્તાનો આ અંશ, મનમાં હજારો સર્પનાં દંશ આપી જાય છે.

**ઇન્ટરવલઃ**

**તેરે ખત આજ મૈં, ગંગા મેં બહા આયા હૂં,**
**આગ બહતે હુએ પાની મેં લગા આયા હૂં. (કૈફી આઝમી)**

આજનાં સોશ્યલ મીડિયાના જમાના પહેલાં દિવાળીમાં ગ્રીટિંગ્સ કાર્ડ કે પ્રેમપત્રો કે આક્રોશ, ફરિયાદ કરતા પત્રો લખવાની એક પ્રથા હતી. લડવૈયા બુદ્ધિજીવીઓ કે સાચા સમાજસેવકોના તેજાબી પત્રોથી સંસદમાં સરકારો હલી જતી. જનતા સડક પર અને સત્તા ખુરશી પરથી ઊતરી જતી.

જોકે પત્રો હંમેશાં લેખકો, વિચારકો, નેતાઓ માટે સોલિડ સશક્ત માધ્યમ રહ્યું છે. ગાંધીજી, ૪ વાગે બ્રહ્મ-મૂહુર્તમાં ઊઠીને બ્રહ્મચર્ય પર ઉદ્યોગપતિ ઘનશ્યામદાસ બિરલાજીને લાંબો લેખ, પત્ર રૂપે લખતા ને છેલ્લે તા.ક.- નોંધ મૂકતાઃ 'આશ્રમના છાપરા માટે ૧૦,૦૦૦ રૂ. મોકલજો!' સામે બિરલાજી સાવ ટૂંકો પત્ર લખતાઃ

'પૂ. બાપુ, બ્રહ્મચર્ય વિશે જાણ્યું. પૈસા મોકલાવું છું.'

એ જમાનામાં લોકો કેવા ભોળા ને નવરા હશે કે લાંબા-લાંબા પ્રેમપત્રો લખતા ને વરસો બાદ પણ પૂરાવા રૂપે વગોવાઇ જવા માટે મૂકી જતા! વિશ્વ-વિખ્યાત લેખક હેન્રી મિલરે, પ્રેમીકા-મિત્ર અનૈસ નીનને કમાલના શૃંગારિક કે સ્ફોટક-અંગત પત્રો લખેલા, જે હેન્રીની નવલકથાઓનાં કાચી સામગ્રી સમા હતા. નેહરુજીએ જેલમાંથી પુત્રી ઇંદિરાને અદ્ભુત પત્રો લખેલાં અને 'ડિસ્કવરી ઓફ ઈન્ડિયા' જેવો યાદગાર ગ્રંથ મળ્યો. લોની નામના બ્રિટીશ ઇતિહાસકારના લોર્ડ માઉંટબેટન વિશેના ૨૦૧૭ના પુસ્તકમાં નેહરૂજી અને એડવીના માઉંટબેટન વચ્ચેના પ્રેમપત્રોનો પણ ઉલ્લેખ છે. થોડા વરસ અગાઉ શેક્સપિયરે લખેલા લવલેટર્સ મળી આવેલા! હવે પ્રેમીઓ મોબાઈલ પર મેસેજ કે વીડિયો કોલથી વાત કરી લે છે એટલે બીજાની કવિતાઓ લખીને પ્રેમિકાને જલદીથી ફસાવી શકાતી નથી.

ગુજરાતીનું ઉત્તમ ગીત, પત્રરૂપે છે. શહેરમાં ગરીબ ને અંધ માતાને ભૂલી ગયેલા દીકરાને મા કરુણ

કાગળ લખે છેઃ 'આંધળી માનો કાગળ!'

ઘણાં પત્રો આપણને રડાવી શકે, હલાવી નાખે તો ક્યારેક એકાંતમાં મલકાવી મૂકે.

**એંડ-ટાઇટલ્સઃ**

**આદમઃ મારો પ્રેમપત્ર મળ્યો?**
**ઈવઃ નીચે નામ તો બદલ્યું હોત!** ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# સ્વાર્થ ક્યાં-કેટલો-કેવી રીતે ડોકિયાં કરે…

**જીવનમાં** ઘણી બાબતો સારા વાંચનથી સમજાય છે. એ વાંચન જીવન ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કવિશ્રી બાલાશંકર કંથારિયાની અત્યંત આદર મેળવનારી ‘ગુજારે જે શિરે’ કવિતામાં બહુ સુંદર તત્ત્વદર્શન થાય છે. કવિતાની પ્રત્યેક કડીમાં ફિલસૂફી છલકાય છે. આ અદ્ભુત કવિતામાં એક કડી આવે છે કે ‘અરે ! પ્રારબ્ધ તો ઘેલું, રહે છે દૂર માંગે તો, ન માગ્યે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે.’ એમાં જે ‘ન માગ્યે દોડતું આવે’ પંક્તિનો સાક્ષાત્કાર ઢગલાબંધ લોકોને એકથી વધુ વખત થયો હશે. કોઈ વ્યક્તિ કે કોઈ પરિસ્થિતિ આપણી નજીક પણ ન ફરકે એવી ઈચ્છા આપણે રાખી હોય ત્યારે એ જ વ્યક્તિ કે એ જ પરિસ્થિતિ આપણી આસપાસ ચકરાવો લેતી, આપણી સામે દાંતિયા કરતી નજરે પડતી હોય છે. હું પણ એનો અનુભવ કરી ચુકી છું, અનેક વાર અને સુનિતા સોનાવાલાના પુનરાગમને એનો ફરી એકવાર પરચો થયો.

જૂઠાબોલી સુનિતાએ યેનકેન પ્રકારે ‘સાચાબોલા જુઠાલાલ’માં ફરી પોતાની ભૂમિકા તો મેળવી લીધી, પણ નાટકના બધા કલાકારોએ આપસી સમજૂતીથી કામ સિવાયની દરેક બાબતે એનાથી અંતર રાખવાનો નિર્ણય સર્વાનુમતે લીધો હતો. એને ઘરે સાથે રહેવા માટે જગ્યા આપી એનો કેવો અકળાવનારો અનુભવ મને થયો હતો એ વાત કોઈથી અજાણી ન હોવાથી વિશેષ કરીને મને ‘સુનિતાથી દૂર રહેવામાં જ શાણપણ છે’ એમ ગાઈ વગાડીને કહેવામાં આવ્યું હતું. હું પણ આ વાત સાથે સહમત હતી અને એટલે એનાથી અંતર રાખીને જ રહેતી હતી. જોકે, પેલી કાવ્ય પંક્તિ અનુસાર ન માગ્યે દોડતું આવે જેવો ઘાટ મારી સાથે થયો.

વાત એમ હતી કે અમારા નાટકના શો ચાલી રહ્યા હતા એ દરમિયાન થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર આવી રહી હતી. નાટકના કલાકારો ખાણીપીણી - પાર્ટીના શોખીન જીવ. અકબર ઈલાહાબાદીની અમર રચના ‘હંગામા હૈ ક્યૂં બરપા થોડી સી જો પી લી હૈ’ મોટાભાગના કલાકારના જીવનનો અભિન્ન હિસ્સો રહ્યો છે. દર વર્ષની જેમ આ વખતે પણ પાર્ટીનું પ્લાનિંગ થઈ ગયું. જોકે, આ વખતે હતું એવું કે બીજા જ દિવસે એટલે કે પહેલી જાન્યુઆરીએ અમારે નાટકનો શો લઈ અમદાવાદ જવા રવાના થવાનું હતું. એટલે પાર્ટીના હેંગઓવર અંગે સાવધ રહેવાનું હતું. આ બધી વાતો મગજમાં દોડાદોડ કરી રહી હતી ત્યાં અચાનક સુનિતા મારી પાસે આવી અને મને વિનંતી (જેમાં આગ્રહ વધારે હતો) કરવા લાગી કે,

‘મહેશ્વરી બહેન, થર્ટી ફર્સ્ટની પાર્ટી કર્યા પછી હું તમારે ત્યાં જ રોકાઈ જઈશ, કારણ કે બીજે દિવસે આપણે બોરીવલીથી જ ટ્રેન પકડવાની છે. એટલે મને અનુકૂળતા રહેશે.’

મને મનમાં વિચાર આવ્યો કે આ બાઈ પોતાની અનુકૂળતાના ઢોલ પીટી રહી છે, પોતાની સગવડનો વિચાર કરી રહી છે. પણ હદ કહેવાય કે રોકાવું છે મારા ઘરમાં પણ એનું રોકાણ મને અનુકૂળ - પ્રતિકૂળ છે કે મને અગવડ પડશે કે નહીં એનો વિચાર સુધ્ધાં નથી કરી રહી. માણસનો સ્વાર્થ ક્યાં, કેટલો અને કેવી રીતે ડોકિયાં કરશે એ સમજી નથી શકાતું. સુનિતા મારી સાથે વાત કરી હતી ત્યારે જતીન કાણકિયા અને બીજા કલાકારો બધું સાંભળી રહ્યા હતા. એ જરા આઘીપાછી થઈ ત્યાં બધા મને કહેવા લાગ્યા કે ‘મહેશ્વરી બહેન, ભૂલનું પુનરાવર્તન નહીં કરતા. ચોખ્ખી ના પાડી દેજો.’ સાથી કલાકારોની મારા માટે કાળજી જાણી અને આનંદ થયો પણ સાથે સાથે મને સુનિતાના બાલિશ સ્વભાવ પર હસવું પણ આવી રહ્યું હતું. હળાહળ જુઠ્ઠું બોલી મને મુશ્કેલીમાં મૂક્યા પછી મારી પાસે જ આશ્રય માગવાની હિંમત



આ સ્ત્રી કરી રહી હતી એ વાતનું મને અચરજ થઈ રહ્યું હતું. ‘દૂધનો દાઝેલો છાશ પણ ફૂંકી ફૂંકીને પીએ’ એ કહેવત અનુસરી ‘ના, જરાય ચિંતા ન કરશો. હું એને ના પાડી દઈશ’ એવી હૈયાધારણ મેં સાથી કલાકારોને આપી.

એટલે સુનિતા પાછી મારી પાસે આવી મારી સામે પ્રશ્નાર્થ નજરે જોવા લાગી એટલે હું સમજી ગઈ કે મારે ત્યાં રાત રોકાઈ જવા માટે મારા આમંત્રણની એ રાહ જોઈ રહી છે. જોકે, મેં એને સાફ શબ્દોમાં કહી દીધું કે ‘હું તો પાર્ટીમાં આવવાની નથી અને રાત્રે મારી દીકરીના ઘરે રોકાવા જવાની છું. એટલે તું તારી વ્યવસ્થા કરી લે.’ મારા આવકારની અપેક્ષા રાખતી સુનિતા મારો જવાબ સાંભળી સહેજ ચોંકી ગઈ ખરી, પણ ઊંડે ઊંડે એને મારો નકાર આવશે એનો અંદાજ તો હશે જ. ‘વાવે તેવું લણે અને કરે તેવું પામે’ કહેવત એ જાણતી હતી કે નહીં એ ખબર નહોતી, પણ એનો અનુભવ ચોક્કસ લઈ રહી હતી.

નવા વર્ષના પ્રથમ દિવસે અમારો કાફલો ઊપડ્યો ગુજરાતની ટૂર કરવા. અમદાવાદ અને બીજે કેટલેક ઠેકાણે શો કરી અમે એકાદ મહિના બાદ પાછા ફર્યા. જોકે, મુંબઈ આવ્યા પછી એ નાટક બંધ થઈ ગયું જેનો અણસાર તો આવી જ ગયો હતો. રંગભૂમિ પર કેટલાક વર્ષ ગાળ્યા પછી પ્રેક્ષકોનો પ્રતિસાદ અને અન્ય વાતચીતના આધારે નાટક કેટલી મજલ મારશે એનો અંદાજ આવી જતો હોય છે, એની કોઠાસૂઝ કલાકાર - કસબીઓમાં આવી જતી હોય છે. જરૂર નથી કે દર વખતે અનુમાન સાચું પડે, પણ ખ્યાલ જરૂર આવી જાય છે.

અલબત્ત, મારા જીવનની વાત કરું તો રંગભૂમિ પર ભજવાતાં નાટકોનું વહેણ કઈ દિશામાં કેટલું આગળ વધશે એનો જેમ ખ્યાલ આવી જતો હતો એ જ રીતે અંગત જીવનમાં પણ વળાંક આવશે, કશુંક બદલાઈ જશે એનો અણસાર મને આવી જતો. મોટેભાગે મારી ધારણા - અનુમાન સાચા સાબિત થતા હતા. ક્યારેક આનંદ થતો પણ મોટેભાગે વ્યથા જ થતી. જોકે, ક્યારેય હું વ્યથાથી ભાંગી નથી પડી. દીકરાના આગ્રહથી એના નવા ઘરમાં રહેવા તો આવી ગઈ, પણ બધું બરાબર નથી એવું મને સતત લાગી રહ્યું હતું. ના, દીકરા તરફથી કોઈ કરતા કોઈ સમસ્યા નહોતી. એને તો મારા માટે અફાટ લાગણી હતી, આજની તારીખમાં સુધ્ધાં એ અકબંધ છે, પણ…

પણ એ હવે પરણી ગયો હતો. નોકરી માટે તેને એક મહિનો મુંબઈના ઘરમાં અને એક મહિનો બહાર રહેવું પડતું હતું. એની પત્ની પણ નોકરી કરતી હતી. દીકરો જેવો એક મહિના માટે બહાર જાય એટલે એની પત્ની પિયરમાં રહેવા ચાલી જતી. જોકે, ઘરમાં એકંદરે એવું વાતાવરણ હતું કે આજે નહીં તો કાલે, મારે આ ઘરમાંથી નીકળી જવું પડશે એવું લાગતું હતું. આખરે એ દિવસ આવી ગયો. દીકરાનો ફોન આવ્યો અને ઔપચારિક વાતચીતને બદલે બોલ્યો કે ‘મમ્મી, તું ચેરી (મારી દીકરી દર્શના)ના અંધેરીના ઘરે રહેવા જતી રહે.’ મેં સામે એક હરફ ઉચ્ચાર્યો નહીં, એક સવાલ ન કર્યો કે ખુલાસો ન માગ્યો કે કેમ મને ઘરમાંથી નીકળી જવા કહે છે? ‘હા, હું જતી રહીશ’ એટલું કહીને ફોન મૂકી દીધો. પત્ની માટે માને દરવાજો દેખાડવો પડે એ આધુનિક સમાજ વ્યવસ્થાનું લક્ષણ છે એ હું સમજતી હતી. આમ પણ ઘર છોડવું એની જીવનમાં મારા માટે કોઈ નવાઈ નથી રહી. કવિશ્રી બાલાશંકર કંથારિયાની કવિતાની ગુજારે જે શિરે તારે, જગતનો નાથ તે સહેજે, ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે! પંક્તિઓ ગણગણી લીધી અને મનમાં હળવાશનો અનુભવ થયો.

અને હું દીકરી ચેરીના ઘરે રહેવા જતી રહી. હવે શું કરવું એવો વિચાર કરી રહી હતી ત્યાં ગુજરાતી ફિલ્મો, ટીવી સિરિયલ અને નાટકોની અત્યંત જાણીતી અને આદરણીય અભિનેત્રી રાગિણીનો મને ફોન આવ્યો કે ‘મહેશ્વરી બહેન…’

## વાઘજીભાઈ ઓઝાઃ રંગભૂમિના ઓલરાઉન્ડર

મોરબીના બ્રાહ્મણ બંધુઓ વાઘજીભાઈ તથા મૂળજીભાઈ આશારામ ઓઝાએ ગુજરાતી વ્યવસાયી રંગભૂમિની આર્ય સુબોધ નાટક મંડળીના નામ આગળ ‘મોરબી’ શબ્દ ઉમેરી મોરબી આર્ય સુબોધ નાટક મંડળીના નવા નામે નાટ્ય પ્રવૃત્તિ શરૂ કરી હતી. નાટકના માધ્યમથી દર્શકોને મનોરંજનની સાથે કોઈ સંદેશો મળે, બોધપાઠ મળે એવા આશય સાથે આ કંપનીએ કાઠિયાવાડ અને ગુજરાત તથા મુંબઈમાં નાટકની ભજવણી કરી અફાટ લોકપ્રિયતા મેળવી હતી. આ સફળતા અને વિશાળ લોકચાહનાને પગલે મોરબી આર્ય સુબોધ નાટક મંડળીએ ગુજરાતી રંગભૂમિના ઇતિહાસમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરી લીધું. એ સમયમાં બ્રાહ્મણ યુવાનો આ મંડળીમાં નાટક કરવા ખૂબ જ ઉત્સાહિત હતા. તેમણે નાટકોમાં પ્રયોગ કરવા ઉપરાંત એક મહત્ત્વનું કામ એ કર્યું કે તત્કાલીન રંગભૂમિ પર જોવા મળતી બિભત્સતા અટકાવવા બનતી બધી જ કોશિશ કરી. મંડળીમાં નિયમિતતા, નટ માટે સંગીત તાલીમ આવશ્યક અને ધાર્મિક અથવા ઐતિહાસિક નાટકોની જ ભજવણી કરવાની જેવી બાબતોને પ્રાધાન્ય આપવામાં આવ્યું. વાઘજીભાઈ ખરા અર્થમાં ઓલરાઉન્ડર હતા. કંપનીના માલિકની જવાબદારી સંભાળવા ઉપરાંત તેમણે નટ, લેખક અને દિગ્દર્શક તરીકે જવાબદારી પણ ઉપાડી લીધી અને એમાં સફળતા સુધ્ધાં મેળવી. વાઘજીભાઈએ ભજવેલા નાટકોમાં ‘ભર્તૃહરિ’ વિશેષ આદર પામ્યું હતું. એના નાટ્ય તત્ત્વથી પ્રભાવિત થઈને કે પછી અન્ય કોઈ કારણસર નાટકમાં વાઘજીભાઈ ભર્તૃહરિના પાઠમાં શુદ્ધ સોનાનો અછોડો પહેરી અભિનય કરતા હતા. નાટકને મળેલી પારાવાર સફળતાથી અનેક લોકોને વૈરાગ્ય થયો હોવાની નોંધ છે. વડોદરા નરેશ સયાજીરાવે તેમના નિવાસમાં વાઘજીભાઈના નાટકોની ભજવણી કરી મોટી ધન રાશિ આપી બહુમાન કર્યું હતું. વાઘજીભાઈના અન્ય નાટકમાં ‘ચાંપરાજ હાડો’, ‘ત્રિવિક્રમ’ અને ‘ચંદ્રહાસ’ મુખ્ય છે. ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# સ્વાર્થી વૃત્તિ આપણા ડીએનએમાં લખી છે?!

‘કોઈ કોઈનું નથી રે …’ આવું ક્યારેક કોઈ વડીલ બોલતું હોય છે. દરેક માણસ બેસીને સુવે છે. આંખ બંધ કરીને કૂદકો તો કોણ મારે? અંધારું હોય કે અજવાળું, પહેલો કોળિયો તો સ્વમુખ તરફ જ વળે. માણસની આ ફિતરત છે-જન્મજાત પ્રકૃતિ છે કે એને પહેલો વિચાર પોતાના વિશે આવે છે. પોતાને જે વિચાર આવે એ જ સાચો લાગે છે. પોતાના ખોટા વિચારનો છેદ પણ એ પોતાના સાચા લાગતા બીજા વિચાર થકી કરે છે. માણસ કરશે પોતાનું જ પહેલા. એરલાઇન્સમાં એવી સૂચના આપવી યથાર્થ છે ખરી કે ‘દુસરો કી સહાયતા કરને સે પહેલે અપના માસ્ક પહેલે પહેન લે…’ એરલાઇન્સમાં માણસો બેસે છે ને એ પહેલાં પોતાનું જ કરવાના. માણસ એકંદરે સ્વાર્થી પ્રાણી જ છે. નીટ સ્વાર્થ નરી આંખે ન દેખાય એટલા માટે એણે સમાજ વ્યવસ્થા અને દુનિયાદારીની નીતિઓમાં અમુક રીતરસમો એવી નાખી છે કે માણસ બીજા જીવ વિશે વિચારતો હોય એવી હવા બનેલી રહે. સાવ ઘમાસાણ ન મચે માટે આવા તત્કાલીન દંભો થોડા થિંગડા મારી દેતા હોય છે.

માણસ ભીખ શું કામ આપે છે? કારણ કે દસ રૂપિયા આપીને એ તો વાહન લઈને આગળ નીકળી જાય છે પણ પોતે સારો માણસ છે એની ફીલિંગ એને મળે છે. એ બીજાની પીડા જોઈ શકતો નથી માટે એ દાન કરે છે. જેટલા પણ દાતાઓ અને દાનેશ્વરીઓ છે જે પોતાના દાનનો હિસાબ બધે સામેથી મોકલતા રહે છે એ પરમાર્થે કરે છે કે પ્રસિદ્ધિ માટે કરે છે? ઓકે. બધા દાતાઓ એકબીજાની ઝેરોક્સ જેવા ન હોય. અમુક ગુપ્તદાનની પ્રથામાં માનતા હોય, પણ એ કોઈને મદદ કરવા પાછળ જરૂરતમંદની પીડા ઓછી થાય એ કારણ છે કે પોતે ખુદ તકલીફ જોઈ શકતા નથી અને અત્યારે સક્ષમ છે માટે ટેકો આપવા ગયા છે એ કારણ છે.

ફિલ્મ ‘જોલી એલએલબી-થ્રી’માં એક વકીલ ભારતના સૌથી ધનાઢ્ય વ્યક્તિનો કેસ ન લઈને એક ગરીબ બાઈનો કેસ લે છે ત્યારે પેલી ધનાઢ્ય વ્યક્તિ તેને મોંમાગી રકમ ઓફર કરે છે. વકીલ એ અમીર ઇન્સાનને પૂછે છે કે તમારી સઘળી અસ્કયામતોની ટોટલ વેલ્યુ શું? જવાબ મળે છે - છત્રીસ હજાર કરોડ. વકીલ કહે છે કે મને અઢાર હજાર કરોડ આપી શકશો? કારણ કે તમારી સામે પડેલી જે સ્ત્રીનો કેસ મેં હાથમાં લીધો છે એની પાસે કુલ સંપત્તિમાં માત્ર બે બકરી હતી જેમાંથી એક એમણે આપી દીધી છે એટલે કે એની સંપત્તિના પચાસ ટકા!

એક સમયે રાજા રજવાડાઓ ખુશ થાય ત્યારે પ્રજાને દાન કરે. ભગવાન પણ પ્રસન્ન થાય




ત્યારે વરદાન આપવાની જાહેરાત કરે - એવી કથાઓ આપણે સાંભળી છે. અહીં દાનની વાતમાં મદદ અને સપોર્ટનો અર્થ અભિપ્રેત છે એ સમજવું. મુદ્દો એ છે કે જૂજ અપવાદ સિવાય સામાન્ય રીતે એક માણસ બીજાની મદદ ત્યારે કરે છે જ્યારે તે પોતે થોડો સક્ષમ હોય છે અને તેનો એવું કરવાનો મૂડ હોય છે. દુઃખી માણસને કોઈની મદદે દોડવાનું મન થતું નથી. પોતે તકલીફમાં હોય ત્યારે બીજાની મુશ્કેલી દૂર કરનારા કેટલા? ઘર બાળીને તીરથ કારનારા ઘણા સજ્જનોને તીર્થમાંથી એટલીસ્ટ આશીર્વાદ મળે તે લાલચ હોય છે. એમાં કંઈ ખોટું પણ નથી. કોઈની દુઆ કે શુભેચ્છા કે આશીર્વાદ મળે અને તેની કામના રાખવી માણસને ખરાબ નથી બનાવતી. પણ સ્વાર્થી માણસની પ્રકૃતિ તો આ જ રહી છે - સોદાબાજીની. સ્વાર્થ એના જીન્સમાં છે. જ્યારે એક સાંધતા તેર તૂટતા હોય ત્યારે પાડોશીના ત્રણસો ત્રણ તૂટી ગયા હોય તો પણ એને કુમક પહોંચાડવાનો વિચાર સુધ્ધાં નથી આવતો. અને આ તો આપણે આદર્શ સંજોગોની વાત કરી. રોજિંદી જિંદગીમાં તો સામે જોવાનો પણ કોની પાસે સમય છે? દિવાળી સિવાય આપણે બક્ષિસ પણ આપીએ છીએ શું? બીજા માણસના કામે આવવાની પણ સીઝન હોય છે, એની પણ અલગથી મૌસમ આવે છે, એનો પણ દરેક માણસનો વ્યક્તિગત મૂડ હોય છે.

થોડી પણ ભયભીત સ્થિતિમાં બીજા વિશે વિચારવાની પણ શક્તિ જતી રહે છે. માનવતા નેવે મુકાઈ જાય છે. દયા, કૃપા, પરોપકાર, મદદ જેવા સદગુણો ભસ્મ થઈ જાય છે. આ આપણે સૌએ જોયું છે ને અનુભવ્યું છે. કોરોનાકાળ દરમિયાન લોકોએ એકબીજાની પુષ્કળ હેલ્પ પણ કરી છે. તંત્ર આટલા કરોડો લોકોની સેવામાં પહોંચી ન શકે એટલે માણસો માણસોની મદદ કરીને એ સમય કાઢ્યો. પણ એ જ સમયે એવા પણ ઘણા કિસ્સાઓ સામે આવ્યા જેમાં માણસાઈ પડતી મુકાઈ ગઈ હતી. એવા હજારો લાખો ઉદાહરણો છે, જેમાં એક માણસે પોતાનું જ વિચાર્યું હોય અને બીજાને તગેડી મુક્યા હોય.

એવા અનેક ઉદાહરણોમાંથી એક અસલી કહાની અમૃતની : ‘ટેકિંગ અમૃત હોમ…’ અમૃત સિંઘ અને ચંદન કુમાર નામના બે મિત્રોની સાચી કહાની, જેમાંથી એક ગુજરી ગયો. અડધે રસ્તે તરફડીને મરી ગયો. કેમ? કારણ કે સાજાનરવા લોકોએ એ બંને મિત્રોને તગેડી મુક્યા હતા.

એકવીસ દિવસનું લોકડાઉન પડ્યું. કાપડની મિલો અનિશ્ચિત સમય માટે બંધ થઈ ગઈ. સુરતથી ઉત્તરપ્રદેશના ગામડા સુધી જવા માટે કોઈ ટ્રેન કે વાહન મળે એમ ન હતું. માંડ માંડ કરીને એક ટ્રકમાં છેક ઉપર બેસવાની જગ્યા મળી. ટ્રકમાં ઉપર બેસી બેસીને ઠંડી લાગતા તાવ આવ્યો. ટ્રકમાં નીચે બેઠા અને ઉધરસ આવી તો બીજા લોકોએ કોરોનાની બીકે બંનેને ઉતારી મુક્યા. હાઇ- વેની પાસેના ગામડાના લોકોએ પણ કોઈ મદદ ન કરી, માંડ પાણી પીવડાવ્યું. અમૃતને ઊંચકીને ચંદન કુમાર ચાલતો હતો. અમૃતના રસ્તામાં જ શ્વાસ ખૂટી થઈ ગયા…આ જ લેખને આધારે ‘હોમબાઉન્ડ’ ફિલ્મ બની, જે ભારત તરફથી ઓસ્કર માટેની ઓફિશિયલ એન્ટ્રી બની. આ જ ફિલ્મને કાન ફિલ્મ ફેસ્ટિવલના નવ મિનિટ લાંબુ સ્ટેન્ડિંગ ઓવેશન મળ્યું. આંખના ખૂણા ભીના કરી દેતી આ વાર્તા આપણાં મનમાં એ સવાલ ઉભો કરે છે કે મુશ્કેલીના સમયમાં ક્રૂર થઈ જતા આ સમાજનો આપણે ભાગ છીએ? આ માણસ છે? જો આવો મનુષ્ય હોય તો માણસ અને જાનવરમાં થોડીક વધારાની બુદ્ધિ સિવાય તો બીજો કોઈ ફેર જ નહીં ને? ■

કલોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

### મનનાં સુખ - શાંતિ માટે આ છે


# સાત સોનેરી સલાહ.!

**આજની ડિજિટલ ક્રાન્તિના પ્રતાપે આપણા અનેક પ્રશ્નના ઉકેલ હાથવગા થયા છે, પણ એ બધાની વચ્ચે આપણી મનની શાંતિ હણાઈ ગઈ છે, પણ આજના દૈનિક જીવનમાં મનની શાતા-શાંતિ માટે વનવાસ લેવાની જરૂર નથી. આપણા ઋષિમુનિઓથી લઈને આજના યુગના આરોગ્યશાસ્ત્રી તથા મનોવિજ્ઞાનીઓ અહીં દર્શાવે છે જીવન સરળ બનાવવાની ૭ ‘સેવન સ્ટાર’ જડ્ડીબુટી …**

**બ્રહ્માંડની** કોઈ અગોચર શક્તિ જેને આપણે કુદરત કહીએ છીએ એણે દરેક કાર્યનો એક નિયત સમય ગોઠવી રાખ્યો છે. એને આપણી અનુકૂળતાએ ગોઠવીએ છીએ.

જો કે, પ્રાણઘાતક કોરોના વાયરસ જેવી કટોકટી સર્જાય ત્યારે માનવીની માનસિક-શારીરિક અને આર્થિક સહિત બધી જ યંત્રણા ખોરંભે ચઢી જાય છે. એ વખતે લગભગ પ્રત્યેક માનવીની માનસિક સજ્જતા કેવી ગંભીર રીતે વેર-વિખેર થઈ જાય છે એનો અનુભવ આપણને બધાને થઈ ગયો છે.

સવા બે વર્ષની યાતના પછી આપણે બધા ધીરે ધીરે એમાંથી બહાર આવી રહ્યા છીએ, પરંતુ અગાઉની આપણી મૂળભૂત કુદરતી શાંતિ પાછી ફરી નથી. એ માટે આજે પણ બધા ઝઝૂમી રહ્યા છે.



પળે પળે પલટાઈ રહેલી આ ઝડપી જિંદગીમાં મનની પેલી આપણી ચિરપરિચિત નિરાંતને પુનઃ કેવી રીતે પ્રાપ્ત કરી શકીએ. છે એના કોઈ સચોટ ઉપાય?

હા, છે ચપટી વગાડતા જ હાથવગા થાય એવા નહીં, પણ ધીરજ સાથે એ દિશામાં પ્રયાસ કરવાથી એનાં સચોટ પરિણામ જરૂર મળે.

મનના આવાં સુખચેન માટે યોગાચાર્ય-આરોગ્યશાસ્ત્રના નિષ્ણાતોએ એનાં શ્રેણીબદ્ધ ઉપાય સૂચવ્યા છે. તનને તંદુરસ્ત કરવા-રાખવા શરૂઆત તો મનથી જ કરવી પડે અને જ્યારે મનની વાત આવે ત્યારે એને શાંત રાખવા માટે શ્વાસની ક્રિયા-પ્રક્રિયા ઝીણવટથી જાણવી-શીખવી પડે.

આમ જુઓ તો શ્વાસ લઈને હૃદયને ધબકતું રાખવાની ક્રિયા કોઈને શીખવવી નથી પડતી. એ તો માના ગર્ભાશયમાં પ્રાણ પુરાય ત્યારથી કુદરતે આપેલી દેન છે, પણ શ્વાસ આપોઆપ લેવાતા રહે પૂરતું નથી. આપણા ઋષિમુનિઓની શીખ મુજબ આપણે ખરી રીતે શ્વાસ-ઉચ્છવાસની ક્રિયા અમલમાં મૂકીએ તો અનેક રોગ-બીમારીને ટાળીને શાંતિમય લાંબું આયુષ્ય ભોગવી શકીએ..

આપણે આજની સાંસારિક-વ્યવસાયિક આધિ-વ્યાધિ ઉપરાંત પ્રાકૃતિક નિયમોની અવહેલના કરીને પેદા કરેલા પ્રદૂષણને લીધે અનેક મુસીબત જાણતા અજાણતા આપણે વહોરી લીધી છે. એ બધાં બંધનમાંથી મુક્તિ મેળવવા જરૂરી છે અમુક ચોક્કસ નિયમોનું પાલન..

જાણીતા આરોગ્ય નિષ્ણાતો અને બ્રીધિંગ એકસપર્ટસ એમનાં વિવિધ તલસ્પર્શી સંશોધન પછી સાતેક જેટલા નિયમ તૈયાર કર્યા છે, જેને અનુસરવા સરળ છે. એમના કહેવા અનુસાર આપણે રોજ સવારે એને અનુસરીએ તો આપણી કાર્યક્ષમતા વધવાની સાથોસાથ તબિયત પણ જરૂર ઝિંગાલાલા થઈ જશે.

આ છે ૭ સોનેરી સલાહના તબક્કાવાર અમલમાં મૂકવા જેવા નિયમ

**સોનેરી સલાહ ૧) :**

આપણાં પૌરાણિક શાસ્ત્રોમાં પરોઢનું - ખાસ કરીને બ્રહ્મ મુહૂર્તનું વિશેષ મહત્ત્વ છે. બ્રહ્મ મુહૂર્ત એટલે સૂર્યોદય પહેલાંનો દોઢ કલાક… આ સમય આરોગ્ય માટેશ્રેષ્ઠ ગણાય છે. આ વેળા વાતાવરણમાં પ્રદૂષણ ઓછું ને પ્રાણવાયુનું પ્રમાણ વધુ હોય છે. આવે વખતે સકારાત્મક વિચાર વધુ આવે છે, જે આપણી સર્જનાત્મક કાર્ય સક્ષમતા વધારે છે. ઊઠીને તરત જ તન - શરીરને ‘ભીનું’ કરવું જોઈએ એટલે કે પાણી પીવું જરૂરી છે. પાણી જો સહેજ ઊનું સતપ હોય તો વધુ સારું. ખાલી પેટે પીધેલું આવું પાણી તનમાં ચેતનાનો સંચાર કરે છે.

**સોનેરી સલાહ ૨) :**

આ સમયે ૧૦-૧૫ મિનિટ મેડિટેશન કરવું ધ્યાન ધરવું ઉપકારક નીવડે છે. આગલી રાતના આપણા વેરવિખેર વિચારોને પ્રાતઃકાળમાં એ મનના એક ખૂણે કેન્દ્રિત કરે છે-ચોક્કસ દિશા તરફ વાળી તન-મનને સાંકળી લઈ એ સકારાત્મક ઊર્જા પેદા કરે છે.

**સોનેરી સલાહ ૩) :**

આ ધ્યાન ધરવા દરમિયાન આપણા શ્વાસ-ઉચ્છવાસની ક્રિયા-પ્રક્રિયા એક પ્રકારનું સમતુલન રચે છે, જે શરીર માટે ઉપકારક છે. કહે છે કે સૈકાઓ પૂર્વે આપણા ઋષિમુનિઓ કે વૈદિક વિદ્યાના જાણકારો એમના શિષ્યોને પ્રાણાયામ અને ધ્યાન ધરવાની ૧૧૨થી વધુ રીત -પદ્ધતિ શીખવતા!

**સોનેરી સલાહ ૪) :**

કેટલાક નિષ્ણાત શ્વસન ક્રિયા માટે ૪-૭-૮ની ફોર્મુલા અજમાવવા કહે છે. હોઠ બીડીને ૧-૨-૩-૪નો આંક ગણીને શ્વાસ અંદર લો પછી સાતના આંક સુધી શ્વાસ રોકી રાખો ને ત્યારબાદ વારાફરતી આઠના આંક સાથે શ્વાસ છોડો-બહાર કાઢો શ્વાસ લેવા- છોડવાની આવી ૮ પ્રકારની ‘કસરત’ છે, પણ આ ૪-૭-૮નો વ્યાયામ સરળ અને સચોટ ગણાય છે.

આવી એક્સરસાઈઝ પછી હળવી શારીરિક કસરત પણ કરી શકાય. મન-તનનું આવું સંયોજન ફાયદાકારક નીવડે છે.

**સોનેરી સલાહ ૫) :**

આપણે બધા ખાસ કરીને આજની ‘જનરેશન ઝેડ’ એક ભૂલ અચૂક કરે છે. એ છે ઊઠતાંની સાથે જ મોબાઈલ ઊંચકીને વોટ્સ ઍપ જોવાં બેસી જવાની….સવાર સવારમાં આ વૃત્તિ-પ્રવૃત્તિ તમારા વિચારોને અસ્ત વ્યસ્ત કરી નાખશે. દિવસની તમારી કાર્યક્ષમતામાં એ છીંડું પાડશે. તમે પણ આવી આ ‘હની ટ્રેપ’માં સપડાતાં બચજો.

માની લીધું, દિવસ દરમિયાન તમે એક સાથે એકથી વધુ કામ કરી શકો છો. માની લીધું એમાં તમને બીજા કરતાં વધુ ફાવટ છે, પણ મનોચિકિત્સકોની વણમાગી સલાહ છે કે ‘મલ્ટિટાસ્કર મત બનો.’

ત્રણ-ચાર કામ ઉપરછલ્લાં કરવાં પછી મનોમન અફસોસ કરવો એનાં કરતાં એક કામ વધુ સારી રીતે સંપન્ન થાય એનાથી મનને વિશેષ સંતોષ પહોંચે છે. ‘બાવાના બેય બગડે’ એનાં કરતાં બાવાનું એક કામ થાય એ વધુ સારું!

**સોનેરી સલાહ ૬) :**

દિવસ દરમિયાન યાદ આવે એ રીતે આડેધડ કામ કરવાને બદલે આગલી રાતે કામની અગત્યતા મુજબ એક આગોતરી કાર્યસૂચિ બનાવી લો પછી એને જ તબક્કાવાર અનુસરો પછી જો જો, બધાં કામ સારી રીતે પતી પણ જશે અને વધારાનો સમય પણ ફાજલ મળશે.

**સોનેરી સલાહ ૭) :**

‘સૌથી પહેલાં મર્કટને પકડો..!’ એટલે કે છૂટ્ટો મૂકેલો વાંદરો ઊછળકૂદ વધુ કરે. એને પકડવો મુશ્કેલ છે માટે એને પહેલાં પકડી લો બીજા શબ્દોમાં કહીએ તો દિવસનું સૌથી અઘરું લાગતું કામ પહેલાં હાથમાં લો એ ‘પકડાઈ’ જશે તો બીજાં કામમાં ટેન્શન ઓછું ને એ બધાં વધુ સરળતાથી પાર ઊતરશે.

બાહ્ય અને આંતરિક ઊથલપાથલ વખતે મનને કઈ રીતે શાંત અને સમતુલ રાખી કાર્યક્ષમતા કઈ રીતે વધારવી એની આપણે જે અહીં દર્શાવી એવી ૭ સોનેરી સલાહ જેવા એવાં જ કેટલાંક ઉપાય-નિયમો સુનમ્યા માસુનો નામના એક જાણીતા બૌદ્ધ ભિક્ષુએ એમનાં ‘ડોન્ટ વરી’ પુસ્તકમાં વર્ણવ્યા છે. એ પણ કહે છે કે મન- શાંતિની શરૂઆત વહેલા જાગીને નાની નાની ટેવ જીવનમાં અપનાવી લેવાથી થાય છે. અશાંતિ નામના શત્રુનો વધ કરવો હોય તો પહેલો ઘા રાણાનો! ■




# જો બધા પહેલા નંબરે આવે તો બીજા નંબરે કોણ?

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

વેકેશન પડ્યું. મમ્મીઓ હાઈ એલર્ટ પર સ્વિમિંગ, કરાટે, ક્રિકેટ, ટેનિસ, ફૂટબોલ, આર્ટ, ક્રાફ્ટ, ડાન્સ, મ્યુઝિક, જીમ્નાસ્ટિક, સમર કેમ્પ અને બીજું આવું તો કેટકેટલું!

સવારે ૬ થી ૮, ૧૦ થી ૧૨ પ્રવૃત્તિ. ૧૨ થી ૪ ઘેર પ્લે ડેટ, સ્ક્રીન ટાઈમ, વીડિયો ગેમ વગેરે પ્રવૃત્તિઓ... સાંજે ૪ થી ૬ અને ૬ થી ૮ ફરી પાછી કોઈ પ્રવૃત્તિ આટઆટલી પ્રવૃત્તિઓ કરાવવા પાછળ મા-બાપની વૃત્તિ શું હશે?

તમને જાણીને આશ્ચર્ય થશે કે દોઢ બે વર્ષનાં બાળકો માટે પણ એક્ટિવિટીનાં ક્લાસ ચાલે છે. હજી તો માંડ બાળકો બોલતાં -ચાલતાં શીખ્યાં છે, જાતે કોળિયા કરી માંડ ખાતા આવડે છે એમને મેનર્સ/ એટીકેટ/ સેલ્ફ ગ્રુમિંગના ક્લાસ કરાવવાનાં...

બહેનપણીનો છોકરો બાસ્કેટબોલ રમે તો મારો કેમ રહી જાય?! પાડોશીની દીકરી ફોરેન જાય તો મારી કેમ ઘેર બેસે! આનલબહેનનાં તો ટ્વિન્સ અને બંને સ્વિમિંગ ચેમ્પિયન, તો મારું એકનું એક બાળક સ્ટેટ લેવલ સુધી તો પહોંચી જ શકે. ક્લાસમાં પહેલો નંબર આવે એના માટે મા-બાપ બાળકોને કેટલીયે લાલચ આપતા હશે કે મારઝૂડ કરતા હશે....?

બાળકો પાછળ ભણતર અને ઈતર પ્રવૃત્તિઓનાં જે પૈસા ખર્ચ કર્યા હોય તેનું વળતર એટલે પહેલો નંબર. બાળકને શાળાનાં પહેલા દિવસથી જ દબાણમાં રાખવાનો કે જો પાંચ લાખ ફી ભરી છે, પપ્પાએ પરસેવો પાડીને પૈસા કમાયા છે તો પહેલો નંબર તો લાવવો જ પડશે, ક્લબમાં ડાન્સ કોમ્પિટિશનમાં તો ભાગ લેવાનો જ ને, અને ભાગ લે તો પછી પહેલો નંબર તો આવવો જ જોઈએ ને!

આવી માનસિકતાવાળા લોકો આજની તારીખમાંય ઓછા નથી. બધાં પોતાનાં બાળકોને અતિશય હોશિયાર માને છે અને તેમની પાસેથી અપેક્ષાઓ પણ એવી જ રાખે છે.

ભણતર અને રમતગમતની હરીફાઈ ખેલદિલીથી આગળ વધીને કટ્ટરતા, જડતા અને પહેલા નંબરની ઘેલછા સુધી પહોંચી ગઈ છે. અને આના માટે જવાબદાર માત્ર અને માત્ર બાળકોનાં મા-બાપ છે એમ માનવું જ પડે. અત્યારનાં બાળકોને રમતા નથી આવડતું, ફક્ત નંબર લાવતા આવડે છે, કારણ કે મનના કોઈક ખૂણે એક માન્યતા ઘર કરી ગઈ છે રમવાનું, ભણવાનું કે જીવનમાં જે કંઈ કરીએ તેમાં પહેલો નંબર આવે તો જ અને તેના માટેની જ મહેનત કરવાની. જો નંબર ના આવે તો બીજી રમત શીખવાની અને તેમાં નંબર લાવવા એની પાછળ લાગી પડવાનું...જ્યાં સ્પર્ધા ના હોય, જ્યાં નંબર નથી લાવવાનો હોતો ત્યાં બાળકોને પણ મહેનત કરવાનું ઓછું મન થતું હોય એમ લાગે છે. (મા-બાપને પણ!) રિવોર્ડની લાલચે.

આજકાલ ટ્રેન્ડ એવો છે કે માતા - પિતા અને બાળકો બધાંય એક લાકડીએ હંકાય છે . આના કારણે જે બાળક રમતને માણી શકે છે, તે જે પ્રવૃત્તિ કરે છે તેમાં મન પરોવીને શીખવાનાં બદલે તે પહેલો નંબર કેવી રીતે લાવવો, બધાંથી આગળ કેવી રીતે નીકળી જવું, બીજાને હાંસિયામાં કેવી રીતે ધકેલી દેવા વગેરે પર ધ્યાન આપતો થઈ ગયો છે. સંગીત અને ડાન્સનાં રિયાલીટી શોમાં બાળક ઉંમર કરતાં ઝડપથી વધુ મોટું અને પાકટ થઈ જતું હોય એવું લાગે છે. નિર્દોષતાને જીવવાનાં વર્ષોમાં બાળક પહેલા નંબરનો સ્ટ્રેસ લઈને ફરે છે, કારણ કે એને એવું શીખવવામાં આવ્યું છે.

પહેલા નંબરનો દુરાગ્રહ રાખનાર બાળકોને સામાન્ય રીતે મોટા થઈને અનેક માનસિક તકલીફો પડી શકે છે, જેમકે કોઈ વાતે સમાધાન કરતા ના ફાવે, જીદ્દી સ્વભાવ બીજાને અને પોતાને નડ્યા કરે, કોઈને અનુકૂળ થઈને રહેવાની ભાવના નથી બચતી, કોઈનું સારું થતું ના જોઈ શકવું, સ્વાર્થી તેમજ સ્વકેન્દ્રી બની જવું, સતત અસલામતીની લાગણી થવી, પોતાની જાત પર વધુ પડતું અભિમાન હોવું વગેરે આ બધું ખરાબ કે સારું કરતા પણ રોજિંદા જીવનમાં સરળતાની જગ્યાએ મુશ્કેલી ઊભી કરનાર છે.

જે વ્યક્તિ સ્વભાવે સરળ હોય એ કોઈ પણ પરિસ્થિતિમાં ગોઠવાઈ જાય છે એવું બાળપણથી શીખવવામાં આવે તો મોટા થઈને એ બાળકો માટે સમાજમાં સાયુજ્ય સાધવું સહેલું થઈ જાય છે.

પહેલો નંબર ખરાબ નથી. દરેકે તેને પામવા માટે અથાગ પરિશ્રમ કરવો પડે છે, પરંતુ ગીતામાં કહ્યું છે તેમ 'કર્મ કર ફળની ઈચ્છા ના કર' અને આ જ નિયમ ભણતર, ગણતર, રમતગમત એમ બધા ક્ષેત્રે લાગુ પડે છે. મહેનત કરીએ તો શરત વિનાની કે ૧-૧૦માં નંબર ના આવે તો નાસીપાસ થયા વગર, હિંમત હાર્યા વગર હસતા મોઢે બસ, મહેનત ચાલુ રાખવાની. ઘણીવાર પ્રશ્ન એમ થાય છે કે જો બધાનાં છોકરાઓ પહેલો નંબર લાવે તો બીજો ત્રીજો કે પાંચમો કોણ લાવશે?! વિચારજો, પહેલાની કિંમત આ બીજા, ત્રીજા અને પાંચમાનાં કારણે જ તો છે. ટોચ પર ટકી રહેવું અઘરું છે. પહેલા નંબરની અપેક્ષા વિના બસ મહેનત સાથે કર્મ કરતા રહેવું એમાં જ મજા છે!

બોલો, તમે શું કહો છો? ■

# આવો, ગુજરાતની શાન એવા સાવજને મળીએ...

ટ્રાવેલ પ્લસ
કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

ગરવા ગિરનારમાં વરસાદની મહેકને માણવી, ભવનાથની ભૂમિ પરથી પ્રકૃતિને નિહાળવી, હરખમાં દોટ લગાવીને જતા વાદળો સાથે વાત કરવી, વર્ષાઋતુ પછી તરોતાજા જ ખીલી ઊઠેલા સાગડાઓ સાથે કુદરતની તાજગીને ગજવે ભરવા એથી રૂડું શું હોઈ શકે આ સમામાં? કાળાં ડિબાંગ વાદળો જાણે ગિરનારની આંખનું કાજળ બન્યા હોય એવું કંઈક દીસે એવો કુદરતી માહોલ દરેક ઉંમરના વ્યક્તિને એક અલગ જ સૂકુનભર્યા સૌમ્ય માહોલમાં લઇ જાય છે. હાલમાં જ સમગ્ર દેશમાં વન્ય પ્રાણી સપ્તાહ ઉજવાઈ ગયું જેમાં વન્યજીવો અને વન્યજીવનની જાળવણી માટેની જાગૃતિ દેશમાં ફેલાવવાનાં પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે જેનો હિસ્સો આપણે સહુ કોઈએ બનવું જ જોઈએ અને આપણી કુદરતી સંપદાને જાળવવી જ જોઈએ. આપણે ખરેખર નસીબદાર છીએ કે ૧૬૦૦ કિમી લાંબો દરિયા કિનારો, વિવિધ પ્રકારનાં જંગલોથી સજ્જ એવાં ચાર રાષ્ટ્રીય ઉદ્યાનો, ચાર જેટલી રામસર સાઈટ અને સમગ્ર વિશ્વમાં એકમાત્ર સ્થળે જેનું કુદરતી અસ્તિત્વ હોય એવા દેશનાં જ નહિ પણ આખા એશિયાના ગૌરવ સમા એશિયાઈ સિંહો આપણા ગુજરાતમાં ધરાવીએ છીએ. દર વર્ષે ૧૬ ઓક્ટોબરથી ગીર રાષ્ટ્રીય ઉદ્યાન જાહેર જનતા માટે ખુલ્લું મુકાય છે પણ આ વર્ષે આનંદની વાત એ છે કે ૭ ઓક્ટોબરથી જ હાવજને મળવાની તક ખુલ્લી થઇ છે. આ દિવાળીના વેકેશનની શરૂઆત થતા પહેલા જ આપણે વનરાજને મળવા માટેની પૂર્વ તૈયારીઓ આરંભી અને એના ઘર વિશે જાણકારી મેળવીએ. દેશના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મૂર્મુએ ગીરના રાજા સાથે હમણાં જ વાર્તાલાપ કર્યો.

એક સમયે સમગ્ર એશિયામાં ગર્જના કરતા એશીયાઇ સિંહોની વસતિ ધીરે ધીરે કરતા સમગ્ર વિશ્વમાંથી ખતમ થઇ ગઈ અને છેલ્લે સાસણ ગીરમાં આંગળીના વેઢે ગણી શકાય એટલી જ રહી ગઈ. જે તે સમયે સરકાર અને નવાબના સંરક્ષણનાં પ્રયત્નો અને સિંહ સાથે તાલમેલ મેળવીને જીવતા માલધારીઓના કારણે અહીં સિંહની વસતિ ફરી જંગલમાં ગર્જના કરતી થઇ અને છેક પાલિતાણા સુધી તો આ તરફ છેક ઊનાનાં દરિયા કાંઠા સુધી આજે સિંહની ડણક સંભળાય છે. વિશાળ ગિરનાર પહાડને ઘેરીને આવેલું કુદરતનું અદ્ભૂત જંગલ સાસણ ગીર ૧૪૧૨ ચોરસ કિમી વિસ્તારમાં અભયારણ્ય તરીકે અને ૧૧૫૩ ચોરસ કિમી રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે સંરક્ષિત છે. અહીં આજે ૮૯૧ કરતાં પણ વધારે સિંહ મુક્તપણે જંગલમાં મહાલતા જોવા મળે છે અને એને કુદરતી વાતાવરણમાં મહાલતા જોવાની તક ક્યારેય ન ચૂકવી. વિશ્વભરમાંથી પ્રકૃતિપ્રેમીઓ અહીં વનરાજની એક ઝલક જોવા માટે ઉમટી પડે છે. દર વર્ષે ચોમાસા દરમ્યાન દેશનાં દરેક રાષ્ટ્રીય ઉદ્યાનની જેમ જ ૧૫ મી જૂનથી ૧૫ ઓક્ટોબર સુધી ગીર રાષ્ટ્રીય ઉદ્યાન જાહેર જનતા માટે બંધ હોય છે. ૧૬મી ઓક્ટોબરથી રાબેતા મુજબ પાર્ક ખૂલે છે અને અહીં સફારી કરીને પાર્કનો આનંદ લઇ શકાય છે.

ગીરનાં જંગલોમાં ફરવું એટલે કુદરતી સંપદાને નજીકથી નિહાળવી. ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાત લેવા માટે સૌપ્રથમ વન વિભાગ દ્વારા સંચાલિત વેબસાઈટ - https://girlion.gujarat.gov.in/ પરથી સફારીનું બુકિંગ થઇ શકે છે. એ કરાવ્યા બાદ સાઈટ પર જ રજિસ્ટર્ડ ડ્રાઈવર્સના નંબર હોય છે જે મેળવીને જંગલનાં સફરે જઈ શકાય. વહેલી સવારે ૬ વાગ્યે, ત્યાર બાદ આઠ વાગે અને ત્યાર બાદ સાંજના સમયની સફારીના અલગ અલગ વિકલ્પ ઉપલબ્ધ છે. ખરા અર્થમાં જંગલનો માહોલ માણવો હોય તો સવારે છ વાગ્યાની સફારીમાં મુલાકાત લેવી વધુ યોગ્ય છે. ગીરનાં જંગલમાં પ્રવેશતાં જ વિવિધ પક્ષીઓ કલરવથી જ આપણું સ્વાગત કરીને એમની હાજરી નો પરિચય આપશે. અહીં આવીને આંખો અને કાન ખુલ્લા રાખવા એટલે ક્યાંક ઝાડની ઓથે સાવ ઝાડના થડને મળી આવતું ઘુવડ જોવા મળશે તો એવી જ રીતે કુદરતી માહોલમાં પોતાની જાતને ઢાળી દેતું વન દશરથિયું પણ જોવા મળશે. ક્યાંક વળી કોઈ ઊંચી ડાળના ટોચે સાપમાર ગરુડ દેખા દેશે તો વળી આમતેમ ઉડાઉડ કરતા દૂધરાજ આંખોને અલગ જ આનંદ આપશે. વિવિધ જાતના પક્ષીઓને માણવા માટે સમગ્ર ગુજરાત રાજ્યના પંથકમાં સાસણ ગીરથી સુંદર એક પણ જગ્યા નથી. થોડા આગળ વધો કે હિરણની કર્ણપ્રિય ધૂન સંભળાય અને એની આસપાસ વાંદરા કાન સરવા કરીને બેઠા હોય. હરણ એક સાથે ટોળાંમાં ચોતરફ નજર ફેરવીને એકદમ સચેત હોય એવાં જોઈ શકાય. અહીં હરણ અને વાંદરાઓ એકમેક સાથે મળીને એકબીજાનું અસ્તિત્વ ન જોખમાય એ રીતે જીવતા હોય છે. હરણાંની ઘ્રાણેન્દ્રિય







શક્તિ ખૂબ જ તીવ્ર હોય છે તો વાંદરાંઓની દ્રષ્ટિ ખૂબ જ સચોટ અને તીવ્ર હોય છે અને તેઓ છેક ઝાડની ટોચેથી દૂરથી આવતા ખતરાને પારખી શકે છે. વાંદરા જેવા દીપડા કે સિંહને જુએ કે એક અલગ જ પ્રકારના અલાર્મ કોલથી હરણાંઓને ચેતવણી આપે છે અને એ ચેતવણી સૂચક કોલથી હરણાંઓ સાવધ થઈ જાય છે અને બીજા હરણાંઓને પણ આવા જ કોલથી સચેત કરે છે. આ રીતે જ ક્યારેક વાંદરા જમીન પર બેધ્યાન થઈને ફરતા હોય અને હરણ સિંહ કે દીપડાને આવતો પારખી લે તો તેઓ પણ ચેતવણી સૂચક કોલ આપીને વાંદરાંઓને સચેત કરે છે અને વાંદરાઓ સુરક્ષિત સ્થળે જતા રહે છે. કુદરતની રચના કેટલી અદ્ભુત છે કે નાનામાં નાનો જીવ એકબીજાને મદદ કરીને શાંતિપૂર્વક આનંદમય જીવન જીવવાનો પ્રયાસ કરે છે જેમાં પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા સિવાયનો કોઈ પ્રકારનો સ્વાર્થ નથી હોતો. જીવનનાં ખરા પાઠ કુદરત અને વન્યજીવો આ રીતે જ શીખવી જાય છે. પક્ષીઓના કલરવથી જંગલ ગુંજે છે ઘુવડની આંખો, દૂધરાજની ઉડાન, સાપમાર ગરુડની નજર, હરણની સચેત ચાલ, વાંદરાઓના ચેતવણી કોલ કુદરત અહીં જીવંત છે. અહીં દરેક જીવ એકબીજાનું રક્ષણ કરે છે સ્વાર્થવિહિન સહઅસ્તિત્વનું અનોખું ઉદાહરણ.

જંગલના દરેક ખૂણામાં જીવન ટકાવી રાખવા માટે સંઘર્ષ જ મહત્ત્વનો છે. જેમ જેમ જંગલમાં આગળ ધપીએ એમ કુદરતી માહોલને સીધા જ મનમાં ઉતરતો અનુભવી શકીએ. રસ્તામાં સાવ જ સાદું જીવન જીવતા માયાળુ લોકોનાં નેસડાં દેખાય, આ એ જ માલધારીઓ છે જેની અમાન્યા સાવજ અને સાવજની અમાન્યા તેઓ જાળવે છે અને એકબીજાના સહ અસ્તિત્વમાં કુદરતી જીવનશૈલીથી જીવન જીવે છે. સાવજની વસતિ વધવામાં અને તેઓની સુરક્ષામાં આ માલધારી પ્રજાઓનો જ મુખ્ય ફાળો છે. જરા આગળ ધપીએ કે આખુંયે જંગલ તેના પર નભે છે એવો વિશાળ કમલેશ્વર ડેમ જોવા મળે. એક સમયે મગરમચ્છના અસ્તિત્વ સામે ખતરો હતો પણ વનવિભાગના પ્રયાસથી અહીં ક્રોકોડાઈલ બ્રીડિંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યું અને જોતજોતાંમાં હજારોની સંખ્યામાં મગર થઇ ગયા. આ જ ડેમમાં ઠેર ઠેર મગરમચ્છ જોવા મળે છે વળી ક્યારેક અહીં દીપડો કે સિંહ પણ સરળતાથી જોઈ શકાય તો વળી ક્યારેક વનરાજ સહપરિવાર ડેમનો આનંદ માણવા પણ ક્યારેક નીસરી પડે.

ગીરનો વૈભવ સદીઓ જૂનો છે અને ગુજરાતી લોકસાહિત્યમાં અલગ અલગ લોકબોલી, વિવિધ શૈલીથી કવિઓ - લેખકોની કલમે ખૂબ જ લખાયો છે અને સાવજને આપણી સંસ્કૃતિનું અવિભાજ્ય અંગ તરીકે સમાવ્યો છે. ક્યાંકને ક્યાંક અહીંનું લોકજીવન અહીંના વન્યજીવો અને વન્યસૃષ્ટિ સાથે જોડાયેલું છે અને એટલે જ એશિયાઈ સિંહો આ વિસ્તારને પોતાનો બનાવીને મોજથી જીવી રહ્યા છે. ઝવેરચંદ મેઘાણીએ સાવજની ડણકને સાહિત્યમાં ઉતારી છે તો ધ્રુવ ભટ્ટે અહીંનું જંગલ, લોકજીવન અને સંસ્કૃતિને આબેહૂબ રજૂ કરી છે તો વળી કવિ દાદે અહીંના વગડાને સરળ રીતે સમજાવ્યો છે જાણે આપણે ગીરને નિહાળતા હોઈએ. ઝવેરચંદ મેઘાણીની ચારણકન્યામાં નેસડામાં રહેતી કન્યાની બહાદુરી અને સાવજ પ્રત્યેનો એનો હકારાત્મક અભિગમ દર્શાવ્યો છે તો ધ્રુવ ભટ્ટ સાહેબની અકુપારમાં એક સરસ મજાનું દ્રશ્ય વર્ણવ્યું છે એવું મને આછુંપાતળું યાદ છે. સાંસાઈ રામજાનેને સંબોધીને કહે છે કે 'તારા બચોળિયા ને મારે કાંઈ નથ કરવું મા' અને ઝાંઝર ફેંકીને તેનું ધ્યાન ભટકાવે છે. આમ ગીરનું નામ ગુજરાતી સાહિત્યમાં અવિભાજ્ય છે. ઝવેરચંદ મેઘાણીએ ચારણકન્યામાં સાવજની ડણક ઉતારી, ધ્રુવ ભટ્ટે અકુપારમાં જંગલનો જીવંત ચિત્ર દોર્યો અને કવિ દાદે અહીંના વગડાને શબ્દ આપ્યા. આ ધરતી પર કુદરત, સંસ્કૃતિ અને માનવ સહ અસ્તિત્વનો અનોખો સંગમ છે.

જંગલનાં જાનવરોમાં નાનાં બચ્ચાઓનો ઉછેર કરવો સહુથી ચેલેન્જિંગ હોય છે એવું કહો તો ચાલે. જંગલમાં દરેક પ્રજાતિનાં કોઈને કોઈ દુશ્મન હોય છે પણ સિંહના આમ તો કોઈ જ દુશ્મન નથી હોતા એટલે જ એની જ પ્રજાતિથી એને ડર હોય છે. સિંહણનાં બચ્ચાં જન્મે કે સહુથી પહેલો ખતરો નર સિંહથી જ હોય છે બીજા સિંહના બચ્ચાંનો ખાત્મો બોલાવી દે છે જેથી પોતાનો જ વંશવેલો વિકસે અને પોતાની પેઢીનું વર્ચસ્વ કાયમ રહે. અહીં આવીને સિંહના નાના બચ્ચાંઓ સિંહણ સાથે વિહરતાં જોવા એટલે જાણે જેકપોટ કહી શકાય. જંગલમાં કેટલીક વિરલ ઘટના ઘટતી હોય છે અને નસીબથી ક્યારેક આપણે એવી ઘટનાઓનાં ક્ષણભર માટે સાક્ષી બની જતા હોઈએ છીએ. અહીં જ ખૂબસૂરત સિંહણ સાથે નાનકડું બચ્ચું ગમ્મતે ચઢતાં મા સાથે વહાલ કરતાં કરતાં મારા કેમેરામાં ઝડપાઈ ગયું હતું. કુદરત જાણે અજાણે આપણી સમક્ષ તેનો સાક્ષાત્કાર કરતું જ હોય છે, આપણે ભૌતિક આનંદમાં ધ્યાન ન ભટકાવીએ તો જ આવા મહાન દશ્યોના સાક્ષી બની શકીએ છીએ. રાજા સઘળી તાકાત ધરાવતો હોવા છતાં સૌમ્ય જ જોવા મળે છે. એની શાલીનતા જ એનો ખરો પરિચય છે. પ્રાણી સામાન્ય રીતે હિંસક વૃત્તિ ધરાવતું હોય છે પણ પ્રાણીઓનાં રાજા સિંહમાં એવું જોવા નથી મળતું અને એટલે જ એ રાજા છે. સાસણગીર બંધ થયું એ પહેલા જંગલની ઉડતી મુલાકાત વેળાએ આ સૌમ્ય સિંહને હું મળ્યો અને એવો અનુભવ થયો જાણે એ મને એના જંગલમાં આવકાર આપતા હોય. આ સિંહનાં શાલીન સ્વભાવને જોઈને એક વસ્તુ દ્રઢપણે સમજાઈ ગઈ, જીવનમાં ગમે તેટલું મેળવી લો પણ સ્વભાવમાં શાલીનતા વિના સઘળું નિરર્થક છે.

સિંહ પોતાના જંગલનો રાજા છે, પણ એની શાન એની શાલીનતામાં છે. જંગલમાં સિંહણ પોતાના બચ્ચાંને શિકાર શીખવતી હોય તે દશ્ય જોવું એટલે જીવનનો પાઠ તાકાત રાખવી, પણ સૌમ્યતા ગુમાવવી નહીં. જેમ જંગલમાં સિંહ રાજ કરે છે, તેમ આપણા જીવનમાં પણ સ્વભાવમાં શાલીનતા જ સાચી રાજશાહી છે.

આ વર્ષે વરસાદ પછીનું ગીર વધુ હરિયાળું, વધુ જીવંત છે.
આવો, એકવાર કુદરતના રાજાને તેની ધરતી પર મળીએ
કારણ કે સાવજને મળવું એટલે કુદરતને, સૌમ્યતાને અને સ્વાભિમાનને મળવું. ■

# વોટ્સએપમાં ચેટ મેનેજમેન્ટનું A-B-C-D

## મહત્ત્વની ચેટ-ડોક્સ ને મલ્ટીમીડિયા ઈત્યાદિ કાયમ સાચવી શકો એવી ટિપ્સ

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

**ભારતમાં** એપ્લિકેશન યુગનો મધ્યાહ્ન ચાલી રહ્યો છે. સોશ્યલ મીડિયા એપ્લિકેશનથી અનેકવિધ કોન્ટેટમાં સર્જનાત્મકતા વિચારતા કરી દે. કેટલાકને તો દાદ આપવી પડે. સમયનો સેકન્ડ કાંટો એ સ્પીડથી ફર્યો છે કે, હવે પ્રતિભાવ આપવા કોઈ ચિટ્ઠી લખતું નથી. એક બટન દબાવો એટલે વાર્તા પૂરી...

સિક્કાની બીજી બાજુ પણ જોઈએ. કોઈ કોન્ટેટ ન ગમે તો એનો વખોડી કાઢો તો પણ ગણતરીની મિનિટમાં એ સર્જક સુધી પહોંચે. સોશ્યલ મીડિયા પર થયેલા સર્વેનો રિપોર્ટ આશ્ચર્યજનક છે. 'ફેસબુક' પર સૌથી વધારે વીડિયો જોવાય છે. આપણા દેશમાં સૌથી વધારે 'ઈન્સ્ટાગ્રામ'નો યુઝ રાત્રે ૧૨ વાગ્યા પછી થાય છે.

હવે ચોંકાવનારું સત્ય વાંચો. વહેલી સવારે ૬ વાગ્યાથી લઈને ૯.૩૦ વાગ્યા સુધી વોટ્સએપ એપ્લિકેશન સૌથી વધારે અને વારંવાર એક્સેસ થાય છે. ટૂંકમાં હવે લોકોની મોર્નિંગ વોટ્સએપથી પડે છે. ચેટિંગ એપ કેટેગરીમાં આવતી વીચેટ, આઈએમઓ અને સ્નેપ જેવી કેટલીય એપ્લિકેશન હાંસિયામાં ચાલી ગઈ, પરંતુ વોટ્સએપનો દબદબો યથાવત છે.

આ પાછળનું કારણ એક જ લીટીનું છે. સતત અને સખત અપડેટ. નવો ફોન એટલે અપડેટ મળે, ફોનમાં અપડેટનું નોટિફિકેશન મળે એટલે અપડેટ, બેકઅપ રીસ્ટોર ન થયું? અનઈન્સ્ટોલ કરી એટલે અપડેટ. સર્વે કરનારાએ ત્યાં સુધી કહ્યું કે, દર વખતે આવતી અપડેટમાં એપ્લિકેશન સર્વરની નવી-નવી કેટલીય ફાઈલ જોવા મળી. દર વખતે ક્લેરિટી અને ફીચર્સની એવી દુનિયા જોવા મળી જે કોઈ પણ એક્સક્લુઝિવ ન હતી છતાં દરેકને એક રોમાંચ ફીલ થતો. મેસેજની આપ- લે સાથે મલ્ટિમીડિયાની આપ-લે સુધી વિસ્તર્યું. ફોટો-વીડિયોની સાથે ફાઈલની લેવડદેવડ વધી, એડ્રેસની સાથે લાઈવ લોકેશન આવ્યા, ગ્રૂપ ચેટની સાથે પોલિંગ આવ્યું, માત્ર એડમિન જ મેસેજ કરી દર્શકોને માત્ર રીડ ઓનલી કરી શકે એવું આવ્યું. આવા અનેક એવા પરિવર્તનથી આ એપ્લિકેશન માત્ર ટકી નથી ગઈ-એ વધુ બળુકી થઈ છે,.

પોર્ટેબિલિટીના પ્લેટફોર્મ પર ટ્રાય કરનારા પણ વધ્યા. વેબવોટ્સએપ પર કોઈ પણ ચેટબોક્સમાં જઈ ફોટો પોસ્ટ કરી શકો. અગાઉ ફોટોની નીચે કેપ્શન અલગથી પોસ્ટ થતું. હવે નીચે જ બોક્સ આપીને ફોટોસ્ટોરીનું ફીચર્સ આપ્યું. રીએક્શન એકશનમાં ઈમોજીની આખી લાયબ્રેરી ખોલી. જે ફીલ થાય એના એક્સપ્રેશન આપી જલસા કરો.

ચોંકાવનારું તારણ એવું કહે છે કે, અંગૂઠો મારતું અને લાલ કલરનું દિલ, આ બન્ને ઈમોજી




સૌથી વધારે રીએક્શન આપવા વપરાય છે. બીજા નંબરે રાઈટનું નિશાન, ત્રીજા ક્રમે કિસ, ચોથા ક્રમે જોડેલા બે હાથ અને પાંચમા ક્રમે રોઝ ઈમોજી યુઝ થાય છે. રીએક્શન ઓપ્શન શરૂ થયો ત્યારે જોડેલા બે હાથ પ્રથમ ક્રમે હતા. એ પછીના સમયગાળામાં વાર્તાલાપમાં ઈમોજીએ શબ્દોની જગ્યા લીધી. યસથી પતે તો રાઈટ આપી દે. સો ટકા વાત સાચી હોય તો ૧૦૦ નું ઈમોજી દોડે. વાતચીતને વધારે સ્મૂથ બનાવીને ઈમોજીએ ખરા અર્થમાં સંવાદમાં ઈમોશન્સ ઉમેર્યા એવું કહીએ તો પણ ખોટું તો નથી.

ડિજિટલ પ્લેટફોર્મ પર કોપી-પેસ્ટનો કારોબાર ચાલે છે. આની બધાને ખબર છે. જાણીને આશ્ચર્ય ન પામશો કે, સૌથી વધારે ટેક્સ કોન્ટેટ વાયરલ કરનાર પ્લેટફોર્મ વોટ્સએપ છે. જેના કારણે કેટલાક નિષ્ણાતો આને વિષવિદ્યાલય એવું નામ આપે છે તો કેટલાક કટાક્ષમાં વોટ્સએપ યુનિવર્સિટી, વગર કોર્સની ડિગ્રી એવું પણ કહે છે. ટેક્સ બાદ તમામ મલ્ટીમીડિયા આવે છે જે વાયરલની શ્રેણીમાં આવે છે. જીવનમાં સ્ટેટસ બનાવવામાં જિંદગી નીકળી જાય પણ વોટ્સએપ આવતા સ્ટેટ્સનું ફીચર આવ્યું. ફોટો, વીડિયોથી સીમિત સ્ટેટ્સમાં મ્યુઝિક અને વોઈસનોટ ઉમેરાતા વગર વરસાદે કૂંપણો ફૂટી હોય એવું થયું. સારી વાત છે કે, એક અભિવ્યક્તિનું નવું માધ્યમ મળ્યું. એમાં મુશ્કેલી એ વધી કે, જાહેર સ્થળો પર સ્ટેટસ જોતા જાણે ડિજિટલ શોર-બકોર વધારી રહ્યા હોય એવું થયું. સ્ટેટસની વાત છે તો એમાં હવે એવું પણ શક્ય છે કે, તમારે જેને સ્ટેટસ નથી બતાવવું એને સિક્યુરિટીમાં મૂકીને લોક કરી શકો. સામે ગેરફાયદો એ પણ છે કે, તમે જેને લોક કર્યા છે એનું પણ સ્ટેટસ તમે નથી જોઈ શકતા.

માત્ર સંવાદમાં જ નહીં સ્ટેટસમાં પણ રીએક્શન રૂપે જે તે વ્યક્તિના વોટ્સએપ સ્ટેટસને લાઈક કરી શકો છો. રીપ્લાય કરવું પણ શક્ય છે. જાણીને નવાઈ લાગશે કે, આ ફિચર ફેસબુકમાંથી લેવામાં આવ્યું છે. પાયાનો કોન્સેપ્ટ હવે નવા અવતારમાં આવ્યો. સ્ટેટ્સ ક્રિએટ કરનાર વ્યક્તિને એની જાણ નોટિફિકેશન રૂપે પણ થાય છે. આવું જ ફીચર ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં પણ છે. હવે સ્ટેટ્સમાં કોઈ વ્યક્તિને મેન્શન કરવાનું ફીચર નવું છે. મજેદાર છે. એકસાથે પાંચ વ્યક્તિને મેન્શન કરી શકાય છે. જેની જાણ ચેટમાંથી થાય છે. સૌથી ખાસ વાત એ છે કે, કોન્ટેક્ટ લિસ્ટમાં ન હોય એવા વ્યક્તિને પણ મેન્શન કરી શકાય છે. દરરોજ કેટલાય લોકો સાથે આપણે વાતચીત કરીએ છીએ. પણ કેટલીક વાત ગમી જાય તો કેટલીય મહત્ત્વની હોય. આવા ચેટને એકસાથે સિલેક્ટ કરી સ્ટાર કરી રાખવાથી એ કાયમ સેવ રહેશે.

વોટ્સએપ ફરીથી નાખશો અને બેકઅપ સ્ટેટ્સ ઓન હશે તો આ મેસેજ ફરી દેખાશે. મેસેજ ટુ યોર સેલ્ફ. એટલે કેટલીક લીંક, મેસેજ, ફોટો, ફાઈલ અને શેર કરવા જેવા ક્વોટથી લઈ બીજી કેટલીય વસ્તુ તમારા નંબર પર મેસેજ કરી સેવ કરી શકો. આ સિવાય કેટેગરી વાઈસ સેવ કરવા હંગામી ગ્રૂપ બનાવી એમાં મેમ્બર્સને ડિલિટ કરી ઓનલી યુ તરીકે સાચવી શકાય છે. જેમ કે, ટુરિંગની રીલ્સ અલગ સેવ કરી શકાય. એજ્યુકેશન રીલ અલગ કરી શકાય, જેથી મેસેજ ટુ યોર સેલ્ફમાં બીજો ખીચડો ન થઈ જાય. ■

### આઉટ ઓફ બોક્સ

*બાય ડિફોલ્ટ લોક સ્ક્રીન પર કેમેરા ઓપ્શન આપવાની શરૂઆત આઈફોને કરી હતી. પછી બીજા ફોનમાં એનો વિકલ્પ આપવામાં આવતા એ સરળ બન્યું. જેથી લોક ખોલ્યા વગર ડાયરેક્ટ કેમેરા એપ ઓન કરી ક્લિક કરી શકાય છે.*

# નબળો મંગળ જાતક પર શૂરો...

હાસ્ય વિનોદ




વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

જ્યોતિષની દૃષ્ટિએ મંગળ લડાયક મિજાજનો ગ્રહ છે. તેનામાં હાસ્યવૃત્તિ રજમાત્ર નથી, કેમ કે તે વીરરસ પ્રધાન ગ્રહ છે. તે મજબૂત હોય તો યોદ્ધો યુદ્ધ જીતી શકે. આ ગ્રહ જબરો હોય તો સામેનાને પજવે ને નબળો હોય તો જાતકને તે વધારે પજવે છે.

જ્યોતિષશાસ્ત્રના મતે મંગળ પૃથ્વીથી ૪૦ કરોડ કિલોમીટર જેટલો દૂર હોવા છતાં માણસની કુંડળીમાં પ્રવેશી શકે છે. કોઈપણ યાનની કે એવી મદદ લીધા વગર તે માણસોની કુંડળીમાં યથેચ્છ વિહાર કરી શકે છે. જો તે પુરુષની કુંડળીમાં પહેલે, ચોથે, સાતમે, આઠમે કે બારમે સ્થાને હોય તો તેને પાઘડીએ મંગળ છે એમ કહેવાય છે, ને કન્યાની જન્મકુંડળીમાં પણ એ જ જગ્યાએ હોય તો તેને ઘાટડિયે મંગળ છે એમ કહેવાય છે - મંગળને આ વાતની ખબર હોય કે કદાચ ન પણ હોય, પરંતુ આવી કુંડળીવાળી કન્યા મંગળના દોષવાળી ગણાય છે. મંગળનો શબ્દકોશ પ્રમાણેનો અર્થ શુભ ગણાય છે, પણ જ્યોતિષશાસ્ત્રની નજરે મંગળનો અર્થ પીડા આપનાર દુષ્ટ થતો હોવો જોઈએ. સજ્જનો કોઈને કનડતા નથી, મંગળ એવું કરે છે. આ મંગળ અમુક સ્થાને હોય તો માણસનું આયુષ્ય ઘટે, અમુક ઘરમાં હોય તો પતિ કે પત્ની બેમાંથી એક રહે, એ ઘરમાં પતિ-પત્ની અને મંગળ સાથે રહી ન શકે. તે અમુક ઘરમાં બેઠો હોય તો ધનનો નાશ થાય છે. આ મંગળ જો બારમે હોય તો જાતક વ્યભિચારી, દુરાચારી અને (અથવા) દેવાદાર થાય છે, પણ જો જાતકના ૨૭થી વધારે ગુણાંક આવતા હોય તો મંગળ તેના પર પ્રસન્ન થઈ આવા ડિસ્ટિંક્શન માર્ક્સ મેળવવા બદલ તેને દોષમુક્ત જાહેર કરે છે, નડતો નથી...

મંગળનેય પોતાનું ગણિત હોય છે.

મંગળ જેટલો નબળો, જાતક એટલો વધારે હેરાન-પરેશાન થાય. નબળો મંગળ જાતક પર શૂરો. નબળા મંગળથી પ્રભાવિત વ્યક્તિ અત્યંત ક્રોધી ને આક્રમક બને છે, જેમાંથી તે ખૂની ને ડાકુ બને છે. વાંક મંગળનો હોવા છતાં સજા તેના જાતકને થાય છે , પણ જાતક પર મંગળની શુભ દૃષ્ટિ હોય તો તે પ્રામાણિક, નીડર, સત્યનિષ્ઠ, કર્તવ્યપરાયણ, નિઃસ્વાર્થી, આપેલ વચન પાળનાર ને અન્યને હૂંફ આપનાર હોય છે કે થાય છે. આવા માણસે રાજકારણમાં પડવું નહીં. જો પડે તો તેને તથા રાજકારણને બન્ને નુકસાન પહોંચે છે, સાથીઓને તે દુઃખી કરે છે.

હાસ્યરસને જેમ અમુક રસ સાથે દોસ્ત-દુશ્મન જેવો સંબંધ હોય છે એ રીતે સૂર્ય, ગુરુ ને ચંદ્ર મંગળના મિત્ર છે તો બુધ અને રાહુ તેના કટ્ટર શત્રુ છે. શુક્ર ને શનિ સાથે તેને દોસ્તી કે દુશ્મની બેમાંથી કશું નથી, લટકતી સલામનો સંબંધ ખરો.

જાતકની ૨૮ વર્ષની શારીરિક ઉંમર (ના, માનસિક નહીં) પછી મંગળ ન્યાલ કરે છે. તેની કૃપાદૃષ્ટિ મેળવવા જાતકે ૨૮ વરસ સુધી તપવું પડે છે, ટકવું પડે છે. મંગળની નકારાત્મક અસરોથી જીવનમાં કલેશ (અંગ્રેજીમાં ક્લેશ), કંકાસ, વ્યભિચાર (ને એ કારણે) છૂટાછેડા, પણ એ પહેલાં વાદ-વિવાદ, જો તે આગળ વધે તો તેમાંથી કેટલીક વાર ખૂન કે આપઘાત યા કોર્ટ-કચેરી અને છેવટે જેલયોગ ઊભો થાય છે.

કેટલાક જ્યોતિષીઓ મંગળને માત્ર પાપગ્રહ જ માને છે, જે ઉગ્ર છે ને સ્ફોટક અસરો ઊભી કરે છે. સ્ત્રીમાં ઉત્પન્ન થતી સેક્સ (કામવાસના) મંગળ સંભાળે છે, જ્યારે પુરુષના મનમાં જે વિષયવાસના જાગે છે તે શુક્ર સંભાળે છે. આનો અર્થ એવો નીકળી શકે કે ગ્રહો પણ ડિવિઝન ઑફ લેબર અર્થાત્ શ્રમ-વિભાજનમાં માને છે. મંગળ જો બારમે સ્થાને હોય તો તે પતિ-પત્નીના બેડરૂમ સુધી પહોંચી જાય છે ને બંને વચ્ચે વિખવાદ જગાડે છે, અસંતોષ પેદા કરાવે છે.

ઘણા માણસો જે સારા માણસ એટલે કે સજ્જનની છાપ ધરાવતા હોય છે, પણ તે સામેના માણસને કહેતા હોય છે કે 'હું સારો છું ત્યાં સુધી સારો છું, બાકી મારા જેવો કોઈ નઠારો માણસ નથી એ તું જાણી લેજે...' એવું જ મંગળનું પણ છે. તે ઉચ્ચનોય હોય છે ને નીચનો પણ થાય છે છતાં ગુરુ અને શનિ જેવા બે મિત્રોની નજર મંગળ પર હોય તો એ બંનેની બબ્બે આંખોની શરમ તેને નડે છે, તે સખણો રહે છે, કાબૂમાં રહે છે. બે આંખની શરમ એટલે શું એ તે જાણે છે.

સ્ત્રીની કુંડળીમાં સાતમા સ્થાને રહેલો ઉચ્ચનો મંગળ ઘણી વાર (પણ સ્ત્રી માટે તો એક જ વાર) ઘણો જ સારો, અર્થાત્ અન્ય સ્ત્રીઓને અદેખાઈ ઊપજે એટલો સરસ વર આપે છે ને કેટલીક વાર તો પછી આમાંથી જ, શંકાને લીધે, નાના- મોટા ઝઘડા થાય છે ને ડાયવોર્સ થઈ જાય છે - ને ત્યાર બાદ એ સુવ્વર - સારો વર, એવી જ સાતમે મંગળવાળી સ્ત્રીને પ્રાપ્ત થાય છે.

મંગળની ચંદ્ર સાથેની યુતિને સુંદર, શુભ અને લક્ષ્મીદાતા યોગવાળી ગણવામાં આવે છે. મંગળ ને ચંદ્ર એક જ રાશિમાં ભેગા હોય તો તે લક્ષ્મીયોગ કરે છે. શરત માત્ર એટલી જ કે આ જાતકે કવિતા તરફ ઢળવું નહીં - લક્ષ્મીજી રૂઠે તો લક્ષ્મીયોગ નષ્ટ થાય છે. આ બંને ગ્રહોની યુતિવાળી વ્યક્તિ ખાવા, પીવા તેમ જ અન્ય બાબતોમાં શોખીન હોય છે. સતત બેચેન, અજંપામાં જીવનાર, ઊંઘમાય જાગતા એટલે સૂવેય નહીં ને કોઈને ઊંઘવાય ન દે. આખો દિવસ અરીસામાં જોવાની ને કાંસકાથી માથું (અથવા ટાલ) ઓળવાની ટેવ હોય, બીજા લોકો તેને માટે શું ધારે છે એ જાણવાનું સદાય કુતૂહલ રહે.

કર્કનો મંગળ હોય તો પારકા ઘેર સ્થિર થઈને રહેનાર - ઘરજમાઈ બને. આ કારણે જોરાવર સ્ત્રી (પત્ની, સાળી કે સાસુ - વ્હોટ એવર ધ કેસ મે બી)નાં મહેણાં-ટોણાં ખમવાં પડે. છતાં સ્વભાવ શાંત હોવાથી દીન બની શ્વશુરના ઘરમાં જ રહે, ઘર છોડે નહીં. સાતમે મંગળ - લગ્નની તારીખ મૃગજળ જેવી નજીક લાગે, પણ દૂર ને દૂર ભાગે. જાતકને ગોરમહારાજ અને મેળવવા મુશ્કેલ એવો પાર્ટીપ્લોટ પણ મળી જાય, પણ પરણનાર મૂળ પાર્ટી જ ન મળે.

નવમે મંગળ હોય એવા પુરુષે સાળા વગરની બહેન સાથે પરણવું, નહીં તો લગ્ન બાદ બધી જ મિલકત સાળાનું ઘર શોધી ત્યાં પહોંચી જાય.

મંગળનો આંક નવ છે, તેનું વાહન ઘેટું છે જે બીજાઓ માટે પોતાના શરીર પર ઊન ઉગાડે છે. મંગળને ગરમ ગ્રહ કહ્યો છે. તે દઝાડે છે. આ મંગળથી પ્રભાવિત જાતક પોતાનાં ઘરનેય આગ ચાંપે છે. આવી વ્યક્તિને ફાયર-બ્રિગેડ-લાયબંબા ખાતામાં નોકરી ના મળે, કેમ કે આગ બુઝાવવાની તેની પ્રકૃતિ નથી. મંગળની માઠી અસરને લીધે દેવું ઘણું વધી જાય, પણ એ દશા હળવી કરવા મંગળની ઉપાસના કરવી. એથી કંઈ મંગળ નીચે આવીને જાતકનું દેવું ફેડી નહીં આપે પરંતુ લેણદારો ઘેર બહુ ધક્કા ખાશે નહીં, સીધા કોર્ટમાં જ પહોંચી જશે.

એક દંતકથા પ્રમાણે મંગળને વિષ્ણુ - પૃથ્વીનો પુત્ર કહ્યો છે, એટલે તે તેજસ્વી છે. પૃથ્વીએ તેને પાળ્યો-પોષ્યો. ત્યાર બાદ મોટો થયો એટલે મંગળે તપ કર્યું. આથી બ્રહ્માએ તેને પ્રમોશન આપી આકાશમાં ગ્રહ તરીકે પ્રસ્થાપિત કર્યો. હજી એ ત્યાં જ છે. તેને લીધે ઘણાનું પતન થાય છે, પણ તે સ્થિર છે.

આપણાં ધર્મશાસ્ત્રોમાં કહેવાયું છે કે જ્યાં શાપ હોય ત્યાં તેનું મારણ પણ હોય છે - દર્દ હોય તેની દવાય હોય છે એ રીતે, ગ્રહોને પ્રસન્ન કરવા, તેની માઠી અસરમાંથી ઊગરી જવા નંગ કે રત્નને કામે લગાડવામાં આવે છે. એ નંગ ધારણ કરવાથી જે-તે ગ્રહની ખફગીમાંથી બહાર આવી શકાય છે. અલબત્ત, આ રહસ્ય આપણે ગ્રહો પાસેથી નહીં, જ્યોતિષીઓ પાસેથી પામી શક્યા છીએ. આ ગ્રહોએ નંગ પણ વહેંચી લીધાં છે. તેમને ગમતા રંગ જાતક પહેરે તો તે રાજી થાય છે, જાતક પર અમીદૃષ્ટિ રાખે છે. પણ જો કોઈ જાતક એક એક આંગળી પર પોતાને ગમતા બબ્બે નંગ હીરા કે રત્નની વીંટી પહેરે તો લગભગ તમામ ગ્રહો તેના પર નારાજ થઈ જાય છે. કેમ કે કેટલાક ગ્રહોમાં પણ બાપે માર્યા વેર જેવું હોય છે. એટલે એક જ આંગળી પર શત્રુ-નંગ પહેરાય નહીં એવું જ્યોતિષીઓ કહે છે, જેમકે માણેક અને નીલમ. જાતકને આ બંને ગમતાં હોય તો પણ તે સાથે ન પહેરાય. એકને ખુશ કરવા જતાં બંને રિસાઈ જાય છે. ગ્રહો ઘણા આળા હોય છે.

ઉપરાંત આ નંગ-રત્ન-હીરા શુદ્ધ હોવા જોઈએ. જે રીતે માણસ પેટ્રોલ, ઘી, તેલ તેમ જ મરી-મસાલામાં ભેળસેળ ચલાવી છે. એવી ભેળસેળ આ ગ્રહો જરા પણ ચલાવી લેતા નથી. પતિ-પત્ની વચ્ચે કંકાશ થતો હોય તો બંનેએ કે પછી બેમાંથી ગમે તે એકે પરવાળું પહેરવું. પણ એ કોણે પહેરવું એ મુદ્દા પર ઝઘડો કરવો નહીં.

નંગની વાત કરતી વેળાએ ફિરોઝા નામના એક વિશિષ્ટ પ્રકારના નંગની વાત પણ કરી લેવી જોઈએ. આ ફિરોઝા નંગ પહેરવાથી અકસ્માતમાંથી અદ્ભુત બચાવ થાય છે. હાઈ-વે પર જતા ટ્રક-ડ્રાઇવરે આ નંગ પહેરવું, પછી તે ૧૦૦ કિલોમીટરની ઝડપે પોતાનું વાહન ભગાવશે તો પણ, સામેવાળાનું જે થવાનું હશે તે થશે, પરંતુ આ નંગના ધારકને કશું નહીં થાય. તેના શરીર પર ઘસરકોય નહીં પડે. આ ફિરોઝા નંગની ખૂબી એ છે કે તેને ધારણ કરનાર વ્યક્તિની માંદગી આવવા અગાઉ આ નંગનો રંગ બદલાઈ જશે - તેના ફેમિલી ડોક્ટરના બિલ જેવો રંગ થઈ જશે. આ નંગ માટેની એક માન્યતા એવી છે કે તે પોતાના પૈસે ખરીદાય નહીં - જો ગાંઠના પૈસે તે ખરીદવામાં આવે તો તેની અસર ન થાય. આ નંગ ભેટસ્વરૂપે જ મેળવવું પડે. પત્ની, પતિને તે ભેટ રૂપે આપી શકે. (એ પત્ની પોતાની જ હોય એ જરૂરી નથી... ! )

લગભગ ચાળીસ કરોડ કિલોમીટર જેટલે દૂર બેઠેલો મંગળ જાતક પર પ્રસન્ન થવા અગાઉ જોઈ શકશે ખરો કે તેનાથી પ્રભાવિત થયેલ જાતકે બ્રાહ્મણને દક્ષિણામાં અડધો કિલો મસૂરની દાળ આપી છે કે એક કિલો! પ્રસન્નતાની માત્રા પણ દાનની માત્રા પરથી જ નક્કી થઈ શકે ને!

મેં આ લેખ એક જ્યોતિષી મિત્રને વંચાવ્યો. થોડી થોડી બીક હતી કે મંગળમહારાજ વિશે કંઈક આડું અવળું લખાઈ ગયું હોય તો તે ક્રોધે ભરાઈને મારું ધનોતપનોત કાઢી નાખે. એક લેખ તેણે બે વખત ઝીણવટથી વાંચ્યો. પછી મારી સામે જોઈ કહ્યું :

'વિનુ, મંગળમાં બબ્બે ચન્દ્ર હોવાનું શોધાયું છે એ રીતે બબ્બે મંગળ પણ હોઈ શકે. એક તો અમેરિકાએ જેના પર યાન મોકલ્યું છે એ ને બીજો જ્યોતિષશાસ્ત્રવાળો મંગળ. લે, આ ધાણાની દાળને મસૂરની દાળ ગણી ફાકી જા - એટલે દૂર બેઠેલ મંગળને ક્યાં ખબર પડવાની છે કે તેં કઈ દાળ ફાકી?!' ■

# ભય ભગાડે, ભૂખ ભાંગે

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@
bombaysamachar.com

**મનુષ્ય** અને પ્રાણી વચ્ચે રહેલા અનેક ફરકમાંથી એક પ્રમુખ ફરક છે બોલાતી ભાષાનો. મનુષ્ય સિવાય કેટલાક પશુ - પંખી વિશિષ્ટ પ્રકારના ધ્વનિથી અંદાજે બયાં કરી શકે છે એવું તારણ સંશોધનને આધારે નીકળ્યું છે. આ ધ્વનિને પ્રાણીજગતની ભાષાનું નામ આપવામાં આવ્યું છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીના ટોમ ફ્લાવર નામના સંશોધકે સાઉથ આફ્રિકાના વન્ય વિસ્તારમાં નજરે પડતા ડ્રોન્ગો નામના કાગડા જેવા દેખાતા પંખીની બોલીના એક વિશિષ્ટ પહેલુનો અભ્યાસ કર્યો છે. આ પંખી વિશિષ્ટ પ્રકારના ધ્વનિથી **એક પંથ દો કાજ** અથવા **એક તીર બે શિકાર** જેવો હેતુ સિદ્ધ કરે છે. સંશોધકોની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલા વીડિયોમાં નોળિયા પરિવારના મિરકેટ તરીકે ઓળખાતા પ્રાણીઓના જૂથની મોજમજા અને આહાર આરોગવો વગેરે પ્રવૃત્તિ પર ફોકસ કરવામાં આવ્યું છે. આકાશમાં ઊડતું શિકારી બાજ આ મિરકેટ પર આક્રમણ કરી એને ઉઠાવી જતું હોય છે. જોકે, મિરકેટની વસ્તી નજીક એ ચકરાવો કરતું નજરે પડે એટલે તરત આ ડ્રોન્ગો **વિશિષ્ટ ધ્વનિથી** મિરકેટ મંડળીને આવનારા **ભયની ચેતવણી** આપે છે. એટલે તરત આ મિરકેટ જમીનની અંદર દરમાં જતા રહી સુરક્ષિત થઈ જાય છે. મજા તો એ વાતની છે કે આ પંખી જ્યારે મિરકેટને ભોજન ઝાપટતું જુએ છે ત્યારે ફરી આ પંખી ચેતવણી આપતા ધ્વનિનું ઉચ્ચારણ કરે છે અને ભયભીત થયેલા મિરકેટ પોતાની વાનગી પડતી મૂકી સડસડાટ દરમાં લપાઈ જાય છે. આ તકનો લાભ લઈ ડ્રોન્ગો જમીન પર આવી મિરકેટે છોડી દીધેલી વાનગી ઉપાડી ઊડી જાય છે અને પેટપૂજા કરી લે છે. **'ભાષાની મદદથી' ભોજન મેળવવાનો** કે **ઝુંટવી લેવાનો** આ અદ્ભુત પ્રયાસ છે.

પશુપક્ષીની ભાષા કેટલાક ધ્વનિ સંકેતોની બનેલી હોય છે. આ ધ્વનિ સંકેત કોઈ વસ્તુ, બાબત અથવા પરિસ્થિતિ સાથે નિસબત ધરાવતા હોય છે. **કાગડા કા કા કા** કરતા હોય છે. જો તમે ધ્યાનથી સાંભળ્યું હશે તો એમના આ **કા કા કા ઉચ્ચારણમાં અલગ અલગ લય અને વિસ્તાર** હોય છે. અમુક પ્રકારનો **કા ખતરાની ઘંટડી** સૂચવે છે



જ્યારે અમુક રીતે બોલાયેલો **કા અહીં ખાવાનું છે**, આવી જાઓ એવું સૂચવે છે. કાગડો મૃત અવસ્થામાં દેખાય તો એની **સાદડી માટે કાગડા સમાજને આમંત્રણ આપવા અલગ પ્રકારે કા કા** કરવામાં આવે છે.

પશુ - પંખીના સ્વર - અવાજ વિવિધ નામથી ઓળખાય છે. **ચકલીનું ચીં ચીં, દેડકાનું ડ્રાઉં ડ્રાઉં, બકરીનું બેં બેં વગેરે વગેરે.** કવિ મીનપિયાસી (દિનકરરાય કેશવલાલ વૈદ્ય)ની કવિતામાં તો કબૂતર, કોયલ, ભમરા ને છછૂંદરોના સ્વરને બારાખડીના અક્ષરો સાથે સાંકળી માનવ સમાજ સામે આંગળી ચીંધવામાં આવી છે. કવિતાનો અંતિમ અંતરો ભાષા અને ભાવના સમન્વયનું અનન્ય ઉદાહરણ છે. કવિશ્રીએ લખ્યું છે કે **'પરમેશ્વર તો પહેલું પૂછશે, કોઈનું સુખ દુઃખ પૂછ્યું'તું? દર્દભરી દુનિયામાં જઈને કોઈનું આંસુ લૂછ્યું'તું?** ગેં ગેં ફેં ફેં કરતાં **કહેશો હેં હેં હેં હેં! શું શું શું?** એક એક અક્ષરના માધ્યમથી કવિ મનુષ્ય સ્વભાવના આશ્ચર્ય અને લાચારી આબાદ વ્યક્ત કરે છે. આ છે ભાષાનું સામર્થ્ય, પશુ - પંખીની હોય કે કાળા માથાના માનવીની, એની પાસે થોડામાં ઘણું કહી દેવાની આવડત છે. મૌન ઘણી વાર બહુ બોલકું હોય છે એ અલગ વાત છે.

## ENગ્લિશ વિંGLISH

## LOAN WORDS



ગુજરાતી ભાષામાં અનેક શબ્દો અરબી, ફારસી કે અન્ય ભાષામાંથી પગપેસારો કરી ચુક્યા છે. અનેક શબ્દોએ કાયમી વસવાટ કરી લીધો છે. દૂધમાં સાકર ભળી જાય એમ હવે એ શબ્દો માતૃભાષામાં એવા હળી ગયા છે કે આ શબ્દો મહેમાન છે એ અનેક લોકો નથી જાણતા. અંગ્રેજી ભાષામાં અન્ય ભાષાના શબ્દોની હાજરી પણ જોવા મળે છે. જોકે, આ લોન પેટે લીધેલા અથવા અપનાવેલા શબ્દો છે. જોકે, જેમ કેટલાક લોકો બેન્કમાંથી લીધેલી નાણાંની લોન ક્યારેય પરત નથી કરતા એમ કેટલીક વિદેશી ભાષાના શબ્દો અંગ્રેજીએ લીધા પછી (લોન લીધી હોય એમ) પાછા નથી આપ્યા. મતલબ કે એ શબ્દો હવે અંગ્રેજી ભાષાના શબ્દો તરીકે જ ઓળખ ધરાવે છે.

મજેદાર ઉદાહરણથી શરૂઆત કરીએ. અન્ય ભાષામાંથી અંગ્રેજીમાં શબ્દો અપનાવ્યા છે અને અપનાવવા માટે અંગ્રેજી શબ્દ છે ADOPT. ADOPT comes from Latin word adoptio and also from Old French word adopcion. Both the words mean take by choice. અપનાવવાનો અર્થ ધરાવતો અંગ્રેજી શબ્દ જ લેટિન અને જૂની ફ્રેંચમાંથી અપનાવવામાં આવ્યો છે, બોલો. કળાત્મક નૃત્ય બેલે વિશે સાંભળ્યું હશે, કદાચ ફિલ્મમાં કે ટીવી શોમાં એનું પરફોર્મન્સ પણ જોયું હશે. BALLET word is originally French word Ballet. English borrowed the dance term from French. જોકે, બેલે જોઈ મુગ્ધ થયા હશો ત્યારે તમને અણસાર પણ નહીં આવ્યો હોય કે એ ફ્રેન્ચ શબ્દ Balleto which means Little Dance પરથી ઉતરી આવ્યો છે. સ્પેલિંગમાં નજીવા ફેરફાર સાથે અપનાવી લીધો છે. જોકે, અમુક વિદેશી શબ્દ કોઈ પણ ફેરફાર વિના અંગ્રેજીમાં સ્થાયી થઈ ગયા છે. TSUNAMI is a Japanese word which is used in English in its original form, without any change. સુનામી જાપાનીઝ શબ્દ છે અને અંગ્રેજીમાં મૂળ સ્વરૂપે જ ઉપયોગમાં લેવાયો છે. આ શબ્દનો અર્થ થાય છે સમુદ્રના પેટાળમાં થયેલી તીવ્ર હલચલને કારણે ઊઠેલું તોફાન. જોકે, અર્થની અવગણના કરી નાનું અમથું તોફાન પણ કર્યા વિના શબ્દ શાંતિથી અંગ્રેજીમાં ગોઠવાઈ ગયો છે. તમને જો હરવા ફરવાનો શોખ હશે તો સફારીનો લ્હાવો લીધો હશે અથવા એની ઈચ્છા તો જરૂર હશે. SAFARI comes from Arabic word Safar which means journey. સફારી શબ્દ અરેબિક શબ્દ સફરમાંથી ઉતરી આવ્યો છે જેનો અર્થ મુસાફરી થાય છે. એક ભાષામાંથી બીજી ભાષામાં થયેલી શબ્દોની આ મુસાફરી કેવી મજેદાર છે, હેં ને. ■

# કેનાલના ઉદ્ઘાટન સમયે શું થયું?

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@
bombaysamachar.com

'આ આંખ ધન્ય છે. આ બાવળના બઠૂકા જેવા હાથ ધન્ય છે.'

મંત્રી મહોદય ગળગળા થઇ ગયા. આંખમાં ચોવીસ કેરેટના સોનાના બિસ્કિટ જેવું અસલી આંસુ જ આવવાનું બાકી હતું. મંત્રીજીએ ઓડિયન્સ તરફ હાથ હલાવી ઉપસ્થિત જનમેદનીનું અભિવાદન કર્યું. પીએએ મંત્રીને રૂમાલ પકડાવ્યો.

'મંત્રી સાવ જૂઠાડો છે.' રાજુએ કોઇ જુએ નહીં હોય તેમ મને ઠોંસો મારતા કહ્યું. મારું રાઇટિંગ પેડ પડી ગયું. પેન પણ પડી ગઇ. મેં માંડ માંડ હસવાનું રોક્યું.

'રાજુ, આપણે 'બખડજંતર' ચેનલ તરફથી કાર્યક્રમ કવર કરવા આવ્યા છીએ. મારે કોઇ ડ્રામા ન જોઇએ. મને મારું કામ કરવા દે અને તું ફોટા પાડવાનું તારું કામ કર... નહીંતર, મારે બાબુલાલ બબુચકને ફરિયાદ કરવી પડશે.' મેં રાજુના કાનમાં ધમકી રેડી. રાજુ જલેબી જેવો સીધો થઇ ગયો.

'મને કહેતાં ગર્વ થાય છે.' આટલું કહી મંત્રીજીએ કૂકડાની જેમ છાતી ફૂલાવી. જો કે, મંત્રીજીની છાતી ખાસ ફૂલી નહીં. કેમ કે તેની સાઇઝ છપ્પન ઇંચની ન હતી. ઊલટાની રોડ પર પડેલા ભૂવાની જેમ મંત્રી મહોદયની છાતી અંદર ધસી ગઇ.

'એક અઠવાડિયામાં મારા પર બુંધિયાળ હસ્તને ત્રણસોમું ઉદ્ઘાટન કરવાની સોનેરી તક મળી છે.' મંત્રીજીએ ગૌરવ વ્યક્ત કર્યું.

'એમાંથી કેટલા ઢબી ગયા એની તો વાત કરો.'

ઓડિયન્સમાંથી કોઇએ ટીખળ કર્યું. ગમે તેવા બોરિંગ ભાષણને ઓડિયન્સમાંથી કોઇ ટીખળ કરીને હાસ્યના હુલ્લડમાં ફેરવી નાખે.

'મારી આ સિદ્ધિ માટે અગરવાલ ભાઇનો મહત્તમ ફાળો છે. જોગાનુજોગ મેં કરેલ તમામ પુલ, કેનાલ, રસ્તાના ટેન્ડરો અગરવાલને મળેલ છે. આને તમે જોગસંજોગ કે મેનીપ્યુલેશન કહી શકો. અગરવાલ અમારી પાર્ટી માટે સંકટની સાંકળ છે. જેને ખેંચવાથી પાર્ટી અને મને ખુદને ફંડ મળે છે. અગરવાલ ભાઇ હાજર છે?' મંત્રીએ પૂછ્યું.

'સાહેબ, હું હાજર છું.' અગરવાલે પહેલી લાઇન પરના સોફા પર બેઠા બેઠા હાથ ઊંચો કર્યો.

'અહીં સ્ટેજ પર વયા આવો, મારા બાપલિયા.' એનાઉન્સરે અગરવાલને સ્ટેજ પર આવવાનું આમંત્રણ આપ્યું.

અગરવાલ સ્ટેજ પર પહોંચ્યા. મંત્રીજીએ અગરવાલને બાથમાં લઇ લીધા. ટેબલ પર પડેલી એક શાલ અગરવાલને ઓઢાડી. એક ફૂલહાર અગરવાલને પહેરાવ્યો. મંત્રીએ બારોબાર સન્માનનો કારોબાર પૂરો કર્યો. લોકોએ મંત્રી મહોદય અને અગરવાલનો ગગનબોદો જયજયકાર કર્યો.

'હું એક અસામાન્ય અસામાજિક કાર્યકર હતો. હું ધૂળમાં પડેલ ઝીરો હતો. આપણા સાહેબ, ધૂળધોયા છે. તેમની નજર મારા પર પડી. એમણે મને પરખી લીધો. મને પાર્ટીમાં સામેલ કર્યો. કાર્યકરમાંથી મંત્રી બનાવ્યો. હું આ ક્ષણે સાહેબનો આભાર માનું છું.' એમ કહી મંત્રીએ ખેસથી પાડા જેવો ચહેરો લૂંછયો. હાઇ કમાન્ડની કૃપાદ્રષ્ટિમાં ટકી રહેવા જરૂર ન હોય તો પણ જાહેર મંચ પરથી મંત્રીઓએ ચાપલૂસી કરવી એ તેમની મજબૂરી હોય છે.

'કેનાલ ખાતાવાળા મારી પાસે આવ્યા અને મને આદરપૂર્વક કેનાલનું ઉદ્ઘાટન કરવા અનુરોધ કર્યો. મારી ચેમ્બરમાં સાત હજાર ફાઇલ પેન્ડિંગ હોય, સળગતા સવાલો ધૂંધવાતા હોય, હાઇ કમાન્ડ દિલ્હી બોલાવતું હોય. પરંતુ, મને કોઇ ઉદ્ઘાટન કરવા આમંત્રણ આપે તો હું ઇન્કાર કરી શકતો નથી. હું પહેલેથી મોઢાનો મોળો છું. એટલે જ કેનાલને ખુલ્લી મુકવા આવ્યો છું' મંત્રીજી બોલી રહ્યા હતા. ત્યાં તેમના પીએએ આવીને કાનમાં કશું કહ્યું.

'હેંએએં શું?' માઇક આડે હાથ રાખીને પીએને પૂછયું.



'મારા હાથે જેનું ઉદ્ઘાટન કરવામાં આવેલ છે તે કેનાલના મજબૂતી એવી ઠસોઠસ છે કે તે વરસોવરસ ટકશે તેની મને શ્રદ્ધા અને વિશ્વાસ હતો, પરંતુ હમણા, મારા પીએએ મને માહિતી આપી કે મેં હમણા ઉદ્ઘાટન કરેલ પુલ- કેનાલનો એક ભાગ પાણીમાં વહી ગયો. તમે ગભરાશો નહીં, હું પણ ગભરાતો નથી. ગભરાવા જેવું કાંઇ નથી.' મંત્રીએ જનતાને હિંમત બંધાવી. આજકાલ વિકાસના આટલા મજબૂત કામ થાય છે.

'ભાઇઓ અને બહેનો, આપણા દેશમાં જ ઉદ્ઘાટન કાર્યક્રમ ચાલુ હોય અને નવનિર્મિત પુલ કે કેનાલ પતાના મહેલની જેમ તૂટી પડે તેવું નથી. અમેરિકાના મેકસિકો શહેરના મેયર લાકડાના બનેલા પુલનું ઉદ્ઘાટન કરતાં હતાં ત્યારે લોકોના કૂદવાથી લાકડાનો પુલ તૂટી જતાં મેયરને ઇજા થયેલ. કોંગો નામના દેશમાં રાષ્ટ્ર પ્રમુખ એક પુલનું ઉદ્ઘાટન કરવા બાંધેલી રિબન કાતર વડે કાપતા હતા તે દરમિયાન જ પુલ ધ્વસ્ત થયેલ. આપણે પણ વિદેશોની હરોળમાં આવવાની અનેરી સિદ્ધિ મેળવી છે તેનો મને આનંદ છે. (નાલેશીમાં પણ ગૌરવ? લો ઠોકો તાલી!)

'આપણા આદ્ય કવિ નર્મદે એક કવિતા લખેલ. નવ કરશો કોઇ શોક રસિકડા નવ કરશો કોઇ શોક. અત્યાર સુધી આ કવિતા મૃત્યુ પર લખાયેલ હોવાનો ભ્રમ હતો. પરંતુ, એ જમાનામાં તાપી નદી પરનો પુલ તૂટી જવાની ઘટનાને લઇને નર્મદ કવિએ પુલ તૂટવાનો શોક ન કરવાનો અનુરોધ કરેલો તેવું મેં વાંચ્યું છે.' મંત્રીજી સાહિત્ય રસિક હોવાનો પુરાવો રજૂ કર્યો.

'છેલ્લે મારે એટલું જ કહેવાનું કે ભગવાને મને અદ્ભુત મોકો આપ્યો છે. મેં મારી જિંદગીમાં જેનું ઉદ્ઘાટન કર્યું હોય એ કેનાલ મારી નજર સામે તૂટે એ પહેલી ઘટના છે. દિલ, કાચ કે કેનાલ તૂટવાનો આનંદ અલગ જ હોય છે. આ કેનાલ તો મજબૂત કહેવાય કે ઉદ્ઘાટનનો ભવ્ય સમારોહ સંપન્ન થવામાં કેટલીક મિનિટ બાકી છે અને તૂટી છે. એના મહા નિવાર્ણ સમયે હજારોની જનમેદની ઉપસ્થિત છે. બાકી, કેટલીક કમનસીબ ઇમારતો ઉદ્ઘાટનનો નજારો જોવાનો અવસર મેળવી શકતી નથી.' મંત્રીજીએ કેનાલના તૂટવા પર આનંદ વ્યક્ત કર્યો. મંત્રીજીના હકારાત્મક દ્રષ્ટિકોણ પર જનતા ફીદા થઇ ગઇ અને મંત્રીજીના ભાષણને તાળીથી વધાવી લીધું.

આ તો જેવી પ્રજા એવા જ નેતા! ■

# સોના-ચાંદીમાં આગઝરતી તેજીઃ ધનતેરસ અને દિવાળીના તહેવારોમાં આભૂષણોની માગ હોમાઈ જવાની ભીતિ છતાં રોકાણલક્ષી માગનો આશાવાદ

### સાપ્તાહિક ધોરણે સોનામાં ₹ ૪૫૭૧નો અને ચાંદીમાં ₹ ૧૮,૮૯૦નો તોતિંગ ઉછાળો

આંતરરાષ્ટ્રીય બજારમાં વીતેલા સપ્તાહ દરમિયાન સલામતી માટેની માગને ટેકે સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૫૯.૦૫ ડૉલરની અને ચાંદીના ભાવ ઔંસદીઠ ૫૧.૨૨ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચીને પાછા ફર્યા હતા. તેમ જ આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૫૪ ટકાનો અને ચાંદીના ભાવમાં ૭૩ ટકા જેટલો જબ્બર ઉછાળો આવી ગયો છે. જોકે, ગત સપ્તાહે ઈઝરાયલ અને હમાસ વચ્ચે સીઝફાયર અર્થાત્ શાંતિ યોજનાના પહેલા તબક્કાનો અમલ થવાથી સોનાની તેજીને બ્રેક લાગી હતી, પરંતુ ચાંદીમાં પુરવઠાખેંચ અને વાયદામાં લેણના ઓળિયાઓ વધુ હોવાથી એકતરફી તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૫૭૧ અથવા તો ૩.૯૦ ટકાનો ઉછાળો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૮,૮૯૦ની અથવા તો ૧૨.૯૭ ટકા જેટલી આગઝરતી તેજી ફૂંકાઈ ગઈ હતી.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ આગલા સપ્તાહના અંતના અથવા તો ગત ત્રીજી ઑક્ટોબરના ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૧૬,૯૫૪ના બંધ સામે તેજીના અન્ડરટોને રૂ. ૧,૧૯,૦૫૯ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ખૂલતી જ રૂ. ૧,૧૯,૦૫૯ની સપાટી અને ઉપરમાં રૂ. ૧,૨૨,૬૨૯ની સપાટીની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૪૫૭૧ અથવા તો ૩.૯૦ ટકાની તેજી સાથે રૂ. ૧,૨૧,૫૨૫ના મથાળે બંધ રહ્યા હતા, જ્યારે હાજરમાં ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ત્રીજી ઑક્ટોબરના કિલોદીઠ રૂ. ૧,૪૫,૬૧૦ સામે રૂ. ૧,૪૮,૫૫૦ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ખૂલતી જ રૂ. ૧,૪૮,૫૫૦ની સપાટી અને ઉપરમાં સપ્તાહના અંતે રૂ. ૧,૬૪,૫૦૦ના મથાળે બંધ રહ્યા હતા તેમ જ ભાવમાં સાપ્તાહિક ધોરણે કિલોદીઠ રૂ. ૧૮,૮૯૦ અથવા તો ૧૨.૯૭ ટકાનો તોતિંગ ઉછાળો જોવા મળ્યો હતો. એકંદરે આગામી ૧૮મી ઑક્ટોબરે ધનતેરસ અને ૨૦મી ઑક્ટોબરે દિવાળી એમ સોનાચાંદી જેવી કિંમતી ધાતુઓની ખરીદી માટે પરંપરાગત ધોરણે સપરમા દહાડામાં માગ ખૂલવાનો બજારમાં આશાવાદ સેવાઈ રહ્યો હતો. જોકે, તહેવારોને ટાંકણે જ બન્ને કિંમતી ધાતુઓમાં આગઝરતી તેજી ફૂંકાઈ ગઈ હોવાથી હવે આભૂષણો માટેની માગ નિરસ રહેવાની, પરંતુ સોનાચાંદીના સિક્કા તેમ જ લગડીમાં રોકાણલક્ષી માગ રહેવાનો આશાવાદ વેપારી વર્તુળો સેવી રહ્યા છે. જોકે, અમુક વર્ગનું માનવું છે કે તહેવારોના સમયગાળામાં વન ગ્રામ ગોલ્ડનાં આભૂષણોમાં શક્યતઃ છૂટીછવાઈ માગ જોવા મળે.



પ્રાપ્ત અહેવાલ અનુસાર આગામી તહેવારોની મોસમમાં અપેક્ષિત રોકાણલક્ષી માગને ધ્યાનમાં લેતા હાલ સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧૫ ડૉલર આસપાસના પ્રીમિયમમાં ક્વૉટ કરી રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે પ્રીમિયમ છ ટકા આસપાસ રહ્યું હતું. એકંદરે ભાવમાં હજુ તેજી આગળ ધપે તેવા આશાવાદને ધ્યાનમાં લેતા હાલમાં પણ સોનામાં રોકાણલક્ષી માગ મજબૂત છે અને રોકાણકારો વધુ પ્રીમિયમ આપવા તૈયાર હોવાનું મુંબઈસ્થિત એક ડીલરે જણાવ્યું હતું. જોકે, ઊંચા મથાળેથી જ્વેલરીમાં રિટેલ સ્તરની માગ શુષ્ક છે, પરંતુ ધનતેરસ અને દિવાળીના તહેવારોમાં માગ ખૂલવાનો આશાવાદ નવી દિલ્હીસ્થિત એક ટ્રેડરે વ્યક્ત કર્યો હતો. એકંદરે હાલને તબક્કે અમેરિકાની આર્થિક અનિશ્ચિતતા, અમેરિકી ગવર્મેન્ટ શટડાઉનને કારણે ત્યાંના આર્થિક ડેટાઓની જાહેરાતના અભાવ વચ્ચે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ઑક્ટોબર તથા ડિસેમ્બર મહિનાની પ્રત્યેક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવો આશાવાદ અને કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલી તેમ જ એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં સતત વધી રહેલા આંતરપ્રવાહને કારણે બન્ને કિંમતી ધાતુઓમાં વન વે તેજીનું વલણ જોવા મળ્યું હતું. જેમાં ગત સપ્તાહે વૈશ્વિક સોનામાં સતત આઠમા સપ્તાહમાં સુધારો આગળ ધપતાં વધુ બે ટકાની તેજી જોવા મળી હતી. જોકે, સપ્તાહ દરમિયાન ઈઝરાયલ-હમાસ વચ્ચેના સીઝફાયરના અહેવાલ પશ્ચાત્ સોનામાં સલામતી માટેની માગ ધીમી પડતાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હતી, પરંતુ ચાંદીમાં વણથંભી તેજી આગળ ધપતાં ભાવ વર્ષ ૨૦૧૧ પછીની સૌથી ઊંચી ઔંસદીઠ ૫૧ ડૉલરની સપાટી કુદાવી ગયા હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવ્યું હતું. જોકે, ગત સપ્તાહના અંતે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે પુનઃ ચીનથી થતી આયાત પર ઊંચા ટૅરિફ લાદવાની યોજના ધરાવતા હોવાનું જણાવતાં સોનામાં ફરી સલામતી માટેની માગનો સંચાર થવાની સાથે આર્થિક અનિશ્ચિતતા, કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી તેમ જ એક્સચેન્જ ટ્રેડેડ ફંડોના આંતરપ્રવાહને ધ્યાનમાં લેતાં સોનામાં તેજીનાં પરિબળો સક્રિય થતાં ફરી તેજીનું વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે આગામી સપ્તાહ દરમિયાન કૉમેક્સ ખાતે સોનામાં ઔંસદીઠ ૪૦૯૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી અને ૩૭૮૦ ડૉલરની સપાટી ટેકાની સપાટી પુરવાર થવાની તેમ જ ચાંદીના ભાવ માટે ઔંસદીઠ ૪૩.૫૦ ડૉલર તથા ૫૦.૮૦ ડૉલરની સપાટી અનુક્રમે ટેકાની અને પ્રતિકારક સપાટી પુરવાર થવાની શક્યતા વ્યક્ત કરી હતી. જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં સપ્તાહ દરમિયાન રેન્જ રૂ. ૧,૧૨,૦૦૦થી ૧,૨૪,૫૦૦ની અને ચાંદીના વાયદામાં રૂ. ૧,૩૦,૦૦૦થી ૧,૫૮,૦૦૦ની રેન્જ જોવા મળે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. દરમિયાન ગત સપ્તાહના અંતે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે તેના સોશ્યલ મીડિયાના પ્લેટફોર્મ ટ્રુથ સોશ્યલ પોસ્ટ પર દક્ષિણ કોરિયાની બે સપ્તાહની મુલાકાતમાં ચીનનાં પ્રમુખ શિ જિનપિંગને મળવાનું કોઈ કારણ ન હોવાનું તેમ જ ચીનથી થતી આયાત સામે ટૅરિફમાં વધારો કરવાની તેઓ યોજના ધરાવે છે, એમ જણાવતાં બજારમાં પુનઃ ટૅરિફ વૉરની ભીતિ સપાટી પર આવતાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ જોવા મળી હતી અને ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ ઘટ્યા મથાળેથી ૦.૪ ટકાના સુધારા સાથે ઔંસદીઠ ૩૯૮૯.૪૯ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૭ ટકા વધીને ૪૦૦૦.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીનાં ભાવ ૨.૧ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૫૦.૧૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, તે પૂર્વે ભાવ વધીને ઔંસદીઠ ૫૧.૨૨ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હતા. વાસ્તવમાં હાલના તબક્કે ચાંદીનાં હાજર ભાવ વાયદાના ભાવ કરતાં ઊંચા હોવાથી અમુક અંશે પુરવઠા સ્થિતિ તંગ છે તેમ જ વાયદામાં ભાવ નીચા હોવાથી લેણના ઓળિયાઓમાં પણ વધારો થઈ રહ્યો હોવાથી સોનાની સરખામણીમાં ચાંદીમાં ઝડપી તેજી જોવા મળી રહી હોવાનું એલિગન્સ ગોલ્ડના ચીફ ઓપરેટિંગ ઑફિસર એલેક્સ ઈબાકરીમે જણાવ્યું હતું. એકંદરે વર્તમાન વૈશ્વિક પરિબળોને ધ્યાનમાં લેતાં બન્ને કિંમતી ધાતુઓમાં આગામી સમયગાળામાં મક્કમ અન્ડરટોન જળવાઈ રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

# સોયાબીનના ઉત્પાદનમાં ૨૦.૫ લાખ ટનનો ઘટાડો થવાની શક્યતાઃ ઉદ્યોગ

ઈન્દોરઃ ખેડૂતોમાં પીળા સોના તરીકે ઓળખાતા સોયાબીનનો પાક અથવા તો ઉત્પાદન ૨૦.૫ લાખ ટન ઘટીને ૧૦૫.૩૬ લાખ ટનની સપાટીએ રહે તેવી શક્યતા ઔદ્યોગિક સંગઠને વ્યક્ત કરી છે.

એકંદરે પ્રતિકૂળ હવામાન, વાવેતર વિસ્તારમાં તથા ઉત્પાદકતામાં ઘટાડો થવાને કારણે સોયાબીનના પાકના અંદાજમાં ઘટાડો કરવામાં આવ્યો હોવાનું ઔદ્યોગિક સંગઠન સોયાબીન પ્રોસેસર્સ એસોસિયેશન ઑફ ઈન્ડિયા (સોપા)એ એક અહેવાલમાં જણાવ્યું છે. ઈન્દોર ખાતે ગત ગુરુવારે યોજાયેલી ઈન્ટરનેશનલ સોયા કોન્ક્લેવ ૨૦૨૫ દરમિયાન ઉદ્યોગના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં વાર્ષિક અહેવાલ જાહેર કરવામાં આવ્યો હતો. અહેવાલમાં જણાવ્યાનુસાર વર્તમાન ખરીફ મોસમમાં સોયાબીનનું વાવેતર ૧૧૪.૫૬ લાખ હેક્ટરમાં થયું છે અને હેક્ટરદીઠ સરેરાશ ૯૨૦ કિલોની ઉત્પાદકતા સાથે ઉત્પાદન ૧૦૫.૩૬ લાખ ટન થવાનો અંદાજ છે. નોંધનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૪ની ખરીફ મોસમમાં સોયાબીનનું વાવેતર ૧૧૮.૩૨ લાખ હેક્ટરમાં થયું હતું કે અને હેક્ટરદીઠ ૧૦૬૩ કિલોગ્રામની ઉત્પાદકતા સાથે ઉત્પાદન ૧૨૫.૮૨ લાખ ટનની સપાટીએ રહ્યું હતું. આ વર્ષે ખાસ કરીને રાજસ્થાનમાં ભારે વરસાદને કારણે પાકને વધુ નુકસાન થવાથી ઉત્પાદન ઘટીને અડધા જેવું થવાની શક્યતા સોપાના ચેરમેન દેવીશ જૈને વ્યક્ત કરી હતી.

વધુમાં સોપાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડી એન પાઠકે જણાવ્યું હતું કે ઘણાં વિસ્તારોમાં યલો મોસાઈક વાઈરસને કારણે પણ સોયાબીનના પાકને નુકસાન થયું છે. આ ઉપરાંત સોયાબીનના મુખ્ય ઉત્પાદક રાજ્ય મધ્ય પ્રદેશનાં ઘણાં ઉત્પાદક જિલ્લાઓમાં ભારે વરસાદથી પાકને નુકસાન થયું છે. આથી રાજ્ય સરકારે સોયાબીન માટે પ્રાઈસ ડિફરન્સ પેમેન્ટ સ્કીમની જાહેરાત કરી છે. આ સ્કીમ હેઠળ જો કોઈ ટ્રેડર મંડીમાંથી ખેડૂતો પાસેથી સરકારે જાહેર કરેલા લઘુતમ ટેકાના ભાવ કરતાં નીચા ભાવથી ખરીદી કરે તો સરકાર ખેડૂતોને ભાવતફાવતની ચુકવણી કરે. સોપાના મતાનુસાર ભારત તેની કુલ ખાદ્યતેલની જરૂરિયાત પૈકી ૬૦ ટકા ખાદ્યતેલની આયાત કરે છે અને તેને કારણે વર્ષે અંદાજે રૂ. ૧.૦૭ લાખ કરોડનાં વિદેશી હુંડિયામણનો ખર્ચ થાય છે. વાસ્તવમાં ખાદ્યતેલમાં આત્મનિર્ભરતા કેળવવા માટે સુધારિત બિયારણ સાથે સોયાબીનનાં ઉત્પાદનમાં વધારો કરવાની જરૂર હોવાનું સોપાએ ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે કે કેન્દ્ર સરકારે વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની ખરીફ માર્કેટિંગ મોસમ માટે સોયાબીનનાં લઘુતમ ટેકાના ભાવ ક્વિન્ટલદીઠ રૂ. ૫૩૨૮ નિર્ધારિત કર્યા છે જે આગલી માર્કેટિંગ મોસમના ક્વિન્ટલદીઠ રૂ. ૪૮૯૨ની સરખામણીમાં રૂ. ૪૩૬ વધુ છે.

# અમેરિકા-ચાઈના ટ્રેડ વૉરથી ભારતીય નિકાસકારોને લાભ થવાની શક્યતાઃ નિષ્ણાતો

નવી દિલ્હીઃ અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વૉર વકરે તો ભારતીય નિકાસકારોના અમેરિકી બજારમાં શિપમેન્ટો વધે તેવી શક્યતા નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે.

ફેડરેશન ઑફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન (ફિઓ)ના પ્રમુખ એસ સી રલ્હને જણાવ્યું હતું કે અમેરિકા દ્વારા ચીનથી આયાત થતાં માલો પર ટૅરિફમાં વધારો કરવામાં આવે તો માગ ભારત તરફ વળી શકે છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતે અમેરિકા ખાતે ૮૬ અબજ ડૉલરની નિકાસ કરી હતી. જો, અમેરિકા વચ્ચેનું ટ્રેડ વૉર વકરે તો આપણને લાભ થઈ શકે, એમ તેમણે ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે અમેરિકાએ ચીનથી થતી આયાત સામે આગામી પહેલી નવેમ્બર, ૨૦૨૫થી વધારાની ૧૦૦ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી છે. આ સાથે જ ચીનથી થતી આયાત સામે કુલ ૧૩૦ ટકા ટૅરિફ થાય છે. અગાઉ નવમી ઑક્ટોબરનાં રોજ બિજિંગે રેર અર્થ (મહત્ત્વના ખનીજો) જે અમેરિકાના સંરક્ષણ, ઈલેક્ટ્રિક વાહનો અને ક્લિન એનર્જી ઉદ્યોગ માટે આવશ્યક છે તેની નિકાસ પર નવાં નિયંત્રણો લાદતા અમેરિકાએ આ પગલું ભર્યું છે.

હાલમાં ભારતથી થતી નિકાસ પર અમેરિકાએ ૫૦ ટકા ટૅરિફ લાદી છે, જ્યારે ચીનથી થતી આયાત સામે ૩૦ ટકા ટૅરિફ છે.

જોકે, હવે ચીનથી થતી આયાત સામે ૧૦૦ ટકા ટૅરિફ લાદવામાં આવતા ભારતનો હાથ ઉપર રહેશે, એમ એક ટેક્સ્ટાઈલ નિકાસકારે જણાવતા ઉમેર્યું હતું કે ચીનથી થતી આયાત સામે ઊંચી કસ્ટમ ડ્યૂટી લાદવામાં આવતાં ભારતને અમેરિકા ખાતે નિકાસ કરવા માટે પ્રચૂર તકો મળશે. તે જ પ્રમાણે અન્ય એક નિકાસકારે જણાવ્યું હતું કે ચીનની નિકાસ ભારતની સરખામણીમાં ઓછી સ્પર્ધાત્મક બનશે. વધુમાં રમકડાંના નિકાસકાર મનુ ગુપ્તાએ જણાવ્યું હતું કે ચીનના સામાનો પર ઊંચી જકાતને કારણે ભારતીય ઉત્પાદનોની પેરિટી વધતાં અમને લેવલ પ્લેઈંગ ફિલ્ડ મળશે ખરીદદારો આકર્ષાશે. આ સિવાય સરકારી થિન્ક ટૅન્ક જીટીઆરઆઈએ જણાવ્યું હતું કે અમેરિકા અને ચીન વચ્ચે વેપાર તણાવ વધતાં વૈશ્વિક બજારોમાં ઈલેક્ટ્રિક વાહનો, વિન્ડ ટર્બાઈન અને સેમિકન્ડક્ટરના ભાવ વધશે. નોંધનીય બાબત એ છે કે અમેરિકા ઈલેક્ટ્રોનિક્સ, ટેક્સ્ટાઈલ, ફૂટવૅર, વ્હાઈટ ગૂડ્સ અને સોલાર પેનલ જેવાં ઉત્પાદનો માટે ચીન પર વધુ નિર્ભર છે.

ઉલ્લેખનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૪-૨૫માં સતત ચોથા વર્ષમાં અમેરિકા ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર દેશ રહ્યો હતો અને ૧૩૧.૮૪ અબજ ડૉલરનો દ્વિપક્ષીય વેપાર થયો હતો જેમાં ભારતની નિકાસ ૮૬.૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

# અમેરિકાએ ચીનથી આયાત સામે ટૅરિફ વધારતા ધાતુમાં ગાબડાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાએ આગામી પહેલી નવેમ્બરથી અમલી બને તેમ ચીનથી થતી આયાત સામે ૧૦૦ ટકા અતિરિક્ત ટૅરિફ લાદવાની જાહેરાત કરતાં ગઈકાલે વૈશ્વિક બજારમાં કોપર સહિતની વિવિધ ધાતુઓમાં પીછેહઠ જોવા મળી હોવાના ઓવરનાઈટ અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સપ્તાહના અંતે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૫૯ સુધીના કડાકા જોવા મળ્યા હતા. વધુમાં ભાવઘટાડો આગળ ધપે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી પણ ખપપૂરતી મર્યાદિત રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી નિરસ રહેતાં એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં કડાકા બોલાઈ ગયા હતા, જેમાં મુખ્યત્વે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૫૯ ઘટીને રૂ. ૩૨૮૬, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૩૬ ઘટીને રૂ. ૯૯૯, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૨૯ ઘટીને રૂ. ૯૧૭, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૨૪ ઘટીને રૂ. ૯૦૨, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨૩ ઘટીને અનુક્રમે રૂ. ૯૩૨ અને રૂ. ૮૪૫, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૬૩૫, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ ઘટીને રૂ. ૧૩૫૦, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ ઘટીને રૂ. ૫૯૩ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૨૬૬ અને રૂ. ૨૯૪ના મથાળે રહ્યા હતા. જાકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૧૭ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા.

# હાજર ખાંડમાં નરમાઈ, નાકા ડિલિવરીમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૫ના ઘટાડા સાથે રૂ. ૩૮૨૫થી ૩૮૬૫માં થયાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સપ્તાહના અંતે ખાસ કરીને હાજરમાં રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠનો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની આગામી દિવાળીના તહેવારોની અપેક્ષિત માગને ધ્યાનમાં લેતા લેવાલીમાં વધારો થવાથી સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે ખપપૂરતી માગ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠના ઘટાડા સાથે રૂ. ૪૦૦૨થી ૪૦૫૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૦૪૬થી ૪૧૧૦માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે આગામી તહેવારોની અપેક્ષિત માગને ધ્યાનમાં લેતા ઔદ્યોગિક વપરાશકારોની પ્રબળ માગ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના



સુધારા સાથે રૂ. ૩૯૧૦થી ૩૯૪૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૪૦થી ૩૯૮૦માં થયાના અહેવાલ હતા.

# વિદેશી હૂંડિયામણની અનામત ૨૭.૬ કરોડ ડૉલર ઘટીને ૭૦૦ અબજની અંદર

મુંબઈઃ ગત ત્રીજી ઑક્ટોબરના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામમત ૨૭.૬ કરોડ ડૉલર ઘટીને ૭૦૦ અબજ ડૉલરની સપાટીની અંદર ઊતરીને ૬૯૯.૯૬ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૨.૩૩૪ અબજ ડૉલર ઘટીને ૭૦૦.૨૩૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતોમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૪.૦૪૯ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૭૭.૭૦૮ અબજ ડૉલરના સ્તરે રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્કયામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મહત્ત્વનાં ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં રિઝર્વ બૅન્કની આંકડાકીય માહિતી અનુસાર સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૪૦ લાખ ડૉલર ઘટીને ૪.૬૬૬૯ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. જોકે, દેશની સોનાની અનામત ૩.૭૫૩ અબજ ડૉલર વધીને ૯૮.૭૭ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૨.૫ કરોડ ડૉલર વધીને ૧૮.૮૧૪ અબજ ડૉલરના સ્તરે રહ્યા હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

### દેશી-આયાતી તેલમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

# ૧થી ૧૦ ઑક્ટોબરમાં મલયેશિયાની પામતેલની નિકાસ ૯.૮૬ ટકા વધી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચીનથી થતી આયાત સામે અતિરિક્ત ૧૦૦ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરતાં શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૯૮ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંત તેમ જ બૅન્કો પણ બંધ રહેતાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી દેશી-આયાતી તેલના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા રહ્યા હતા.

દરમિયાન કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા તાજેતરમાં સંકલિત કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ગત પહેલી ઑક્ટોબરથી ૧૦મી ઑક્ટોબર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા સપ્ટેમ્બર મહિનાના ૪,૭૬,૬૧૦ ટન સામે ૯.૮૬ ટકા વધીને ૫,૨૩,૬૦૨ ટન આસપાસના સ્તરે રહી હોવાનો પ્રાથમિક અંદાજ મૂક્યો છે.

વધુમાં આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ તથા કારગિલના રેડી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા. જોકે, આજે માત્ર સેલરિસેલ ધોરણે અને છૂટાછવાયા રવાનગીનાં કામકાજો થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૭,૦૦૦ ગૂણીની અને ગઈકાલની શેષ ૨૦,૦૦૦ ગૂણી મળીને કુલ ૩૫,૦૦૦ ગૂણી તેમ જ રાજકોટ મથકે ૨૫,૦૦૦ ગૂણી મગફળીની આવક થઈ હોવાના તેમ જ બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૯૫૦થી ૧૨૫૦ના મથાળે થયા હોવાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૬૦, સિંગતેલના રૂ. ૧૪૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૪૦ અને સરસવના રૂ. ૧૫૧૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર આજે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૭૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# હરિયાણાથી ગાંધીધામ આવતો ૬૨ લાખનો શરાબ સ્ટેટ મોનિટરિંગ સેલે ઝડપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અમદાવાદ-મુંબઈ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરના જીએસએફસી બ્રિજ પાસે સ્ટેટ મોનિટરિંગ સેલની ટુકડીએ હરિયાણાથી કચ્છના ગાંધીધામ તરફ આવી રહેલા કન્ટેનર ટ્રકમાંથી રૂ.૬૨.૧૯ લાખની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડી, બે આરોપીની ધરપકડ કરીને દારૂના જથ્થા સહિત નાગાલેન્ડના પાસિંગની ટ્રક સહિતનો મુદ્દામાલ જપ્ત કરીને છાણી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, અમદાવાદ-મુંબઈ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરના જીએસએફસી બ્રિજ પાસે નાગાલેન્ડ પાસિંગના એક કન્ટેનર ટ્રકમાં લાકડાના ભૂસાની થેલીઓની આડમાં છુપાવવામાં આવેલો શરાબનો જથ્થો હરિયાણાથી ગાંધીધામ લઈ જવામાં આવી રહ્યો હોવા અંગે રાજ્યસ્તરની સ્ટેટ મોનિટરિંગ સેલની ટુકડીને મળેલી પૂર્વ બાતમીના આધારે આ ટ્રકને અટકાવી, કન્ટેનર સાથે ટ્રક ડ્રાઈવર સતવીરસિંહ વાલ્મીકિ (રહે. હરિયાણા) અને મનજીત શર્મા (ટ્રકનો સહ-ડ્રાઈવર, રહે. હરિયાણા)ને ઝડપી પાડ્યાં હતાં. ટ્રકની તપાસ કરતા તેમાંથી ૬૦.૧૯ લાખ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે આ કેસમાં વોન્ટેડ આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. હરિયાણાથી ગુજરાતમાં દારૂની હેરાફેરી થતી હોવાનું બહાર આવ્યું છે. જ્યારે સ્ટેટ મોનિટરિંગ ટીમે રેડ કરી, ત્યારે સ્થાનિક પોલીસ ઊંઘતી ઝડપાઈ હતી. વોન્ટેડ આરોપીઓમાં ઋષિરાજ ઝજજર (સપ્લાયર), રહે. હરિયાણા, રાકેશ જાટ (સપ્લાયર), અજાણ્યો વ્યક્તિ (રિસિવર), રહે: ગાંધીધામ, કચ્છ) અને ટ્રક માલિકનો સમાવેશ થાય છે. ■

# રાપરના ચિત્રોડમાં નકલી કોલગેટ ટૂથપેસ્ટ બનાવતી ફેક્ટરી ઝડપાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: તાજેતરમાં ભુજ પાસે નકલી ખાદ્ય ઘી બનાવતું કારખાનું પકડાયું હતું ત્યારે હવે સીમાવર્તી રાપરના ચિત્રોડ નજીક નકલી કોલગેટ ટૂથપેસ્ટ બનાવતી મિની ફેક્ટરી ઝડપાતાં ભારે ચકચાર પ્રસરી હતી. ચિત્રોડ ગામમાં સરકારી દવાખાનાની બાજુમાં મુકેશ રણછોડ મણોદરા (પટેલ)નાં ૧૦ શટરવાળાં શોપિંગ સેન્ટરમાં નલિયા ટીમ્બાનો નરપત ઉર્ફે નારૂ ડાયા મકવાણા નામનો શખ્સ નકલી કોલગેટ ટૂથપેસ્ટ બનાવતો હોવાની મળેલી પૂર્વ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો અને અહીંથી રાજેશ ડાયા મકવાણા (રાજપૂત), સુરેશ મહેશ ઊમટ નામના શખ્સોને ઝડપી પાડયા હતા. આ દુકાનમાં જુદી-જુદી મશીનરી લગાવી કોલગેટ પામોલીન કંપનીની નકલી ટૂથપેસ્ટ બનાવવામાં આવતી હતી. અહીંથી પેકેજિંગ મશીન, હોટ પાવર ગન, એસ્ટ્રલ વેટરા ઈન્સ્ટ નંગ-૬, વાદળી રંગના ૫૦ કિલોના ૧૪ ડ્રમ, ખાખી રંગના ૨૪ કાર્ટૂન બોક્સ,કોલગેટ જેવી ક્રિમ ભરવાના ખાલી ટયુબના ૭૬૫ ખોખાં, ટ્યૂબ ભરવાના લાલ-વાદળી રંગના પ્રિન્ટેડ કાગળના બોક્સના ચાર કાર્ટૂન,લાલ-વાદળી રંગના ટયુબના બાંધા નંગ-૧૬૨, સફેદ ક્રીમ જેવી કોલગેટ ભરેલ ટયુબનો ઢગલો નંગ ૬૧૫૦,સાત કિલો પારદર્શક પ્લાસ્ટિક, ટયૂબ પર લગાવવાના લાલ રંગના ઢાંકણા ૧૨ કિલો, પ્લાસ્ટિકના ૧૧ બોક્સ, ખાખી રંગના ૧૦ બોક્સ વગેરે મળીને કુલ રૂ. ૯,૪૩,૫૭૪નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

નકલી ફેક્ટરી અંગે કોલગેટ કંપનીને જાણ કરાતાં સાણંદથી કચ્છ દોડી આવેલા લક્ષ્મણ ચોલાઈ વિશ્વકર્માએ ફરિયાદ નોંધાવી હતી. કોલગેટ કંપનીના ટૂથપેસ્ટની નકલી ટૂથપેસ્ટ બનાવી કોલગેટ પામોલીન કંપનીના પરવાના વગર તેનું ઉત્પાદન કરી કોપીરાઈટનો ભંગ કરી, માનવ શરીરને નુકસાનકારક વસ્તુઓનાં વેચાણ અર્થે ઉત્પાદન કરનારા આ શખ્સોએ ફરિયાદીની કંપનીના નામનો ઉપયોગ કરી છેતરપિંડી આચરી હતી. દરોડા સમયે દરમ્યાન હાજર ન મળેલા નટવર અજા ગોહિલ તથા નરપત ઉર્ફે નરૂ ડાયા મકવાણા નામના શખ્સોને ઝડપી લેવા માટે કાર્યવાહી આરંભી છે. ■

# રાપર પંથકના જેસડા ગામમાં મુંબઇગરાની જમીન પર કબજો જમાવનાર સામે લેન્ડગ્રેબિંગ ઍક્ટ હેઠળ કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના રાપર તાલુકાના જેસડા ગામના સીમ વિસ્તારમાં આવેલા મુંબઈગરાના ચાર ખેતરમાં બિનઅધિકૃત કબજો જમાવનારાઓ વિરુદ્ધ લેન્ડગ્રેબિંગની કલમો તળે ગુનો નોંધવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રના થાણા-મુંબઇમાં રહેનાર મૂળ સુવઇ ગામના યોગેશ દામજી સતરાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓએ વર્ષ ૨૦૧૧માં ભીમશી હરખા કારિયા તથા નરપત ભુરા ગાલા પાસેથી તથા તેમના પિતાએ ભીમશી કારિયા નામના વ્યક્તિ પાસેથી જેસડા ગામના સીમાડામાં જમીન ખરીદી હતી, જેને મનફરાના રમેશ હોથી કોળીને વાવવા, ખેડવા માટે આપવામાં આવી હતી.

તેમના પિતાના અવસાન બાદ પોતાના ખેતરની મુલાકાત લીધી હતી જેમાં રમેશ કોળીએ તેમના ખેતરોમાં કબજો કરી લીધો હોવાનું ધ્યાને આવ્યું હતું આ અંગે પૂછપરછ કરવા જતાં રમેશ કોળીએ તેમની સાથે ધાકધમકી કરી હતી.આ શખ્સને વારંવાર વિનંતી કરવા છતાં તેણે ખેતરને ખાલી ન કરતાં જિલ્લા કલેક્ટર સમક્ષ લેન્ડગ્રેબિંગની કાર્યવાહી કરવા સબબ અરજી કરવામાં આવી હતી. તપાસના અંતે જિલ્લા સમાહર્તાએ આદેશ આપ્યા બાદ પોલીસે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# ભાવનગરના સોડવદર ગામમાંથી વિદેશી દારૂની હેરફેર કરતા ચાર શખ્સ ઝડપાયા

ભાવનગર: શહેર નજીક સોડવદર ગામની સીમમાં આવેલી વાડીમાં વરતેજ પોલીસે દરોડો પાડી વિદેશી દારૂની હેરાફેરી કરતા ચાર શખ્સને રૂ.૫.૭૭ લાખના દારૂના જથ્થા સાથે ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર વરતેજ પોલીસ ગત મોડી રાત્રિના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે,સોદાવદર ગામની સીમમાં આવેલ વાડીમાં અમુક ઈસમોએ વિદેશી દારૂનો જથ્થો ઉતાર્યો છે અને દારૂની હેરાફેરી કરવાના છે. આ બાતમીના આધારે વરતેજ પોલીસે જાળીયા રોડ પર આવેલી વાડીમાં દરોડો પાડી વિદેશી દારૂની ૪૪૪ બોટલ કિં.રૂ. ૫,૭૭,૨૦૦/- સાથે અજય ગોપાભાઈ ચૌહાણ ( રહે. મૂળ વરલ,તા.સિહોર,હાલ ભાવનગર ),વિક્રમ ઉર્ફે વિકો ભુપતભાઈ ચૌહાણ ( રહે. સોડવદર ),ગોપાલ ઉર્ફે ભોલો નટુભાઈ ચૌહાણ ( રહે. સોડવદર ),અને વિજય ભુપતભાઈ ચૌહાણ ( રહે.ફુલસર,ભાવનગર ) ને ઝડપી લીધા હતા.પોલીસે વિદેશી દારૂ, ઈકો કાર તેમજ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૭,૯૭,૨૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ■

# મુંદરાના નાના કપાયા પાસે જીપકારની ટક્કરથી દ્વિચક્રી સવાર પતિ-પત્નીનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મુંદરા તાલુકાના નાના કપાયા ગામ પાસે રોંગ સાઈડમાં પૂરઝડપે ધસી આવેલી બોલેરો જીપકારે મોટરસાઇકલ પર સવાર થઈને જઈ રહેલા મૂળ પંચમહાલના અને હાલે નાના કપાયામાં રહેતા દંપતીને હડફેટે લીધા હતા જેમાં હરિસિંહ ઉર્ફે અરવિંદ નિનામા (ઉ.વ.૫૦) અને તેમના ધર્મપત્ની કમલાબેન હરિસિંહ નિનામા (ઉ.વ.૪૫)નાં ગંભીર ઈજાના પગલે બનાવસ્થળે મોત થયાં હતાં, જ્યારે તેમની સાથે રહેલા એક મહિલાને અસ્થિભંગ સહિતની ઈજાઓ પહોંચી હતી.

ગત શુક્રવારે બપોરના ૩.૩૦ કલાકના અરસામાં સર્જાયેલા આ જીવલેણ અકસ્માત અંગે મૃતક દંપતીના પુત્ર અજય નિનામાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મૂળ પંચમહાલના અને હાલમાં નાના કપાયામાં રહેતા હરિસિંહ ખાનગી કંપનીમાં સિક્યોરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા, જ્યારે કમલાબેન જિંદાલ કંપનીમાં મજૂરીકામ કરતા હતા. હતભાગી હરિસિંહ શુક્રવારે તેમના પત્ની તથા અન્ય મહિલા ક્રિષ્નાબેન રનભાનસિંગને કંપનીમાંથી લેવા આવ્યા હતા અને મોટરસાઇકલ પર નાના કપાયા તરફ જઈ રહ્યા હતા, ત્યારે સામેથી રોંગ સાઈડમાં આવતી બોલેરોએ તેમને ટક્કર મારી દેતાં દંપતી અને મહિલા રસ્તા પર ફંગોળાયા હતા જેમાં હરિસિંહ અને કમલાબેનને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચતાં સારવાર મળે એ અગાઉ તેમનું મોત નીપજ્યું હતું જયારે અસ્થિભંગ સહિતની ઈજાઓ પામેલા ક્રિષ્નાબેનને વધુ સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલ ખસેડાયા હતા. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે મૂળ ઉત્તરપ્રદેશના અને મુંદરાની ખાનગી કંપનીમાં નોકરી કરતા બોલેરો ચાલક મોહનસિંહની અટક કરી હતી. ■

# પોરબંદરના બરડા પંથકમાં ખેડૂત નેતાની ધરપકડ બાદ સ્થાનિકોએ પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોરબંદરના બરડા પંથકમાં વીજળીની સમસ્યા મુદ્દે ખેડૂત નેતા હિતેશ મોઢવાડિયાની ધરપકડ કરવામાં આવી હતી. જેને લઈ ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો હતો. ખેડૂતોએ મોટી સંખ્યામાં ખેડૂતો બગવદર પોલીસ સ્ટેશન બહાર એકઠા થયા હતા અને પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો હતો.

બગવદર પોલીસ સ્ટેશનમાં ખેડૂત આગેવાન હિતેશ મોઢવાડિયા વિરુદ્ધ પોલીસની ફરજમાં રૂકાવટ કરવાની ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદના આધારે પોલીસે તેમની ધરપકડ કરી હતી. બરડા પંથકના ખેડૂતો ઘણાં વર્ષોથી વીજળીની અનિયમિતતા અને વીજ વાયરની સમસ્યાનો સામનો કરી રહ્યા છે, જેના કારણે ખેતીમાં ખૂબ મુશ્કેલી પડી હતી. આ અંગે ખેડૂતોએ વીજ કંપની સમક્ષ અનેકવાર રજૂઆતો કરી, પણ કોઈ ઉકેલ આવ્યો નહોતો. જેને લઈ મોઢવાડા ગામના ખેડૂત આગેવાન હિતેશ મોઢવાડિયાએ પીજીવીસીએલ સમક્ષ રજૂઆત કરી હતી.

ખેડૂતોએ કહ્યું કે, હિતેશ મોઢવાડીયા સામેની ફરજમાં રૂકાવટની ફરિયાદ તદ્દન ખોટી છે. ખેડૂતોનો આક્ષેપ છે કે આ ફરિયાદ રાજકીય દ્વેષને કારણે કરવામાં આવી હતી. ખેડૂતોએ તાત્કાલિક આ ફરિયાદ પાછી ખેંચવાની માગણી કરી હતી. ખેડૂત આગેવાનની ધરપકડના વિરોધમાં મોટી સંખ્યામાં ખેડૂતો પોલીસ સ્ટેશન નજીક એકઠા થયા હતા. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ સ્ટેશન પાસે સુરક્ષાનો સઘન બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. વીજળીની રજૂઆત કરવા બદલ ખેડૂત આગેવાન સામે ફરજમાં રૂકાવટની ફરિયાદ થતાં ખેડૂતોએ તેને રાજકીય ગણીને વિરોધ શરૂ કર્યો હતો. ■

# ભાવનગરમાં જૂના બંદરની ખાડીમાંથી યુવાનનો મૃતદેહ મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)



(તસવીર - વિપુલ હિરાણી ભાવનગર)

ભાવનગર: શહેરના વાલ્કેટ ગેટ પાસે આવેલા વાલ્મીકિ વાસમાં રહેતા યુવાનનો મૃતદેહ જૂના બંદરની ખાડીમાંથી મળી આવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે મળતી પ્રાથમિક માહિતી મુજબ ભાવનગરના વાલ્કેટ ગેટ પાસે આવેલ વાલ્મીકિ વાસમાં રહેતો યુવાન પ્રિયંક લાભુભાઈ પરમાર ( ઉં. વ.૩૨ ) સાંજના સમયે ઘરેથી નીકળ્યા બાદ મોડી રાત્રી થવા છતાં ઘરે પરત ન ફરતા પરિવારજનો દ્વારા તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.શોધખોળ દરમિયાન યુવાનની સાઇકલ જૂના બંદર પર આવેલ કેબલ સ્ટેઈડ પુલ પાસેથી મળી આવી હતી.

આ અંગે પરિવારજનોએ પોલીસ અને ફાયર વિભાગને જાણ કરી હતી.ફાયર વિભાગની ટીમ દ્વારા કેબલ સ્ટેઈડ પુલ પાસેની ખાડીમાં તપાસ હાથ ધરતા આજે સવારે યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. ફાયર વિભાગની ટીમે મૃતદેહને બહાર કાઢી હૉસ્પિટલ ખસેડયો હતો.આ બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■

# બોટાદમાં આજે આમ આદમી પાર્ટીની કિસાન મહાપંચાયત યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આમ આદમી પાર્ટી દ્વારા બોટાદમાં આજે કિસાન મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. આપના નેતા ઈસુદાન ગઢવીએ મોટી સંખ્યામાં ખેડૂતોને ઉપસ્થિત રહેવા આહ્‌વાન કર્યું હતું. આ ઉપરાંત ખેડૂતોને કિસાન મહાપંચાયતમાં આવતા રોકવા માટે પોલીસે ખેડૂતોને હજારોના મેમો ફટકાર્યા હોવાનો પણ ગઢવીએ આક્ષેપ કર્યો હતો.

ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું કે, ખેડૂતો સ્થાનિક સ્વરાજ અને ૨૦૨૭ની ચૂંટણીમાં ભાજપના સુપડા સાફ કરશે. આમ આદમી પાર્ટીની ખેડૂતલક્ષી પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા તેમણે જણાવ્યું કે, આપનો એક એક કાર્યકર્તા ખેડૂતો માટે ગોળી ખાવા તૈયાર છે. ભૂતકાળને યાદ કરીને જણાવ્યું કે ૩૦ વર્ષ પહેલા કૉંગ્રેસની ૧૪૯ સીટો આવી હતી અને એમણે ખેડૂતો પર ગોળીબાર કર્યો હતો ત્યારથી ખેડૂતોએ કૉંગ્રેસને મત આપ્યા નથી.ભાજપ કૉંગ્રેસની જ ભૂલનું પુનરાવર્તન કરી રહ્યું હતું. ઉલ્લેખનીય છે કે બોટાદ માર્કેટયાર્ડ ખાતે કપાસના વેપારીઓ દ્વારા કરવામાં આવતા વજનમાં કપાત વિરુદ્ધ ચાલી રહેલા ખેડૂતોના ઉગ્ર આંદોલનમાં શુક્રવારે મોડી રાત્રે પોલીસે કાર્યવાહી કરી હતી. વિરોધને યથાવત્ રાખી રાત્રે યાર્ડમાં ભજન-કીર્તન કરી રહેલા ખેડૂતોની વચ્ચે ઘૂસીને પોલીસે આમ આદમી પાર્ટીના કિસાન સેલ પ્રદેશ પ્રમુખ અને ખેડૂત આગેવાન રાજુ કરપડાની અટકાયત કરી હતી, જેને ઈસુદાન ગઢવીએ તાનાશાહી ભર્યું પગલું ગણાવ્યું હતું. ■

# રાજકોટમાં આજીડેમ ચોકડી નજીકથી વ્હેલ માછલીની ઊલટી સાથે અમરેલીનો યુવક ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં આજીડેમ ચોકડી નજીકથી વ્હેલ માછલીની ઊલટી ઝડપાઈ હતી. શંકાસ્પદ વ્હેલ માછલીની ઊલટી સાથે એક શખ્સ ઝડપાયો હતો. વ્હેલ માછલીની ઊલટીની કિંમત ૪૯.૮૦ લાખ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે અમરેલીના બાબરાના કરિયાણા ગામના આરોપી પાસેથી ૫૦.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

રાજકોટ સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપને ચોક્કસ બાતમી મળી હતી કે એક યુવક આજીડેમ ચોક નજીક એમ્બરગ્રીસ વેચવા માટે ગ્રાહક શોધી રહ્યો છે. બાતમીના આધારે એસઓજીની ટીમે ત્યાં છાપો મારીને યુવકને એમ્બરગ્રીસના જથ્થા સાથે રંગેહાથ ઝડપી પાડ્યો હતો.પોલીસ પૂછપરછમાં તેણે કબૂલાત કરી કે તેને આ જથ્થો જીતુ કોળી નામના શખ્સે આપ્યો હતો. પોલીસે જપ્ત કરેલ એમ્બરગ્રીસની ખરાઈ કરવા માટે તેને રેન્જ ફોરેસ્ટ ઓફિસર અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી અધિકારીઓ પાસે તપાસ માટે મોકલી આપ્યું હતું.

પકડાયેલા યુવકનું નામ વિરમ બાવળિયા હોવાનું સામે આવ્યું હતું. વિરમ મૂળ અમરેલી જિલ્લાના કરિયાણા ગામનો રહેવાસી છે. તેની પાસેથી પોલીસે આશરે રૂ. ૪૯.૮૦ લાખની કિંમતનો એમ્બરગ્રીસનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો. એમ્બરગ્રીસને સામાન્ય ભાષામાં 'વ્હેલ માછલીની ઉલટી' કહેવામાં આવે છે. આ એક અત્યંત મૂલ્યવાન પદાર્થ છે, જેને તરતું સોનું પણ માનવામાં આવે છે. તેનો ઉપયોગ મોંઘા અત્તરો (પર્ફ્યુમ્સ) બનાવવા માટે થાય છે.

એમ્બરગ્રીસમાં એક અદ્‌ભુત ક્ષમતા છે જેના કારણે તે પર્ફ્યુમની સુગંધને લાંબા સમય સુધી જાળવી રાખે છે અને સુગંધને હવામાં ઝડપથી ઊડી જતી અટકાવે છે. તે પર્ફ્યુમમાં રહેલી અન્ય બધી સુગંધોને એકસાથે મિશ્રિત કરીને એક સંતુલિત અને અનન્ય સુગંધ બનાવવામાં મદદ કરે છે. જોકે એમ્બરગ્રીસ પોતે શરૂઆતમાં થોડી માટી જેવી કે દરિયાઈ ગંધ ધરાવે છે, પરંતુ સમય જતાં તે ખૂબ જ આકર્ષક સુગંધમાં પરિવર્તિત થાય છે, જે લક્ઝરી પર્ફ્યુમ્સમાં ખૂબ જ લોકપ્રિય છે. ■

# ચોટિલા માર્કેટિંગ યાર્ડમાં ૧૦ દિવસના દિવાળી વેકેશનની જાહેરાત કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દિવાળીના પર્વ આડે હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે ખેડૂતો પોતાના પરિવારજનો સાથે સમય વીતાવી શકે તે માટે ચોટિલા માર્કેટિંગ યાર્ડ દ્વારા ૧૦ દિવસના વેકેશનની જાહેરાત કરવામાં આવી હતી.

ચોટિલા માર્કેટિંગ યાર્ડ દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ, વેકેશનની શરૂઆત તારીખ ૧૭ ઑક્ટોબર, ૨૦૨૫થી થશે. આ રજાઓ સતત દસ દિવસ સુધી ચાલશે અને તે ૨૬ ઑક્ટોબર, ૨૦૨૫ સુધી રહેશે. આ સમયગાળા દરમિયાન જણસની ખરીદ-વેચાણની તમામ કામગીરી સંપૂર્ણપણે બંધ રહેશે.

ખેડૂતોને પોતાની જણસ વેચવા માટે ૧૭ ઑક્ટોબર પહેલા અથવા તો વેકેશન પૂરું થયા પછીનો સમય નક્કી કરવા અપીલ કરવામાં આવી હતી. વેકેશનના ૧૦ દિવસ દરમિયાન માર્કેટિંગ યાર્ડમાં કોઈ પણ પ્રકારની જણસની આવક કે હરાજી થશે નહીં.


યાર્ડમાં કાર્યરત તમામ કર્મચારીઓ, વેપારીઓ અને અન્ય સહાયક સ્ટાફ આ લાંબી રજાઓનો લાભ લઈને પોતાના વતન જઈને ઉત્સાહભેર તહેવારની ઉજવણી કરી શકશે.

ચોટિલા માર્કેટિંગ યાર્ડ દ્વારા વહેલી જાહેરાત કરવામાં આવતા ચોટિલા અને આસપાસના વિસ્તારોના ખેડૂતો અને વેપારીઓને પોતાનું કામકાજ સમયસર આયોજિત કરવા માટે પૂરતો સમય મળશે. ■

# જૂનાગઢમાં ગુજસીટોકના આરોપીઓએ પચાવી પાડેલી રૂ. ત્રણ કરોડની સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં ગેરકાયદે કરેલા દબાણો પર બુલડોઝર કાર્યવાહી કરવામાં આવી રહી છે, જે અંતર્ગત જૂનાગઢમાં ગુજસીટોકના આરોપીઓએ પચાવી પાડેલી રૂપિયા ત્રણ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી. જૂનાગઢ પોલીસે પોતાની ૧૦૦ કલાકની કાર્યવાહી મુજબ આજે જૂનાગઢના ગાંધીગ્રામ વિસ્તારમાં દબદબો ધરાવતા આવારા તત્ત્વોના ગેરકાયદેસર દબાણો પર બુલડોઝર ફેરવી દીધું હતું.આ કાર્યવાહીમાં, ગુજસીટોક સહિતના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા અનેક આરોપીઓ દ્વારા સરકારી જમીન પર ખડકી દેવાયેલા દબાણોને દૂર કરવામાં આવ્યા હતા. આ ડિમોલિશનની કાર્યવાહીમાં અંદાજે ૨૪૦૦ સ્ક્વેર મીટર જેટલી સરકારી જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી.



આરોપીએ એક-બે નહીં પણ અલગ અલગ ચાર જગ્યાઓ પર સરકારી જમીન પચાવી પાડી હતી અને ગેરકાયદેસર બાંધકામ ખડકી દીધું હતું. જૂનાગઢ સી-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી આ કાર્યવાહીથી ગેરકાયદે જમીન પચાવી પાડનારા તત્ત્વોમાં ફફડાટ ફેલાયો હતો. ડિમોલિશનમાં સંડોવાયેલા આરોપીઓ વિરુદ્ધ શરીર સંબંધિત ગુનાઓ, પ્રોહિબિશન, ધાકધમકી અને મારકૂટ સહિતના અનેક ગુનાઓ નોંધાયેલા હતા.

સૂત્રોએ જણાવ્યું કે, રાજ્ય સરકાર અસામાજિક તત્ત્વો સામે કડકાઈ પૂર્વક કાયદાકીય કાર્યવાહી કરવા કટિબદ્ધ છે. અગાઉ પણ શહેરમાં આવા તત્ત્વો વિરુદ્ધ કાર્યવાહી કરાઈ હતી. ■

# ભાવનગરમાં મંગળવારે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૫૦ કરોડથી વધુના કામને મંજૂરી અપાશે

અમદાવાદ: ભાવનગરમાં ૧૪ ઑક્ટોબર, મંગળવારના રોજ સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળશે. જેમાં ૫૦ કરોડથી વધુના કામને મંજૂરી આપવામાં આવશે. આ બેઠકમાં ૬૨ ઠરાવ પર ચર્ચા કરવામાં આવશે. મળતી વિગત પ્રમાણે, શહેરની જાહેર જનતાને સગવડતાં આપવા માટે ભાવનગર મહાનગરપાલિકાને પ્રાપ્ત થયેલી અમૃત ગ્રાન્ટ, નિર્મલ ગુજરાત ગ્રાન્ટ, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટ તથા સરકારમાંથી પ્રાપ્ત થયેલ અન્ય ગ્રાન્ટમાંથી ૧૪ ઑક્ટોબરના મંગળવારનાં રોજ મળનાર સ્ટેન્ડિંગ કમિટીમાં અંદાજિત રકમ રૂપિયા ૫૨.૯૪ કરોડનાં વિકાસનાં કામને મંજૂરી આપવામાં આવશે. આ કામોમાં આવાસ યોજનામાં પાણીની લાઈનો, ફ્લો મીટર, મહાનગરપાલિકાના કાયમી સ્થળો પર લાઇટિંગ ફિટ કરાવવા, નાઈટ સેલ્ટરના નવા બાંધકામ, વિવિધ વિસ્તારોમાં પેવિંગ બ્લોકના કામો, વિવિધ વિસ્તારોમાં કસરતના સાધનો નાખવાના કામો, વિવિધ વિસ્તારોમાં આર.સી.સી. રોડના કામો, પેવર રોડના કામો, વિવિધ સ્થળોએ રબ્બર મોલ્ડેડ પેવિંગ બ્લોક વગેરેનો સમાવેશ થાય છે. ■

# ભાવનગરના માલણકા ગામ નજીક શખ્સ વિદેશી દારૂના ૯૬ ચપટા સાથે ઝડપાયો

ભાવનગર: માલણકા ગામ નજીકથી ભાવનગરના શખ્સને પોલીસે વિદેશી દારૂના ૯૬ ચપટા સાથે ઝડપી લીધો હતો. પ્રાપ્ત થતી માહિતી મુજબ વરતેજ પોલીસ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન માલણકા ગામ નજીક તગડી તરફ જવાના રોડ પરથી સંજય નાનુભાઈ મકવાણા ( રહે.ઘોઘારોડ,ગૌશાળા પાસે, ભાવનગર) ને વિદેશી દારૂના ચપટા નંગ ૯૬ કિં.રૂ.૧૬,૩૨૦/- સાથે ઝડપી લીધો હતો.દારૂનો આ જથ્થો સંજય કાળુભાઈ જાદવ રહે. ભાવનગર એ આપ્યો હોવાનું ખુલતા વરતેજ પોલીસે બન્ને વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. ■